શ્રી

# બૃહદ્ આલોચના

અર્થ સહિત



# શ્રી
# બૃહદ્ આલોચના

(અર્થ સહિત)


વિવેચક

**પારસભાઈ જૈન**



પ્રકાશક

**શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાન મંદિર, બેંગ્લોર**

# ગ્રંથ પ્રકાશનમાં ભાગ લેનાર દાતાઓની યાદી

“લોભ છોડવા માટે દાન કરવું છે. લોભ એ પાપનો બાપ છે. લોભથી જન્મમરણ કરવા પડે છે, માટે અન્ય કોઈના હિતનો વિચાર કરતાં પોતાની લોભ-પ્રકૃતિ કેમ મંદ પડે તેનો વિશેષ વિચાર કરી યથાશક્તિ દાન કરવાનું ભગવાને કહ્યું છે. સંતોષ જેવું સુખ કોઈ ક્રિયાથી પ્રાપ્ત થતું નથી.”

—બોધામૃત ભાગ-૩ (પૃ.૬૩૦)


| | | |
|---|---|---|
| ૧૧,૧૧૧/- | શ્રી ભાવનાબેન પારસભાઈ જૈન | અગાસ આશ્રમ |
| ૧૦,૦૦૧/- | શ્રી મુમુક્ષુબેન તરફથી | અગાસ આશ્રમ |
| ૧૦,૦૦૧/- | શ્રી જમનાબેન મગનભાઈ પટેલ | અગાસ આશ્રમ |
| ૧૦,૦૦૧/- | શ્રી મરૂતભાઈ દીનુભાઈ પટેલ | બોરસદ |
| ૧૦,૦૦૦/- | શ્રી પુષ્પાબેન નાનુભાઈ પટેલ પરિવાર | અગાસ આશ્રમ |
| ૧૦,૦૦૦/- | શ્રી સૂરજબેન શાંતિલાલજી હુંડિયા | બેંગ્લોર |
| ૧૦,૦૦૦/- | શ્રી શાંતાબેન ઠાકોરભાઈ પટેલ | બારડોલી |
| ૫,૦૦૧/- | શ્રી અશોકકુમારજી હસ્તીમલજી | સિકંદરાબાદ |
| ૫,૦૦૧/- | શ્રી દિવાળીબેન લેખરાજજી | આહોર |
| ૫,૦૦૧/- | શ્રી ઉષાબેન હેમંતભાઈ શાહ | મુંબઈ |
| ૫,૦૦૧/- | શ્રી રૂપાબેન નિમેશભાઈ પરીખ | મુંબઈ |


પ્રાપ્તિસ્થાન

| | | |
|---|---|---|
| શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર<br>શ્રીમદ્ રાજચંદ્ર માર્ગ<br>આર.બી.મહેતા રોડ,<br>ઘાટકોપર (ઈસ્ટ)<br>મુંબઈ ૪૦૦ ૦૭૭ | પ્રકાશક<br>શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર<br>રાજ કોમ્પલેક્ષ, પાંચમા માળે,<br>નં.૭ આરકોટ,<br>શ્રી નિવાસાચાર સ્ટ્રીટ,<br>બેંગ્લોર-૫૬૦૦૫૩ | શ્રીમદ્ રાજચંદ્ર<br>જ્ઞાનમંદિર<br>આકાશવાણી રોડ,<br>રાજકોટ (ગુજરાત)<br>પીનકોડ ૩૬૦ ૦૦૧ |

દ્વિતીયાવૃત્તિ, પ્રત ૨૫૦૦, ઇસ્વી સન્ ૨૦૧૧

વેચાણ કિંમત રૂા. ૫/-



શ્રીમદ્ રાજચંદ્ર

# પ્રથમાવૃત્તિનું નિવેદન

આ 'બૃહદ્ આલોચના' પ્રતિ ચૌદસના દિવસે અગાસ આશ્રમના સભા-મંડપમાં સ્વાધ્યાયરૂપે બોલવામાં આવે છે. આ આલોચનાના પદોના અર્થ સભામંડપમાં થયા ત્યારે લોકોની ભાવના હતી કે આ અર્થો છપાય તો ઘણાને ઉપયોગી થાય. પણ આમાં આવતાં અનેક અતિચારોના ભેદો વગેરે શોધવાનું કાર્ય બાકી હોવાથી અપૂર્ણ હતું. તે શ્રી ભાવનાબેને શોધી આપી પૂર્ણ કર્યું.

આ કાર્યની પૂર્ણતામાં જે જે ગ્રંથોનો આધાર, અતિચારો વગેરે શોધવામાં લીધેલ, તે ગ્રંથોના નામો તે તે ફકરાઓ નીચે આપેલ છે.

ગાથાઓના અર્થ સંપૂર્ણ સમજાય તો ભાવમાં વિશેષ વૃદ્ધિ થાય. તથા અતિચારોના ભેદ વગેરે જણાય તો મુમુક્ષુ તે તે પાપોથી બચવા પ્રયત્ન કરે અને થયેલા દોષોની પરમકૃપાળુદેવ સમક્ષ ભાવપૂર્વક આલોચના કરી, માફી માંગી તે તે પાપોથી નિવૃત્ત થાય અને નવીન કર્મબંધ કરતો અટકે. એવા શુભ આશયથી આ નાનો ગ્રંથ પ્રગટ કરવાનો વિચાર કરેલ છે. જે સર્વને સહાયરૂપ થાઓ એ જ શુભેચ્છા.

— આત્માર્થ ઇચ્છક, પારસભાઈ જૈન



પ.પૂ.પ્રભુશ્રીજી



પરમકૃપાળુદેવ



પ.પૂ.બ્રહ્મચારીજી

# અનુક્રમણિકા


| વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| **ક્ષમાપના પાઠનું પદ્ય** ................ | એક મુમુક્ષુ ................ | ૧ |
| **બૃહદ્ આલોચના** ................ | શ્રી લાલાજી રણજીતસિંહજી... | ૧૨ |
| **આલોચનાના પદો –** | | |
| ૧. આત્માર્થે કરીએ ખામના ... | શ્રી રત્નરાજ સ્વામીજી..... | ૧૫૨ |
| ૨. જગદ્ભૂષણ જિનવરા....... | શ્રી રત્નરાજ સ્વામીજી..... | ૧૫૭ |
| ૩. મિચ્છામિ દુક્કડં ............ | ............................ | ૧૬૨ |

શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત

# ક્ષમાપનાપાઠનું પદ્ય

( વિવેચન સાથે )

( પૂજ્યશ્રી બ્રહ્મચારીજીકૃત ક્ષમાપના પાઠના વિવેચનના આધારે )

## સ્વરૂપને ભૂલવાથી ભવસાગરમાં થતું ભ્રમણ

**હે નાથ! ભૂલી હું ભવસાગરમાં ભટક્યો;**
**નહિ અધમ કામ કરતાં, હું કદી પણ અટક્યો. ।।૧।।**

**અર્થ :–** હે નાથ! હે પ્રભુ! હું મારા આત્મસ્વરૂપને ભૂલીને ભવસાગર એટલે ચારગતિરૂપ સંસારસમુદ્રમાં અટક્યા વણ ભટક્યા કરું છું. તેનું મૂળ કારણ શું છે? તે પરમકૃપાળુદેવે જણાવ્યું છે કે ‘‘પરને પોતાનું માનવું અને પોતે પોતાને ભૂલી જવું’’ એ છે. પરવસ્તુમાં મિથ્યા મારાપણું માની આ જીવ કર્મોથી બંધાઈને સંસારમાં જન્મમરણ કર્યા કરે છે. વળી અધમ કામ એટલે જે આત્માને અધોગતિમાં લઈ જાય એવાં કામ તે વિષય, કષાય, વિકથા અને હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહ આદિ છે. તે પાપોને સેવતા હું આજ દિવસ સુધી અટક્યો નથી. ।।૧।।

## તમારા કહેલા અમૂલ્ય વચનને લક્ષમાં લીધા નહીં

**તમ વચન અમૂલખ, લક્ષમાંહી નહિ લીધાં;**
**નહિ તત્ત્વ વિચારથી, કહ્યાં તમારાં કીધાં. ।।૨।।**

**અર્થ :–** વળી હે ભગવંત! તમારા અમૂલ્ય વચનોને કે જેનું મૂલ્ય કોઈ રીતે પણ થઈ શકે એમ નથી એવા ઉત્તમ વચનામૃતોને મેં લક્ષમાં લીધાં નહીં. લક્ષમાં એટલે ધ્યાનમાં લીધા નહીં. ઉપયોગપૂર્વક ધ્યાનમાં લઈ તે પ્રમાણે વર્તવાનો પુરુષાથ કર્યો નહીં. સત્પુરુષના એક વચનને લઈ મંડે તો પણ જીવનો મોક્ષ થઈ જાય એવા અચિંત્ય ચિંતામણિ સ્વરૂપ ભગવાનના વચનામૃત છે.

આપે ઉપદેશેલ જીવ, અજીવ, આસ્રવ, સંવર, બંધ, મોક્ષ, નિર્જરા એ સાત તત્ત્વો કે નવ પદાર્થો કે છ દ્રવ્ય અથવા છ પદને મેં ઊંડા ઊતરી વિચાર્યા નહીં. 'તત્ત્વ' એ સિદ્ધાંત બોધ છે. એને સમજવા માટે પ્રથમ વૈરાગ્ય ઉપશમરૂપ ઉપદેશબોધની જરૂર છે. પણ તે ઉપદેશબોધ મારામાં પરિણમેલો નહીં હોવાથી તત્ત્વને યથાર્થ સમજી તમારા કહ્યાં પ્રમાણે હજુ સુધી હું વર્તી શક્યો નથી. ।।૨।।

**આત્મસ્વભાવમાં રહેવું એ સર્વોત્તમ શીલ**

**સેવ્યું નહિ ઉત્તમ, શીલ પ્રણીત તમારું;**
**તજી યાદી આપની, મેં જ બગાડ્યું મારું. ।।૩।।**

**અર્થ :–** હે પ્રભુ! આપે પ્રણીત કરેલ ઉત્તમશીલને મેં સેવ્યું નહીં. સમ્યક્દર્શન સહિત આત્મસ્વભાવમાં રહેવું તે નિશ્ચયથી ઉત્તમ શીલ છે. અથવા મુખ્યત્વે બ્રહ્મચર્ય પાળવું તે બાહ્ય શીલ છે. વ્યવહારથી મુનિના ધર્મો અને ગૃહસ્થના ધર્મો પાળવા તે બાહ્યશીલ અથવા ચારિત્ર છે. અને ભાવથી આત્મામાં રમણતા કરવી તે નિશ્ચયથી શીલ છે. પણ તેની મેં સેવના કરી નહીં, અર્થાત્ તે ધર્મો પ્રમાણે મેં મારું વર્તન સુધાર્યું નહીં.

બીજી ગાથામાં કહ્યું તેમ પ્રથમ સત્પુરુષોની વાતને ધ્યાનમાં લે તો શ્રદ્ધા દૃઢ થાય. પછી તેને ઊંડા ઊતરી વિચારે તો તત્ત્વજ્ઞાન થાય. પછી તે પ્રમાણે આચરણ કરે ત્યારે ચારિત્રદશા આવે છે. આમ શરૂઆતના આ પદોમાં આપે સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્રની આવશ્યકતા જણાવી. પણ હે નાથ! મારામાં તે છે નહીં, તો મને આત્મજ્ઞાનની પ્રાપ્તિ કેવી રીતે થશે? તેનો મને ખેદ થાય છે.

આપ સહજાત્મસ્વરૂપી શુદ્ધ ચૈતન્યસ્વામી છો. મૂળસ્વરૂપે જોતાં તે જ મારું સ્વરૂપ છે. પણ તેની યાદને તજી દઈ ઘરકુટુંબ દેહ આદિમાં જ હું પણું અને મારાપણું કરી મેં જ મારા આત્માનું બગાડ્યું છે. બીજો કોઈ મારું બગાડનાર નથી. પોતે જ પોતાનો વૈરી અને પોતે જ પોતાનો મિત્ર છે. પોતાને સ્વર્ગે કે નરકે લઈ જનાર પણ પોતે જ છે. પણ તે તરફ મેં ધ્યાન આપ્યું નહીં. ।।૩।।

## દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતાને મેં ઓળખ્યા નહીં

**પ્રભુ ! દયા, શાંતિ ને ક્ષમા આદિ મેં છોડી;**
**વળી પવિત્રતાની, ઓળખાણ પણ તોડી. ।।૪।।**

**અર્થ :–** હે પ્રભુ! દયા, શાંતિ, ક્ષમા આદિ ઉત્તમ ગુણો જે આત્માના સ્વભાવ છે તેને તો મેં છોડી દીધા; અને તેથી વિપરીત હિંસા, અશાંતિ, ક્રોધ, માન, માયા, લોભાદિક દોષોમાં જ હું પ્રવર્તી રહ્યો છું. તેથી આત્માની પવિત્રતાને તો હું ઓળખી પણ શક્યો નહીં.

આ ઉત્તમ ગુણોને લૌકિક અર્થમાં જાણ્યા છે, પણ ભગવાને કોને દયા શાંતિ વગેરે કહ્યાં તેની ઓળખાણ હજુ હું પામ્યો નથી. ભગવાને તો નીચે પ્રમાણે આ ગુણોનું સ્વરૂપ સમજાવ્યું છે :–

**દયા :** દયાના ઘણા ભેદ છે. પણ તેમાં સ્વદયા મુખ્ય છે. સ્વદયા એટલે અનાદિકાળથી મારો આત્મા રાગદ્વેષના ભાવોવડે કર્મબંધ કરીને દુઃખી થઈ રહ્યો છે; તેને હવે કેમ કરી છોડાવવો એવી વિચારણા તે સ્વદયા છે. દયાને ધર્મનું મૂળ ભગવંતે કહેલ છે. 'જ્યાં દયા નથી ત્યાં ધર્મ નથી.' જે કંઈ ધર્મક્રિયા કરવી, તે આત્માર્થે કરવી. આત્માની દયા ખાઈને જન્મમરણથી તેને છોડાવવા પ્રયત્ન કરવો તે ખરી દયા છે.

**શાંતિ :** બોલવું નહીં અને શાંત રહેવું તેને કોઈ શાંતિ કહે છે. પણ પોતાના આત્માને ઓળખી તેમાં રહેવું તે જ ખરી શાંતિ છે. શાંતિ એટલે બધા વિભાવ પરિણામથી થાકવું, નિવૃત્ત થવું તે. આત્માનું કલ્યાણ થવું એ જ શાંતિ છે.

**ક્ષમા :** ક્ષમા એ આત્માનો ગુણ છે. 'ક્ષમા એ જ મોક્ષનો ભવ્ય દરવાજો છે.' ક્રોધ કષાયને હણવાનો ઉપાય ક્ષમા છે. ક્રોધ આત્માને બાળનાર છે, જ્યારે ક્ષમા સદૈવ સુખરૂપ છે.

ક્રોધ, માન, માયા, લોભાદિ એ વિભાવ છે અને તેના પ્રતિપક્ષી ગુણો ક્ષમા, વિનય, સરળતા તથા સંતોષાદિ આત્માના સ્વભાવ હોવા છતાં તેને છોડી દેવાથી હું સંસારમાં દુઃખ પામી રહ્યો છું.

**પવિત્રતા :** જગતમાં સૌથી પવિત્રમાં પવિત્ર વસ્તુ આત્મા હોવા છતાં તે આત્માની શુદ્ધતાને હું ઓળખી શક્યો નહીં. તેની ઓળખાણ

તોડીને મેં કષાયની સાથે મિત્રતા જોડી છે. કર્મને લઈને મારો આત્મા અશુદ્ધ થઈ રહ્યો છે. જેટલી કર્મની નિર્જરા થાય તેટલી આત્માની શુદ્ધતા એટલે પવિત્રતા પ્રગટ થઈ ગણાય. ખરેખરી કર્મની નિર્જરા તો સમ્યગ્દર્શન પછી થાય છે. 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા.' આત્માની સંપૂર્ણ શુદ્ધતા એ જ મોક્ષદશા છે. મોક્ષમાં બિરાજેલ આત્મા સદા સંપૂર્ણ પવિત્ર છે. આવો પરમ પવિત્ર આત્માનો સ્વભાવ હોવા છતાં તેની ઓળ-ખાણ હું અનાદિકાળથી કરી શક્યો નહીં, એ જ હે પ્રભુ! મારી ગાઢ અજ્ઞાનતાની નિશાની છે. ।।૪।।

**પોતાની આત્મઋદ્ધિને ભૂલવાથી અનંત દુઃખ પામ્યો**

**હું ભૂલ્યો, આથડ્યો, અને રખડ્યો ભારી;**
**આ સંસારે વિભુ, વિટંબના થઈ મારી. ।।૫।।**

**અર્થ :–** હું ભૂલ્યો. શું ભૂલ્યો? તો કે મારા આત્માના ગુણોને ઓળખ્યા નહીં ત્યાં સુધી હું મારી આત્મઋદ્ધિને જ ભૂલી ગયો. તેથી સંસારમાં સુખ માની ચાર ગતિમાં, અજ્ઞાનને લીધે હું બહુ આથડી રહ્યો છું; અર્થાત્ જન્મમરણ કરી ભયંકર રીતે તેમાં દુઃખ પામી રહ્યો છું. ઇન્દ્રિય સુખની લાલસાના કારણે હું ઘણું રખડ્યો, છતાં તે વિષયોથી હજુ તૃપ્તિ પામતો નથી. એમ તૃષ્ણાને કારણે દુઃખી થતો એવો હું હે વિભુ એટલે હે પ્રભુ! આ અનંત અગાધ સંસારમાં બહુ વિટંબનામાં પડ્યો છું. વિટંબના એટલે સંસારની ત્રિવિધતાપરૂપ ઉપાધિની મુશ્કેલીમાં અથવા સંતાપમાં આવી પડ્યો છું. સંસાર અનંત દુઃખરૂપ ભાસે ત્યારે ત્યાંથી પ્રીતિ ખસે અને સત્પુરુષ પ્રત્યે પ્રેમ જોડાય એમ છે. સમકિત થયું નથી ત્યાં સુધી અનંત સંસારની જીવ ઉત્પત્તિ કરી રહ્યો છે. પણ સત્પુરુષના બોધે સંસાર નું સ્વરૂપ સમજાય અને જીવ જાગે તો સત્પુરુષાર્થ કરીને આ સંસારના અનંતકાળના દુઃખોથી તે સર્વકાળને માટે છૂટી શકે એમ છે. ।।૫।।

**મારા જેવા પાપીનો પણ આપના બોધથી ઉદ્ધાર**

**હું પાપી મદોન્મત્ત, મલિન કર્મના રજથી;**
**વિણ તત્ત્વ મોક્ષ મેળવાય નહીં, પ્રભુ! મુજથી. ।।૬।।**

**અર્થ :– પાપી :** હું પાપી છું. જીવમાં મિથ્યાત્વ છે ત્યાં સુધી તેનું વર્તન બધું પાપમય છે. બધા પાપનું મૂળ મિથ્યાત્વ છે. માટે જેને છૂટવું હોય તેણે પ્રથમ મિથ્યાત્વને ટાળવાનો લક્ષ રાખવો જોઈએ. મિથ્યાત્વ જાય ત્યારથી ધર્મની શરૂઆત થાય છે.

**મદોન્મત્ત :** આઠ પ્રકારના મદ છે. ધન, રૂપ, બળ, વિદ્યા, કુળ, જાતિ, ઐશ્વર્ય અને તપ એ આઠ પ્રકારના મદ વડે જીવ ઉન્મત્ત એટલે ગાંડો થયેલો છે. તેમાં તે તણાઈ જાય છે. નજીવી વસ્તુ મળે તો પણ તેનો જીવને અહંકાર થઈ આવે છે. માનાદિ જીવના મોટા શત્રુ છે. ''માન ન હોત તો અહીં જ મોક્ષ હોત.'' હું જાણું છું એમ થાય તે અનંતાનુબંધી માન છે. તે જાય તો જીવને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. સમ્યક્દર્શન થાય ત્યારે ખરી રીતે એને એમ થાય કે હું કંઈ જ જાણતો નથી.

**મલિન કર્મ રજ :** જ્યાં સુધી કર્મરૂપી રજ એટલે ધૂળ આત્મા ઉપર ચોટેલ છે ત્યાં સુધી આત્મા મલિન છે. કર્મના નિમિત્તે જીવના ભાવ પણ મલિન થાય છે. તે આત્માને અપવિત્ર કરે છે. જેમ રત્ન ઉપર ધૂળ પડી હોય તો રત્નની ચમક દેખાય નહીં તેમ. આપના બોધેલા ત્રણ તત્ત્વ તે સદ્દેવ, સદ્ગુરુ અને સત્ધર્મ છે. તે કર્મરજથી રહિત છે. માટે તેમનું અવલંબન લીધા વિના હે પ્રભુ! મારા એકલાથી મોક્ષ મેળવી શકાય એમ નથી. કેમકે હું તો મોક્ષમાર્ગનો સાવ અજાણ છું. ।।૬।।

**વિષયોની આસક્તિને કારણે જીવ મૂઢ અને નિરાશ્રિત**

**હે પરમાત્મા! હું પ્રપંચમાંહી પડ્યો છું;**
**હું મૂઢ, નિરાશ્રિત, મહા ખુવાર બન્યો છું. ।।૭।।**

**અર્થ :–** હે પરમાત્મા! હું તો સદા પ્રપંચમાં પડ્યો છું. પ્ર+પંચ એટલે પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં લાગી રહેવું એ બધો પ્રપંચ છે. જોવા, સાંભળવા, બોલવા, સૂંઘવા, સ્પર્શવા આદિમાં હું ખોટી થઈ રહ્યો છું. ઇન્દ્રિયોના સંયમ વગર પરમાત્મા તરફ વળણ થાય એમ નથી, છતાં હજુ હું તો ઇન્દ્રિયોનો જય કરી શકતો નથી અને તેના કારણે જગતનો બધો પ્રપંચ મને કરવો પડે છે.

તેથી હું મૂઢ છું. જે ત્યાગવાનું છે તેને તો હિતકારી માનું છું, એવો મારો અવિવેક છે. વિવેકની ન્યૂનતા એ જ જીવની મૂઢતા છે. અજ્ઞાન દશામાં પણ વિષયોથી છૂટવાની જિજ્ઞાસા હોય તો મૂઢતા ન કહેવાય. પણ એવી વિવેકશક્તિ હજુ મને પ્રગટી નથી ત્યાં સુધી હું મૂઢ જ છું.

તથા હું નિરાશ્રિત છું, અર્થાત્ મેં હજુ સુધી ખરા અંતઃકરણથી જ્ઞાનીપુરુષનું શરણ સ્વીકાર્યું નથી ત્યાં સુધી હું આશ્રય વગરનો અનાથ છું. સદ્ગુરુનો આશ્રય સાચા ભાવથી સ્વીકારી તેની આજ્ઞા ઉપાસું તો હું તેમનો આશ્રિત ગણાઉં. પણ હજુ સુધી જોઈએ તેવા ભાવથી હું ખરો સત્પુરુષનો આશ્રિત બન્યો નથી. માટે હું નિરાશ્રિત છું. ખરેખર વિચારે તો આપણને કોઈનો આશ્રય નથી. કંઈ દુઃખ આવે ત્યારે કોઈ લઈ શકતું નથી.

તેથી હું મહા ખુવાર એટલે પાયમાલ થઈ ગયો છું અર્થાત્ આત્માના બધા ગુણોને ખોઈ નાખી હું પાયમાલ એટલે સંપૂર્ણ બરબાદ થઈ ગયો છું. તેના ફળસ્વરૂપ આ સંસારનાં મોહમાં પડી હું અતિ દુઃખમય ત્રિવિધતાપની સ્થિતિમાં કાળ નિર્ગમન કરું છું. ।।૭।।

### ભક્તિના અભાવે વિવેકનો પણ અભાવ

**બની અંધ અમિત અજ્ઞાનથી ભૂલ્યો ભક્તિ;**
**નથી નિશ્ચય મુજમાં, નાથ! વિવેકની શક્તિ. ।।૮।।**

**અર્થ :–** અનાદિકાળથી અમિત એટલે અમાપ અજ્ઞાનથી આંધળો બની જઈ હું આપની ભક્તિને ભૂલી ગયો છું. માટે હે નાથ! મારામાં નિશ્ચય એટલે નક્કી હિતાહિતનું ભાન કરવારૂપ વિવેકશક્તિ રહી નથી. કેમકે ભક્તિથી જ્ઞાન નિર્મળ થાય છે અને તેથી વિવેક આવે છે. જેમ આંધળા માણસને કઈ દિશામાં જવું તેનું તેને ભાન નથી તેમ અજ્ઞાનથી અંધ એવા મને આ સંસારથી બહાર નીકળવાનો કોઈ રસ્તો દેખાતો નથી. ।।૮।।

### મુજને અનાથ જાણી મારો ઉદ્ધાર કરો

**ઓ રાગરહિત પ્રભુ! મુજને જાણી અનાથ;**
**આ દીન દાસનો, ગ્રહો હેતથી હાથ. ।।૯।।**

**અર્થ :–** હે રાગરહિત નિરાગી પરમાત્મા! હવે મને અનાથ જાણીને આ દીનદાસનો પ્રેમપૂર્વક હાથ ઝાલો, જેથી મારો ઉદ્ધાર થાય. આખું જગત રાગદ્વેષમાં પડ્યું છે. તેમાં આપ પરમાત્મા જ નીરાગી છો, માટે મારી રક્ષા કરો. ।।૯।।

**સત્‌દેવગુરુધર્મનું શરણ સત્ય છે**

**હું શરણ હવે તો ગ્રહણ કરું છું તમારું;**
**તુમ ધર્મ સાથ તુમ મુનિનું શરણ સ્વીકારું. ।।૧૦।।**

**અર્થ :–** આ સંસારના જન્મ મરણના દુઃખોથી છૂટવા માટે હું આપ પરમાત્મારૂપ દેવનું, તથા આપના ઉપદેશેલ દયામૂળ ધર્મનું, તેમજ તે ધર્મને પોતે આચરી બીજાને પણ સમજાવનારા એવા મુનિનું અથવા સદ્ ગુરુભગવંતનું હું શરણ સ્વીકારું છું. ।।૧૦।।

**મારા અપરાધને માફ કરી પાપથી મુક્ત કરો**

**હું માગું છું પ્રભુ! મુજ અપરાધની માફી;**
**કરી દીઓ પાપથી મુક્ત, કહું પછી કાંહી. ।।૧૧।।**

**અર્થ :–** હે પ્રભુ! મારા આત્મસ્વરૂપની મારે આરાધના કરવી જોઈએ પણ તે મેં કરી નથી, માટે હું અપરાધી છું. તે અપરાધની માફી માગું છું. હવે મારા પૂર્વના પાપોથી મુક્ત કરી મને નિર્દોષ બનાવો, પછી હું આપને કાંઈ વિશેષ કહીશ નહીં. ।।૧૧।।

**મને સમકિતની પ્રાપ્તિ થાઓ**

**એ અભિલાષા અવિનાશી, પૂરણ કરજો;**
**મુજ દોષ દયાનિધિ, દેવ દિલે નવિ ધરજો. ।।૧૨।।**

**અર્થ :–** હે અવિનાશી પ્રભુ! મારા આત્માની આરાધના થાય, મને સમકિતની પ્રાપ્તિ થાય એ મારી અભિલાષા છે, તે આપ પૂરી કરજો. તથા મારા દોષો, હે દયાના ભંડાર એવા સત્‌દેવ! આપ હૃદયમાં લાવશો નહીં. ।।૧૨।।

**હું હવે પાપનો પશ્ચાત્તાપ કરું છું**

**હું પાપનો પશ્ચાત્તાપ હવે કરું છું;**
**વળી સૂક્ષ્મ વિચારથી, સદા ઊંડો ઊતરું છું. ।।૧૩।।**

**અર્થ :–** બધા કર્મ પાપરૂપ છે. તેમાં પણ આત્માના ગુણોને ઘાતે તે તો મુખ્ય પાપ છે. તે ઘાતીયા કર્મ જાય તો પરમાત્મા થવાય. માટે હવે હું તે પાપોને નિવારવા પશ્ચાત્તાપ કરું છું. કેમકે પશ્ચાત્તાપ છે તે કરેલા પાપોને નિવારવાનો સાચો ઉપાય છે.

પાપ કરીને રાજી થાય, તેનું અભિમાન કરે તો જીવ તીવ્ર કર્મ બાંધે. જેમકે શ્રેણિક રાજાએ બાણ માર્યું તે હરણીને વીંધીને ઝાડમાં પેસી ગયું; તેનું અભિમાન કરવાથી તેમણે નરકનું આયુષ્ય બાંધ્યું. તેમજ પ્રસન્નચંદ્ર રાજર્ષિએ ક્રોધના વિચારો કરવાથી સાતમી નરકે જવાય એવા પાપનાં દળિયાં બાંધ્યાં; પરંતુ પાછો પશ્ચાત્તાપ કરવાથી તેઓ છૂટી ગયા. વીસ દોહરા, ક્ષમાપના વગેરે બોલવાનો હેતુ એવો પશ્ચાત્તાપ જગાડવાનો છે.

ઘણા ભવ નિષ્ફળ ગયા પણ હવે આ ભવમાં પ્રસન્નચંદ્ર રાજર્ષિની જેમ પશ્ચાત્તાપ જાગે તો ઠેઠ કેવળજ્ઞાન સુધી પહોંચી શકાય. ભૂલ થઈ હોય તેની માફી માગે તો પોતાને હિત થાય અને બીજાને પણ તેની લઘુતા કે માન મૂકીને કરેલા વિનયની અસર થાય છે. પશ્ચાત્તાપથી જાગૃત થાય તો પોતાના આત્મહિત માટે શું કરવું જોઈએ તેનો તે ઊંડો વિચાર કરી શકે છે.

વળી વસ્તુસ્વરૂપને સમજવા, જે ઊંડા વિચાર કરવામાં આવે તે સૂક્ષ્મ વિચાર છે. આવા સૂક્ષ્મ વિચારો કરવા માટે સત્પુરુષના બોધના આધારે હું સદા ઊંડો ઊતરું છું અર્થાત્ જગતને ભૂલી જઈ મનને આત્મવિચારમાં લઈ જવા માટે પ્રયાસ કરું છું. ।।૧૩।।

**આપની આત્મસ્મૃતિથી મારો ઉદ્ધાર**

**તુમ તત્ત્વ ચમત્કૃતિ, નજરે તૂર્ત તરે છે;**
**એ મુજ સ્વરૂપનો, વિકાસ નાથ કરે છે. ।।૧૪।।**

**અર્થ :–** વૈરાગ્ય ઉપશમ વડે ઊંડા ઊતરતાં તમારા શુદ્ધઆત્મરૂપ તત્ત્વમાં અને મારા મૂળ આત્મસ્વરૂપમાં કોઈ ભેદ જણાતો નથી. માત્ર કર્મોને લઈને તે ભેદ જણાય છે. એવી આત્માની ચમત્કૃતિ નજરે તુર્ત તરી આવે છે. તથા મારા આત્મસ્વરૂપનો વિકાસ કેમ કરવો અથવા તેની પ્રાપ્તિ કેમ કરવી તેના ઉપાય પણ આપના બોધેલ તત્વપ્રકાશમાં મળી આવે છે. ।।૧૪।।

**આપનું સ્વરૂપ નીરાગી હોવાથી સત્ચિદાનંદસ્વરૂપ**

**છો આપ નીરાગી, અનંત ને અવિકારી;**
**વળી સ્વરૂપ સત્ ચિદાનંદ ગણું સુખકારી. ।।૧૫।।**

**અર્થ :–** હે ભગવંત! આપ તો નીરાગી છો. આપનું નીરાગી સ્વરૂપ વિચારતાં અમારા રાગદ્વેષ દૂર થાય છે. આપ અનંત છો અર્થાત્ આપને પ્રગટેલ શુદ્ધ આત્મસ્વરૂપનો હવે કોઈ કાળે અંત આવનાર નથી. તથા આપ રાગદ્વેષથી ઉત્પન્ન થતાં વિકારથી રહિત હોવાથી સદા અવિકારી છો.

સત્ એટલે આત્મા. ચિદ્ એટલે જ્ઞાન. આપનું સ્વરૂપ સત્ ચિદ્ આનંદ સ્વરૂપ એટલે તે આત્માને જાણવાથી ઉત્પન્ન થતાં આનંદ સ્વરૂપ છે. તેથી આપ સદા આત્મિક સુખને અનુભવનારા છો. ।।૧૫।।

**સહજાનંદી અનંતદર્શી અને અનંતજ્ઞાની છો**

**છો સહજાનંદી અનંતદર્શી જ્ઞાની;**
**ત્રૈલોક્ય પ્રકાશક, નાથ! શું આપું નિશાની? ।।૧૬।।**

**અર્થ :–** આપ સદા સહજાનંદી એટલે સહજ આત્મસ્વરૂપથી ઉત્પન્ન થતા નિરાકુળ સુખના ભોક્તા છો. જ્યારે સંસારી જીવ તો રાગ, વિકાર કે વિષયાદિના આનંદને કારણે સદા ત્રિવિધતાપરૂપ દુઃખનો ભોક્તા થાય છે.

હે પ્રભુ! આપને કેવળદર્શન હોવાથી અનંતદર્શી છો. તેથી સકળ વિશ્વનું આપને સહેજે દર્શન થાય છે તથા કેવળજ્ઞાન હોવાથી આપ અનંતજ્ઞાની છો. જેથી આપને સકળ વિશ્વનું એક સાથે જ્ઞાન ઉપલબ્ધ છે.

સર્વ કર્મના આવરણ દૂર થવાથી આપ ત્રણેય લોકના સકળ પદાર્થને પ્રકાશવા સમર્થ છો, તેથી આપ ત્રૈલોક્ય પ્રકાશક છો. એવા આપના અનંત સ્વરૂપને જણાવવા હું પામર શું નિશાની એટલે ઉપમા આપીને બતાવી શકું? કંઈ જ નહીં. **'ઉપમા આપવાની તમા રાખવી તે વ્યર્થ'** છે. ।।૧૬।।

**મારા હિતને અર્થે સર્વેને ક્ષમાવું છું**

**મુજ હિત અર્થે દઉં, સાક્ષી માત્ર તમારી;**
**હું ક્ષમા ચાહું, મતિ સદા આપજો સારી. ।।૧૭।।**

**અર્થ :–** સર્વ કર્મ બંધનથી મુક્ત થઈ મારા આત્માનું હિત થાય તેના માટે ખરા ભાવથી આપને અંતરમાં સાક્ષી રાખી હું બીજાને ક્ષમા આપું છું. તથા બીજા પ્રત્યે ક્ષમા યાચના કરું છું. ભવિષ્યમાં ફરી આવા દોષો થવા ન પામે તેના માટે મને સદા સારી મતિ આપજો. એવી આપ પ્રભુ પ્રત્યે મારી પ્રાર્થના છે. ।।૧૭।।

### નિઃશંકિતપણું સમકિતનો પહેલો ગુણ

**તુમ પ્રણીત તત્ત્વમાં, શંકાશીલ ન થાઉં;**
**જે આપ બતાવો, માર્ગ ત્યાં જ હું જાઉં. ।।૧૮।।**

**અર્થ :–** આપે પ્રણીત કરેલા તત્ત્વમાં હું શંકાશીલ ન થાઉં એવી મારી આકાંક્ષા છે. કેમકે નિઃશંકતા એ સમકિતનો પહેલો ગુણ છે. એક પળ માત્ર શંકા થાય તો બધું બગાડી નાખે, ગાઢ કર્મ બાંધી લે. શંકા સંતાપકારી છે. શંકા રહિત સમકિતીને રાતદિવસ પુરુષાર્થ જાગે છે તથા આત્મામાં તેની વૃત્તિ લાગી રહે છે.

જે આપ બતાવો તે જ મોક્ષમાર્ગમાં હું સદા ગમન કરું. 'પુષ્પમાળા'માં ભક્તિકર્તવ્ય અને ધર્મકર્તવ્ય એમ બે ભેદ ધર્મના બતાવ્યા છે. સત્પુરુષની આજ્ઞાએ સ્તુતિ, નિત્યનિયમ, સ્વાધ્યાય વગેરે કરવો તે ભક્તિ છે. અને તે કરતાં જે આત્મહિતના વિચાર આવે, કષાયની મંદતા થાય, આત્માના પરિણામ સ્થિર થાય તે ધર્મ છે. શરૂઆતમાં ભક્તિ એ મુખ્ય છે; પછી તેનું પરિણામ ધર્મ આવે છે. ।।૧૮।।

### માત્ર આત્માર્થની જ મારી આકાંક્ષા રહો

**મુજ આકાંક્ષા ને, વૃત્તિ એવી નિત્ય થાજો;**
**લઈ શકું જેથી હું, મહદ્ મુક્તિનો લાવો. ।।૧૯।।**

**અર્થ :–** મારી આકાંક્ષા અને વૃત્તિ હમેશાં એવી રહેજો કે જ્યારે મારે દેહને અંગે બીજા કાર્યમાં પ્રવર્તવું પડે અથવા રાત્રે નિદ્રા લઉં ત્યારે પણ ભાવના તો મારી એક આત્માર્થ કરવાની જ રહે. એવી આપ પ્રભુ પ્રત્યે મારી યાચના છે. જેથી હું મહદ્ એટલે સર્વથી મહાન એવા મોક્ષસુખને માણવાનો લહાવો લઈ શકું. ।।૧૯।।

## સર્વ જાણે તે સર્વજ્ઞ

**હે સર્વજ્ઞ પ્રભુ! શું વિશેષ કહું હું તમને;**
**નથી લેશ અજાણ્યું, આપથી નિશ્ચય મુજને. ।।૨૦।।**

**અર્થ :–** હે સર્વજ્ઞ ભગવાન! હું આપને વિશેષ શું કહું? કેમકે આપ તો સર્વજ્ઞ હોવાથી સર્વ જાણો છો. આપનાથી લેશમાત્ર પણ કંઈ અજાણ્યું નથી. મારા સત્તામાં પડેલા કર્મને પણ આપ તો જાણો છો. ।।૨૦।।

## પશ્ચાત્તાપથી, બાંધેલા કર્મનું ઝરણ

**હું કેવલ પશ્ચાત્તાપથી દિલ દહું છું;**
**મુજ કર્મજન્ય પાપની ક્ષમા ચાહું છું. ।।૨૧।।**

**અર્થ :–** હું કેવળ એટલે માત્ર પશ્ચાત્તાપથી મારા દિલને દહું છું, અર્થાત્ પશ્ચાત્તાપરૂપ ભાવઅગ્નિવડે બાંધેલા કર્મોને બાળું છું. તથા આપ પ્રભુની કૃપાથી મારા કર્મજન્ય પાપો ક્ષય થાય અને નવા ન બંધાય, તેના માટે સમતા, ક્ષમા, ધીરજ મારામાં બની રહે એવી મારી અભિલાષા છે. ।।૨૧।।

## 'વિભાવ પરિણામથી થાકવું' તે યથાર્થ શાંતિ

**ૐ શાંતિ શાંતિ, કરો કૃપાળુ શાંતિ;**
**ગુરુ રાજચંદ્ર જિન વચન, હરો મમ ભ્રાંતિ. ।।૨૨।।**

**અર્થ :–** હે પરમકૃપાળુદેવ! ૐના પ્રતીતરૂપે આપના દ્વારા મળેલ **'સહજાત્મસ્વરૂપ પરમગુરુ'** મંત્રના ધ્યાન વડે મારા આત્માનું કલ્યાણ થાઓ, કલ્યાણ થાઓ, કલ્યાણ થાઓ.

સર્વ વિભાવ પરિણામથી થાકવું, નિવૃત્ત થવું તે જ ખરી શાંતિ છે. તેથી જીવનું અવશ્ય કલ્યાણ થાય છે.

ગુરુદેવ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુના જિન એટલે રાગદ્વેષને જિતનાર એવા વચનો મારી આત્મભ્રાંતિને હરનાર થાઓ, હરનાર થાઓ; એ જ મારી અભિલાષા છે. ।।૨૨।।

---

શ્રી લાલાજી રણજીતસિંહ કૃત

# શ્રી બૃહદ્ આલોચના

બૃહદ્ એટલે મોટી અર્થાત્ વિસ્તારપૂર્વક કરવામાં આવેલી આલોચના.

આલોચના એટલે ભૂતકાળમાં થઈ ગયેલા દોષોને આલોચવા અર્થાત્ તેને સ્મૃતિમાં લાવી ગુરુ આગળ તે તે દોષોને કહેવા અને તેની નિંદા કરવી, પશ્ચાત્તાપ કરવો કે જેથી ભવિષ્યમાં ફરી તેવા દોષો થવા ન પામે.

એમ કરવાથી આત્મા કર્મભારથી હલકો થાય છે તથા નવીન પાપકર્મ કરતો અટકે છે. જેથી કાલાંતરે આત્મજ્ઞાન પ્રાપ્તિની ભૂમિકાને પામે છે.

ગુરુ આગળ દોષો પ્રગટ કરવાથી તે નાશ પામે છે તથા ગુરુ આગળ દોષો છૂપાવવાથી, રૂપી રાજાની જેમ ભવભ્રમણ વધી જાય છે.

દોષો સદ્ગુરુ સમક્ષ જ પ્રગટ કરી શકાય. તે સિવાય કોઈના આગળ કહેવાય નહીં. માટે આપણે પરમકૃપાળુદેવના ચિત્રપટ કે મૂર્તિ સમક્ષ ખરા અંતઃકરણથી દોષો પ્રગટ કરી પશ્ચાત્તાપ કરવો અને ફરી તેવા દોષ થવા દેવા નહીં તો જ માફી મળી શકે. આલોચનાદિ પદ સંગ્રહમાં કહ્યું છે કે–

**"ભૂતકાલકી ક્ષમા સફલ જબ હોય ભવિષ્યકી પ્રતિગના"**

ઉપર પ્રમાણે ગુરુ આગળ થયેલા દોષોને આલોચી આત્માને નિર્મળ કરવો. હવે આલોચના કરતાં પહેલાં આઠ ગાથાઓ વડે પંચ પરમેષ્ઠિ ભગવંતની સ્તુતિ મંગલાચરણરૂપે કરે છે.

## સિદ્ધ ભગવંતની સ્તુતિ

(દોહા)

**સિદ્ધ શ્રી પરમાતમા, અરિગંજન અરિહંત;**
**ઇષ્ટદેવ વંદું સદા, ભય ભંજન ભગવંત. ૧**

**અર્થ :–** જેણે આઠેય કર્મનો સંપૂર્ણ નાશ કરવાથી પોતાનું શુદ્ધ સહજાત્મસ્વરૂપ સંપૂર્ણ પ્રગટ કર્યું એવા શ્રી સિદ્ધ પરમાત્મા તથા ચાર

ઘાતીયા કર્મરૂપ શત્રુઓના ગંજન એટલે જાુલમને જેણે નાશ કર્યો એવા શ્રી અરિહંત ભગવંત જે મારા ઇષ્ટદેવ પરમાત્મા છે, તેને હું સદા ભાવપૂર્વક પ્રણામ કરું છું. કેમકે તે ભગવંતના સ્વરૂપની સ્મૃતિ પણ મારા જન્મ જરા મરણના ભયને ભાંગનાર છે તથા શાશ્વત મોક્ષસુખને આપ-નાર છે.

સિદ્ધ પરમાત્માના આઠેય કર્મ નાશ પામવાથી નીચે પ્રમાણે તેમને આઠ ગુણની પ્રાપ્તિ થાય છે.

**સિદ્ધના ૮ ગુણ :– (૧) અનંતજ્ઞાન, (૨) અનંતદર્શન, (૩) અવ્યા-બાધ સુખ, (૪) અનંત ચારિત્ર, (૫) અક્ષય સ્થિતિ, (૬) અરૂપીપણું, (૭) અગુરુલઘુત્વ, (૮) અનંતવીર્ય એ સિદ્ધના આઠ ગુણ છે. તે અનુક્રમે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર અને અંતરાય એ આઠ કર્મ ક્ષય થવાથી પ્રગટેલા છે.** -મોક્ષમાળા વિવેચન (પૃ.૮૫)

સિદ્ધ ભગવંત ત્રિવિધતાપની ઉપાધિને સર્વકાળને માટે નાશ કરી સદા શુદ્ધ આત્મસ્વરૂપમાં જ રમણતા કરનારા છે. જેઓ રૂપાતીત સ્વભાવવાળા છે, જ્ઞાનજ્યોતિ સ્વરૂપ છે, પીડારહિત છે, ફરીથી સંસારની સંતતિને જે પામનાર નથી તથા અનંતસુખના ભોક્તા છે. તે અનંતસુખને બતાવવા માટે અહીં કોઈ ઉપમા મળી શકે એમ નથી એવા સિદ્ધ ભગવંતને મારા સદા પ્રણામ હો. અરિહંત ભગવાનને પુણ્ય પ્રતાપે બાર ગુણની પ્રાપ્તિ નીચે પ્રમાણે થાય છે.

**અરિહંતના ૧૨ ગુણ :– (૧) અશોકવૃક્ષ, (૨) સુરપુષ્પવૃષ્ટિ, (૩) દિવ્ય-ધ્વનિ, (૪) ચામર, (૫) સિંહાસન, (૬) ભામંડલ, (૭) દુંદુભિ, (૮) છત્ર એ આઠ પ્રાતિહાર્ય અને (૧) અપાય-અપગમ-અતિશય, (૨) જ્ઞાન-અતિશય, (૩) પૂજા-અતિશય, (૪) વચન-અતિશય એ ચાર અતિશય મળી અરિહંતના બાર ગુણ થાય છે.** - મોક્ષમાળા વિવેચન (પૃ.૮૪)

અરિહંત પ્રભુ, તીર્થંકર નામકર્મના ઉદયથી ભવ્યજનોના કલ્યાણ અર્થે દેશના આપે છે. જેઓ સદા આઠ પ્રાતિહાર્યથી યુક્ત હોય છે, જેમને ઇન્દ્રો તથા ચક્રવર્તીઓ વગેરે પણ સદા પૂજે છે. ચાર ઘાતીયા કર્મથી જે રહિત

છે. જેમના ગર્ભ, જન્મ, દીક્ષા, તપ અને નિર્વાણ એ પાંચ કલ્યાણકો વખતે નર્કના જીવોને પણ ક્ષણિક શાંતિનો અનુભવ થાય છે, જેથી તરાય એવા ધર્મના જે પ્રવર્તક હોવાથી તીર્થંકર કહેવાય છે, જે ઉપદેશરૂપ અમૃતને વરસાવી પદાર્થોના રહસ્યને ખોલે છે, જેની પાંત્રીસ ગુણયુક્ત વાણી હોય છે. જન્મથી જ જે ત્રણ જ્ઞાન યુક્ત છે, જેને મહાગોપ, મહા-માહણ, નિર્યામક અને સાર્થવાહ જેવી ઉપમાઓ છાજે છે એવા મારા ઇષ્ટદેવ અરિહંત ભગવાનને મારા સદા નમસ્કાર હો. ।।૧।।

**પંચપરમેષ્ઠી ભગવંતની સ્તુતિ**

**અરિહા સિદ્ધ સમરું સદા, આચારજ ઉવઝાય;**
**સાધુ સકલકે ચરનકું, વંદું શિષ નમાય. ૨**

**અર્થ :–** હવે આ ગાથા વડે પંચ પરમેષ્ઠી ભગવંતને નમસ્કાર કરે છે :–

ઉપકારની દૃષ્ટિએ મુખ્ય કરી અહીં અરિહંત ભગવંતને પહેલા નમસ્કાર કર્યા છે. પછી સિદ્ધ ભગવંતને નમસ્કાર કર્યા છે. નવકારમંત્રમાં પણ આ જ ક્રમ રાખવામાં આવ્યો છે; કારણકે મોક્ષમાર્ગને બતાવનાર અરિહંત ભગવંત છે. જ્યારે સિદ્ધ ભગવંત તો અશરીરી હોવાથી નિરાકાર છે અને મોક્ષમાં બિરાજમાન છે.

અરિહંત ભગવાન અને સિદ્ધ ભગવાનનું સદા સ્મરણ કરું છું.

તથા આચાર્ય ભગવાન, ઉપાધ્યાય ભગવાન અને સર્વ સાધુ ભગવંતના ચરણકમળમાં સદા શીશ નમાવી વંદન કરું છું.

આચાર્ય ભગવંતના મુખ્ય છત્રીશ ગુણ નીચે પ્રમાણે છે :–

**આચાર્યના ૩૬ ગુણ :– [૫]પાંચ ઇન્દ્રિયનો નિગ્રહ, [૯]બ્રહ્મચર્યની નવ ગુપ્તિ, [૪]ચાર કષાયથી મુક્ત, [૫]પાંચ મહાવ્રત, [૫]જ્ઞાન દર્શન ચારિત્ર તપ વીર્ય એ પંચાચાર પાલન, [૩]ત્રણ ગુપ્તિ અને [૫]પાંચ સમિતિ એમ એકંદર છત્રીશ ગુણ આચાર્યના છે.** -મોક્ષમાળા વિવેચન (પૃ.૮૫)

આચાર્ય ભગવંત ભવ્ય પ્રાણીઓને સૂત્ર અનુસાર સત્યમાર્ગનો ઉપદેશ આપે છે. ચતુર્વિધ સંઘના જે આધારભૂત છે. જેઓ આત્માના

જ્ઞાનાનંદને ભોગવે છે તથા પૌદ્‌ગલિક ભાવોથી જે સદા વિરક્ત છે. જે વર્તમાન યુગમાં પ્રધાન પુરુષ છે, જે હમેશાં અપ્રમાદી છે, 'નિરંતર આત્મવિચારે કરી મુનિ તો જાગૃત રહે. પ્રમાદીને સર્વથા ભય છે. અપ્રમાદીને કોઈ રીતે ભય નથી.' જેઓ વિકથા કરતા નથી. જિનેશ્વર ભગવાનરૂપ સૂર્ય અને કેવળી ભગવંતરૂપ ચંદ્ર અસ્ત પામવાથી જગતમાં જે દીપકરૂપે થઈ પ્રકાશ આપે છે. ત્રણે ભુવનના પદાર્થોને પ્રગટ કરવામાં જે કુશળ છે. એવા આચાર્ય ભગવંત જગતમાં સદા જયવંત વર્તો.

ઉપાધ્યાય ભગવંતના મુખ્ય ગુણ નીચે પ્રમાણે છે :–

**ઉપાધ્યાયના ૨૫ ગુણ :–[૧૧]અગિયાર અંગ, [૧૨]બાર ઉપાંગ, [૧]ચરણ સિત્તેરી અને [૧]કરણસિત્તેરી એ બધા મળી પચ્ચીશ ગુણ ઉપાધ્યાયના થાય છે.** - મોક્ષમાળા વિવેચન (પૃ.૮૫)

**ચરણસિત્તેરી**–પાંચ મહાવ્રત, દસ યતિધર્મ, સત્તર પ્રકારે સંયમ-(૫ મહાવ્રત, ૫ સમિતિ, ૩ ગુપ્તિ, ૪ કષાયનો નિગ્રહ.) દસ વૈયાવૃત્ય, નવ બ્રહ્મચર્યની ગુપ્તિઓ એટલે નવવાડ, ત્રણ રત્નત્રય, બાર પ્રકારના તપ, ચારેય કષાય ઉપર વિજય આ પ્રમાણે બધા મળી સિત્તેર પ્રકાર થાય છે.

**કરણસિત્તેરી**–ઉપર કહેલા ચરણ એટલે ચારિત્રને પુષ્ટિ કરવાવાળા ગુણોને કરણ કહે છે. તે ઉત્તર ગુણો છે. તે આ પ્રમાણેઃ– ચાર પિંડવિશુદ્ધિ, પાંચ સમિતિઓ, બાર ભાવના, બાર પડિમા, પાંચ ઇન્દ્રિય નિરોધ, પચ્ચીસ પ્રતિલેખના, ત્રણ ગુપ્તિઓ અને ચાર અભિગ્રહ. આ પ્રમાણે બધા મળી કરણના સિત્તેર પ્રકાર થાય છે. -જૈન તત્ત્વપ્રકાશમાંથી

ઉપાધ્યાય ભગવંત જે આચાર્ય નથી પણ આચાર્ય ભગવંતના સાધુઓને સહાયક છે. જે બાર અંગ– (૧) આચારાંગ સૂત્ર, (૨) સૂત્ર-કૃતાંગ સૂત્ર, (૩) સ્થાનાંગ સૂત્ર, (૪) સમવાયાંગ સૂત્ર, (૫) વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ (ભગવતી સૂત્ર), (૬) જ્ઞાતૃધર્મકથાંગ સૂત્ર, (૭) ઉપાસક દશાંગ સૂત્ર, (૮) અંતકૃતદશાંગ સૂત્ર, (૯) અનુત્તરોપપાદકદશાંગ સૂત્ર, (૧૦) પ્રશ્નવ્યાકરણ સૂત્ર, (૧૧) વિપાક સૂત્ર તથા (૧૨)મું દૃષ્ટિવાદ અંગ વિચ્છેદ ગયેલ છે. તથા જે બાર ઉપાંગ–(૧) ઔપપાતિકોપાંગ સૂત્ર, (૨) રાજપ્રશ્નોપાંગ સૂત્ર, (૩) જીવાભીગમોપાંગ સૂત્ર, (૪) પ્રજ્ઞાપનોપાંગ સૂત્ર, (૫) જમ્બૂદ્વીપપ્રજ્ઞપ્તિ

સૂત્ર, (૬) ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર, (૭) સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર, (૮) કલ્પિકા સૂત્ર, (૯) કલ્પવડિસિકા સૂત્ર, (૧૦) પુષ્પિકા સૂત્ર, (૧૧) પુષ્પચૂલિકા સૂત્ર, (૧૨) વહ્નિદશા સૂત્રના અર્થ નિર્ભિમાનપણે આપવામાં જે સાવધાન છે. પરવાદીરૂપ હાથીઓને હરાવવામાં જે સિંહ જેવા છે. આગમની વાચના દેવામાં જે શક્તિમાન છે. જે સૂત્રના અર્થને વિસ્તારવામાં રસિક છે. રાજકુંવર જેમ રાજ્યની ચિંતા ધરાવે છે તેમ તે સાધુગણની ચિંતા રાખનારા છે. જે આચાર્ય પદવીને યોગ્ય છે, એવા ઉપાધ્યાય ભગવંતને મારા સદા નમસ્કાર હો.

સાધુ ભગવંતના મુખ્ય ગુણ સત્તાવીશ છે તે નીચે પ્રમાણે :—

**સાધુના ૨૭ ગુણ :— [૫]પાંચ મહાવ્રત, [૧]રાત્રિભોજન ત્યાગ, [૫]પાંચ ઇન્દ્રિયોનો નિગ્રહ, [૬]છકાયજીવની રક્ષા, [૧]લોભ ત્યાગ, [૧]ક્ષમા ધારણ, [૧]ચિત્તની નિર્મળતા, [૧]વિશુદ્ધ વસ્ત્રપડિલેહણ, [૧]સંયમયોગમાં પ્રવૃત્તિ (તેમાં પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ ધારણ કરે અને નિદ્રા-વિકથા-અવિવેકનો ત્યાગ કરે), [૩]અકુશલ મન-વચન-કાયાનો ત્યાગ, [૧]શીતાદિ પરિષહ સહન કરવા, [૧]મરણાદિ ઉપસર્ગ સહન કરવા;** એમ એકંદર સત્તાવીશ ગુણ સાધુના છે. (મોક્ષમાળા વિવેચન પૃ.૮૫)

સાધુ મુનિવરો જે શુદ્ધ સ્વરૂપમાં રમણતા કરે છે. અને આચાર્ય, ઉપાધ્યાય તથા બીજા સાધુપુરુષોની પણ સેવા કરે છે. સર્વ વિષયના ઝેરનું જેણે નિવારણ કરેલ છે. જે નિષ્કામ છે તથા સંગરહિત છે. જે શરીર ઉપરના મમત્વથી રહિત છે. જે ધ્યાન અને સ્વાધ્યાયમાં કાળ ગાળે છે. બાર પ્રકારના તપથી યુક્ત છે. જે ભમરાની માફક અનેક ઘરથી થોડું થોડું વહોરે છે. જે પાંચ ઇન્દ્રિયોને હમેશાં વશ રાખે છે. છ કાય જીવોની રક્ષા કરે છે. જે બ્રહ્મચર્યની નવવાડોનું પાલન કરે છે, એવા મુનિને મારા હિતની ખાતર સદા પ્રણામ કરું છું. ।।૨।।

## શાસનનાયક શ્રી મહાવીર પ્રભુની સ્તુતિ

**શાસન નાયક સમરિયે, ભગવંત વીર જિનંદ;**
**અલિય વિઘન દૂરે હરે, આપે પરમાનંદ. ૩**

**અર્થ :–** વર્તમાન વીતરાગધર્મશાસનના નાયક શ્રી મહાવીરસ્વામી છે. તે છેલ્લા ચોવીસમા તીર્થંકર છે. તેમનું શાસન ૨૧૦૦૦ વર્ષ સુધી ચાલશે. તેમાં લગભગ ૨૫૦૦ વર્ષ પૂરા થયા અને બાકીના સાડા અઢાર હજાર વર્ષ સુધી પંચમકાળની પૂર્ણતા સુધી તેમનું શાસન હજુ વિદ્યમાન રહેશે. એવા શાસનનાયક ભગવાન મહાવીરસ્વામી જે આપણા દેવતત્ત્વ છે, તેમની સંપૂર્ણદશાને પામવા માટે સદા તેમની વીતરાગ મુદ્રાના દર્શન કરીએ તથા તેમના શુદ્ધ સ્વરૂપનું સ્મરણ કરીએ. જેથી શુભકર્મનો બંધ થઈ અલિય એટલે અનિષ્ટ એવા સર્વ વિઘ્નો દૂર થશે તથા આત્માના પરમાનંદની જીવને પ્રાપ્તિ થાય એવો અવસર પણ આવી મળશે. ।।૩।।

### પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામીની સ્તુતિ

**અંગૂઠે અમૃત વસે, લબ્ધિ તણો ભંડાર;**
**શ્રીગુરુ ગૌતમ સમરિયે, વાંછિત ફલ દાતાર. ૪**

**અર્થ :–** જેના અંગૂઠામાં અમૃત વસે છે, જે લબ્ધિઓનો ભંડાર છે અર્થાત્ જેને અનેક પ્રકારની લબ્ધિઓ પ્રગટ છે એવા શ્રી ગુરુ ગૌતમસ્વામીની સ્મૃતિ કરીએ કે જે તાપસો વગેરેને વાંછિત ફળના દાતાર સિદ્ધ થયા છે. તે આ પ્રમાણે-

**દૃષ્ટાંત :** અષ્ટાપદ પર્વત ઉપર ૧૫૦૦ તાપસ શક્તિ પ્રમાણે ઉપવાસાદિ તપ કરીને તપશ્ચર્યા કરતા હતા. ત્યાં શ્રી ગૌતમસ્વામી અષ્ટાપદ પર્વત ઉપર રહેલ જિનબિંબોના દર્શન કરવા માટે પધાર્યા. તેઓ લબ્ધિના બળે સૂર્યના કિરણનું અવલંબન લઈ એકદમ ઉપર ચઢી ગયા. તે જોઈ તાપસોએ તેમને પોતાના ગુરુ કરવાનો નિશ્ચય કર્યો. ગૌતમસ્વામી નીચે પધાર્યા ત્યારે તેમની પાસે સર્વેએ જૈન દીક્ષા ગ્રહણ કરી. તેમને પારણું કરાવવા માટે શ્રીગુરુ ગૌતમ-સ્વામી ગામમાંથી પાત્રમાં ખીર વહોરી લાવ્યા. તે ખીરના પાત્રમાં પોતાનો અંગૂઠો રાખી પંદરસો તાપસોને પારણું કરાવી દીધું. તેમની પાસે અક્ષીણ મહાન ઋદ્ધિ હતી, જેના પ્રભાવે ભોજન સામગ્રી જોઈએ તેટલી વધી ગઈ. આવી અનેક ઋદ્ધિઓના ધારક ગુરુ શ્રી ગૌતમસ્વામી હતા. તેઓ ભગવાન મહાવીરના પ્રથમ ગણધર તથા

અગિયાર ગણધરમાંના મુખ્ય ગણધર હતા. ।।૪।।

### શ્રી આત્મજ્ઞાની ગુરુની સ્તુતિ

**શ્રી ગુરુદેવ પ્રસાદસેં, હોત મનોરથ સિદ્ધ;**
**ઘન વરસત વેલી તરુ, ફૂલ ફલનકી વૃદ્ધ. ૫**

**અર્થ :–** હવે પરંપરામાં થતા આત્મજ્ઞાની સદ્‌ગુરુદેવની સ્તુતિ કરે છે :

પોતાના ઇષ્ટ સદ્‌ગુરુ ભગવંતના પ્રસાદથી એટલે તેમની કૃપાથી મનના ઇચ્છિત પદાર્થની સિદ્ધિ થાય છે. જેમ ઘન એટલે વાદળાં વરસવાથી પાનની વેલ, વૃક્ષ, ફૂલ કે ફળની વૃદ્ધિ થાય છે તેમ સદ્‌ગુરુ ભગવંતની કૃપાથી સર્વ પ્રકારની સિદ્ધિ સાંપડે છે.

કહેવાનો આશય એમ જણાય છે કે જે ભવ્યાત્મા સદ્‌ગુરુ ભગવંતની આજ્ઞા ઉપાસી, પોતાની વૈરાગ્ય, ઉપશમ, ભક્તિ, અને સાચા અંતર ત્યાગની ભૂમિકાને વધારશે તેના ઉપર સદ્‌ગુરુ ભગવંત જરૂર કૃપા કરશે, અર્થાત્ મોક્ષના લક્ષે જે જીવ સાચી આરાધના કરશે તેને દેવલોક આદિની કોઈપણ ભૌતિક રિદ્ધિ પ્રાપ્ત થવી સાવ સહેલ થશે. પણ માત્ર સાંસારિક કામનાઓથી જે સદ્‌ગુરુ ભગવંતની આરાધના કરશે, તેને પુણ્ય હશે તો કદાચ આ લોક પરલોકના તુચ્છ ઇન્દ્રિય સુખો એકવાર મળી જશે પણ તેમાં જીવ મોહ પામી ફરીથી ચારગતિરૂપ સંસારમાં જ રઝળશે, પણ પંચમ ગતિરૂપ મોક્ષને તે પામી શકશે નહીં. માટે સદૈવ નિષ્કામ ભક્તિ જ કર્ત્તવ્ય છે. ।।૫।।

### પંચ પરમેષ્ઠી આરાધનાનું ફળ મુક્તિ

**પંચ પરમેષ્ઠી દેવકો, ભજનપૂર પહિચાન;**
**કર્મ અરિ ભાજે સબી, હોવે પરમ કલ્યાન. ૬**

**અર્થ :–** શ્રી અરિહંત ભગવંત, સિદ્ધ ભગવંત કે આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એવા પંચ પરમેષ્ઠી ભગવંતની ખરેખરી પહિચાન એટલે ઓળખ કરીને તેમની ભરપૂર ભાવથી ભક્તિ કર્ત્તવ્ય છે. અરિહંત અને સિદ્ધ પરમાત્મા જે સર્વજ્ઞ પુરુષો છે તેની તથા આત્મજ્ઞાનને પામેલા

એવા આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ભગવંતની જ આ પંચ પરમેષ્ઠી પદમાં ગણતરી કરાય છે. આત્મજ્ઞાનથી રહિત પુરુષોની આ પદમાં ગણતરી નથી. શ્રીમદ્જીએ આત્મસિદ્ધિમાં કહ્યું છે :

**"આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા ગુરુ હોય;**
**બાકી કુળગુરુ કલ્પના, આત્માર્થી નહિ જોય."** –શ્રીમદ્ રાજચંદ્ર

આવા સાચા સત્પુરુષોની નવકાર મંત્રમાં ગણતરી કરવામાં આવેલ છે. તેમના શુદ્ધ સ્વરૂપની ગુરુ આજ્ઞાએ **'સહજાત્મસ્વરૂપ પરમગુરુ'** મંત્રરૂપે સદા ભજના કરવામાં આવે તો કર્મરૂપી શત્રુઓ સર્વ ભાગી જાય અને આત્માનું પરમ કલ્યાણ થઈ જાય એમ છે. ।।૬।।

### પ્રભુના ચરણકમળમાં મારું મન સદા લીન રહો

**શ્રી જિનયુગ પદકમલમેં, મુજ મન ભ્રમર વસાય;**
**કબ ઊગે વો દિનકરુ, શ્રીમુખ દરિસન પાય. ૭**

**અર્થ :–** જેણે રાગ દ્વેષ અજ્ઞાનને જીતી લીધા છે એવા વીતરાગ જિન પુરુષોના ચરણકમળમાં ભમરા જેવું આ મારું મન સદા વાસ કરીને રહો. તથા મારા ભાગ્યોદયરૂપ સૂર્યનો ઉદય ક્યારે થશે કે જ્યારે હું શ્રીમુખે પ્રત્યક્ષ ભગવાનના દર્શનને પામીશ. ।।૭।।

### પ્રભુને પ્રણામ કરી સ્વદોષનું હવે વર્ણન કરું

**પ્રણમી પદપંકજ ભણી, અરિગંજન અરિહંત;**
**કથન કરૌં અબ જીવકો, કિંચિત્ મુજ વિરતંત. ૮**

**અર્થ :–** અરિગંજન એટલે કર્મરૂપી શત્રુઓના જુલમને નાશ કરનાર એવા શ્રી અરિહંત પ્રભુના ચરણકમળમાં પ્રણામ કરીને હવે મારા જીવ દ્વારા થયેલ પાપોનું કિંચિત્ વિરતંત એટલે વૃત્તાંત, પાપના ભારથી હલકા થવા માટે પશ્ચાત્તાપપૂર્વક આપની સમક્ષ વર્ણવું છું. ।।૮।।

### સંસારમાં અનંતકાળથી ભટકવાનું કારણ વિષયકષાય

**આરંભ વિષય કષાયવશ, ભમિયો કાળ અનંત;**
**લક્ષચોરાશી યોનિસેં, અબ તારો ભગવંત. ૯**

**અર્થ :–** હે ભગવંત! અનંતકાળથી પાંચ ઇન્દ્રિયના વિષયભોગોને વશ થઈ મેં અનેક પ્રકારના આરંભ એટલે હિંસાના કામો કર્યાં. ભોગાદિ પદાર્થ મેળવવા માટે લોભાદિ કષાયભાવો કર્યાં. તથા તેમાં વિઘ્નકર્તા પ્રત્યે ક્રોધાદિ કષાયભાવોને પણ સેવ્યા. તેના ફળસ્વરૂપ ચોરાશી લાખ જીવયોનિમાં હું અનંત દુઃખ પામ્યો. માટે હે નાથ! દયા કરીને હવે મને આ ભયંકર સંસાર સમુદ્રમાં ડૂબતાને તારો, પાર ઉતારો. કેમકે આપના સિવાય આ જગતમાં બીજો કોઈ મને તારનાર નિષ્કારણ તારક પુરુષ નથી. ॥૯॥

**દેવગુરુધર્મની આશાતના એ અનંત સંસારવૃદ્ધિનું કારણ**

**દેવ ગુરુ ધર્મ સૂત્રમેં, નવ તત્ત્વાદિક જોય;**
**અધિકા ઓછા જે કહ્યા, મિથ્યા દુષ્કૃત મોય. ૧૦**

**અર્થ :–** સાચા દેવ કોણ? તો કે જે કામ ક્રોધાદિ અઢાર દૂષણોથી રહિત હોય તે. સાચા ગુરુ કોણ? તો કે જેની મિથ્યાત્વની ગ્રંથી એટલે ગાંઠ ગળી ગઈ છે તે સાચા નિર્ગ્રંથ ગુરુ. સાચો ધર્મ કયો? તો કે વ્યવહારથી દયામૂળ 'અહિંસા પરમો ધર્મ' છે, તથા નિશ્ચયથી જોઈએ તો વસ્તુનો સ્વભાવ એ જ પોતાનો ધર્મ છે. એ સત્‌દેવગુરુધર્મનું વર્ણન જે શાસ્ત્રમાં કર્યું હોય અથવા સૂત્રરૂપે જીવ, અજીવ, આશ્રવ, સંવર, બંધ, મોક્ષ અને નિર્જરા તથા પાપ અને પુણ્યનું વર્ણન જેમાં કર્યું હોય; અથવા જીવાસ્તિકાય, અજીવાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્મા-સ્તિકાય, આકાશાસ્તિકાય કે કાળ દ્રવ્યનું વર્ણન જેમાં કર્યું હોય, અથવા પ્રથમ પદ આત્મા છે, તે નિત્ય છે, તે કર્તા ભોક્તા છે, મોક્ષ છે અને મોક્ષનો ઉપાય છે એ છ પદનું જેમાં વર્ણન કર્યું હોય તે શાસ્ત્રોની તથા એવા કોઈ પણ ભગવાનના ઉપદેશેલ વચનોની મારાથી કંઈપણ અજ્ઞાનવશ ઓછી વત્તી પ્રરૂપણા થઈ હોય તો તેની હું ખરા અંતઃકરણથી માફી ચાહું છું. આપની કૃપાએ તે દુષ્કૃત્યો એટલે ખોટા કરેલા કામો મિથ્યા થાઓ, એવી આપ પ્રભુ પ્રત્યે મારી પ્રાર્થના છે, કેમકે 'तत्त्वार्थ श्रद्धानम् सम्यग्दर्शनम्' -मोक्षशास्त्र

ઉપરોક્ત તત્વોની શ્રદ્ધા કરવી એ વ્યવહાર સમકિત છે; જે નિશ્ચય સમકિતનું કારણ છે. અને એ તત્ત્વોની ઓછી વત્તી પ્રરૂપણા કરવી એ

અનંતાનુબંધી કષાયનું કારણ છે કે જેથી જીવને અનંત સંસારની વૃદ્ધિ થાય છે. એ વિષે પરમકૃપાળુદેવ જણાવે છે કે :–

**"જે કષાય પરિણામથી અનંત સંસારનો સંબંધ થાય તે કષાય પરિણામને જિનપ્રવચનમાં 'અનંતાનુબંધી' સંજ્ઞા કહી છે".**

-શ્રીમદ્ રાજચંદ્ર (પત્રાંક ૬૧૩)

**"સત્‌દેવ, સદ્‌ગુરુ અને સત્‌ધર્મનો જે પ્રકારે દ્રોહ થાય, અવજ્ઞા થાય, તથા વિમુખભાવ થાય, એ આદિ પ્રવૃત્તિથી, તેમજ અસત્‌દેવ, અસત્‌ગુરુ તથા અસત્‌ધર્મનો જે પ્રકારે આગ્રહ થાય, તે સંબંધી કૃતકૃત્યતા માન્ય થાય, એ આદિ પ્રવૃત્તિથી પ્રવર્તતાં 'અનંતાનુબંધી કષાય' સંભવે છે."**

(પત્રાંક ૬૧૩) ॥૧૦॥

## સૌથી મોટું પાપ મિથ્યાત્વ

**મિથ્યા મોહ અજ્ઞાનકો, ભરિયો રોગ અથાગ;**
**વૈદ્યરાજ ગુરુ શરણથી, ઔષધ જ્ઞાન વિરાગ. ૧૧**

**અર્થ :–** સૌથી મોટું પાપ મિથ્યાત્વ છે. તેને અજ્ઞાન કહો, દર્શનમોહ કહો કે વિપરીત માન્યતા કહો, એક જ છે. દેહાદિમાં આત્મબુદ્ધિરૂપ વિપરીત માન્યતા અથવા અજ્ઞાનનો મિથ્યા મોહરૂપી રોગ, તે અનાદિ-કાળથી મારામાં અથાગ એટલે અપાર ભરેલો છે. તે અગૃહિત મિથ્યાત્વના રોગને હજુ સુધી હું કાઢી શક્યો નથી.

તે રોગના સાચા સુજાણ વૈદ્યરાજ શ્રી સદ્‌ગુરુ ભગવંત છે. તે શ્રી ગુરુના શરણમાં જવાથી જ આ રોગને મૂળથી નષ્ટ કરી શકાય એમ છે. આ રોગનું વાસ્તવિક ઔષધ સદ્‌ગુરુ દ્વારા આપેલ સાચું જ્ઞાન અર્થાત્ બોધ છે અને તે બોધવડે જીવનમાં સાચો વિરાગ અર્થાત્ વૈરાગ્યભાવ પ્રગટે છે.

એ જ્ઞાન વૈરાગ્યવડે મિથ્યાત્વરૂપી મહામોહને જે પ્રથમ દૂર કરશે તે જીવ આગળ વધીને રાગદ્વેષરૂપ ચારિત્રમોહનો પણ નાશ કરી કેવળજ્ઞાન પ્રગટાવશે. એ જ મુક્તિનો સાચો ઉપાય છે. ॥૧૧॥

## કરેલા પાપોનો ગાઢ પશ્ચાત્તાપ

**જે મેં જીવ વિરાધિયા, સેવ્યાં પાપ અઢાર;**
**પ્રભુ તુમારી સાખસેં, વારંવાર ધિક્કાર. ૧૨**

**અર્થ :–** અનંતકાળથી મેં જે જે જીવોની વિરાધના કરી છે અર્થાત્ જેમને મેં દુઃખી કર્યા છે તથા અઢાર પાપસ્થાનક એવા પ્રાણાતિપાત એટલે જીવોની હિંસા, મૃષાવાદ, અદત્તાદાન એટલે ચોરી, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ એટલે કલેશ, અભ્યાખ્યાન એટલે અછતાં આળ દીધાં, પૈશુન્ય એટલે પરની ચુગલીચાડી કરી, રતિઅરતિ એટલે ગમવા અણગમવાપણું કર્યું, પરપરિવાદ એટલે બીજાના અવગુણ અવર્ણવાદ ગાયા, માયામૃષાવાદ એટલે માયાકપટથી જૂઠું બોલ્યો, મિથ્યાદર્શનશલ્ય એટલે વીતરાગમાર્ગમાં શંકા, કાંક્ષા આદિ વિપરીત પ્રરૂપણા કરી. એવા પાપ જે મેં સેવ્યા છે, તે સર્વને હે પ્રભુ! આપની સાક્ષીએ ખરા મનથી હું ધિક્કારું છું, તેનો તિરસ્કાર કરું છું. જેથી ફરીવાર એ પાપો મારાથી થવા ન પામે. એ માટે આ બૃહદ્ આલોચનાનો પાઠ પણ આપની સમક્ષ ભાવ શુદ્ધિ માટે આજે ઉચ્ચારું છું. ।।૧૨।।

## મારા જેવો કોઈ અધમ નથી

**બુરા બુરા સબકો કહે, બુરા ન દિસે કોઈ;**
**જો ઘટ શોધે આપનો, મોસું બુરા ન કોઈ. ૧૩**

**અર્થ :–** આ જીવ દુર્યોધન જેવી દૃષ્ટિના કારણે સર્વને ખરાબ કહે છે; પણ યુધિષ્ઠિર ધર્મરાજા જેવી દૃષ્ટિ કરે તો આ જગતમાં કોઈની બુરાઈ નજરે ન પડે. જગતવાસી જીવોમાં ગુણદોષ બન્ને વિદ્યમાન છે, પણ જેવી જીવની દૃષ્ટિ હોય તેવી તેને સૃષ્ટિ જણાય છે. બધામાં ગુણ જુએ તો પોતે ગુણનો ભંડાર બને છે અને નિખાલસતાથી પોતાના દોષ જુએ તો એને ખ્યાલ આવે કે મારા જેવો જગતમાં કોઈ દોષી નથી. **'હું તો દોષ અનંતનું, ભાજન છું કરુણાળ.'**

**"અધમાધમ અધિકો પતિત, સકળ જગતમાં હુંય;**
**એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય?"** ।।૧૩।।

## હું તો અનંત દોષનું ભાજન છું

**કહેવામાં આવે નહીં, અવગુણ ભર્યા અનંત;**
**લિખવામાં ક્યું કર લિખું, જાણો શ્રી ભગવંત. ૧૪**

**અર્થ :–** હે પ્રભુ! મારામાં અનંત દોષો ભરેલા છે. તે મારાથી વાણી દ્વારા કહી શકાય એમ નથી. ભગવાનમાં અનંત ગુણો છે. તે જ મારામાં દોષરૂપ થયેલા છે. વાણી દ્વારા પણ જે દોષો વર્ણવી ન શકાય તે લખવામાં કેવી રીતે આવી શકે. છતાં હે ભગવાન! આપ તે મારા સર્વ દોષોને કેવળજ્ઞાનવડે જાણો જ છો. ।।૧૪।।

## રાગદ્વેષ અજ્ઞાન નાશ પામો એવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના

**કરુણાનિધિ કૃપા કરી, કર્મ કઠિન મુઝ છેદ;**
**મિથ્યા મોહ અજ્ઞાનકો, કરજો ગ્રંથિ ભેદ. ૧૫**

**અર્થ :–** હે કરુણાનિધિ એટલે દયાના ભંડાર એવા પ્રભુ! આપ મારા પર કૃપા કરી કઠોર એવા દ્રવ્યકર્મ, ભાવકર્મને છેદવા માટે, મને સમ્યક્બુદ્ધિ આપો. તે સર્વ કર્મનું મૂળ કારણ એવી મિથ્યાત્વ મોહરૂપ અજ્ઞાનની ગ્રંથિ છે. પ્રથમ તેને છેદવા માટે અને આત્મજ્ઞાન પ્રગટાવવા અર્થે મારા મિથ્યાત્વમોહનીય કર્મનો અને અનંતાનુબંધી ક્રોધ માન માયા લોભરૂપે ચારિત્રમોહનીય કર્મનો ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય થાય એવો પુરુષાર્થ જગાડો. કેમકે–

**"રાગ, દ્વેષ, અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ;**
**થાય નિવૃત્તિ જેહથી, તે જ મોક્ષનો પંથ."**–શ્રીમદ્ રાજચંદ્ર

આત્મજ્ઞાન વગર સર્વ કર્મનો ક્ષય કરી શકાય નહીં માટે સૌથી પ્રથમ જીવને પ્રયોજનભૂત કાર્ય એ જ છે. ।।૧૫।।

## પતિત પાવન નાથજી મારો કરો ઉદ્ધાર

**પતિત ઉદ્ધારન નાથજી, અપનો બિરુદ વિચાર;**
**ભૂલચૂક સબ માહરી, ખમીએ વારંવાર. ૧૬**

**અર્થ :–** આ જગતમાં કર્મવશાત્ અનાદિકાળથી પતિત થયેલા મારા જેવા પામર જીવોનો ઉદ્ધાર કરવાને સમર્થ એવા હે મારા નાથજી! આપનું

તરણતારણ એવું બિરુદ છે. તો તે બિરુદનો વિચાર કરીને પણ અમને તારો. અમારા દ્વારા થયેલી સર્વ ભૂલચૂકને અમે વારંવાર ખમાવીએ છીએ, વારંવાર આપની સમક્ષ તેની માફી માગીએ છીએ. ॥૧૬॥

**શ્રદ્ધા, શીલ, સંતોષ ગુણોની માગણી**

**માફ કરો સબ માહરા, આજ તલકના દોષ;**
**દીનદયાળુ દો મુજે, શ્રદ્ધા શીલ સંતોષ. ૧૭**

**અર્થ :–** આજ દિન સુધી જે કંઈપણ મારાથી જાણ્યે અજાણ્યે દોષો સેવાયા હોય, તે સર્વને હે ભગવંત! આપ માફ કરો અને દીન ઉપર દયા કરનાર એવા દીનદયાળુ પ્રભુ! મને હવે સાચી શ્રદ્ધા, શીલ એટલે સદાચારરૂપ સમ્યક્-ચારિત્ર અને આત્મામાં જ પરમ સંતોષભાવ આપો.

આપના બોધ વડે મને સાચી શ્રદ્ધા પ્રગટે અને તે જીવનમાં ઊતરી મારું આચરણ સમ્યક્ બને એમ ઇચ્છું છું. તેના ફળસ્વરૂપે હું આત્માના સુખમાં જ પરમ સંતોષભાવ પામી સર્વ કાળને માટે વિભાવ પરિણામથી છૂટી જાઉં, અને શાશ્વત્ મુક્તિધામને પામું એ જ મારી આપ પ્રભુ પ્રત્યે સાચા હૃદયની પ્રાર્થના છે. ॥૧૭॥

**આત્મનિંદા કરી આત્મશુદ્ધિ કરવાની ભાવના**

**આતમનિંદા શુદ્ધ ભની, ગુનવંત વંદન ભાવ;**
**રાગદ્વેષ પતલા કરી, સબસેં ખીમત ખીમાવ. ૧૮**

**અર્થ :–** મારા આત્માએ જે જે પૂર્વે દોષો કર્યા છે તેને સ્મરણમાં લઈ, તેની નિંદા કરી હે પ્રભુ! આપ સમક્ષ તે સર્વ દોષોને શુદ્ધ રીતે ભણી અર્થાત્ બધું સ્પષ્ટ કહી દઉં છું. તથા ગુણવંત પુરુષોને ભાવથી વંદન કરી, અનાદિના શત્રુ એવા રાગદ્વેષના ભાવોને પાતળા કરી અર્થાત્ ઘટાડીને સર્વને ખીમત એટલે ક્ષમી અને ખીમાવ અર્થાત્ ક્ષમાવું છું; જેથી મારા આત્માની શુદ્ધિ થાય. ॥૧૮॥

**ગુરુદેવની કૃપાએ પૂર્વ પાપથી છૂટું અને નવા ન બાંધુ**

**છૂટું પિછલાં પાપસેં, નવાં ન બાંધુ કોઈ;**
**શ્રી ગુરુદેવ પ્રસાદસેં, સફલ મનોરથ હોઈ. ૧૯**

**અર્થ :–** પૂર્વે કરેલાં પાપોની નિંદા કરી, પશ્ચાત્તાપ કરીને અથવા જે જે પાપોના ફળ શાતા અશાતારૂપે ઉદયમાં આવે તેને સમતાભાવે ભોગવી લઈ તેથી છૂટી જાઉં; પણ તે તે કર્મના ઉદય નિમિત્તે ફરી રાગદ્વેષ કરી નવા કર્મ બાંધું નહીં. એવી હે શ્રી ગુરુદેવ! મને શક્તિ આપો. આપના એવા પ્રસાદથી અર્થાત્ કૃપાથી મારા ઉપરોક્ત મનોરથ એટલે મનના ભાવો જરૂર સફળ થશે, એવી મને પૂર્ણ ખાત્રી છે. ।।૧૯।।

## પરિગ્રહની મમતા તજી સમાધિમરણ સાધું

**પરિગ્રહ મમતા તજી કરી, પંચ મહાવ્રત ધાર;**
**અંત સમય આલોચના, કરું સંથારો સાર. ૨૦**

**અર્થ :–** 'પરિ' એટલે ચારે બાજુથી 'ગ્રહ' એટલે પકડી લીધો છે જેણે મને એવા પરિગ્રહ પ્રત્યેની આસક્તિ, મૂર્ચ્છા કે મમતાભાવનો હવે ત્યાગ કરી, અહિંસા, સત્ય, અચોર્ય, બ્રહ્મચર્ય તથા પરિગ્રહ ત્યાગરૂપ પંચ મહાવ્રતને ધારણ કરું, તથા મરણના અંત સમયે સર્વ પાપોની આલોચના કરીને સંથારો કરું. સંથારો એટલે સર્વ ધનકુટુંબાદિ સગાં સંબંધી પ્રત્યેનો મોહમમત્વભાવ ત્યાગી, દેહાધ્યાસ છોડી ક્રમે ક્રમે આહારનો પણ ત્યાગ કરી આ નશ્વર દેહનો સમાધિભાવ સહિત શાંતભાવથી ત્યાગ કરું. અંત સમયે રોગાદિના કારણે શરીર ટકે એમ લાગતું ન હોય તથા જ્ઞાનીપુરુષનો યોગ હોય તો તેને પૂછી આજ્ઞા લઈને જ આ સંથારો અર્થાત્ સંલ્લેખનામરણ કર્તવ્ય છે.

ઉપરોક્ત ત્રણ મનોરથ મનુષ્યજીવનના સારરૂપ છે. ।।૨૦।।

## તીન મનોરથ ધ્યાવે તે શિવસુખ પાવે

**તીન મનોરથ એ કહ્યા, જો ધ્યાવે નિત મન્ન;**
**શક્તિ સાર વર્તે સહી, પાવે શિવસુખ ધન્ન. ૨૧**

**અર્થ :–** ઉપરની ગાથામાં (૧) પરિગ્રહ પ્રત્યેની મમતાનો ત્યાગ. (૨) પંચ-મહાવ્રતનું ધારણ તથા (૩) જીવનના અંત સમયે પાપોની આલોચના કરી સંથારા સાથે સમાધિપૂર્વક દેહત્યાગ કરવો, એ ત્રણ મનોરથ કહ્યા; તેને જે ભવ્યાત્મા સાચા મનથી નિત એટલે હમેશાં ધ્યાવે

અર્થાત્ ચિંતવન કરે, વિચારે તથા પોતાની શક્તિ અનુસાર અવશ્ય મોહ ઘટાડી વ્રતોનું પાલન કરવાનો અભ્યાસ કરે, તે જીવ અંત સમયે સમાધિમરણ સાધી કાળાંતરે મોક્ષસુખને પામે છે. આવા ભવ્યાત્માનું જીવન ધન્ય ગણવા યોગ્ય છે. ॥૨૧॥

## સાચા દેવ, ગુરુ, ધર્મ અને શાસ્ત્રનું સ્વરૂપ સમજવું

**અરિહા દેવ, નિર્ગ્રંથ ગુરુ, સંવર નિર્જર ધર્મ;**
**આગમ શ્રી કેવલી કથિત, એહિ જૈન મત મર્મ. ૨૨**

**અર્થ :–** હવે જૈનમત પ્રમાણે પ્રથમ રહસ્ય નીચે પ્રમાણે જાણવા યોગ્ય છે:

અરિ એટલે શત્રુ, આત્માના ગુણોને ઘાતે એવા સર્વ ઘાતીયા કર્મોને જેણે હણી નાખ્યા છે એવા અઢાર દૂષણ રહિત વીતરાગ દેવને જ સાચા દેવ માનવા યોગ્ય છે. જે અરિહંતના નામે ઓળખાય છે.

તથા રાગદ્વેષ અજ્ઞાનરૂપ મોહની ગ્રંથી એટલે ગાંઠ જેની ગળી જઈ આત્મજ્ઞાનને પામ્યા છે એવા નિર્ગ્રંથ ગુરુ જ સાચા ગુરુ ગણવા યોગ્ય છે.

તેમજ જે ધર્મના પાલનવડે ઉદય આવેલા કર્મોને સમભાવે ભોગવી નવા કર્મબંધને રોકવારૂપ સંવર થાય તથા ઉદયમાં આવેલા કર્મો અકામ નિર્જરારૂપે ફળ આપી ખરી જાય તેને નિર્જરા તત્ત્વ કહેવામાં આવે છે. તેમાં સકામ નિર્જરા તે નવીન કર્મબંધનનો હેતુ થતી નથી. તે જ્ઞાન ધ્યાન-વડે સધાય છે. તે જ સાચી નિર્જરા છે અને તે જ મુક્તિનો સાચો ઉપાય છે.

હવે સાચા શાસ્ત્રો કોને કહેવા? તો કે જેણે કેવળજ્ઞાનવડે જગતનું સર્વ સ્વરૂપ જોઈને યથાતથ્ય નિરૂપણ કર્યું એવા કેવળી તીર્થંકર ભગવંત દ્વારા ઉપદિષ્ટ બોધ જ ખરા આગમ શાસ્ત્રો છે. ભગવંત તીર્થંકરોએ જે ઉપદેશ આપ્યો તેને ગણધર પુરુષોએ ઝીલી લઈ તેની દ્વાદશાંગીરૂપે રચના કરી. તે જ આગમ નામે જગતમાં પ્રસિદ્ધ છે.

ઉપરોક્ત પ્રમાણે દેવ, ગુરુ, ધર્મ અને શાસ્ત્રનું સ્વરૂપ સમજવું એ જ જૈન ધર્મનો મર્મ છે અર્થાત્ સર્વ દુઃખથી મુક્ત થવા રૂપ મોક્ષ પ્રાપ્ત કરવાનું એ જ રહસ્ય છે. ॥૨૨॥

## વિષય-કષાય તજી શુદ્ધ સમકિત પામવાથી મુક્તિ

**આરંભ વિષયકષાય તજ, શુદ્ધ સમકિત વ્રત ધાર;**
**જિન આજ્ઞા પરમાન કર, નિશ્ચય ખેવો પાર. ૨૩**

**અર્થ :–** શ્રી ગુરુ તરવાના કામીને કહે છે કે હિંસાની પ્રવૃત્તિરૂપ આરંભને તથા પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં થતા રાગભાવને તેમજ ક્રોધ માન માયા લોભરૂપ કષાયભાવોને હવે તજી દઈ, ભગવાને કહેલા જીવાદિ તત્ત્વોનું શ્રદ્ધાન કરી, વ્યવહાર સમકિત પામો, પછી આત્મઅનુભવરૂપ શુદ્ધ સમકિતને મેળવો. શુદ્ધ સમકિત પામ્યા પછી શ્રાવક કે મુનિના વ્રતોને અંગીકાર કરો. એમ જે ભવ્યાત્મા જિન એવા વીતરાગ પુરુષોની આજ્ઞાને પ્રમાણભૂત માની આરાધશે તે નિશ્ચયથી એટલે નક્કી સંસાર-સમુદ્રથી ખેવો એટલે તુરંત પાર ઊતરશે. એમાં શંકાને કોઈ સ્થાન નથી. ।।૨૩।।

## મનુષ્યભવની અમૂલ્ય ક્ષણોનો પૂરેપૂરો ઉપયોગ કરવો

**ક્ષણ નિકમો રહનો નહીં; કરનો આતમ કામ;**
**ભણનો ગુણનો શીખનો, રમનો જ્ઞાનારામ. ૨૪**

**અર્થ :–** ભગવાનનો ઉપદેશ છે કે એક ક્ષણ માત્ર પણ નકામું બેસી રહેવું નહીં. કારણ 'નવરો બેઠો નખ્ખોદ વાળે.' તો શું કરવું ? તો કે આત્માના હિતનું કામ કરવું. મોક્ષમાળા વગેરે ઉત્તમ ગ્રંથોને ભણવા એટલે સ્થિરતાપૂર્વક વાંચવા, ગણવા એટલે તેના ઉપર ચિંતન કરી જીવનમાં ઉતારવા તથા શીખવું એટલે આત્મસિદ્ધિ વગેરે નવીન ગ્રંથોના ભાવને શીખવાનો પ્રયત્ન કરી સદા નિર્દોષ જ્ઞાનાનંદમાં રહેવું; પણ સમય નકામો કદી જવા દેવો નહીં. મનને ભક્તિ, સ્વાધ્યાય વડે ચિંતન, મનનમાં રોકી અવશ્ય આત્મહિત કરવું. ।।૨૪।।

## સહજાત્મસ્વરૂપને પામેલા પંચ પરમેષ્ઠી સદા પૂજનીય

**અરિહા સિદ્ધ સબ સાધુજી, જિનાજ્ઞા ધર્મસાર;**
**મંગલિક ઉત્તમ સદા, નિશ્ચય શરણાં ચાર. ૨૫**

**અર્થ :–** જેણે ચારેય ઘાતીયા કર્મોને હણી નાખ્યા એવા અરિહંત

ભગવાન તથા જેણે સર્વ સિદ્ધિને મેળવી લીધી એવા સિદ્ધ ભગવાન એ સર્વજ્ઞ પુરુષો ગણાય છે. તથા આત્મજ્ઞાનને પામેલા એવા આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ભગવંત એ નિર્ગ્રંથની કોટીમાં આવે છે. એ પાંચે મળીને પંચ પરમેષ્ઠી અથવા પરમગુરુ નામથી પણ ઓળખાય છે. એ પાંચેય પરમગુરુઓ આત્માના શુદ્ધ સહજાત્મસ્વરૂપને પામેલા પુરુષો છે. નિશ્ચયનયે આપણા આત્માનું પણ એ જ સ્વરૂપ છે. માટે સદ્ગુરુ આજ્ઞાએ **'સહજાત્મસ્વરૂપ પરમગુરુ'** મંત્રનું નિશદિન ધ્યાન ધરવું એ જ આત્માને ઉત્તમ માંગલિક એટલે કલ્યાણરૂપ છે. ધર્મ આરાધના અર્થે રાગદ્વેષ અને અજ્ઞાન જેના જિતાઈ ગયા છે એવા જિન વીતરાગની આજ્ઞા ઉપાસવી એ જ જગતમાં સારભૂત તત્ત્વ ગણવા યોગ્ય છે.

તેમજ અરિહંત ભગવાન, સિદ્ધ ભગવાન, સર્વ સાધુ ભગવાન તથા કેવળી પ્રરૂપિત દયામૂળ ધર્મ એ જીવને નિશ્ચયથી એટલે નક્કી શરણરૂપ છે. તે જ સદા ઉત્તમ છે. તથા તે જ સદા જીવનું મંગલિક એટલે કલ્યાણ કરનાર છે. એ સિવાય જગતમાં જીવને જન્મ, જરા, મરણથી કે ત્રિવિધ તાપથી બચાવનાર કોઈ પદાર્થ ઉપલબ્ધ નથી. ।।૨૫।।

### સહજાત્મસ્વરૂપનું સ્મરણ પ્રતિ સમયે કર્તવ્ય

**ઘડી ઘડી પલ પલ સદા, પ્રભુ સ્મરણકો ચાવ;**
**નરભવ સફલો, જો કરે, દાન શીલ તપ ભાવ. ૨૬**

**અર્થ :–** જે પુણ્યશાળી ભવ્યાત્મા ઘડી ઘડી એટલે પ્રત્યેક સમયે અથવા પ્રત્યેક પળે હમેશાં પ્રભુએ આપેલ **'સહજાત્મસ્વરૂપ પરમગુરુ'** મંત્રનું ગુરુઆજ્ઞાએ ચાવ એટલે ઉત્સાહપૂર્વક સ્મરણ કરશે તેમજ ધનાદિ વડે દાનધર્મ આચરશે, સાત વ્યસન આદિનો ત્યાગ કરી ઉત્તમ સદાચારરૂપ શીલને પાળશે, તથા ઇચ્છાઓના નિરોધરૂપ તપને સેવશે તેમજ સત્પુરુષના વચનોને વાંચી ઉત્તમ ભાવોમાં મનને રમાવશે, તેનો આ નરભવ એટલે મનુષ્યજન્મ જરૂર સફળતાને પામશે. ।।૨૬।।

(દોહા)

**કર્મમેલને કાઢી પોતાનું સિદ્ધસ્વરૂપ પ્રગટ કરવું**

**સિદ્ધો જૈસો જીવ હૈ, જીવ સોઈ સિદ્ધ હોય;**
**કર્મ મેલકા અંતરા, બૂઝે વિરલા કોય. ૧**

**અર્થ :–** મૂળસ્વરૂપે જોતાં સર્વ જીવોનું સ્વરૂપ આઠેય કર્મ મળથી રહિત સિદ્ધ ભગવાન જેવું જ છે. પરમકૃપાળુદેવે આત્મસિદ્ધિમાં જણાવ્યું છે કે –

**"સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય;**
**સદ્ગુરુ આજ્ઞા જિનદશા, નિમિત્ત કારણ માંય."** -શ્રીમદ્ રાજચંદ્ર

પણ તે સ્વરૂપને સદ્ગુરુ દ્વારા જે સમજે તેજ પોતાની સિદ્ધ અવસ્થાને પામે છે. તે સિદ્ધ અવસ્થા પ્રગટ નહીં થવા દેવામાં કર્મરૂપી મેલનું અંતર છે. તે આઠ કર્મરૂપી મેલના અંતરને તોડનાર કોઈ શૂરવીર વીરલા પુરુષ છે કે જે પોતાના સર્વકર્મને હણી નાખી અનંત આત્મરિદ્ધિને પામે છે. ।।૧।।

**કર્મ જડરૂપ આત્મા ચૈતન્યસ્વરૂપ**

**"કર્મ પુદ્ગલ રૂપ હૈ, જીવરૂપ હૈ જ્ઞાન;**
**દો મિલકર બહુ રૂપ હૈ, વિછડ્યાં પદ નિરવાન." ૨**

**અર્થ :–** કર્મ પુદ્ગલ સ્વરૂપે છે અર્થાત્ કાર્મણવર્ગણાઓવડે કર્મ બનેલ હોવાથી તે જડ સ્વરૂપ છે. તથા જીવનું સ્વરૂપ જ્ઞાન છે. જ્ઞાન એ આત્માનો અસાધારણ ગુણ છે. જ્ઞાનવડે જ આત્મા ઓળખાય છે. જ્ઞાન-ચેતના, દર્શન-ચેતના વડે જ આત્મા ચૈતન્ય સ્વરૂપ છે, જડ સ્વરૂપ નથી. આત્મા સાથે કર્મ પરમાણુઓનો સંયોગ થયેલો હોવાથી જીવને અનેક રૂપ ચાર ગતિમાં ધારણ કરવા પડે છે.

સમ્યક્ પુરુષાર્થ વડે આત્મા કર્મોથી વિછડ્યો અર્થાત્ છૂટો થયો કે તે પોતાના નિર્વાણ એટલે મોક્ષપદને પામે છે. ।।૨।।

## જ્ઞાન, વૈરાગ્યના બળે જીવ અને કરમને જુદા કરો

**"જીવ કરમ ભિન્ન ભિન્ન કરો, મનુષ જનમકું પાય;**
**આત્મજ્ઞાન વૈરાગ્યસેં, ધીરજ ધ્યાન જગાય." ૩**

**અર્થ :–** હવે દશ દૃષ્ટાંતે દુર્લભ અથવા દેવને પણ દુર્લભ એવા મનુષ્યભવને પામી પોતાના આત્માને દુઃખદાયી એવી કાર્મણવર્ગણાઓથી જુદો પાડો કે જેથી આત્મા પોતાના અખંડ આનંદને અનુભવી શકે.

તેનો ઉપાય માત્ર આત્મજ્ઞાન છે. તે આત્મજ્ઞાન સંસાર પ્રત્યે વૈરાગ્યભાવ લાવવાથી તથા ધીરજ રાખી એકાગ્રતાપૂર્વક આત્મચિંતન કરવાથી પ્રાપ્ત થાય છે.

"जीव जुदा पुद्‌गल जुदा, यही तत्त्व का सार;
अन्य सभी व्याख्यान भी, याहीका विस्तार." ।।३।।

## દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી જીવદ્રવ્યની ઓળખાણ કરો

**દ્રવ્ય થકી જીવ એક હૈ, ક્ષેત્ર અસંખ્ય પ્રમાન;**
**કાળ થકી રહૈ સર્વદા, ભાવે દર્શન જ્ઞાન. ૪**

**અર્થ :–** જગતમાં રહેલ પ્રત્યેક વસ્તુના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ હોય છે. તેથી તેનું જગતમાં અસ્તિત્વ મનાય છે. તેમ જીવદ્રવ્યને નિશ્ચયનયની અપેક્ષાથી જોતાં તે એક સ્વતંત્ર દ્રવ્ય છે; અર્થાત્ બીજા જીવ કે અજીવ કોઈ દ્રવ્ય સાથે તે એકમેક થયેલ નથી.

ક્ષેત્ર અપેક્ષાએ જોતાં આત્માનું ક્ષેત્ર પોતાના જ અસંખ્યાત્ પ્રદેશ છે. જે વર્તમાનમાં શરીરાકારે રહેલ છે. તે સિવાય આત્માનું બીજું કોઈ ક્ષેત્ર નથી. તે પ્રદેશો સંકોચ વિકાસ પામી શકે છે. હાથીના શરીરમાં વિસ્તાર પામીને અને કીડી વગેરેના શરીરમાં સંકોચાઈને તે પ્રદેશો રહેલા છે.

હવે કાળની અપેક્ષાએ જોતાં જીવનું અસ્તિત્વ સર્વકાળમાં છે. કેમકે જીવદ્રવ્ય અનુત્પન્ન હોવાથી અવિનાશી છે તેથી કોઈ કાળમાં તે જીવનો નાશ નથી તે સદા અજર અમર છે.

હવે ભાવ એટલે ગુણની અપેક્ષાએ જોતાં, આત્મામાં અનંતગુણ છે. તેમાં મુખ્ય જ્ઞાનગુણ છે. જ્ઞાનગુણ તે દર્શનગુણથી યુક્ત છે. દર્શનગુણમાં

પ્રથમ પદાર્થનું દર્શન માત્ર થાય છે. પછી જ્ઞાન ગુણવડે તે પદાર્થનું વાસ્તવિક સ્વરૂપ સમજાય છે. તેને જ્ઞાનચેતના અને દર્શનચેતના પણ કહે છે. આત્માનો મુખ્ય જ્ઞાનગુણ છે. એમ કહેતાં તેમાં દર્શનગુણ સમાયેલો છે, કેમકે દર્શન વિના જ્ઞાન હોતું નથી. એમ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવવડે આત્મદ્રવ્યની ઓળખાણ કરીને આત્માની શ્રદ્ધા કરો. તે પોતે જ છે. માટે તેને જાણી, શ્રદ્ધી, અનુભવીને સંસારના જન્મ, જરા, મરણથી સર્વકાળને માટે આત્માને મુક્ત કરો.

એ વિષે 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથમાં હાથનોંધ પૃ.૭૯૪ ઉપર જણાવ્યું છે કે :

**આત્મસાધન**

"**દ્રવ્ય**– હું એક છું, અસંગ છું, સર્વ પરભાવથી મુક્ત છું.

**ક્ષેત્ર**– અસંખ્યાત નિજઅવગાહના પ્રમાણ છું.

**કાળ**– અજર, અમર, શાશ્વત છું. સ્વપર્યાય પરિણામી સમયાત્મક છું.

**ભાવ**– શુદ્ધ ચૈતન્યમાત્ર નિર્વિકલ્પ દ્રષ્ટા છું." ॥૪॥

**દેહ દેવલમાં રહેલ આત્મારૂપ ભગવાનને ઓળખો**

**ગર્ભિત પુદ્‌ગલપિંડમેં, અલખ અમૂરતિ દેવ;**
**ફિરે સહજ ભવચક્રમેં, યહ અનાદિકી ટેવ. ૫**

**અર્થ :**– પુદ્‌ગલ પરમાણુઓના બનેલા આ પિંડ એટલે શરીરમાં આ જીવ ગર્ભિતપણે અર્થાત્ સહેજે ખ્યાલમાં ન આવે તેમ રહેલ છે. કેમકે તે અમૂર્તિક અર્થાત્ અરૂપી દ્રવ્ય છે. ચર્મચક્ષુવડે તે દૃષ્ટિગોચર થાય તેમ નથી. તેથી તેને અલખ એટલે સહેજે લક્ષમાં ન આવે તેમ કહ્યો. તેમજ દેવ એટલે નિશ્ચયનયે જોતાં તે જ આત્મા ભગવાન સ્વરૂપ છે. પણ કર્મને આધીન તે નવા દેહ ધારણ કરી, ફરી પરપદાર્થમાં રાગદ્વેષના ભાવો કરીને આ ચતુર્ગતિરૂપ સંસારચક્રમાં ફર્યા કરે છે. એવી આ ટેવ અનાદિકાળથી પડી ગયેલી હોવાથી ભવભ્રમણ તેને સહજ થઈ ગયું છે. ॥૫॥

**મમતાભાવથી કર્મ સાથે બંધાએલ આત્મા**

**ફૂલ અત્તર, ઘી દૂધમેં, તિલમેં તૈલ છિપાય;**
**યું ચેતન જડ કરમ સંગ, બંધ્યો મમતા પાય. ૬**

**અર્થ :–** જેમ ફૂલમાં અત્તર, દૂધમાં ઘી તથા તલમાં તેલ છૂપાયેલ છે તેમ ચૈતન્ય લક્ષણે યુક્ત એવો આત્મા જડ એવા કર્મની સાથે એક ક્ષેત્રાવગાહ સંબંધે બંધાયેલ છે. તેનું કારણ જીવનો પરપદાર્થ પ્રત્યેનો અહંભાવ, મમત્વભાવ છે.

"ममताथी बंधाय छे, निर्मम जीव मुकाय;
या ते गाढ प्रयत्नसें, निर्मम करो उपाय." -ઇષ્ટોપદેશ

સત્પુરુષના બોધના આધારે આત્મભાવનો પુરુષાર્થ કરીને અહંભાવ મમત્વભાવ ઘટાડી પોતાની સાથે બંધાયેલ કાર્મણવર્ગણાઓને જીવ ખેરવી શકે છે. ।।૬।।

**પરને પોતાનું માનવાથી પ્રતિદિન કર્મમાં વૃદ્ધિ**

**જો જો પુદ્ગલકી દશા, તે નિજ માને હંસ;**
**યા હી ભરમ વિભાવતેં, બઢે કરમકો વંશ. ૭**

**અર્થ :–** આ સંસારમાં જે કંઈ પણ દૃષ્ટિગોચર થાય છે તે સર્વ પુદ્ ગલ પરમાણુની દશા છે, અર્થાત્ તેના પર્યાય છે. તે સર્વ પુદ્ગલ પરમાણુઓના જ સ્કંધ છે. દેહ પણ પુદ્ગલ પરમાણુઓનો બનેલ છે. તે દેહને આ હંસ એટલે જીવ પોતાનો માને છે. એ જ તેનો ભ્રમ છે. તેને વિભાવ કહેવામાં આવે છે. એમ જીવ પોતાના સ્વભાવને ભૂલી જઈ દેહ કુટુંબાદિમાં અહંભાવ મમત્વભાવ કરવાથી કર્મનો વંશ અર્થાત્ કર્મની પરંપરા દિન પ્રતિદિન વધારતો જાય છે; પણ તેનું તેને ભાન નથી. ।।૭।।

**અનંત શક્તિમાન એવો આત્મા, મોહને આધીન**

**રતન બંધ્યો ગઠડી વિષે, સૂર્ય છિપ્યો ઘનમાંહિ;**
**સિંહ પિંજરામેં દિયો, જોર ચલે કછુ નાંહિ. ૮**

**અર્થ :–** પ્રકાશમાન રત્ન હોવા છતાં જો તે ગઠડી એટલે કપડાની

ગાંસડીમાં બંધાયેલ હોય તો તે પ્રકાશ બહાર આવી શકતો નથી. જાજ્વલ્યમાન સૂર્ય હોવા છતાં ઘોર વાદળોની ઘટાઓમાં છૂપાઈ જવાથી સંપૂર્ણ પ્રકાશ આપી શકતો નથી. તેમજ પ્રચંડ શક્તિનો ધારી સિંહ પાંજરામાં પૂરાયેલો હોય તો તેનું કંઈ જોર ચાલી શકતું નથી; તેમ પોતાનો આત્મા અનંતજ્ઞાન, દર્શન, સુખવીર્યનો સ્વામી હોવા છતાં મોહને આધીન થઈ જવાથી તેનું પણ કાંઈ જોર ચાલતું નથી, અને નવા કર્મ બાંધી ચારગતિરૂપ સંસારમાં જ રઝળ્યા કરે છે. ।।૮।।

### કર્મવશાત્ અજ્ઞાની જીવનું ચિત્તભ્રમ જેવું વર્તન

**જ્યું બંદર મદિરા પિયા, વિછુ ડંકિત ગાત;**
**ભૂત લગ્યો કૌતુક કરે, કર્મોકા ઉત્પાત. ૯**

**અર્થ :–** વાંદરો જાતે ચંચળ હોય છે અને વળી તેને દારૂ પાવામાં આવે તો વિશેષ ચંચળ થાય છે. તથા વીછી ડંખ મારવાથી માણસના ગાત એટલે ગાત્ર ઢીલા પડી જાય છે, તેમજ કોઈને ભૂત વળગ્યો હોય તો તે વિશેષ કૌતુક કરવા લાગે છે.

તેમ કર્મવશાત્ અજ્ઞાની જીવ અનેક પ્રકારના મોહમાં પડી, ચિત્તભ્રમ થયેલાની જેમ વર્ત્યા કરે છે અને નહીં કરવાયોગ્ય એવું વર્તન કરી અનંત સંસાર વધારે છે. ।।૯।।

### કર્મમળ નાશ પામવાથી જીવ સિદ્ધસ્વરૂપ

**કર્મ સંગ જીવ મૂઢ હૈ, પાવે નાના રૂપ;**
**કર્મ રૂપ મલકે ટલે, ચેતન સિદ્ધ સરૂપ. ૧૦**

**અર્થ :–** અનાદિકાળથી કર્મના સંગે જીવ મૂઢ બનેલ છે. કર્મના ઉદયમાં રાગદ્વેષ કરી ચારે ગતિઓમાં અનેક પ્રકારના રૂપ ધારણ કરે છે. પણ સદ્ગુરુના બોધે વસ્તુના સ્વરૂપને જાણી સમ્યક્દર્શન પ્રગટાવીને જ્યારે અનંતાનુબંધી કષાય સાથે મિથ્યાત્વરૂપી કર્મમળને જીવ ટાળે છે ત્યારે આગળ વધી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી આત્માના સ્વાભાવિક સિદ્ધ સ્વરૂપને તે પામી જાય છે. ।।૧૦।।

## તપ સંયમવડે આત્માની જ્ઞાનજ્યોતિમાં વૃદ્ધિ

**શુદ્ધ ચેતન ઉજ્જ્વલ દરવ, રહ્યો કર્મમલ છાય;**
**તપ સંયમસેં ધોવતાં, જ્ઞાનજ્યોતિ બઢ જાય. ૧૧**

**અર્થ :–** નિશ્ચયનયથી જોતાં પોતાનો આત્મા સ્ફટિકરત્નની જેમ શુદ્ધ ચૈતન્યમય ઉજ્જ્વલ દ્રવ્ય છે. પણ અનાદિકાળથી તે કર્મરૂપી મળથી ઢંકાયેલો છે. તે કર્મમળને, ઇચ્છાઓના નિરોધ કરવારૂપ તપથી કે ઇન્દ્રિય સંયમ અને પ્રાણી સંયમ વડે ધોવાથી આત્માની જ્ઞાનમય જ્યોતિ વૃદ્ધિ પામે છે. ।।૧૧।।

## સમ્યક્જ્ઞાનદર્શનચારિત્ર અને તપ વડે કર્મોની બળવાન નિર્જરા

**જ્ઞાન થકી જાને સકલ, દર્શન શ્રદ્ધા રૂપ;**
**ચારિત્રથી આવત રુકે, તપસ્યા ક્ષપન સરૂપ. ૧૨**

**અર્થ :–** જ્ઞાન એટલે જાણવું. જ્ઞાન એ આત્માનો મુખ્ય ગુણ છે. તેના પાંચ ભેદ છે. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળજ્ઞાન. જ્ઞાનની નિર્મળતા થતાં ઠેઠ કેવળજ્ઞાન સુધી પહોંચી જગતના સર્વ પદાર્થોને જીવ જાણી શકે છે.

દર્શન એટલે શ્રદ્ધા. શ્રદ્ધા પણ આત્માનો ગુણ છે. તે સર્વ જીવોમાં હોય છે. પણ તે શ્રદ્ધા મિથ્યાદર્શનરૂપે પરિણમેલી છે. સદ્ગુરુના બોધે તેને સમ્યક્શ્રદ્ધાનરૂપે પરિણમાવી આત્માનું હિત કરી શકાય છે.

ચારિત્ર એટલે સમ્યક્વર્તન. તે બે પ્રકારે છે. વ્યવહાર ચારિત્ર અને નિશ્ચય ચારિત્ર. શ્રાવકના બાર વ્રતો કે મુનિના પાંચ મહાવ્રતો તથા પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ વગેરેનું પાલન કરવું તે વ્યવહાર ચારિત્ર છે. તથા આત્મામાં રમણતા કરવી તે નિશ્ચય ચારિત્ર છે. સમ્યક્ચારિત્રના પાલનવડે આવતાં કર્મો રોકી શકાય છે. તે સંવર કહેવાય છે.

તથા તપસ્યા તે આત્માની પાસે રહેવા માટે ક્ષપન એટલે કર્મોની નિર્જરા સ્વરૂપ છે. તે તપઃ–ઉપવાસ, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ એટલે ખાવાપીવામાં જતી વૃત્તિને રોકવી, રસપરિત્યાગ એટલે ઘી, દૂધ આદિ રસનો ત્યાગ, કાયક્લેશ એટલે સહનશીલતા વધારવા કાયાને કષ્ટ

આપવું, અને સંલીનતા એટલે અંગઉપાંગની કુચેષ્ટાને રોકવી તે તપના છ બાહ્ય ભેદ છે. તથા પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય એટલે સેવા કરવી, સ્વાધ્યાય, ધ્યાન એટલે આર્ત, રૌદ્ર ધ્યાન છોડી ધર્મધ્યાન કે શુકલ ધ્યાનમાં રહેવું, અને કાયોત્સર્ગ એટલે કાયાની મમતાનો ત્યાગ કરવો એ છ અભ્યંતર તપના ભેદ છે. એ તપ કર્મોની નિર્જરા કરવા માટે છે. ઇચ્છાઓનો નિરોધ કરવાથી એ તપ સમ્યક્ ગણાય છે.

ઉપર પ્રમાણે સમ્યક્જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની આરાધના કરીને જીવ સર્વ કર્મોને બાળી મોક્ષ પદ પ્રાપ્ત કરી શકે છે. ।।૧૨।।

**કર્મમળથી રહિત આત્મજ્યોતિ કેવળજ્ઞાન પામે**

**કર્મરૂપ મલકે શુધે, ચેતન ચાંદી રૂપ;**
**નિર્મળ જ્યોતિ પ્રગટ ભયાં, કેવળજ્ઞાન અનૂપ. ૧૩**

**અર્થ :–** કર્મરૂપી મેલ આત્મા ઉપરથી દૂર થયે શુદ્ધ એવું ચૈતન્ય દ્રવ્ય જે ચાંદી જેવું સ્વચ્છ છે તે પ્રગટ થાય છે. આત્માની નિર્મળ જ્યોતિ સમ્યક્દર્શનરૂપે પ્રગટી, આગળ વધીને તે અનુપમ કેવળજ્ઞાનને પામે છે. ।।૧૩।।

**યથાર્થ ઉપાય મળવાથી આત્મશુદ્ધિ અવશ્ય થાય**

**મૂસી પાવક સોહગી, ફુકાં તનો ઉપાય;**
**રામચરણ ચારુ મિલ્યા, મેલ કનકકો જાય. ૧૪**

**અર્થ :–** મૂસી એટલે સોનું ગાળવાની કુલડી, પાવક એટલે અગ્નિ તથા સોહગી એટલે ટંકણખાર તથા અગ્નિને ફૂંકવાની ધમણ એ ચાર ઉપાય જો મળી જાય તો શ્રી રામચરણ કવિ કહે છે કે કનક એટલે સોનામાં રહેલો મેલ જરૂર નાશ કરી શકાય છે.

તેમ આત્મામાં રહેલ અનાદિની મલિનતાને દૂર કરવા માટે સમ્યક્ દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ એ ચારેય ઉપાય યથાયોગ્ય છે. એ ઉપાયો આદરીને આત્માને સો ટચના સોના જેવો શુદ્ધ કરવા યોગ્ય છે કે જેથી મલિનતાનો અંશ પણ રહે નહીં. તેથી આત્મા ઉપર ઊઠીને મોક્ષસ્થાનને પામી સર્વકાળને માટે સુખમાં વિરાજમાન થાય. ।।૧૪।।

### કર્મરૂપ વાદળા દૂર થયે આત્માની જ્ઞાનજ્યોત પ્રગટે

**કર્મરૂપ બાદલ મિટે, પ્રગટે ચેતન ચંદ;**
**જ્ઞાનરૂપ ગુન ચાંદની, નિર્મલ જ્યોતિ અમંદ. ૧૫**

**અર્થ :–** કર્મરૂપી વાદળા જો ખસી જાય તો ચંદ્રમા જેવો આત્મા પ્રગટ થાય. તથા આત્માની જ્ઞાનગુણરૂપ ચાંદની જે મૂળસ્વરૂપે સદા નિર્મળ તથા અમંદ એટલે સદા જ્યોતિસ્વરૂપ છે, તે સર્વકાળને માટે પ્રકાશિત થાય.

આત્મા નિશ્ચયનયે જોતાં અનંતજ્ઞાન અને અનંતદર્શનાદિ ગુણોનો સ્વામી છે. તે ગુણો કર્મરૂપી વાદળાઓને લઈને ઢંકાયેલ છે. તે વાદળા દૂર થયે આત્માની કેવળજ્ઞાનરૂપ નિર્મળ જ્યોતિ ત્રણેય લોકને પ્રકાશવા સમર્થ છે. તેથી આ કર્મરૂપી વાદળાને દૂર કરવા માટે પ્રથમ આત્મજ્ઞાન પ્રગટાવવાનો જ્ઞાનીપુરુષોનો આપણને ઉપદેશ છે. ||૧૫||

### સર્વ દુઃખનું કે સંસારનું મૂળ રાગદ્વેષ

**રાગદ્વેષ દો બીજસેં, કર્મબંધકી વ્યાધ;**
**આત્મજ્ઞાન વૈરાગ્યસેં, પાવે મુક્તિ સમાધ. ૧૬**

**અર્થ :–** સર્વ કર્મોનું મૂળ રાગદ્વેષ છે. પરપદાર્થો પ્રત્યે રાગદ્વેષ કરવારૂપ બીજથી જ બધા કર્મબંધની વ્યાધિ ઊભી થાય છે. તે કર્મરૂપી રોગને નાશ કરવાનો ઉપાય આત્મજ્ઞાન અને વૈરાગ્ય છે. આ બે કારણોને મેળવવાથી જીવ આત્મસમાધિરૂપ મુક્તિને પામી સર્વકાળને માટે અનંતસુખને પામે છે.

રાગદ્વેષ એ ભાવકર્મ છે. તેથી જ્ઞાનાવરણીયાદિ દ્રવ્યકર્મનો બંધ થાય છે. તે દ્રવ્યકર્મનું ફળ નો કર્મરૂપે શરીરાદિ ધારણ કરવા પડે છે. તેથી સર્વકર્મનું મૂળ એવા રાગદ્વેષનો જ અભાવ કરવા ભગવંતનો આપણને ઉપદેશ છે.

તે રાગદ્વેષનો અભાવ ભૌતિક પદાર્થ પ્રત્યે વૈરાગ્યભાવ આવવાથી તથા આત્મા સંબંધીનું જ્ઞાન મેળવવાથી સંભવે છે. જીવને આત્મજ્ઞાન પ્રાપ્ત થયે જ્ઞાન ધ્યાનમાં પ્રવૃત્તિ, આગળ વધીને મુક્તિને મેળવી લે છે.

**“જહાં રાગ અને વળી દ્વેષ, તહાં સર્વદા માનો ક્લેશ;**
**ઉદાસીનતાનો જ્યાં વાસ, સકળ દુઃખનો છે ત્યાં નાશ.”**

-શ્રીમદ્ રાજચંદ્ર ।।૧૬।।

## અમૂલ્ય અવસર જાય છે, શીઘ્ર આત્મહિત કરી લો

**અવસર વીત્યો જાત હૈ, અપને વશ કુછ હોત;**
**પુણ્ય છતાં પુણ્ય હોત હૈ, દીપક દીપકજ્યોત. ૧૭**

**અર્થ :–** ઘણા ભવના પુણ્યના સંચયવડે આવો અમૂલ્ય અવસર પ્રાપ્ત થયો છે. સદ્ગુરુનો યોગ તથા આત્માર્થને અનુકૂળ સામગ્રી પણ પ્રાપ્ત થઈ છે. છતાં અવસર હાથમાંથી વહ્યો ન જાય ત્યાં સુધીમાં મારા આત્માનું હિત સદ્ગુરુની આજ્ઞાએ વર્તીને કરી લઉં. કેમકે પુણ્ય હોય ત્યાં સુધી નવું પુણ્ય ઉપાર્જન કરી શકાય છે. જેમકે દીપકની જ્યોતમાં બીજા દીવાની દીવેટ અડાડવાથી તેની પણ જ્યોત પ્રગટાવી શકાય છે તેમ. **‘ક્ષણ ક્ષણ જતાં અનંતકાળ વ્યતીત થયો છતાં સિદ્ધિ થઈ નહીં.’**

-શ્રીમદ્ રાજચંદ્ર (પુષ્પમાળા-૪)

હવે એવું થવા ન પામે તેના માટે જ્ઞાનીપુરુષો આપણને આમ ચેતાવે છે. ।।૧૭।।

## સમ્યક્જ્ઞાન વૃદ્ધિથી સર્વ દુઃખનો સંપૂર્ણ નાશ

**કલ્પવૃક્ષ, ચિંતામણિ, ઇન ભવમેં સુખકાર;**
**જ્ઞાનવૃદ્ધિ ઇનસે અધિક, ભવદુઃખ ભંજનહાર. ૧૮**

**અર્થ :–** દેવલોકમાં કે ભોગભૂમિમાં એવા કલ્પવૃક્ષો હોય છે કે જે તેવા પુણ્યવંતને ભૌતિક ઇચ્છિત પદાર્થોની પૂર્તિ કરે છે. તેમ ચિંતામણિરત્ન પણ એક એવો પદાર્થ છે કે જેના આગળ વિધિપૂર્વક ચિંતવન કરવાથી તે પણ ઇચ્છિત પદાર્થોને આપે છે. પણ તે પદાર્થોનો ઉપભોગ તે ભવ પૂરતો જ છે. એક આ ભવમાં જ તે ઇન્દ્રિયસુખના આપનાર થાય છે. તે ઇન્દ્રિયસુખ પણ પર પદાર્થને આધીન હોવાથી કે પોતાની શરીરની સ્વસ્થતાને આધીન હોવાથી પરાધીન, ક્ષણિક, વિષમ તથા રાગદ્વેષના કરાવનાર હોઈ અંતે દુઃખનું જ કારણ થઈ પડે છે, તેથી

તે ઇચ્છવા યોગ્ય નથી. જ્યારે વૈરાગ્ય ઉપશમ વડે આત્મજ્ઞાન વૃદ્ધિ પામી અંતે કેવળજ્ઞાન પ્રગટાવે છે ત્યારે આત્મા સર્વકાળને માટે અનંત અવ્યાબાધ સુખનો ભોક્તા થાય છે. તથા સર્વ સંસારના દુઃખોનો અંત આણી સિદ્ધ ભગવાન બને છે. માટે તે જ ઇચ્છવા યોગ્ય છે. ।।૧૮।।

**કેવળી ભગવંતે જોયું તેમ જ થશે, માટે આર્તધ્યાનને મૂક**

**રાઈમાત્ર ઘટવધ નહીં, દેખ્યાં કેવળજ્ઞાન;**
**યહ નિશ્ચય કર જાનકે, ત્યજીએ પરથમ ધ્યાન. ૧૯**

**અર્થ :–** કેવળી ભગવંતો, કેવળજ્ઞાનવડે જગતમાં રહેલ સર્વ પદાર્થોનું ભૂત, ભવિષ્ય અને વર્તમાનમાં કેવું પરિણમન થઈ રહ્યું છે તે સર્વ જોઈ રહ્યાં છે. તેમાં રાઈના દાણા માત્ર પણ ઘટવધ થવાની નથી. એવો નિશ્ચયભાવ હૃદયમાં આણીને હે ભવ્યો! તમે ધ્યાનનો પ્રથમ ભેદ આર્તધ્યાન છે તેનો ત્યાગ કરો.

આર્તધ્યાન એટલે દુઃખીત પરિણામ, ક્લેશિત પરિણામ. આ ધ્યાન પ્રાયેઃ તિર્યંચગતિ કે અશાતાવેદનીયનું કારણ થાય છે.

આ **આર્તધ્યાનના કુલ ચાર ભેદ** છે. (૧) **ઇષ્ટ વિયોગ** એટલે ગમતી વસ્તુઓનો વિયોગ થઈ જવો. સ્ત્રી, પુત્ર, ધનાદિનો વિયોગ થઈ જવો વગેરે. (૨) **અનિષ્ટ સંયોગ** એટલે જે ગમે નહીં એવી વસ્તુઓનો મેળાપ થવો. (૩) **વેદના આર્તધ્યાન** એટલે શરીરમાં વેદના આવ્યે દુઃખિત પરિણામ થવા તે અને (૪) **નિદાન આર્તધ્યાન** એટલે ભવિષ્યમાં ભોગોની વસ્તુ મેળવવાની તીવ્ર ઇચ્છા. જેમકે ચક્રવર્તી, વાસુદેવ, પ્રતિવાસુદેવની પદવી મેળવવાની ઇચ્છા. એ ચારેય પ્રકારના આર્તધ્યાન ત્યાગવા યોગ્ય છે. કારણ કે—

**"નહીં બનવાનું નહીં બને, બનવું વ્યર્થ ન થાય;**
**કાં એ ઔષધ ન પીજિએ, જેથી ચિંતા જાય."**

એમ માની પૂર્વે બાંધેલા કર્મના ઉદય સમયે હર્ષશોકમાં કે રાગદ્વેષમાં નહીં પડતા સમભાવનો અભ્યાસ કરવાનો જ્ઞાનીપુરુષોનો ઉપદેશ છે કે જેથી જીવ આ ભવમાં શાંતિ પામે અને પરભવમાં પણ ઉચ્ચગતિને સાધે. ।।૧૯।।

## રૌદ્રધ્યાનને મૂકી ધર્મધ્યાન અને શુક્લધ્યાનને ધ્યાવો

**દૂજા કુછ ભી ન ચિંતીએ, કર્મબંધ બહુ દોષ;**
**ત્રીજા ચોથા ધ્યાયકે, કરીએ મન સંતોષ. ૨૦**

**અર્થ :–** ધ્યાનનો બીજો પ્રકાર તે રૌદ્રધ્યાન છે. પાપ કરીને રાજી થવું તે **રૌદ્રધ્યાન** છે. તે પાપરૂપ છે. તે બિલકુલ ચિંતન કરવા યોગ્ય નથી. તેનાથી ઘણા દોષો ઉત્પન્ન થઈ જીવને ભારે કર્મનો બંધ થાય છે. આ રૌદ્રધ્યાન મોટાભાગે જીવને નરકગતિમાં લઈ જાય છે. તેના ચાર ભેદ છે. મોક્ષમાળા વિવેચનના આધારે નીચે પ્રમાણે છેઃ–

(૧) **હિંસાનંદી,** (૨) **મૃષાનંદી** (૩) **ચૌર્યાનંદી** અને (૪) **પરિગ્રહા-નંદી,** અર્થાત્ હિંસા કરીને, જૂઠ બોલીને, ચોરી કરીને કે પરિગ્રહ ભેગો કરીને રાજી થવું તે. આના ત્રણ ભેદ સમજાય છે પણ પરિગ્રહ ભેગો કરીને રાજી થવું તે રૌદ્રધ્યાન છે, એ વાત જીવથી સહેજે મનાતી નથી. પરિગ્રહ મેળવીને આનંદ માને તે જીવ નરકે જાય એમ મહાપુરુષોનો બોધ છે. માટે બીજું રૌદ્રધ્યાન તે સર્વથા ત્યાજ્ય છે.

ત્રીજું ધર્મધ્યાન અને ચોથું શુક્લ ધ્યાન છે. તે બેય શ્રેષ્ઠ ધ્યાન હોવાથી, તેમાં મનને રાખી પરમ સંતોષભાવે જીવન જીવવા યોગ્ય છે.

ભગવંતની આજ્ઞા સદૈવ આર્ત, રૌદ્રધ્યાન છોડી ધર્મધ્યાનમાં રહેવાની છે. શુદ્ધના લક્ષે શુભભાવરૂપ પરિણામ તે ધર્મધ્યાન છે. એથી ઉત્તમ ગતિ અને પરિણામે જીવનો મોક્ષ થાય છે. એ **ધર્મધ્યાનના મુખ્ય ચાર ભેદ** છે. (૧) **આજ્ઞાવિચય ધર્મધ્યાન**–ભગવાનની જે આજ્ઞા હોય તેનો વિચય એટલે વિચાર કરવો તે. (૨) **અપાયવિચય ધર્મધ્યાન**-અપાય એટલે દુઃખ. રાગ, દ્વેષ, કામ, ક્રોધાદિભાવોથી જીવને જે દુઃખ થાય છે તેનો વિચાર કરવો તે. (૩) **વિપાકવિચય ધર્મધ્યાન**–વિપાક એટલે ફળ. શુભ અશુભ કર્મના ફળનો વિચાર કરવો તે. (૪) **સંસ્થાન-વિચય ધર્મધ્યાન**–સંસ્થાન એટલે રચના. ત્રણલોકની રચના સંબંધીનો વિચાર કરવો તે.

હવે **ધર્મધ્યાનનો વિસ્તાર** કરીએ તો તેના કુલ્લે ૧૬ ભેદ થાય છે.

તેમાં **ધર્મધ્યાનનાં ચાર લક્ષણ** આ પ્રમાણે છે. (૧) આજ્ઞારુચિ (૨) નિસર્ગ રુચિ (૩) સૂત્રરુચિ (૪) ઉપદેશરુચિ.

**(૧) આજ્ઞારુચિ**–ભગવાનની આજ્ઞા ઉપાસવાની રુચિ ઉત્પન્ન થવી તે.

**(૨) નિસર્ગરુચિ** - એટલે જાતિસ્મરણજ્ઞાન આદિ વડે કરીને ચારિત્રધર્મ ધરવાની સ્વાભાવિક રુચિ ઊપજવી તે.

**(૩) સૂત્રરુચિ** - એટલે ભગવંત ઉપદિષ્ટ શાસ્ત્રોનું શ્રવણ, મનન કરવાની ભાવથી રુચિ જાગવી તે. અને

**(૪) ઉપદેશરુચિ** - એટલે સર્વકર્મ ખપાવવા માટે તીર્થંકર કે જ્ઞાનીપુરુષનો ઉપદેશ સાંભળવાની રુચિ ઉત્પન્ન થવી તે.

હવે ધર્મધ્યાનના ચાર આલંબન કહેવાય છે. (૧) વાચના (૨) પૃચ્છના (૩) પરાવર્તના અને (૪) ધર્મકથા

**(૧) વાચના** - એટલે ગુરુ કે સત્પુરુષ પાસે નવું શીખવા માટે વિનયપૂર્વક પાઠ લઈએ તે વાચનાલંબન.

**(૨) પૃચ્છના** - એટલે શંકા નિવારવા માટે વિનયસહિત પ્રશ્ન પૂછવો તે.

**(૩) પરાવર્તના** - એટલે શીખેલું ભૂલી ન જવાય તે માટે તેનો વારંવાર સ્વાધ્યાય કરવો તે પરાવર્તનાલંબન.

**(૪) ધર્મકથા** - એટલે વીતરાગ ભગવંતે કહેલ તત્ત્વની શ્રદ્ધા કરીને સભામધ્યે તે તત્ત્વનો ભાવ જણાવવો તે ધર્મકથાલંબન.

હવે **ધર્મધ્યાનની ચાર અનુપ્રેક્ષા** છે તે નીચે પ્રમાણે :–

(૧) એકત્વાનુપ્રેક્ષા (૨) અનિત્યાનુપ્રેક્ષા (૩) અશરણાનુપ્રેક્ષા અને (૪) સંસારાનુપ્રેક્ષા.

**(૧) એકત્વાનુપ્રેક્ષા** - મારો આત્મા એકલો છે. હું એકલો આવ્યો, એકલો જઈશ, મારા કર્મ હું એકલો જ ભોગવીશ આદિ ચિંતવવું તે.

**(૨) અનિત્યાનુપ્રેક્ષા** - શરીર, કુટુંબ, લક્ષ્મી આદિ સર્વ નાશ પામવાના છે; પણ મારો આત્મા અવિનાશી છે એમ વિચારવું તે.

**(૩) અશરણાનુપ્રેક્ષા** - મરણ સમયે કોઈ બચાવી શકનાર નથી. માત્ર એક ધર્મ જ જીવને ચાર ગતિના દુઃખથી બચાવનાર છે એમ ચિંતવવું તે.

**(૪) સંસારાનુપ્રેક્ષા** - આ ચારગતિરૂપ સંસારમાં મારા જીવે અનંત દુઃખ ભોગવ્યા છે. હવે આ સંસારરૂપ બંધનથી છૂટવાના ઉપાયનું ચિંતવન કરવું તે.

એ વિષેનો વિશેષ વિચાર મોક્ષમાળા શિક્ષાપાઠ ૭૪-૭૫માંથી જાણી લેવા યોગ્ય છે.

ચોથું ધ્યાન તે **શુક્લધ્યાન** છે. તે આત્માના શુદ્ધ પરિણામરૂપ છે. તે અતિ નિર્મળ ધ્યાન છે. આ ધ્યાનમાં ચૈતન્ય આત્મા પોતાના અનુભવમાં લીન હોય છે. તેના પણ **ચાર ભેદ** છે.

**(૧) પૃથક્ત્વવિતર્કવીચાર** - આ પ્રથમ શુક્લધ્યાનનો ભેદ આઠમે, નવમે, દશમે તથા અગ્યારમે ગુણસ્થાનકે સ્થિત છદ્મસ્થોને હોય છે.

**(૨) એકત્વવિતર્કઅવીચાર** - આ ધ્યાનનો સદ્ભાવ બારમા ગુણ-સ્થાનકના અંતમાં હોય છે. ત્યારપછી કેવળજ્ઞાન પ્રગટે છે.

**(૩) સૂક્ષ્મક્રિયાઅપ્રતિપાતિ** - નામનો શુક્લધ્યાનનો ભેદ તેરમા ગુણ-સ્થાનકમાં કેવળી ભગવંતને અંતર્મુહૂર્ત માત્ર આયુષ્ય બાકી રહે ત્યારે હોય છે. તે અંતર્મુહૂર્તમાં બાદર કાયયોગ, વચનયોગ અને મનોયોગને સૂક્ષ્મ કરે છે. ત્યાર પછી સૂક્ષ્મકાયયોગમાં સ્થિર થઈને વચનયોગ અને મનો-યોગનો પણ નિરોધ કરે છે.

**(૪) વ્યુપરતક્રિયાનિવર્તી** - આ શુક્લ ધ્યાનનો ચોથો ભેદ સિદ્ધદશા પ્રાપ્ત કરવાના એક સમય પહેલાં કેવળી ભગવાનને ચૌદમા અયોગી ગુણસ્થાનકના અંત સમયમાં હોય છે.

ઉપર જણાવેલ ધર્મધ્યાનમાં સદા મનની વૃત્તિ રોકીને શુક્લધ્યાન પ્રાપ્તિની ભાવના ભાવી આત્માને સંતોષવો, પણ આર્તધ્યાન, રૌદ્રધ્યાનમાં આત્માનો ઉપયોગ જાય નહીં એવો ભગવંતનો સદા આપણને ઉપદેશ છે. ।।૨૦।।

**જ્ઞાનીપુરુષની દશા**

**ગઈ વસ્તુ સોચે નહીં, આગમ વાંછા નાંહિ;**
**વર્તમાન વર્તે સદા, સો જ્ઞાની જગ માંહિ. ૨૧**

**અર્થ :–** કર્મ સિદ્ધાંતના જાણનાર એવા જ્ઞાનીપુરુષો ભૂતકાળમાં થઈ ગયેલા સુખદુઃખના પ્રસંગોને કદી સ્મૃતિમાં લાવતા નથી તથા ભવિષ્યમાં કોઈ પદાર્થ મેળવવાની ઇચ્છા રાખતા નથી. કેમકે ઇચ્છા માત્ર દુઃખ છે. પરમકૃપાળુદેવે જણાવ્યું છે કે–

**"હે જીવ ! ક્યા ઇચ્છત હવે ? હૈ ઇચ્છા દુઃખ મૂલ;**
**જબ ઇચ્છાકા નાશ તબ, મિટે અનાદિ ભૂલ."**

જ્ઞાનીપુરુષોને વર્તમાનમાં ઉદયાનુસાર જે જે પ્રસંગો પ્રાપ્ત થાય તેમાં સમભાવે વર્તે છે. **'વિચરે ઉદય પ્રયોગ'** તે જગતમાં સાચા જ્ઞાનીપુરુષો કહેવાય છે. ।।૨૧।।

## જ્ઞાનીપુરુષ અંતરથી સદૈવ ન્યારા

**અહો ! સમદૃષ્ટિ આતમા, કરે કુટુંબ પ્રતિપાળ;**
**અંતર્ગત ન્યારો રહે, (જ્યું) ધાવ ખિલાવે બાળ. ૨૨**

**અર્થ :–** અહો ! શબ્દ આશ્ચર્ય વ્યક્ત કરે છે કે ઓહો સમ્યક્દૃષ્ટિ જ્ઞાનીપુરુષ પૂર્વકર્માનુસાર ઉદયાધીન પોતાના કહેવાતા કુટુંબનું પ્રતિપાલન એટલે સારી રીતે પાલનપોષણ કરતા દેખાતા છતાં પણ અંતરથી ન્યારા રહે છે. તેમને કુટુંબ પ્રત્યે આસક્તિ નથી, મોહ મમત્વભાવ નથી. જેમ ધાવમાતા, બાળકને ધવડાવે, રમાડે, મોટો કરે છતાં અંતરથી તે મારો પુત્ર છે એવો ભાવ તેને હોતો નથી. તેમ જ્ઞાનીપુરુષ પણ જ્ઞાનદશા હોવાથી કુટુંબમાં રહેતા છતાં અંતરથી સદૈવ જલ-કમલવત્ અલિપ્તભાવે રહે છે. ।।૨૨।।

## જ્ઞાની-પુરુષને સુખ દુઃખ સમાન

**સુખ દુઃખ દોનું વસત હૈ, જ્ઞાની કે ઘટ માંહિ,**
**ગિરિ સર દીસે મુકરમેં ભાર ભીંજવો નાંહિ. ૨૩**

પરમકૃપાળુદેવે આજ ભાવની ગાથા લખી છે –

**"જ્ઞાની કે અજ્ઞાની જન, સુખ દુઃખ રહિત ન કોય;**
**જ્ઞાની વેદે ધૈર્યથી, અજ્ઞાની વેદે રોય."** –શ્રીમદ્ રાજચંદ્ર

**અર્થ :–** પૂર્વે બાંધેલા શુભાશુભ કર્માનુસાર જ્ઞાનીપુરુષના ઘટ

એટલે હૃદયમાં સુખ દુઃખનો અનુભવ થાય છે, પણ તે અજ્ઞાનીની જેમ સુખ દુઃખના પ્રસંગમાં હર્ષ શોક કરતા નથી; સમતાભાવે વેદે છે. જ્ઞાની પોતાના જ બાંધેલા કર્મોના ફળ જાણી ધૈર્યપૂર્વક વેદે છે જ્યારે અજ્ઞાની દુઃખના પ્રસંગોને આર્તધ્યાનપૂર્વક રડતા ભોગવે છે. જેથી જ્ઞાની પ્રતિ સમયે કર્મોથી મુક્ત થાય છે અને અજ્ઞાની નવા કર્મોથી બંધાય છે.

આ વાતને દૃષ્ટાંત આપી સમજાવે છે. જેમ ગીરી એટલે પહાડ અને સર એટલે તળાવ, મુકર એટલે અરીસામાં પહાડ અને તળાવ દેખાતા છતાં પણ, પહાડથી કંઈ અરીસો ભારે થતો નથી કે તળાવ અરીસામાં પ્રતિબિંબિત થવાથી તે અરીસો કંઈ ભીજાંઈ જતો નથી. તેમ જ્ઞાનીપુરુષો સુખના અનુકૂળ પ્રસંગે કે દુઃખના પ્રતિકૂળ પ્રસંગે સુખદુઃખની કલ્પના કરતા નથી પણ કર્મફળના ઉદયમાં જ્ઞાતાદૃષ્ટા રૂપે રહે છે. ।।૨૩।।

### મમતાથી બંધ, સમતાથી મુક્તિ

**જો જો પુદ્‌ગલ ફરસના, નિશ્ચે ફરસે સોય;**
**મમતા સમતા ભાવસેં, કર્મ બંધ-ક્ષય હોય. ૨૪**

**અર્થ :–** આખા જગતમાં જે જે પદાર્થો દૃષ્ટિગોચર થાય છે તે બધા જ પુદ્‌ગલ દ્રવ્યના બનેલા છે. પુદ્‌ગલ રૂપી દ્રવ્ય છે. તે સ્કંધરૂપે આપણને દેખાય છે. તેમાંથી જે જે પુદ્‌ગલ પદાર્થોનો સ્પર્શ આપણા પૂર્વ કર્માનુસાર થવાનો હશે તે થયા વિના રહેશે નહીં, એ નિશ્ચિત વાત છે. પણ જો તે પૌદ્‌ગલિક પદાર્થો પ્રત્યે મમતાભાવ હશે તો નવીન કર્મનો બંધ થશે; અને તે પદાર્થોના નિમિત્તે રાગદ્વેષ નહીં કરતા સમભાવે વર્તન કરીશું તો પૂર્વકર્મો ક્ષય થઈ જશે અને નવીન કર્મનો બંધ થશે નહીં. ।।૨૪।।

### જેવા કર્મો બાંધ્યા તેવા ભોગવે

**બાંધ્યા સોહી ભોગવે, કર્મ શુભાશુભ ભાવ;**
**ફલ નિરજરા હોત હૈ, યહ સમાધિ ચિત્ત ચાવ. ૨૫**

**અર્થ :–** અજ્ઞાન અવસ્થામાં પૂર્વે શુભાશુભ ભાવવડે જે જે કર્મો જીવે બાંધ્યા તેના પુણ્યપાપરૂપ ફળ તેને ભોગવવા પડે છે. ભગવાન મહાવીરને પણ કર્મોએ છોડ્યા નથી. તે ઉદયમાં આવેલા કર્મોને ભગવાન

**મહાવીરની જેમ સમતાભાવે ભોગવે તો નવા કર્મો બંધાતા નથી અને પૂર્વકર્મની બળવાન નિર્જરા થાય છે. કર્મોની નિર્જરા જેમ જેમ થાય છે તેમ તેમ આત્મા પોતાની સ્વસ્થતા ભણી વળતો જાય છે. એને ભગવાન સમાધિ કહે છે.**

**"આત્મ પરિણામની સ્વસ્થતાને શ્રી તીર્થંકર 'સમાધિ' કહે છે."**

-શ્રીમદ્ રાજચંદ્ર

એવી આત્મસમાધિરૂપ શાશ્વત સુખશાંતિને મેળવવા માટે સાચી ચાવ એટલે ઇચ્છા તારા ચિત્તમાં એટલે અંતરમાં રાખ. જેથી કાળાંતરે જીવનો મોક્ષ થાય. ।।૨૫।।

**કર્મો ન બાંધે તો ભોગવવા પડે નહીં**

**બાંધ્યા બિન ભુગતે નહીં, બિન ભુગત્યાં ન છુટાય;**
**આપ હી કરતા ભોગતા, આપ હી દૂર કરાય. ૨૬**

**અર્થ :–** અજ્ઞાન અવસ્થામાં જીવે રાગદ્વેષના ભાવો કરી કર્મ બાંધ્યા જ ન હોય તો તેને ભોગવવા પડે નહીં. પણ બાંધ્યા છે તો તેના ફળ સુખદુઃખરૂપ ભોગવ્યા વિના તે કર્મોથી છૂટાય નહીં. તે વાત યથાર્થ છે. એ વિષે પરમકૃપાળુદેવ પત્રાંક ૯૨૭માં જણાવે છે કે–

**"યથાર્થ જોઈએ તો શરીર એ જ વેદનાની મૂર્તિ છે. સમયે સમયે જીવ તે દ્વારાએ વેદના જ વેદે છે. ક્વચિત્ શાતા અને પ્રાયે અશાતા જ વેદે છે. માનસિક અશાતાનું મુખ્યપણું છતાં તે સૂક્ષ્મ સમ્યગ્દૃષ્ટિવાનને જણાય છે. શારીરિક અશાતાનું મુખ્યપણું સ્થૂળ દૃષ્ટિવાનને પણ જણાય છે. જે વેદના પૂર્વે સુદૃઢ બંધથી જીવે બંધન કરી છે, તે વેદના ઉદય સંપ્રાપ્ત થતાં ઇન્દ્ર, ચંદ્ર, નાગેન્દ્ર કે જિનેન્દ્ર પણ રોકવાને સમર્થ નથી. તેનો ઉદય જીવે વેદવો જ જોઈએ. અજ્ઞાનદૃષ્ટિ જીવો ખેદથી વેદે તોપણ કંઈ તે વેદના ઘટતી નથી કે જતી રહેતી નથી. સત્યદૃષ્ટિવાન જીવો શાંત ભાવે વેદે તો તેથી તે વેદના વધી જતી નથી, પણ નવીન બંધનો હેતુ થતી નથી. પૂર્વની બળવાન નિર્જરા થાય છે. આત્માર્થીને એ જ કર્તવ્ય છે."**

જીવ પોતે જ રાગદ્વેષાદિ ભાવોવડે કર્મનો કર્તા બને છે. પોતે કર્મોને

કરે છે માટે તેના ફળનો ભોક્તા થાય છે. વળી પોતે જ સુખદુઃખાદિને સમતાભાવે ભોગવી સર્વ કર્મોને દૂર કરી શાશ્વત એવા મોક્ષપદને પણ મેળવી લે છે. ।।૨૬।।

### સુખ દુઃખનું કારણ પુણ્યપાપ

**પથ કુપથ ઘટવધ કરી, રોગ હાનિ વૃદ્ધિ થાય;**
**પુણ્ય પાપ કિરિયા કરી, સુખ દુઃખ જગમેં પાય. ૨૭**

**અર્થ :–** પથ્ય આહાર એટલે રોગને ઘટાડનાર એવો આહાર. કુપથ્ય એટલે જે રોગની વૃદ્ધિ કરે એવો આહાર. પથ્ય આહારના સેવનથી રોગની હાનિ થાય છે અને કુપથ્ય આહારના સેવનથી રોગની વૃદ્ધિ થાય છે. તેમ પુણ્યના સાધન એવા દાન, શીલ, તપ, ભાવ, ભક્તિ, સ્વાધ્યાય આદિ ક્રિયા કરવાથી સહેજે જગતમાં ભૌતિક સામગ્રીને મેળવી જીવ સુખ પામે છે. અને પાપના સાધન એવા હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મ તથા પરિગ્રહ આદિમાં મમત્વભાવ કરવાથી જીવ દુઃખને પામે છે. આત્માર્થના લક્ષે પુણ્યના કારણોમાં પ્રવૃત્તિ વધારવાથી જીવ કાળાંતરે મોક્ષને પામે છે. અને સંસારના લક્ષે પાપની પ્રવૃત્તિ વધારવાથી જીવ શારીરિક અને માનસિક દુઃખ પામી અનંત સંસારમાં ભટક્યા કરે છે. આ સર્વ દુઃખથી છૂટવાનો ઉપાય એક માત્ર સમ્યક્જ્ઞાન છે. ।।૨૭।।

### સુખ આપ્યે સુખ અને દુઃખ આપ્યે દુઃખ મળે

**સુખ દીધે સુખ હોત હૈ, દુઃખ દીધાં દુઃખ હોય;**
**આપ હણે નહિ અવરકું, (તો) અપને હણે ન કોય. ૨૮**

**અર્થ :–** કોઈપણ પ્રાણીને સુખ આપવાથી પુણ્યકર્મનો બંધ થાય છે. તે પુણ્યના ઉદયમાં પોતે પણ સુખના સાધનોને પામે છે. તેથી વિપરીત કોઈને મન વચન કાયાવડે દુઃખ આપવાથી જીવ પાપનો બંધ કરે છે. અને તે અશુભ ભાવોના ફળમાં પોતે પણ સંસારમાં અનેક પ્રકારે દુઃખના કારણોને પામે છે. આંબો વાવવાથી કેરી મળે પણ બાવળીઓ વાવવાથી તો કાંટા જ મળે છે.

પોતે બીજાને મનથી, વચનથી કે કાયાથી હણે નહીં, હણાવે નહીં કે

અનુમોદે નહીં તો તેથી પુણ્યબંધની પ્રાપ્તિ થાય છે. તેના ફળમાં પોતે સદા સુખી રહે છે. ભગવાન મહાવીરનો મુખ્ય ઉપદેશ **'અહિંસા પરમોધર્મ'** છે. ભગવાન **'માહણો મા હણો'** શબ્દના કરનાર છે. પરમકૃપાળુદેવે પણ કહ્યું કે—**"જ્યાં દયા નથી ત્યાં ધર્મ નથી." "ભાખ્યું ભાષણમાં ભગવાન, ધર્મ ન બીજો દયા સમાન"** -શ્રીમદ્ રાજચંદ્ર ।।૨૮।।

**હમેશાં ગુણગ્રાહી રહેવું**

**જ્ઞાન ગરિબી ગુરુવચન, નરમ વચન નિર્દોષ;**
**ઇનકું કભી ન છાંડિયે, શ્રદ્ધા શીલ સંતોષ. ૨૯**

**અર્થ :—** આત્મજ્ઞાન પામવા અર્થે અર્થાત્ શાશ્વત સુખ મેળવવા માટે નીચેના આત્મગુણોને કદી છોડવા નહીં. ન હોય તો સદૈવ મેળવવા પ્રયત્ન કરવો. **જ્ઞાન** એટલે સમ્યક્જ્ઞાન, જ્ઞાનીગુરુએ આપેલી સાચી સમજ. **ગરિબી** એટલે લઘુતા, નિરભિમાનપણું. **ગુરુવચન** એટલે ગુરુએ આપેલી આજ્ઞાભક્તિ વગેરે આત્મસાધન. **નરમ વચન નિર્દોષ** એટલે કઠોરતા રહિત હિત, મિત અને પ્રિય વચન. **શ્રદ્ધા** એટલે દેવગુરુધર્મની દૃઢ શ્રદ્ધા, અથવા સાત તત્ત્વ, નવ પદાર્થ, છ દ્રવ્ય કે છ પદ પ્રત્યે અતુટ આસ્થા. **શીલ** એટલે સદાચાર, મુખ્યત્વે બ્રહ્મચર્ય. **સંતોષ** એટલે પોતાના કર્માનુસાર મળેલ પદાર્થોમાં પૂર્ણ સંતોષભાવ. આ ઉપરોક્ત ગુણોને ગમે તેવી પરિસ્થિતિ આવી પડે તો પણ તજવાં નહીં; જેથી આત્મા પોતાના સહજ સ્વભાવને પામી અનંતસુખમાં લીન થાય. ।।૨૯।।

**ગમે તેવી સ્થિતિમાં પણ પ્રામાણિકતા છોડવી નહીં**

**સત મત છોડો હો નરા! લક્ષ્મી ચૌગુની હોય;**
**સુખ દુઃખ રેખા કર્મકી, ટાલી ટલે ન કોય. ૩૦**

**અર્થ :—** હે ભવ્યો! તમે જીવનમાં સત્ એટલે આત્મા જેથી ઊંચો આવે એવા સત્ય, પ્રામાણિક વ્યવહારનો ગમે તેવી પરિસ્થિતિમાં પણ ત્યાગ કરશો નહીં. તે સત્‌ના પ્રભાવે પુણ્ય વૃદ્ધિ પામી લક્ષ્મી ચાર ગુણી થાય છે. અથવા પૂર્વ પુણ્યના પ્રભાવે લક્ષ્મી ચાર ગણી થઈ ગઈ હોય તો પણ તમે જીવનમાં સદ્-વ્યવહારનો કદી ત્યાગ કરશો નહીં. કેમકે સુખ કે

દુઃખ એ સર્વ કર્માનુસાર આવે છે અને જાય છે. એ કોઈના ટાળ્યા ટળે એમ નથી; અર્થાત્ અનીતિથી મેળવેલું ધન તે જીવને સુખી કરતું નથી. પણ રોગાદિકના દુઃખ ભોગવાવી અંતે બીજા પાસે ચાલ્યું જાય છે. ।।૩૦।।

### સર્વથી શ્રેષ્ઠ સંતોષધન

**ગોધન ગજધન રતનધન, કંચન ખાન સુખાન;**
**જબ આવે સંતોષધન, સબ ધન ધૂળ સમાન. ૩૧**

**અર્થ :–** ગાયોના ગોકુલરૂપી ધન, હાથીઓની હારમાળારૂપ ધન, અનેક પ્રકારના રત્નોરૂપી ધન હોય કે વળી સોનાની ખાણ કે ભલે બીજા રત્નોની ખાણ હોય, પણ સર્વ પ્રકારની ઇચ્છાઓને નાશ કરનાર એવું સંતોષરૂપી ધન જો જ્ઞાનીપુરુષની કૃપાથી પ્રાપ્ત થાય તો તેની સમક્ષ ઉપરોક્ત જણાવેલ સર્વ ધન ધૂળ સમાન ભાસે છે. અને તે નર સદા સુખનો અનુભવ કરે છે. માટે જ કહ્યું છે કે **'સંતોષી નર સદા સુખી અને તૃષ્ણાવાળો નર નિત્ય ભિખારી.'** જીવની તૃષ્ણા આકાશ જેવી અનંત છે. જેટલું મળે તેથી વિશેષ મેળવવાની ભાવના થાય છે. તૃષ્ણાના કારણે ઘણું ધન હોવા છતાં પણ તેનો આત્મા સદા અશાંત રહે છે. પણ સત્પુરુષના બોધબળે સંતોષભાવ આવવાથી તે આત્મા શાંતિ પામે છે. ।।૩૧।।

### સર્વોત્કૃષ્ટ રત્ન તે બ્રહ્મચર્ય

**શીલ રતન મહોટો રતન, સબ રતનાંકી ખાન;**
**તીન લોકકી સંપદા, રહી શીલમેં આન. ૩૨**

**અર્થ :–** શીલ એટલે સદાચાર, મુખ્યત્વે બ્રહ્મચર્ય. બ્રહ્મ એટલે આત્મા, તેમાં રમણતા તે ચર્યા. એવું બ્રહ્મચર્યરૂપી શીલરત્ન જગતમાં કહેવાતા હીરા, માણેક આદિ સર્વ રત્નોથી મહાન છે. સ્ત્રીઆદિ ત્યાગરૂપ બાહ્ય બ્રહ્મચર્યના પાલનથી પુણ્ય વૃદ્ધિ પામે છે. તેથી આ હીરા માણેક આદિ રત્નોની પ્રાપ્તિ પણ તેને હોઈ શકે. માટે સર્વ રત્નોની ખાણરૂપ આ શીલરત્ન તે મહાન રત્ન છે. બાહ્ય બ્રહ્મચર્યના પાલનથી અંતરંગ બ્રહ્મમાં રમણતા કરી સમ્યક્દર્શન પામીને જીવ કાળાંતરે કેવળજ્ઞાન પ્રગટાવી ત્રણ

લોકનો નાથ થાય છે. માટે ત્રણે લોકની સંપત્તિ આ શીલરત્નમાં આવીને વસી છે એમ માની શકાય છે. ॥૩૨॥

**શીલનો પ્રભાવ અદ્‌ભુત આશ્ચર્યકારી**

**શીલે સર્પ ન આભડે, શીલે શીતલ આગ;**
**શીલે અરિ કરિ કેસરી, ભય જાવે સબ ભાગ. ૩૩**

**અર્થ :–** શીલનો પ્રભાવ અદ્‌ભુત, આશ્ચર્યકારી છે. શીલવાન પુરુષોના પ્રભાવથી સાપ તેની પાસે પણ આવતા નથી તો તે આભડે એટલે સ્પર્શે ક્યાંથી ? શીલવાન આત્માના પ્રભાવે આગ પણ શીતળ જળ બની જાય છે. મહાસતી સીતાજીના શીલના પ્રભાવે ઝળહળતો અગ્નિકુંડ તે શીતલ સરોવર બની ગયો. અને સીતાજી તે સરોવરમાં કમલ ઉપર બિરાજમાન જણાયા. શીલરત્નના પ્રભાવે અરિ એટલે શત્રુ, કરી એટલે હાથી અને કેસરી એટલે સિંહ જેવા ભયાનક પ્રાણીઓના ભય પણ નાશ પામે છે. શીલના પ્રભાવે શત્રુ મિત્ર બની જાય, ગાંડો થયેલ હાથી સ્વસ્થ થાય અને સિંહ જેવા પ્રાણીઓ પણ શીલવાન મહાત્માઓ પાસે ક્રૂરતા ભૂલી જઈ શાંત થઈને બેસે છે. ॥૩૩॥

**વચન, નયનના સંયમવડે જીવન પવિત્ર**

**શીલ રતનકે પારખુ, મીઠા બોલે બૈન;**
**સબ જગસેં ઊંચા રહે, (જો) નીચાં રાખે નૈન. ૩૪**

**અર્થ :–** ખરેખર જગતમાં જે શીલ રત્નની કિંમતના પારખું એટલે પરિક્ષક અથવા જાણનાર છે, તેના બૈન એટલે વચન મીઠા હોય છે. તે સદાચારી પુરુષની વાણી કરુણામય સત્યથી ભરેલી હોવાથી મીઠી હોય છે. આવા ઉત્તમ પુરુષોના નૈન એટલે નયન વિકાર દૃષ્ટિથી નહીં જોતા સદા નીચે રહે છે. તેમના વચન અને નયન સંયમમાં હોય છે. તેઓ ઉદાસીન વૃત્તિથી જીવે છે. જગતમાં તે સર્વથી ઊંચા ગણાય છે, આદરણીય પુરુષ મનાય છે. એ સર્વ એમના શીલરત્નનો પ્રભાવ છે. ॥૩૪॥

## કલિયુગમાં મહાન આત્માઓના દર્શન દુર્લભ

**તનકર મનકર વચનકર, દેત ન કાહુ દુઃખ;**
**કર્મ રોગ પાતિક ઝરે, દેખત વાકા મુખ. ૩૫**

**અર્થ :–** જે મહાન આત્મા કોઈપણ પ્રકારે તનથી એટલે કાયાથી અથવા મનથી કે વચનથી કોઈ પણ જીવને કિંચિત્ માત્ર પણ દુઃખ આપતા નથી, વાકા એટલે તેમના મુખકમળના દર્શન માત્રથી જ આપણા પાતિક એટલે પાપના ફળમાં ઉત્પન્ન થયેલ કર્મરૂપી રોગ ઝરવા માંડે છે. આવા આત્મજ્ઞાની સત્પુરુષના પ્રત્યક્ષ દર્શન આ કાળમાં દુર્લભ થઈ પડ્યા છે. માટે પરમકૃપાળુદેવની વીતરાગ મુદ્રાને તથા તેમના વચનામૃતને પ્રત્યક્ષ તુલ્ય માની તેમની આજ્ઞા પ્રમાણે વર્તવાથી આ કાળમાં પણ કલ્યાણ થવા સંભવે છે, એમ પ.પૂ.પ્રભુશ્રીજીએ જણાવ્યું છે. ।।૩૫।।

## ફરીથી આપણો મેળાપ ક્યારે થશે?

(દોહા)

**પાન ખરંતા ઇમ કહે, સુન તરુવર વનરાય;**
**અબકે વિછુરે કબ મિલે, દૂર પડેંગે જાય. ૧**

**અર્થ :–** વૃક્ષના પાન અને વનરાય એટલે વનના રાજા સમાન તરુવર એટલે શ્રેષ્ઠ વિશાળ વૃક્ષ સાથેના સંવાદથી આત્માર્થીને શરીર, કુટુંબ આદિ પ્રત્યે મોહ ન થાય અને જાગૃતિ પામે એવા હેતુથી નીચેની બે ગાથાઓમાં રૂપક અલંકારથી સમજાવવામાં આવ્યું છે. વૃક્ષ ઉપર પાન પાકીને પીળું પડી જઈ નીચે ખરતાં સમયે, જાણે તે વૃક્ષને કહે છે કે હે વનરાજ! હું આ વૃક્ષ ઉપર જ જન્મ્યો, અહીં જ પોષણ પામ્યો, માટે તમારું જ સંતાન છું. પણ હમણા આપણો સંબંધ છૂટી રહ્યો છે. હું દૂર જઈને ક્યાંય પડીશ. પણ ફરીથી આપણો મેળાપ ક્યારે થશે? ।।૧।।

## સંયોગ થયો માટે વિયોગ નિશ્ચિત

**તબ તરુવર ઉત્તર દીયો, સુનો પત્ર એક બાત;**
**ઇસ ઘર એસી રીત હૈ, એક આવત એક જાત. ૨**

**અર્થ :–** પાનની વાત સાંભળીને વૃક્ષરાજે જવાબ આપ્યો કે હે પત્ર

એટલે પાન! મારી એક વાત સાંભળ. આપણા ઘરની શરૂઆતથી જ એવી રીત છે કે એક પાન ખરે અને બીજું નવું પાન ત્યાં જન્મે છે.

ઉપરોક્ત રૂપક અલંકારથી આપણે એવો બોધ લેવાનો છે કે આયુષ્ય પુરુ થયે એક બીજા સગાંસંબંધીઓથી આપણે અવશ્ય છૂટા પડવાનું છે. સંયોગ થયો માટે તેનો વિયોગ પણ અવશ્ય થશે એવો નિયમ છે. સર્વ સંબંધીઓ આયુષ્ય પ્રમાણે અહીંથી દેહ છોડી જુદી જુદી ગતિઓમાં જઈ પોતાના કર્માનુસાર નવો દેહ ધારણ કરે છે; અને હમણાના કહેવાતા કુટુંબથી તે દૂર થઈ જાય છે. ફરીથી પૂર્વ અવસ્થારૂપે મેળાપ થવાનો નથી. એવી અનાદિની રીત છે. માટે હે ભવ્યો! દેહ, કુટુંબ, ધનાદિમાં અહંભાવ મમત્વભાવનો ત્યાગ કરી આ દેહ છે ત્યાં સુધીમાં અવશ્ય આત્મસાર્થક કરી લેવું. મનુષ્યદેહ પડી ગયા પછી કંઈ થવાનું નથી. માટે પ્રમાદ તજી સદા જાગૃત રહેવા યોગ્ય છે. ।।૨।।

**વર્ષગાંઠનો દિવસ રાજી થવા માટે નહીં પણ ખેદ માટે**

**વરસ દિનાકી ગાંઠકો, ઉત્સવ ગાય બજાય;**
**મૂરખ નર સમજે નહીં; વરસ ગાંઠકો જાય. ૩**

**અર્થ :–** પોતાના જીવનનું એક વર્ષ પૂરું થાય ત્યારે મનુષ્ય પોતાના સગાંવહાલાંને ભેગા કરી પાર્ટીઓ રાખી કે ગાવા બજાવાનું સંગીત રાખી ઉત્સવરૂપે તે વર્ષગાંઠને ઊજવે છે. એ પ્રમાણે ઊજવી ખૂબ રાજી થાય છે. પણ મહાપુરુષો કહે છે કે મૂર્ખ એવો તે નર સમજતો નથી કે મારા આ માનવ જીવનમાંથી એક વર્ષ ફરી ઓછું થઈ ગયું તો આ વર્ષગાંઠનો દિવસ રાજી થવા માટે નથી પણ ખેદ લાવી વૈરાગ્ય પામવા માટે છે. અને શેષ રહેલા જીવનનો સમય આત્માર્થે ગાળવા હવે નિર્ણય કરવા અર્થે છે. ।।૩।।

**શ્વાસોચ્છ્વાસ નાશવંત પણ આત્મા અમર છે**

(સોરઠો)

**પવન તણો વિશ્વાસ, કિણ કારણ તેં દૃઢ કિયો?**
**ઇનકી એહી રીત, આવે કે આવે નહીં. ૪**

**અર્થ :–** હે જીવ! તેં આ પવન એટલે શ્વાસોચ્છ્વાસનો વિશ્વાસ કયા કારણે ધરી રાખ્યો છે? આ શ્વાસોચ્છ્વાસની તો એવી રીત છે કે તે શરીરમાંથી બહાર ગયા પછી પાછો અંદર આવે કે ન પણ આવે. કેમકે શ્વાસોચ્છ્વાસ શરીરને આધીન છે. શરીર પુદ્ગલને આધીન છે. અને આ પુદ્ગલો શરીરના સ્કંધરૂપે ક્યાં સુધી રહેશે તે આયુષ્યકર્મને આધીન છે. આયુષ્યકર્મ પૂર્ણ થાય કે શ્વાસોચ્છ્વાસરૂપ પવન બંધ થઈ જાય છે. તે શ્વાસોચ્છ્વાસરૂપ પવનનું બંધ થવું તેને વ્યવહારમાં મરણ કહે છે. સંસારીજીવો વ્યવહારથી દસ પ્રાણથી જીવે છે. તે મનોબળ, વચનબળ, કાયબળ, પાંચ ઇન્દ્રિયો, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય મળી દસ પ્રાણ કહેવાય છે. જ્યારે આત્માના ભાવપ્રાણ તે જ્ઞાન દર્શન ગુણ છે. તે વડે તે સદા જીવિત રહે છે. માટે આયુષ્યકર્મ છે ત્યાં સુધી નશ્વર એવા આ દ્રવ્ય પ્રાણરૂપ પવન શ્વાસોચ્છ્વાસનો વિશ્વાસ મૂકી દઈ; ભાવ પ્રાણરૂપ શાશ્વત આત્માના જ્ઞાનદર્શન ગુણોને ઓળખી તે આત્માના નિત્યપણાની હવે દૃઢ શ્રદ્ધા કરો કે જેથી જીવને સમાધિમરણની પ્રાપ્તિ થાય. ।।૪।।

## કર્મરૂપી કરજ વધારીશ નહીં

(દોહા)

**કરજ બિરાના કાઢકે, ખરચ કિયા બહુ નામ;**
**જબ મુદત પૂરી હુવે, દેનાં પડશે દામ. ૧**

**અર્થ :–** કરજ એટલે દેવું તે નીચ રજ સમાન છે. તેને બિરાના કાઢકે એટલે પારકા રૂપિયાને ઉધારરૂપે લાવી પોતા ઉપર દેવાનો ભાર વધારી, પોતાની નામના એટલે માન મોટાઈ મેળવવા કે પાંચ ઇન્દ્રિયોના ભોગાદિ અર્થે તેને ખર્ચી નાખવા તે નરી મૂર્ખતા છે. કેમકે જ્યારે તે પૈસા પાછા આપવાનો સમય આવશે ત્યારે વ્યાજ સાથે આપવા પડશે. તે આપ્યા વિના છૂટકારો નહીં થાય. તેવી જ રીતે હે આત્મન! તું પાંચ ઇન્દ્રિયોમાં વૃત્તિને આસક્ત કરી કર્મરૂપી કરજમાં વધારો મા કર. કારણ કે કર્મની અવધિ પૂરી થયે તેના ફળ તારે અવશ્ય ભોગવવા પડશે. ત્યારે વિલવિલાટ કરતા પણ છૂટશે નહીં. ।।૧।।

## શુભાશુભકર્મની દેણદારી આપ્યા વિના છૂટકારો નહીં

**બિનું દીયાં છુટે નહીં, યહ નિશ્ચય કર માન;**
**હસ હસ કે ક્યું ખરચીએ, દામ બિરાના જાન. ૨**

**અર્થ :–** પારકા લાવેલા રૂપિયાને વ્યાજ સાથે પાછા આપ્યા વિના તારો છૂટકારો નહીં થાય. આ વાત નિશ્ચિત છે એમ તું માન. માટે લાવેલા પારકા રૂપિયાને ઇન્દ્રિયના વિષયભોગ અર્થે કંઈ હસી હસીને ખર્ચ કરી દેવાય નહીં; તેમ પૂર્વજન્મથી લાવેલા પુણ્યને કે જે આત્માનો ધર્મ નથી પણ વિભાવભાવ છે તેને પણ ભોગવી છૂટા થવું પડશે માટે જ્યાંસુધી તે પુણ્યકર્મનો ઉદય છે ત્યાં સુધી વિષયભોગમાં વૃત્તિને નહીં લઈ જતાં સત્પુરુષની ભક્તિ, સ્વાધ્યાય સ્મરણવડે તારા આત્માને ઓળખવારૂપ પુણ્યનો ભોગવટો કરી, તેથી પણ નિવૃત્ત થઈ મુક્તિને મેળવી લે, કારણ **'તેહ શુભાશુભ છેદતાં, ઊપજે મોક્ષ સ્વભાવ.'** એમ પરમકૃપાળુદેવે જણાવ્યું છે. ।।૨।।

## કોઈને દુઃખ આપવું તે વિષમિશ્રિત પકવાન સમાન છે

**જીવ હિંસા કરતાં થકાં, લાગે મિષ્ટ અજ્ઞાન;**
**જ્ઞાની ઇમ જાને સહી, વિષ મિલિયો પકવાન. ૩**

**અર્થ :–** કોઈપણ જીવને મારવો તે દ્રવ્યહિંસા છે. અને રાગદ્વેષાદિ ભાવોવડે પોતાના આત્માને મલિન કરવો તે ભાવહિંસા છે. મોહાધીન અજ્ઞાની જીવ પોતાના સુખ અર્થે બીજા જીવોની હિંસાને પણ ગણતો નથી, અને તેમાં વળી મીઠાશ માને છે. જ્યારે જ્ઞાનીપુરુષો બીજાને કોઈપણ પ્રકારે મનવચનકાયાથી દુઃખ આપી સુખ મેળવવાના ઉપાયને વિષ ભેળવેલા પકવાન સમાન ગણે છે. જેમ વિષમિશ્રિત પકવાન ખાવામાં ભલે મીઠું લાગે પણ અંતે મરણનું કારણ થાય છે; તેમ સંસારી જીવ પોતાના સુખાર્થે બીજા જીવોને દુઃખ આપવાથી ચારગતિમાં અનંતદુઃખના કારણરૂપ જન્મમરણને અનુભવ્યા કરે છે. માટે બીજાના ભોગે સુખ મેળવવાની કદી કામના કરવી નહીં. ।।૩।।

## કામ ભોગનું ફળ કિંપાક ફળ સમાન

**કામ ભોગ પ્યારા લગે, ફલ કિંપાક સમાન;**
**મીઠી ખાજ ખુજાવતાં, પીછે દુઃખકી ખાન. ૪**

**અર્થ :–** અનાદિકાળથી જીવને સ્પર્શ ઇન્દ્રિયનો વિયોગ થયો નથી. તેથી વિશેષપણે આ જીવને કામ ભોગ પ્યારા લાગે છે. પણ તે ભોગ જીવને દેહાદિમાં અત્યંત આસક્તિ કરાવી જન્મમરણ વધારે છે, વીર્યશક્તિનો નાશ કરી આ ભવમાં નિર્બળતા આપે છે, તથા **'વિષયરૂપ અંકુરથી ટળે જ્ઞાન ને ધ્યાન'** એટલે આ વિષયનો અંકૂર માત્ર ભાવ હૃદયમાં ઉત્પન્ન થતાં; જ્ઞાન, ધ્યાન ટળી જાય છે, અને મોહમયી ભાવો કરાવે છે. તેનું પરિણામ કિંપાક ફળ સમાન આવે છે. કિંપાક ફળ દેખાવે સુંદર તેમજ ખાવામાં પણ સ્વાદિષ્ટ હોય છે. પણ પેટમાં જતાં આંતરડાને તોડી નાખે છે. માટે કામવાસનાને કિંપાક ફળ સમાન ગણી ત્યાગવા યોગ્ય છે.

આ વાત વિશેષ સમજાવવા માટે બીજું દૃષ્ટાંત આપે છે. કોઈને ખરજવાનું દર્દ થયું હોય તો તે ભાગને ખણખણ કરે. ખરજવાની ખાજને ખણતાં તે બહુ મીઠી લાગે છે. પણ તે ભાગ પછી છોલાઈ જતાં તે ખરજવું વધી જાય છે અને દુઃખની ખાણરૂપ થઈ પડે છે. તેમ ઇન્દ્રિય-જન્ય ભોગોને ભોગવવાથી તેની આસક્તિ વધે છે અને તે જીવને અનંત જન્મમરણના ફેરામાં ધકેલી દઈ દુઃખની ખાણરૂપ થઈ પડે છે. ॥૪॥

## સદ્ગુરુ આજ્ઞાએ જપ તપ સંયમનું ફળ મોક્ષ

**જપ તપ સંયમ દોહિલો, ઔષધ કડવી જાન;**
**સુખકારન પીછે ઘનો, નિશ્ચય પદ નિરવાન. ૫**

**અર્થ :–** સંસારી મોહી જીવને ચિત્તની સ્થિરતા માટે જપ કરવાનું કે ઇન્દ્રિય નિગ્રહ માટે બાહ્ય તપ અથવા શ્રદ્ધા બળ વધારવા અંતરંગ સ્વાધ્યાય આદિ તપ કરવાનું કે પર પદાર્થમાં રાગદ્વેષ ઘટાડવા માટે સંયમ સદાચારનું પાલન કરવાનું, તે દોહ્યલું જણાય છે, કડવા ઔષધને પીવા સમાન જણાય છે. પણ તે કડવા ઔષધને પીવાથી રોગ મટે છે, અને

રોગ મટવાથી પ્રાપ્ત થયેલી સ્વસ્થતા તેને ઘણા સુખનું કારણ થાય છે. તેમ સદ્ગુરુ આજ્ઞાએ પ્રથમ અવસ્થામાં કડવા ઔષધ સમાન અરુચિ ઉત્પન્ન કરનાર એવા જપ, તપ, સંયમનું સેવન કરવાથી જીવને અનાદિનો આત્મ-ભ્રાંતિરૂપ રોગ મટે છે અને સમ્યક્દર્શનની પ્રાપ્તિ થાય છે. ત્યાંથી આગળ વધી સંયમને અંગીકાર કરી સર્વથા ચારિત્રમોહનો નાશ કરી કેવળજ્ઞાન પ્રગટાવે છે. કેવળજ્ઞાન પ્રગટવાથી નિશ્ચયે નિર્વાણપદ અર્થાત્ મોક્ષપદને પામી આત્માના અનંતસુખમાં સર્વકાળને માટે તે બિરાજમાન થાય છે. ।।૫।।

**અનંત દુઃખથી ભરેલો સંસારરૂપી સમુદ્ર**

**ડાભ અણી જલબિંદુઓ, સુખ વિષયનકો ચાવ;**
**ભવસાગર દુઃખ જલ ભર્યો, યહ સંસાર સ્વભાવ. ૬**

**અર્થ :—** ડાભ એટલે ઘાસની અણી પર પડેલું ઝાકળનું જળબિંદુ અલ્પ સમય માત્ર ટકે છે. તે પવન આવતાં પડી જાય છે. અથવા સૂર્યના તાપથી સૂકાઈ જાય છે. તેમ પાંચ ઇન્દ્રિયોના વિષયસુખની ચાહનાનું ફળ પણ તેવું જ ક્ષણિક છે. તે પર પદાર્થને આધીન છે. એક ધારું રહેતું નથી. તથા પોતાના શરીરની સ્વસ્થતા ન હોય તો પ્રાપ્ત ઇન્દ્રિય સુખ પણ ભોગવી શકાતું નથી. વળી તે રાગ દ્વેષના ભાવો કરાવી નવીન કર્મનો બંધ પાડીને ચાર ગતિરૂપ ભયંકર સંસાર સમુદ્રમાં ધકેલી દે છે. તે સંસાર રૂપી સમુદ્ર આધિ, વ્યાધિ, ઉપાધિ અને જન્મ, જરા, મરણ આદિ અનેક દુઃખરૂપી જળથી ભરેલો છે. અનાદિથી એવો જ સંસારનો સ્વભાવ છે.

**“અનંત તાપ, અનંત શોક, અનંત દુઃખ જોઈને જ્ઞાનીઓએ આ સંસારને પૂંઠ દીધી છે તે સત્ય છે. એ ભણી પાછું વાળી જોવા જેવું નથી. ત્યાં દુઃખ, દુઃખ ને દુઃખ જ છે. દુઃખનો એ સમુદ્ર છે. વૈરાગ્ય એ જ અનંત સુખમાં લઈ જનાર ઉત્કૃષ્ટ ભોમિયો છે.”** -શ્રીમદ્ રાજચંદ્ર (પૃ.૯૬) ।।૬।।

**ઇન્દ્રિય સુખાભાસ તે દુઃખનું જ બીજું રૂપ**

**ચઢ ઉત્તંગ જહાંસે, પતન, શિખર નહીં વો કૂપ;**
**જિસ સુખ અંદર દુઃખ વસે, સો સુખ ભી દુઃખરૂપ. ૭**

**અર્થ :–** ઉત્તંગ એટલે ઉપર ચઢીને જો ત્યાંથી નીચે પડવાનું હોય તો તે શિખર નથી પણ, તેના માટે ઊંડો કૂવો છે. તેવી જ રીતે જે સુખની અંદર દુઃખનો વાસ છે તે સુખ નથી પણ દુઃખનું જ બીજું રૂપ છે. પાંચ ઇન્દ્રિયના કહેવાતા સુખો પુણ્યબળે પામી, તે ભોગવતી વખતે રાગદ્વેષ કરીને કે પુણ્યવડે ધનાદિ મેળવી અભિમાન કરીને જો જીવ નવીન કર્મબંધ કરે, તો તેના ફળમાં તે દુઃખ જ પામશે. માટે તે ધનાદિ કે ઇન્દ્રિયસુખ ખરું સુખ નથી પણ તે સુખાભાસ એ દુઃખનું જ બીજું રૂપ સમજવું. એવા ક્ષણિક ઇન્દ્રિયસુખ પાછળ લલચાવા જેવું નથી. ।।૭।।

**પુણ્યના ઉદયમાં દોષો સેવે પણ કર્મ તેને છોડે નહી**

**જબ લગ જિનકે પુણ્યકા, પહોંચે નહિ કરાર;**
**તબ લગ ઉસકો માફ હૈ, અવગુન કરે હજાર. ૮**

**અર્થ :–** જ્યાં સુધી પુણ્યના ઉદયનો કરાર એટલે મુદત પૂરી થઈ નથી ત્યાં સુધી જીવ હજારો દોષો સેવે, પાપ કરે તો પણ માફ થયેલા જણાય છે; અર્થાત્ કોઈ તેનું નામ લેતું નથી. પણ જ્યારે તે પુણ્ય પૂરું થાય છે ત્યારે બધા જ સંયોગો વિપરીત જણાય છે. ચારે તરફથી અપકીર્તિ પામી અંતે દુર્ગતિમાં જઈ તે જીવ અનેક દુઃખો ભોગવે છે. એમ પાપાનુબંધી પુણ્યનો ઉદય જીવને નીચ ગતિમાં ઢસડી જાય છે. ।।૮।।

**પુણ્યના ઉદયમાં આત્મહિત કરી લેવું**

**પુણ્ય ખીન જબ હોત હૈ, ઉદય હોત હૈ પાપ;**
**દાજે વનકી લાકરી, પ્રજલે આપોઆપ. ૯**

**અર્થ :–** સંસાર પુણ્યપાપના દ્વંદ્વરૂપ છે. જ્યારે પુણ્યનો ઉદય ક્ષીણ થાય છે ત્યારે પાપનો ઉદય થાય છે. પાપ કે પુણ્યનો ઉદય સર્વ કાળ માટે એક સરખો રહેતો નથી. પુણ્યના ઉદયમાં જીવ નવીન પુણ્ય ઉપાર્જન ન કરે તો પાપના ઉદયમાં તે થવાનું નથી. પાપના ઉદયમાં તો આપોઆપ ચારે તરફથી દુઃખના નિમિત્તો ઊભા થાય છે. જેમ જંગલમાં વાંસ પરસ્પર ઘસાવાથી કે વૃક્ષોની ડાળીઓ અત્યંત પવનવડે ઘસાવાથી આપો-આપ આગ લાગી જાય છે; અને તે દાવાનળનું રૂપ લઈ અનેક વૃક્ષોને

બાળી નાખે છે. માટે પુણ્યના ઉદયમાં અવશ્ય આત્મહિત કરી લેવું. ।।૯।।

### પાપનું ફળ દુઃખ આવે

**પાપ છિપાયાં ના છીપે, છીપે તો મહાભાગ;**
**દાબી ડૂબી ના રહે, રૂઈ લપેટી આગ. ૧૦**

**અર્થ :–** કરેલા પાપોને જીવ છુપાવવા પ્રયત્ન કરે તો પણ તે છૂપા રહી શકે નહીં. મોડે વહેલે પ્રગટ થાય. કોઈક જીવને પૂર્વ જન્મમાં કરેલ પુણ્યરૂપ મહાભાગ્યના ઉદયે આ ભવમાં પાપ પ્રગટ ન થાય, તો પણ તેને પાપનું ફળ ભોગવવું પડશે. જેમ આગને રૂમાં લપેટી રાખવાથી તે કંઈ દબાઈ રહે નહીં. તે રૂને બાળીને પણ પ્રગટ થાય. માટે કોઈ પણ પ્રકારના પાપ કરવા નહીં. પાપ કરવાથી આ ભવ પરભવ બન્ને દુઃખમાં જાય છે. ।।૧૦।।

### મૃત્યુ નિશ્ચિત માટે આત્મસ્વરૂપને શીઘ્ર ઓળખ

**બહુ વીતી થોડી રહી, અબ તો સુરત સંભાર;**
**પરભવ નિશ્ચય ચાલનો, વૃથા જન્મ મત હાર. ૧૧**

**અર્થ :–** મોટે ભાગે સત્પુરુષના યોગે જ્યારે જીવને ભાન આવે છે ત્યારે ઘણું જીવન વ્યતીત થઈ ગયું હોય છે. અને થોડું માત્ર બાકી હોય છે. માટે સત્પુરુષો કહે છે કે હવે તો સુરત એટલે તારા સ્વરૂપનો લક્ષ કર, તેની સંભાળ લે. કેમકે પરભવમાં નક્કી જવું પડશે. મૃત્યુ કોઈને છોડશે નહીં. મરણ પાસે બધા જ અશરણ છે. માટે ઘણા પુણ્યના ઢગલા ભેગા થયા ત્યારે આ મનુષ્યજન્મ મળ્યો છે તેને વૃથા ખોઈ ન દે. પણ આત્માનું શાશ્વત સ્વરૂપ જાણી મૃત્યુનો ભય નિવાર અને સ્વરૂપ ધ્યાનવડે સમાધિમરણને સાધ્ય કર. ।।૧૧।।

### ધર્મના સંસ્કારરૂપી ધનની ભવોભવમાં આવશ્યકતા

**ચાર કોશ ગ્રામાંતરે, ખરચી બાંધે લાર;**
**પરભવ નિશ્ચય જાવણો, કરીએ ધર્મ વિચાર. ૧૨**

**અર્થ :–** ચાર કોશ માત્ર ગામનું અંતર હોય અને ત્યાં જવાનું હોય તો સાથે ખરચી એટલે જરૂર પડતા રૂપિયા તથા ખાવા માટે ભોજન પાણી વગેરેનું ભાથું, લાર એટલે પાછળ બાંધી રાખે છે કે જેથી મને ત્યાં

કંઈ તકલીફ ન પડે. તો આ ભવમાંથી નિશ્ચિતરૂપે જીવે પરભવમાં જવાનું છે. ત્યાં આપણી સંભાળ લેનાર કોણ છે? પોતાનાં જ પુણ્યપાપના ફળ ત્યાં સુખ દુઃખ રૂપે આપશે. માટે અહીં ધર્મ સંબંધી વિચાર કરવો જોઈએ. **'ધર્મ કહે આત્મસ્વભાવ કું'** તેથી ગુરુઆજ્ઞાએ આત્મસ્વભાવને ઓળખવાનો ભક્તિ સહિત ગાઢ પ્રયત્ન કરીને આત્મામાં ઊંડા સંસ્કાર નાખવા જોઈએ કે જેથી તે સંસ્કારરૂપી ધન પરભવમાં પણ તેની સાથે જાય. ત્યાં ફરી ધર્મનું અનુસંધાન થઈ બે-ત્રણ ભવમાં નીવેડો આવી જાય અર્થાત્ મુક્તિને મેળવી લે. કહ્યું છે કે –

**'ભક્તિનું ભાથું સાથે ભરી લે, શ્રદ્ધાવડે સમકિત કરી લે;**
**ભજ્યા શ્રીમદ્ ગુરુરાય, ભાઈ તારી જિન્દગી ચાલી જાય.'** ॥૧૨॥

## વિનયવાન જીવ ધર્મ બોધ પામે

**રજ વિરજ ઊંચી ગઈ, નરમાઈકે પાન;**
**પત્થર ઠોકર ખાત હૈ, કરડાઈકે તાન. ૧૩**

**અર્થ :–** રજ એટલે ધૂળના કણ અને વિરજ એટલે વિશેષ નાના ધૂળના સૂક્ષ્મ રજકણો. તે પત્થરની જેમ ભારે કે કઠોર નથી પણ હલકા અને નરમ છે. તે રજકણો હલકા અને નરમ હોવાથી પવનવડે ઊડીને ઊંચ સ્થાને જઈ બિરાજે છે. જ્યારે પત્થર પોતાની કરડાઈ એટલે કઠોરતાના કારણે પગોની ઠોકરો ખાતો ફરે છે, તેમ નમ્રતાવાળા વિનયી જીવો ઉત્તમ ધર્મબોધ પામી ઊંચ ગતિને સાધે છે. તે કાળાંતરે સર્વોત્કૃષ્ટ એવા સિદ્ધપદને પામી લોકાંતે જઈ બિરાજે છે. જ્યારે વિનયહીન અભિમાની જીવ પત્થરની જેમ જીવનમાં અનેક ઠોકરો ખાઈ અંતે નીચ એવી દુર્ગતિમાં જઈ પડે છે. માટે હમેશાં વિનયવાન બની અહંકારનો ત્યાગ કરવા યોગ્ય છે. ॥૧૩॥

## હમેશાં ગુણગ્રાહી થવું

**અવગુન ઉર ધરીએ નહીં, જો હુવે વિરખ બબૂલ;**
**ગુન લીજે કાલુ કહે, નહિ છાયામેં સૂલ. ૧૪**

**અર્થ :–** કોઈના પણ અવગુણને હૃદયમાં લાવી તેની નિંદા કરવી

નહીં. **'પરનિંદા એ સબળ પાપ માનવું.'** પ્રત્યેક જીવમાં ગુણ અને અવગુણ બન્ને હોય છે. કાલુ નામના કવિ કહે છે કે બબૂલ એટલે બાવળનું વૃક્ષ કાંટા સહિત હોય પણ તેની છાયામાં કાંટા હોતા નથી. તો વિરખ એટલે તે વૃક્ષનો ગુણ ગ્રહણ કરી તેની શીતળ છાયાની પ્રશંસા કરવી જોઈએ. પણ કાંટાના દોષની નિંદા કરવી ન જોઈએ. જો સંપૂર્ણ ગુણી આત્મા હોય તો મોક્ષમાં હોય અને સંપૂર્ણ દોષી હોય તે નરકમાં હોય. મનુષ્યપણું પુણ્યપાપના લગભગ સમાનપણાથી મળે છે. મનુષ્યમાં ગુણ અને અવગુણ બન્ને હોય. પણ **'જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ'** માટે ગુણગ્રાહી બની સર્વના ગુણો પ્રત્યે પ્રમોદભાવ લાવવાથી જીવ સમ્યક્દર્શનની યોગ્યતાને પામે છે. જ્યારે દોષદૃષ્ટિ કેળવી દોષોનો ભંડાર બની દુર્ગતિએ જાય છે. ।।૧૪।।

### અજ્ઞાની અજ્ઞાનવશ વર્તે, પણ સમજુ તેવો થાય નહીં

**જૈસી જાપે વસ્તુ હૈ, વૈસી દે દિખલાય;**
**વાકા બુરા ન માનીએ, કહાં લેને વો જાય? ૧૫**

**અર્થ :–** **'જગત જીવ હૈ કર્માધીના'** જગતના જીવો બધા કર્મને આધીન છે. કર્મને આધીન જેવી પ્રકૃતિ મેળવી છે તેવી જ ઉદય આવ્યે દેખાવ આપે છે. જેમકે કોઈ વ્યક્તિ ક્રોધમાં આવી ગમે તેમ બોલે પણ તે નિમિત્તે આપણે વાંકુ કે બૂરું ન બોલવું જોઈએ. કારણ તે બિચારો અજ્ઞાની જીવ ક્ષમા ગુણને ક્યાં લેવા જાય? ક્ષમા ગુણનું તેને ભાન નથી તેથી જ આવી ગેરવર્તણુંક કરે છે. પણ આપણે ઉપશમની કિંમત જાણતા હોઈએ તો તે સમયે ક્ષમા ગુણને પાસે રાખી નવીન કર્મનો થતો બંધ અટકાવવો જોઈએ. ।।૧૫।।

### પરમકૃપાળુ સદ્ગુરુ ભગવંતનો મહિમા અપરંપાર

**ગુરુ કારીગર સારિખા, ટાંકી વચન વિચાર;**
**પત્થરસે પ્રતિમા કરે, પૂજા લહે અપાર. ૧૬**

**અર્થ :–** પરમકૃપાળુ સદ્ગુરુદેવ એક કારીગર એટલે શિલ્પકાર જેવા છે. જેમ શિલ્પી ટાંકણાવડે બેડોળ પત્થરને પણ ઘડી ઘડીને પૂજવા

યોગ્ય સુંદર પ્રતિમા બનાવે છે. અને લોકો તેના નિમિત્તે અનેક ઉત્તમ, સાક્ષાત્ ભગવંતના ભાવ કરી ભક્તિપૂર્વક તેનું પૂજન કરે છે. તેમ શ્રીગુરુ પોતાના ઉત્તમ વચનરૂપી ટાંકણાવડે શિષ્યને ઘડી ઘડી અર્થાત્ હિતાહિતનું ભાન કરાવી તેની અંદર સુંદર આત્મવિચારણા ઉત્પન્ન કરે છે. તેના ફળસ્વરૂપ સર્વોત્કૃષ્ટ સમ્યક્દર્શનને પામી પ્રતિમાની જેમ જગતમાં તે પૂજનીય બને છે અને પરિણામે આગળ વધી કેવળજ્ઞાનને પ્રગટાવી મુક્તિને મેળવે છે. એવા શ્રી સદ્ગુરુ જ્ઞાની ભગવંતની મહિમાનો કોઈ પાર નથી. તે તો અપરંપાર છે. ।।૧૬।।

**જ્ઞાનીગુરુની આજ્ઞા ઉઠાવે તો પ્રભુ પ્રસન્ન થાય**

**સંતનકી સેવા કિયાં, પ્રભુ રીઝત હૈ આપ;**
**જાકા બાલ ખિલાઈએ, તાકા રીઝત બાપ. ૧૭**

**અર્થ :– 'સદ્ગુરુ સંત સ્વરૂપ તુજ'** સદ્ગુરુ અને સંત તુજ એટલે ભગવાનના સ્વરૂપને પામેલા આત્મજ્ઞાની પુરુષો છે. માટે આત્મજ્ઞાની સંતપુરુષોની સેવા કરવી તે પ્રભુની સેવા કરવા બરાબર છે. સાચા સંતો પ્રભુના બાળક જેવા છે. કાળાંતરે સંતો પણ સર્વજ્ઞ બનશે. તે માર્ગમાંજ નિશદિન તેઓ પ્રયાણ કરી રહ્યાં છે. સર્વજ્ઞો મોક્ષમાં બિરાજે છે. તેઓ કહેવા આવે નહીં. પણ સર્વજ્ઞ ભગવાનના ઉપદેશનો આશય શ્રી સદ્ગુરુ બતાવે છે. માટે એવા જ્ઞાની સંતપુરુષોની સેવા જે કરે અથવા તેમની આજ્ઞા ઉઠાવે તેના ઉપર પ્રભુ પ્રસન્ન થાય છે. કારણ કે તે આશયને પામી ભવ્યાત્મા મુક્તિને વરે છે; માટે તેના ઉપર પ્રભુ પ્રસન્ન થાય છે. અહીં ભગવાનની અંતરંગ ભાવનાને પ્રદર્શિત કરી છે. જેમ કોઈના બાળકને રમાડવાથી તેના પિતા અંતરમાં પ્રસન્ન થાય છે, તેમ જ્ઞાનીગુરુની મોક્ષદાયક આજ્ઞા ઉઠાવવાથી પ્રભુ પ્રસન્નતા અનુભવે છે. ।।૧૭।।

**આત્મવિચાર કર્તવ્યરૂપ ધર્મવડે મુક્તિ**

**ભવસાગર સંસારમેં, દીપા શ્રી જિનરાજ;**
**ઉદ્યમ કરી પ્હોંચે તીરે, બેઠી ધર્મ જહાજ. ૧૮**

**અર્થ :–** આ ભવ એટલે સંસાર, તે સાગર એટલે સમુદ્ર જેવો

અપરંપાર છે. તેમાં સર્વત્ર દુઃખરૂપી જળ ભરેલું છે. ત્યાં દીપા એટલે દીવાદાંડી સમાન માર્ગદર્શક શ્રી જિનરાજ છે. જે જગતના સર્વ સુખ-દુઃખના કારણોને જાણે છે. શ્રી સદ્ગુરુ પણ તેમનો આશય લઈને માર્ગ બોધે છે. તેમના કહ્યા પ્રમાણે જો જીવ ધર્મરૂપી જહાજમાં બેસી ઉદ્યમ કરે તો તે સંસારરૂપી સમુદ્રના કિનારે પહોંચી જાય. આત્મવિચાર કર્તવ્યરૂપ ધર્મ ભજીને જીવ રત્નત્રય માટે ઉદ્યમ કરે તો અવશ્ય સંસારના જન્મજરામરણરૂપ દુઃખોનો અંત આણી શાશ્વત સુખને પામે. ।।૧૮।।

### ઇન્દ્રિયોનું દમન કરી પરમાત્માનું ભજન કરવું

**નિજ આતમકું દમન કર, પર આતમકું ચીન;**
**પરમાતમકો ભજન કર, સોઈ મત પરવીન. ૧૯**

**અર્થ :–** ધર્મ પામવાની યોગ્યતા માટે હે ભવ્યાત્મા! તારામાં રહેલી ઇન્દ્રિયોની વિષયવાસનાનું દમન કર. તે ક્ષણિક સુખ ખરું સુખ નથી પણ સુખાભાસ છે. પરિણામે અનંત દુઃખમાં લઈ જનાર છે. માટે ઇન્દ્રિયોનું દમન કર અને તેના માટે ઉત્પન્ન થતાં કષાયોનું શમન કર. વળી 'પર આતમકું ચીન' એટલે બીજાના આત્માની પણ ચીન એટલે ઓળખાણ કર. તે બધા આત્માઓ તારા જેવા જ છે, એમ જાણી કોઈને પણ મનવચનકાયાથી દુઃખ આપીશ નહીં. તથા મનને હમેશાં પરમાત્માની ભજનભક્તિમાં જોડી રાખ કે જેથી તે નવરું બેઠું નખોદ વાળે નહીં. એમ શુદ્ધના લક્ષે શુભ એવા ભક્તિભજન સ્વાધ્યાય કે સ્મરણમાં મનને રોકી ઇન્દ્રિયનું દમન કરવું તથા બીજા સર્વ જીવાત્માઓની રક્ષા કરવી એ જ પ્રવીણ એવા સર્વ જ્ઞાની પુરુષોનો અભિમત છે. એ પ્રમાણે વર્તવાથી આપણો આત્મા પણ પોતાના વસ્તુસ્વભાવરૂપ ધર્મને પામી શાશ્વત સુખશાંતિને મેળવે છે. ।।૧૯।।

### અજ્ઞાની આસક્તિભાવે ચીકણા કર્મબંધ કરે

**સમજુ શંકે પાપસેં, અણસમજુ હરખંત;**
**વે લૂખાં વે ચીકણાં, ઇણ વિધ કર્મ બધંત. ૨૦**

**અર્થ :–** સમજુ એવા જ્ઞાનીપુરુષો પાપથી શંકે એટલે ડરે છે.

જ્યારે અણસમજુ એવો અજ્ઞાની જીવ તે પાપ કરીને હરખાય છે, રાજી થાય છે. જ્ઞાનીને, પાપના ફળ કડવા દુ:ખરૂપ આવે છે તેની જાગૃતિ હોવાથી તેને કોઈ પદાર્થમાં આસક્તિ નથી તેથી તે લૂખા કર્મ બાંધે છે. તે કર્મો ધ્યાનથી નિવૃત્ત થઈ શકે. જ્ઞાનીની સંસારમાં પ્રવૃત્તિ તે રુચિપૂર્વકની નથી પણ માત્ર ઉદયાધીન છે. જ્યારે અજ્ઞાનીને પરપદાર્થમાં અત્યંત આસક્તિ હોવાથી તે ચીકણાં એટલે તીવ્ર કર્મનો બંધ કરે છે. અને તેના ફળમાં તે ચોરાશી લાખ જીવયોનિમાં રઝળ્યા કરે છે. જ્યારે જ્ઞાનીપુરુષોને અનંતાનુબંધી કષાય જવાથી **'અપ્પોસિ હોઈ બંધો, નિદ્ધં ધસ્સં ન કુણઈ'** અર્થાત્ તેમને અલ્પમાત્ર કર્મનો બંધ થાય છે. તેમને અનંત સંસાર વધારે એવા નિર્ધ્વંસ પરિણામ કદી થતા નથી. માટે સંસારી જીવે કોઈ પદાર્થમાં આસક્તિ કરવા યોગ્ય નથી. ॥૨૦॥

**પોતાના આત્મસ્વરૂપને સમજી અનંતા જીવો મોક્ષને પામ્યા**

**સમજ સાર સંસારમેં, સમજુ ટાલે દોષ;**
**સમજ સમજ કરિ જીવ હી, ગયા અનંતા મોક્ષ. ૨૧**

**અર્થ :–** આ જગતમાં એક સમજ એટલે સમ્યક્જ્ઞાન જ સારરૂપ છે. જ્ઞાન એ પ્રત્યેક આત્માનો ગુણ હોવા છતાં તે વિપરીત જ્ઞાનરૂપે પરિણમેલો હોવાથી અજ્ઞાન કહેવાય છે. પણ જો જ્ઞાનીપુરુષના ઉપદેશે જડ ચેતનાત્મક વિશ્વનું સ્વરૂપ સમજે તો સમજનાર જીવ પોતાના રાગદ્વેષ કામ ક્રોધાદિ દોષોને ટાળી શકે છે. આ પ્રકારે ચેતનમય પોતાના આત્માનું અનંત સુખસ્વરૂપ સમજીને તથા સદ્ગુરુ આજ્ઞાએ દેહથી ભિન્ન એવા પોતાના શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિનો ઉપાય આદરીને ભૂતકાળમાં અનંતા જીવો મોક્ષને પામ્યા છે, પામે છે, અને પામશે. માટે આપણે પણ તે જ સ્વસ્વરૂપને સમજી શ્રદ્ધી અને તે પ્રમાણે વર્તી આત્માનું શાશ્વત સુખ મેળવી લઈએ તો આ મનુષ્યભવની કિંમત કોઈ રીતે થઈ શકે એમ નથી. પરમકૃપાળુદેવે પણ પત્રાંક ૬૫૧માં જણાવ્યું કે–**"જેમ છે તેમ આત્મસ્વરૂપ જાણ્યું તેનું નામ સમજવું છે."** વળી પત્રાંક ૫૩૭માં કહ્યું કે–**"એક આ જીવ સમજે તો સહજ મોક્ષ છે."** ॥૨૧॥

## સર્વ દુઃખ નાશનો ઉપાય વિષય કષાયનો ત્રણેય યોગથી સંવર

**ઉપશમ વિષય કષાયનો, સંવર તીનું યોગ;**
**કિરિયા જતન વિવેકસેં, મિટે કર્મ દુઃખરોગ. ૨૨**

**અર્થ :–** પાંચ ઇન્દ્રિયના રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દ એ વિષયો છે; તેનું ઉપશમન કરવું અર્થાત્ તે તે વિષયોમાં વૃત્તિને ન જવા દેવી; તથા ક્રોધ, માન, માયા, લોભરૂપ કષાય ભાવો છે, તેને ઉપશમાવવા અર્થાત્ તેના પ્રતિપક્ષી ગુણો જે ક્ષમા, વિનય, સરળતા અને સંતોષભાવ છે તેને હૃદયમાં લાવી ક્રોધાદિ કષાયોમાં ન તણાવું તે ઉપશમ છે. વિષયોના કારણે કષાયના ભાવો જન્મે છે. વિષય કષાયને લઈને આ સંસાર છે. માટે પરમકૃપાળુદેવે જણાવ્યું કે–

**"નથી ધર્યો દેહ વિષય વધારવા,**
**નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા."**

વિષયકષાયમાં પ્રવર્તવાથી સંસાર વધે છે. અને એના પ્રતિપક્ષી ગુણો વૈરાગ્ય ઉપશમભાવ લાવવાથી આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. અને **'સર્વ દુઃખથી મુક્ત થવાનો ઉપાય એક આત્મજ્ઞાન છે.'** એમ પરમકૃપાળુદેવે જણાવ્યું છે.

વળી દ્રવ્યકર્મ આવવાના કારણ મનવચનકાયાના ત્રણ યોગ છે. તે દ્વારા શુભાશુભ કર્મનો જીવને આસ્રવ થાય છે. માટે પ્રથમ વિષય કષાય ઉપશમ કરી ભક્તિ સત્સંગ સ્મરણ આદિ શુભ પ્રવૃતિઓમાં રહી અશુભ કર્મો આવવાના કારણોને રોકવા. પછી **'શુભ ભાવવડે મન શુદ્ધ કરો.'** એમ શુભભાવવડે શુદ્ધ ભાવને પામી કર્મ આવવાના આસ્રવોનો નિરોધ કરવો તેનું નામ સંવર છે. વિષયકષાયનો ઉપશમ તથા મનવચનકાયાના યોગની સંવરરૂપ ક્રિયા જો યત્ના અને વિવેકપૂર્વક કરવામાં આવે તો **'જન્મ જરાને મૃત્યુ, મુખ્ય દુઃખના હેતુ'** જે રાગદ્વેષાદિ કર્મના ફળમાં રહેલા છે તેનો અવશ્ય નાશ થાય, અને આત્મા પોતાના શાશ્વત અનંત સમાધિસુખને પામે. એમ જ્ઞાનીપુરુષોએ પોતાના અનુભવથી સર્વ દુઃખ નાશનો ઉપાય આપણને બતાવ્યો. ।।૨૨।।

### સમ્યક્દર્શનવડે નિર્વૈર બુદ્ધિ થઈ તો જીવની મુક્તિ

**રોગ મિટે સમતા વધે, સમકિત વ્રત આરાધ;**
**નિર્વૈરી સબ જીવસેં, પાવે મુક્તિ સમાધ. ૨૩**

**અર્થ :–** ઉપરની ગાથામાં કહ્યું તેમ વિષયકષાયનો ઉપશમ કરવાથી તથા ત્રણેય યોગોનો સંવર કરવાથી અનાદિનો **'આત્મભ્રાંતિસમ રોગ નહીં.'** તે નાશ પામી જીવને સમ્યક્દર્શનની પ્રાપ્તિ થાય છે. તેથી ખરો સમતાભાવ પ્રગટે છે. પછી આગળ વધી શ્રાવકના વ્રત અથવા આત્મજ્ઞાન સહિત સર્વ વિરતિ મુનિપણાના વ્રતની તે આરાધના કરે છે. તેના ફળસ્વરૂપ જગતના સર્વ જીવો પ્રત્યે નિર્વૈર ભાવ પ્રગટવાથી સર્વ જીવોની રક્ષા કરી અંતે મુક્તિરૂપી આત્મ-સમાધિને તે પામે છે.

### ઇતિ ભૂલચૂક મિચ્છા મિ દુક્કડં

**અર્થ :– ઇતિ** એટલે આ પ્રમાણે મારી તમારા પ્રત્યે કોઈ પણ થયેલ **દુક્કડં** કહેતા દુષ્કૃત્ય અર્થાત્ ભૂલચૂક તે **મિ** એટલે મારી, **મિચ્છા** એટલે મિથ્યા થાઓ; અર્થાત્ મારા મન વચન કાયાના યોગથી કોઈ પણ પ્રકારે તમને દુઃખ થયું હોય તો તેની હું આપના પ્રત્યે માફી માગું છું.

---

### શ્રી પંચપરમેષ્ઠિ ભગવદ્ભ્યો નમઃ

**અર્થ :–** શ્રી અરિહંત ભગવાન, સિદ્ધ ભગવાન, આચાર્ય ભગવાન, ઉપાધ્યાય ભગવાન અને સાધુ ભગવાન એ 'પંચ પરમેષ્ઠિ' ભગવાનને મારા નમસ્કાર હો. કેમકે જગતમાં સર્વથી શ્રેષ્ઠ પૂજવાલાયક આ પાંચ પ્રકારના મહાન આત્માઓ છે. જે સમ્યક્દર્શનથી યુક્ત હોય તે જ આ પંચ પરમેષ્ઠિ પદમાં ગણાય છે. સમ્યક્દર્શન વિના પૂજનીયપદ પ્રાપ્ત થતું નથી.

### જિન આજ્ઞા અનુસાર સર્વ ભગવંતોને પ્રણામ

(દોહા)

**અનંત ચૌવીશી જિન નમું, સિદ્ધ અનંતા ક્રોડ;**
**વર્તમાન જિનવર સવે, કેવલી દો નવ કોડ.**

**ગણધરાદિ સબ સાધુજી, સમકિત વ્રત ગુણધાર;**
**યથાયોગ્ય વંદન કરું, જિનઆજ્ઞા અનુસાર.**

**અર્થ :–** ભૂતકાળમાં તીર્થંકર ભગવાનની અનંત ચોવીશીઓ થઈ ગઈ, તે બધા જિનેશ્વરોને હું પ્રણામ કરું છું. અને વ્યતીત થયેલા અનંતાકાળમાં અનંતા ક્રોડ સિદ્ધ ભગવંતો થઈ ગયા તેમને, તથા વર્તમાનમાં પાંચ મહાવિદેહક્ષેત્રે વિચરતા સર્વ જિનેશ્વરોને તેમજ ઓછામાં ઓછા વિચરતા બે કરોડ કેવળી ભગવંતોને તથા વધારેમાં વધારે પૃથ્વી પર વિદ્યમાન રહેતા નવ કરોડ કેવળી ભગવંતોને હું ભાવપૂર્વક પ્રણામ કરું છું. એ બધા સર્વજ્ઞ પુરુષો કૃતકૃત્યદશાને પામેલા પરમાત્માઓ છે.

હવે શ્રી ગણધર ભગવાન, આચાર્ય ભગવાન, ઉપાધ્યાય ભગવાન તથા સાધુ ભગવંતોને તેમજ સમ્યક્દર્શન સહિત પંચમ ગુણસ્થાનવર્તી દેશવ્રતી-શ્રાવકોને અને જેને વ્રત નથી પણ સમ્યક્દર્શન છે એવા ચતુર્થ ગુણસ્થાનવર્તી અવિરત સમ્યક્દૃષ્ટિ એવા સર્વ જ્ઞાનીપુરુષોને તેમજ વ્યવહાર સમકિતરૂપ શ્રદ્ધાગુણ જેનામાં દૃઢ છે એવા સર્વ મુમુક્ષુઓને, હું જિન આજ્ઞા અનુસાર તેમની યથાયોગ્ય ભૂમિકા પ્રમાણે, સાચા ભાવથી મારા આત્મહિતાર્થે તેમને પ્રણામ કરું છું.

**એક નવકાર ગણવો**

''નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આયરિયાણં, નમો ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વસાહૂણં, એસો પંચ નમુક્કારો, સવ્વ પાવપ્પણાસણો; મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં.''

## પ્રભુ સમક્ષ દોષોની નિંદા કરી શુદ્ધ થવાની ભાવના

**પ્રણમી પદપંકજ ભની, અરિગંજન અરિહંત;**
**કથન કરું હવે જીવનું, કિંચિત્ મુજ વિરતંત.**

**અર્થ :–** જેના પદ એટલે ચરણ તે પંકજ એટલે કમળરૂપ છે, તથા અરિગંજન એટલે આત્માના ગુણોને ઘાતનાર એવા ઘાતીયા કર્મરૂપી શત્રુઓને જેણે હણ્યા છે, એવા અરિહંત ભગવંતને હું પ્રણામ કરીને મારા જીવનના અનેક દોષોનું કિંચિત્ વૃત્તાંત આપ સમક્ષ રજૂ કરું છું. આપ

**સમક્ષ મારા દોષોની નિંદા કરી, ગર્હા કરી, આલોચના કરીને તે તે પાપોને નિવારી શુદ્ધ થવાની મારી કામના છે. તે આપ પ્રભુની કૃપાએ સિદ્ધ થાઓ એવી આપ પ્રભુ પ્રત્યે મારી હાર્દિક પ્રાર્થના છે.**

**હું અનાદિકાળનો અપરાધી, મેં ક્રૂરભાવે અઢારે પાપસ્થાનકો સેવ્યાં**

(અંજનાની દેશી)

**હું અપરાધી અનાદિકો, જનમ જનમ ગુના કિયા ભરપૂર કે;**
**લૂંટીઆ પ્રાણ છ કાયના, સેવ્યાં પાપ અઢારાં કરૂર કે.**

**અર્થ :–** હું અનાદિકાળથી અજ્ઞાનવશ અનેક અપરાધ કરતો આવ્યો છું. પૂર્વે ચોરાશી લાખ જીવયોનિમાં અનંતવાર જન્મ લઈ મેં અનેક ગુના એટલે અપરાધો કર્યા છે. દ્રવ્યથી અને ભાવથી મેં અનંત દોષો સેવ્યાં છે. દ્રવ્યથી પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય એ છકાય જીવોના મેં અનંતવાર પ્રાણ લૂંટ્યા. તથા અઢારે પાપસ્થાનકોને મેં દ્રવ્ય અને ભાવથી ક્રૂર રીતે સેવ્યા. તેના ફળમાં અનંતકાળથી ચારગતિઓમાં ભટકી હું અનંત દુઃખ પામ્યો છું. ખરેખર હું મોટો અપરાધી છું. નક્કી હું તે દોષોના બદલાનો દેણદાર છું. માટે સદ્ગુરુ ભગવંત સમક્ષ મારા અપરાધોને સાચા ભાવે ખમાવું છું. હે સર્વ જીવો! મને માફ કરો, મારા અપરાધોને ક્ષમા કરો. એવી આપ સર્વ પ્રત્યે મારી ભાવભીની વિનંતિ છે. તે સ્વીકારી મને સર્વ દોષોથી નિવૃત કરો, જેથી હું શાશ્વત સુખસ્વરૂપ એવી મુક્તિને મેળવી સ્વરૂપાનંદમાં લીન થાઉં.

તે અઢાર પાપસ્થાનક વગેરે કયા કયા દોષો સેવ્યા છે તેનું વિશેષ વર્ણન હવે ગદ્યમાં નીચે જણાવે છે.

(હવેનું ગદ્ય મૂળ હિન્દી ભાષામાં છે તેનું ગુજરાતી ભાષાંતર મૂક્યું છે.)

**આજ સુધી આ ભવમાં, પહેલા સંખ્યાતા, અસંખ્યાતા અને અનંતા ભવમાં કુગુરુ, કુદેવ અને કુધર્મની સદ્દહણા, પ્રરૂપણા, ફરસના સેવનાદિક સંબંધી પાપદોષ લાગ્યા તે સર્વે મિચ્છા મિ દુક્કડં.**

**ભાવાર્થ :–** હે પ્રભુ! આજ સુધી અદ્યક્ષણ પર્યંત આ ભવમાં કે આ ભવ પહેલાં અજ્ઞાન અવસ્થામાં કરેલ સંખ્યાત, અસંખ્યાત કે પૂર્વે કરેલા અનંતા ભવોમાં કુગુરુ, કુદેવ અને કુધર્મની સદહણા એટલે શ્રદ્ધા કરી હોય, પ્રરૂપણા એટલે તેમના ઉપદેશનો ફેલાવો કર્યો હોય, અથવા તેની ફરસના એટલે તે પ્રમાણે વર્ત્યો હોઉં, સેવના એટલે તેમની દ્રવ્ય કે ભાવથી સેવા કરી હોય, તે સંબંધી જે જે પાપદોષ લાગ્યા હોય તે સર્વે મિચ્છા મિ દુક્કડં એટલે મિથ્યા મે દુષ્કૃતં અર્થાત્ તે બધા મારા દુષ્કૃત્યો મિથ્યા થાઓ અર્થાત્ નાશ પામો, એમ હું સાચા અંતઃકરણથી આપની પાસે ભાવના ભાવું છું. ભગવાનની આજ્ઞાથી વિરુદ્ધ વર્તનારા બધા કુગુરુ છે. અને આત્મજ્ઞાનથી યુક્ત તે સદ્ગુરુ છે. વીતરાગતા રહિત રાગી દ્વેષી દેવો તે કુદેવ છે. જેના પડખામાં સ્ત્રી છે તે રાગનું ચિહ્ન છે અને જેના હાથમાં શસ્ત્ર છે તે બધા કુદેવ છે. વીતરાગ પરમાત્મા જેવો કોઈ દેવ થયો નથી અને થશે પણ નહીં. તેમજ ધર્મ એ આત્માનો સ્વભાવ છે. તે સ્વભાવને પામવા જે વ્યવહાર ધર્મના મૂળમાં દયા છે તે જ સત્ય ધર્મ છે. **“જ્યાં દયા નથી ત્યાં ધર્મ નથી.”** -શ્રીમદ્ રાજચંદ્ર.

**“અહિંસા પરમો ધર્મ”** એમ ભગવાન મહાવીરનો મુખ્ય ઉપદેશ છે.

**અજ્ઞાનપણે, મિથ્યાત્વપણે, અવ્રતપણે, કષાયપણે, અશુભયોગે કરી, પ્રમાદે કરી અપછંદ - અવિનીતપણું મેં કર્યું તે સર્વે મિચ્છા મિ દુક્કડં.**

**ભાવાર્થ :–** હે પ્રભુ! અજ્ઞાનપણે એટલે આપના કહેલા બોધથી વિપરીત જાણીને, કે મિથ્યાત્વપણે એટલે આપના બોધથી વિપરીત માન્ય કરીને જેમકે દેહમાં આત્મબુદ્ધિ કે પરમાં મારાપણું માનીને, અવ્રતપણે એટલે આપના દ્વારા ઉપદિષ્ટ શ્રાવક કે મુનિના વ્રતોને ન સ્વીકારીને, કષાયપણે એટલે ક્રોધમાન-માયાલોભાદિ અથવા કષાયના કારણ એવા હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ આદિ નોકષાય પણે વર્તીને, અશુભયોગ એટલે મન, વચન કાયાના ત્રણે યોગ વડે અશુભ પ્રવૃત્તિ કરીને, પ્રમાદ એટલે આત્માને ભૂલી બધી પ્રવૃત્તિ કરીને મેં અપછંદ એટલે ઉચ્છૃંખલપણે સત્-દેવગુરુધર્મનું અવિનીતપણું

એટલે અવિનય કર્યો, આશાતના કરી, તે સર્વે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગવડે થતાં મારા સર્વ દોષો તે મિથ્યા થાઓ. દુક્કડં એટલે દુષ્કૃત્યો, મિ એટલે મારા તે મિચ્છા એટલે મિથ્યા થાઓ. એવી મારી અભિલાષા છે.

**શ્રી અરિહંત ભગવંત વીતરાગ કેવલજ્ઞાની મહારાજની, શ્રી ગણધર-દેવની, શ્રી આચાર્યની, શ્રી ધર્માચાર્યની, શ્રી ઉપાધ્યાયની, અને શ્રી સાધુ-સાધ્વીની, શ્રાવક-શ્રાવિકાની, સમદૃષ્ટિ સાધર્મી ઉત્તમ પુરુષોની, શાસ્ત્રસૂત્ર-પાઠની, અર્થ-પરમાર્થની, ધર્મ સંબંધી અને સકલ પદાર્થોની અવિનય, અભક્તિ, આશાતનાદિ કરી, કરાવી, અનુમોદી; મન, વચન અને કાયાએ કરી દ્રવ્યથી, ક્ષેત્રથી, કાલથી અને ભાવથી સમ્યક્પ્રકારે વિનય, ભક્તિ, આરાધના, પાલન, સ્પર્શના, સેવનાદિક યથાયોગ્ય અનુક્રમે નહીં કરી, નહીં કરાવી, નહીં અનુમોદી, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં. મારી ભૂલચૂક, અવગુણ, અપરાધ સર્વે માફ કરો, ક્ષમા કરો, હું મન, વચન, કાયાએ કરી ખમાવું છું.**

**ભાવાર્થ :–** શ્રી અરિહંત ભગવંતની કે વીતરાગતાને પામેલા એવા કેવળજ્ઞાનીની કે શ્રી ગૌતમાદિ ગણધરદેવની, શ્રી આચાર્ય ભગવાનની, શ્રી ધર્માચાર્યની એટલે ધર્મનો વિશેષ પ્રકારે ફેલાવ કરનાર એવા શ્રી હેમચંદ્રાચાર્ય વગેરેની, શ્રી ઉપાધ્યાયની અને સાધુ-સાધ્વીની, શ્રાવક, શ્રાવિકાની; સમદૃષ્ટિ એટલે સમ્યક્દૃષ્ટિની, સાધર્મી ઉત્તમ પુરુષોની, શાસ્ત્રના મૂળ સૂત્રપાઠની, શાસ્ત્રોના અર્થની અને પરમાર્થની એટલે નય આદિવડે પ્રકાશિત તેના રહસ્યની, ધર્મ સંબંધી સર્વ ભાવોની અને સકલ પદાર્થોની અવિનય, અભક્તિ, અશાતના મન, વચન અને કાયા વડે કરી, કરાવી, અનુમોદી, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવથી વીતરાગ ભગવંતોની સમ્યક્પ્રકારે વિનય, ભક્તિ, આરાધના, પાલન, સ્પર્શના તથા સેવના એટલે સેવા વગેરે યથાયોગ્ય પ્રમાણે અનુક્રમ પૂર્વક નહીં કરી, નહીં કરાવી, નહીં અનુમોદી, તે સર્વ માટે મને ધિક્કાર હો, ધિક્કાર હો. વારંવાર હું ભાવના ભાવું છું કે મારા દુષ્કૃત્યો મિથ્યા થાઓ, નાશ પામો.

હે નાથ! મારી સર્વ પ્રકારની ભૂલચુક, અવગુણ, અપરાધ વગેરે માફ કરો, ક્ષમા કરો; હું મન વચન કાયાએ કરી ખમાવું છું.

## ગુરુ આજ્ઞા ન ઉઠાવવાથી અપરાધી

(દોહા)

**અપરાધી ગુરુ દેવકો, તીન ભુવનકો ચોર;**
**ઠગું વિરાણા માલમેં, હા હા કર્મ કઠોર.**

**અર્થ :–** પરમકૃપાળુ સદ્ગુરુદેવે મારા ઉપર કૃપા કરી મને આત્મધર્મનો બોધ આપ્યો છતાં હું દેહમાં આત્મબુદ્ધિ છોડી દઈ આત્મામાં આત્મબુદ્ધિ કરી તેમની આજ્ઞા ઉઠાવતો નથી, માટે હું સદ્ગુરુ પરમકૃપાળુદેવનો અપરાધી છું. વિષયવિકારથી ભરેલો છું. તેની વાસનાના કારણે કષાયભાવો કરી એટલે ત્રણેય લોકની સર્વ સંપત્તિ મને મળી જાય એવી ભાવના હોવાથી, ભાવથી હું ચોર છું. કેમકે પૌદ્ગલિક પદાર્થ પોતાના નથી છતાં પોતાના માનવા એ ભાવ ચોરીનો જ પ્રકાર છે. પરિગ્રહમાં તીવ્ર આસક્તિના કારણે હું વિરાણા એટલે બિરાના અર્થાત્ પારકા માલને પણ ઠગીને મેળવવા પ્રયત્નશીલ છું. માટે હાય! હાય! હું કેવો કઠોર કર્મી છું કે આપનો યોગ અને બોધ મળવા છતાં પણ મારું મન પાપથી ડરતું નથી.

## ભયંકર દોષોથી યુક્ત હોવાથી મહાપાપી

**કામી કપટી લાલચી અપછંદા અવિનીત;**
**અવિવેકી ક્રોધી કઠિન, મહાપાપી ભયભીત.**

**અર્થ :–** હે પ્રભુ! વિષય વિકારથી ભરપૂર વૃત્તિવાળો હોવાથી કામી છું. મનમાં કંઈ, વચનમાં બીજું અને વળી વર્તનમાં ત્રીજું હોવાથી હું મહાકપટી છું. અનેક પ્રકારના ભોગોની મનમાં તીવ્ર લાલસા એટલે ઇચ્છા હોવાથી હું લાલચી છું. અતિ ઉચ્છૃંખલ હોવાથી અપછંદ એટલે સ્વચ્છંદી છું. વિનય વિનાનો હોવાથી અવિનીત છું. મારા આત્માના હિત અહિતનું ભાન મને ન હોવાથી હું અવિવેકી છું. કઠીન એટલે મહા મુશ્કેલીએ શમે એવા મહાક્રોધનો ધારક છું. હું સદૈવ વિષયકષાયમાં પ્રવૃત્તિ કરવાથી

મહાપાપી છું. તેથી નિરંતર મરણભય વેદનાભય આદિથી ભયભીત છું. માટે હે નાથ! આવા ભયંકર દોષોથી મને મુક્ત કરો એવી આપ પ્રભુ પ્રત્યે મારી ભાવભીની પ્રાર્થના છે.

**નાથની સાક્ષીએ વારંવાર ધિક્કાર**

**જે મેં જીવ વિરાધિયા, સેવ્યાં પાપ અઢાર;**
**નાથ તુમારી સાખસેં, વારંવાર ધિક્કાર.**

**અર્થ :–** હે નાથ! આ જગતમાં ચોરાશીલાખ જીવાયોનિ છે. તેમાંથી જે જે જીવોની મેં વિરાધના કરી હોય અર્થાત્ તેમને મન વચન કાયાથી દુઃખ આપ્યું હોય કે હણ્યા હોય અથવા અઢાર પાપસ્થાનક સેવ્યા હોય, તે બધા પાપોને હે નાથ! આપની સાખસેં એટલે સાક્ષીએ વારંવાર ધિક્કારું છું. અર્થાત્ તેનો તિરસ્કાર કરું છું. જેથી ફરી એવી પાપ પ્રવૃતિ મારાથી થાય નહીં.

**પહેલું પાપ પ્રાણાતિપાત :–**

**છકાયપણે મેં છકાય જીવની વિરાધના કરી; પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરિન્દ્રિય, પંચેંદ્રિય, સંજ્ઞી, અસંજ્ઞી, ગર્ભજ, ચૌદે પ્રકારે સંમૂર્છિમ આદિ ત્રસ સ્થાવર જીવોની વિરાધના કરી, કરાવી, અનુમોદી; મન, વચન, કાયાએ કરી,**

**ભાવાર્થ :–** પ્રાણાતિપાત એટલે જીવોની હિંસા. હે પ્રભુ! મારા ભૂતકાળમાં જે અનંતકાળ વ્યતીત થયો તે સમયમાં હું છએ કાયમાં એટલે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિકાયમાં તેમજ છઠ્ઠા ત્રસકાયમાં જન્મ લઈ મેં છએ કાયના જીવોની વિરાધના કરી છે. તેમને દુઃખ આપ્યું છે. તેની ક્ષમા ચાહું છું. પૃથ્વીકાય, અપકાય એટલે જલકાય, તેઉકાય એટલે અગ્નિકાય, વાયુકાય, વનસ્પતિકાય એ પાંચ સ્થાવર જીવો કહેવાય છે. એને એક સ્પર્શ ઇન્દ્રિયરૂપ માત્ર શરીર જ હોવાથી તે હાલી ચાલી શકતા નથી. બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચૌરેન્દ્રિય, એ ત્રણ વિકલેન્દ્રિય કહેવાય છે. એ જીવો હાલી ચાલી શકે છે. સંજ્ઞી એટલે મનવાળા જીવો. અસંજ્ઞી એટલે મન વગરના જીવો. સ્થાવર જીવો અસંજ્ઞી હોય છે. તેમને મન હોતું

નથી. ગર્ભજ એટલે જે ગર્ભથી ઉત્પન્ન થયા હોય તે જીવો.

સંમૂર્ચ્છિમ એટલે સ્ત્રીલીંગ, પુરુષલીંગના સંયોગવગર જે જીવો જન્મ લે છે તે સંમૂર્ચ્છિમ જીવો કહેવાય છે. એકેન્દ્રિયથી માંડીને અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવો સંમૂર્ચ્છિમ જન્મવાળા હોય છે. જન્મની અપેક્ષાએ જોતાં પંચેન્દ્રિય જીવ ત્રણ પ્રકારના છે. (૧) ઔપપાતિક (૨) ગર્ભજ (૩) સંમૂર્ચ્છિમ. દેવનારકીના જીવો ઔપપાતિક રીતે જન્મે છે. જન્મથી જુવાન હોય છે. મનુષ્ય અને તિર્યંચો ગર્ભજ તેમજ સંમૂર્ચ્છિમ રીતે પણ જન્મનારા હોય છે. મનુષ્યના મળમૂત્રમાં, કફમાં એવા અશુચિસ્થાનોમાં જન્મનારા ચૌદ પ્રકારના સંમૂર્ચ્છિમ મનુષ્યો પણ હોય છે. તે સર્વ જીવોની મેં મન વચન કાયાથી વિરાધના એટલે દુઃખ આપ્યું હોય કે મારી નાખ્યા હોય અથવા દુઃખ અપાવ્યું હોય, અથવા તેમને દુઃખ આપતા અનુમોદના એટલે સારું માન્યું હોય તે સર્વ મારા દોષ ક્ષમ્ય થાઓ એવી આપ પ્રભુ પાસે નમ્ર પ્રાર્થના છે.

**સંમૂર્ચ્છિમ એટલે મન વગરના મનુષ્યોના ચૌદ પ્રકારો નીચે મુજબ છે :—**

''માતાપિતાના સંયોગ વિના જે ઉત્પન્ન થાય છે તેને સંમૂર્ચ્છિમ જીવ કહેવામાં આવે છે. આખા લોકાકાશમાં પીસ્તાલીસ લાખ યોજન પ્રમાણ ક્ષેત્રમાં અઢી દ્વીપ છે તેમાં એક લવણસમુદ્ર તથા એક કાલોદધિ સમુદ્ર આવેલો છે. એમ બે સમુદ્ર. તથા પંદર કર્મભૂમિ, તીસ અકર્મભૂમિ અને છપ્પન અંતર્દ્વીપો આવેલા છે. તેમાં ગર્ભજ મનુષ્યો ઉત્પન્ન થાય છે. આ પંદર કર્મભૂમિ, ત્રીસ અકર્મભૂમિ અને છપ્પન અંતર્દ્વીપો મળીને આ કુલ ૧૦૧ મનુષ્યોને જન્મવાના ક્ષેત્રો છે. તે મનુષ્યોના મળમૂત્રાદિમાં સંમૂર્ચ્છિમ મનુષ્યો ઉત્પન્ન થાય છે. તેમની ઉત્પત્તિના સ્થાનો ચૌદ છે તે નીચે પ્રમાણે :

(૧) उच्चारेसु—વિષ્ટામાં, (૨) पासवणेसु—મૂત્રમાં, (૩) खेलेसु—કફમાં, (૪) संघाणेसु—નાકના મેલમાં, (૫) वंतेसु—વમન-ઊલટીમાં, (૬) पित्तेसु—પિત્તમાં, (૭) पूईएसु—રાધ-રસી, દુર્ગંધયુક્ત જ્યાં ઘાવ પડ્યો હોય તેમાંથી લોહી નીકળે તેમાં, (૮) सोणिएसु—શોણિત રક્તમાં, (૯) सुक्केसु—શુક્ર-વીર્યમાં, (૧૦) सुक्क-पोग्गल-पडिसाडीएसु—શુક્રના સૂકાં થયેલાં પુદ્

ગલોમાં ફરી પાણીથી ભીના થવાથી, (૧૧) विगय-जीव-कलेवरेसु—જીવરહિત શરીરમાં, (૧૨) इत्थीपुरिस संजोगेसु—સ્ત્રી પુરુષના સંયોગમાં, (૧૩) णगरणिद्धमणेसु—નગરની મોરી-ગટરમાં અને (૧૪) सव्व असुइट्ठाणेसु—અશુચિના બધા સ્થાનોમાં સંમૂર્ચ્છિમ મનુષ્યો ઉત્પન્ન થાય છે.

ઉપરોક્ત ચૌદ સ્થાનોમાં એક અંતર્મુહૂર્તમાં સંમૂર્ચ્છિમ મનુષ્ય ઉત્પન્ન થાય છે. એમની અવગાહના અંગુલના અસંખ્યાતમાં ભાગ પરિમાણ હોય છે. એમનું આયુષ્ય અંતર્મુહૂર્તનું હોય છે, અર્થાત્ એ જીવો અંતર્મુહૂર્તમાં જ મરી જાય છે. આ અસંજ્ઞી-મનરહિત જીવો મિથ્યાદૃષ્ટિ એવં અજ્ઞાની હોય છે. અપર્યાપ્ત અવસ્થામાં જ એમનું મરણ થઈ જાય છે. -નવ તત્ત્વ (પૃ.૨૧)

**ઊઠતાં, બેસતાં, સૂતાં, હાલતાં, ચાલતાં, શસ્ત્ર, વસ્ત્ર, મકાનાદિક ઉપકરણો ઉઠાવતાં, મૂકતાં, લેતાં, દેતાં, વર્તતાં, વર્તાવતાં, અપડિલેહણા, દુપડિલેહણા સંબંધી, અપ્રમાર્જના, દુઃપ્રમાર્જના સંબંધી, અધિકી ઓછી, વિપરીત પૂંજના પડિલેહણા સંબંધી અને આહાર વિહારાદિક નાના પ્રકારના ઘણા ઘણા કર્તવ્યોમાં સંખ્યાતા, અસંખ્યાતા અને નિગોદ આશ્રયી અનંતા જીવના જેટલા પ્રાણ લૂંટ્યા, તે સર્વ જીવોનો હું પાપી અપરાધી છું. નિશ્ચય કરી બદલાનો દેણદાર છું. સર્વ જીવ મને માફ કરો. મારી ભૂલચૂક, અવગુણ, અપરાધ સર્વે માફ કરો.**

**ભાવાર્થ :–** ઊઠવા, બેસવામાં કે હાલતાં ચાલતાં શરીરની ક્રિયાઓ કરતા તેમજ શસ્ત્ર, વસ્ત્ર કે મકાન આદિના ઉપકરણો એટલે સાધન-સામગ્રીને આઘી પાછી કરતાં અપડિલેહણા એટલે પૂરેપુરું ધ્યાન રાખ્યા વગર, દુપડિલેહણા એટલે જ્યાં ધ્યાન રાખવું જોઈએ ત્યાં ન રાખવું અને ન રાખવું હોય ત્યાં રાખવું, અપ્રમાર્જના એટલે યત્નાપૂર્વક સાફસફાઈ ન કરવી અને દુઃપ્રમાર્જના એટલે અયત્નાપૂર્વક સાફસફાઈ કરવી તે. અથવા ભગવાને કહ્યું તેથી અધિક અથવા ઓછી કે વિપરીત રીતે કરવી, ઊલટી-સુલટી કે ક્રમથી રહિત કે ઝાટકીને કે ફટકારીને સફાઈ કરવી તે વિપરીત છે. એવી પૂજના પડિલેહણા એટલે સાફસફાઈ તે મેં કરી.

તેમજ આહાર વિહાર આદિ કરતાં તેમાં કે નાના પ્રકારના એટલે અનેક પ્રકારના ઘણા ઘણા કાર્યો કરતા મેં સંખ્યાત અસંખ્યાત કે નિગોદ આશ્રયી અનંતા જીવોના પ્રાણ લૂંટ્યા જેવા કે જમીકંદ એટલે કંદમૂળ, અથવા ફૂગ આવે તેવી વસ્તુઓ કે ઘઊં, મગ વગેરેના અનાજને પલાળવાથી ફણગા ફૂટે તેમાં અનંત જીવોનો નિવાસ હોવાથી તે અનંતકાય કહેવાય છે. આ બધા નિગોદ આશ્રયી અનંતા જીવોના પ્રાણ લૂંટ્યા. તે સર્વ જીવોને હું દુઃખ દેનાર હોવાથી પાપી છું. સર્વ જીવોને જીવવાનો અધિકાર છે. પણ તેમને હણવાથી હું અપરાધી છું. નિશ્ચય કરી એટલે નિયમથી હું નક્કી તેમના બદલાનો દેણદાર છું. માટે હે સર્વ જીવો મને માફ કરો, મારી અજ્ઞાનવશ થયેલી ભૂલચુકને માફ કરો. મારા પર દયા કરી મારા સર્વ અવગુણ અપરાધ માફ કરો.

જીવન ચલાવવા માટે પ્રતિદિન જળકાય, અગ્નિકાય, વનસ્પતિકાય, પૃથ્વીકાય, વાયુકાય વગેરેની હિંસાઓ થાય છે. કારણ પરવશતા છે. પણ હિંસા તે હિંસા જ છે. માટે તેની ભાવપૂર્વક માફી માગવાથી તે કર્મો હલકા થાય છે.

**દેવસીય, રાઈય, પાક્ષિક, ચૌમાસી અને સાંવત્સરિક સંબંધી વારંવાર મિચ્છા મિ દુક્કડં. વારંવાર ક્ષમાવું છું. તમે સર્વે ક્ષમજો.**

**ભાવાર્થ :–** દેવસીય એટલે પૂરા દિવસમાં મારાથી જે જે દોષ લાગ્યા હોય અને રાઈય એટલે પૂરી રાત્રિમાં મારાથી જે જે પાપ સેવાયા હોય, પાક્ષિક એટલે પંદર દિવસમાં જે જે દોષો થયા હોય, ચૌમાસી એટલે ચાર માસમાં જે જે પાપ થયા હોય અને સાંવત્સરિક એટલે પૂરા એક વર્ષમાં મારાથી જે જે પાપો સેવાયા હોય તેનો મિચ્છા મિ દુક્કડં એટલે મિથ્યા મેં દુષ્કૃતમ્ અર્થાત્ મારા તે તે પાપો મિથ્યા થાઓ એમ આપની સમક્ષ પ્રાર્થના કરું છું તથા તે તે સર્વ જીવોની ક્ષમા માંગુ છું. તેથી સર્વ જીવો મારા ઉપર દયા કરી મને ક્ષમા આપજો એમ વારંવાર સાચા હૃદયે ભાવના ભાવવાથી બળવાન કર્મોની નિર્જરા થાય છે. અને નવીન કર્મો બાંધવામાં પણ જીવ પાછો પડે છે.

खामेमि सव्वजीवे, सव्वे जीवा खमंतु मे ।
मित्ती मे सव्व भूएसु, वेरं मज्झं न केणई ॥

**અર્થ :–** હું સર્વ જીવોને અંતરથી ખમાવું છું. તમે સર્વ જીવો પણ મને ક્ષમા આપજો. મારો 'सव्व भूएसु' એટલે સર્વ પ્રાણીઓ સાથે 'मित्ती' એટલે મૈત્રીભાવ છે, 'केणई' એટલે કોઈની સાથે પણ 'मज्झं' એટલે મને 'वेरं न' વેરભાવ નથી.

**તે દિવસ મારો ધન્ય હશે કે જે દિવસે હું છયે કાયના જીવોના વૈર બદલાથી નિવૃત્તિ પામીશ. સર્વ ચોરાશી લાખ જીવયોનિને અભયદાન દઈશ. તે દિવસ મારો પરમ કલ્યાણમય થશે.**

**ભાવાર્થ :–** તે દિવસ મારો ધન્ય હશે કે જે દિવસે હું પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિકાય તેમજ ત્રસકાય જીવોના વૈર બદલાથી નિવૃત્તિ પામીશ અર્થાત્ તે જીવોની સાથે મોહનીય કર્મના કારણે તેમને હણી હું વેર બાંધુ છું. અને તેના બદલામાં અશાતાવેદનીય કર્મ ઉપાર્જન કરું છું; તે સર્વથી છુટકારો પામીશ. તેમજ ચોરાશી લાખ જીવયોનિમાં ઉત્પન્ન થતાં જીવોને અભયદાન દઈશ અર્થાત્ તેમને કદી હણીશ નહીં; તે દિવસ મારો પરમ કલ્યાણમય થશે.

**ચોરાશી લાખ જીવયોનિ નીચે પ્રમાણે છે :–**

"જીવયોનિ એટલે જીવોને ઉત્પન્ન થવાના સ્થાનક તે ચોરાશી લાખ છે. સર્વ જીવોને ઉત્પન્ન થવાનાં સ્થાનો તો અસંખ્ય હોય છે. પરંતુ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને આકૃતિથી જેટલા ઉત્પત્તિ સ્થાનો સરખાં હોય, તેટલાનું એક સ્થાનક ગણાય છે." –શ્રી પંચપ્રતિક્રમણ સૂત્રો

એવા ચોરાશી લાખ જીવયોનિના સ્થાનક છે. તે જીવયોનિમાં સ્થાનકોની ગણતરી નીચે પ્રમાણે શાસ્ત્રોમાં કહી છે :–

તે ૭ લાખ પૃથ્વીકાય, ૭ લાખ અપકાય એટલે જળકાયના ઉત્પત્તિ સ્થાનકો, ૭ લાખ વાયુકાય, ૧૦ લાખ પ્રત્યેક વનસ્પતિકાય એટલે જેના એક શરીરમાં એક જીવ હોય તે. દાખલા તરીકે ફળ, છાલ, થડ, પાંદડા, બીજ વગેરે. ૧૪ લાખ સાધારણ વનસ્પતિકાય એટલે જેના એક શરીરમાં

અનંત જીવો હોય તે. દાખલા તરીકે બટાકા, કાંદા, મૂળા, ગાજર, લીલુ આદુ, લીલી હળદર, અંકુરા, કૂંપણો, સેવાળ, પાલકની ભાજી, કૂંણા ફળ, થોર, ગુગળ, ગળો વગેરે જેને ભાંગવાથી સરખા બે ભાગ થતા હોય, તાંતણ વગરનું હોય અને કાપવા છતાં ફરી જે ઊગી શકે તેને સાધારણ વનસ્પતિકાય કહેવાય છે, અથવા અનંતકાય પણ કહેવાય છે.

-તત્વજ્ઞાન પ્રવેશિકા

તથા ૨ લાખ બે ઇન્દ્રિયના યોનિ સ્થાનકો, ૨ લાખ તેઇન્દ્રિય, ૨ લાખ ચઉરિંદ્રિય, ૪ લાખ દેવતા, ૪ લાખ નારકી, ૪ લાખ તિર્યંચ પંચેન્દ્રિય એટલે પંચેન્દ્રિય સહિત તિર્યંચોના ઉત્પત્તિ સ્થાનકો તથા ૧૪ લાખ મનુષ્યના ઉત્પત્તિ સ્થાનકો એમ બધા મળીને ૮૪ લાખ જીવયોનિના ઉત્પત્તિ સ્થાનકો છે.

એક યોનિમાં અનેક કુળ હોય છે. જેમ છાણરૂપ યોનિમાં કૃમિકુળ, કીટ (કીડા) કુળ, વૃશ્ચિક કુળ વગેરે હોય છે.

તે સર્વ જીવોને હું સુખનું કારણ ક્યારે થઈશ કે જ્યારે હું સર્વથા કર્મોથી મુકાઈને મુક્તિપુરીએ જઈશ ત્યારે. માટે સ્વપર સુખના હેતુભૂત એવી મુક્તિને જ હું ઇચ્છું છું. તે હે પ્રભુ! આપની અનંતકૃપાએ મને પ્રાપ્ત થાઓ. પ્રાપ્ત થાઓ.

### બીજું પાપ મૃષાવાદ :–

**ક્રોધવશે, માનવશે, માયાવશે, લોભવશે, હાસ્યે કરી, ભયવશે ઇત્યાદિક કરી મૃષા વચન બોલ્યો, નિંદા-વિકથા કરી, કર્કશ, કઠોર, માર્મિક ભાષા બોલી ઇત્યાદિક અનેક પ્રકારે મૃષા જૂઠું બોલ્યો, બોલાવ્યું, બોલતાં પ્રત્યે અનુમોદ્યું તે સર્વે મન-વચન-કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં. તે દિવસ મારો ધન્ય હશે કે જે દિવસે હું સર્વથા પ્રકારે મૃષાવાદનો ત્યાગ કરીશ. તે દિવસ મારો પરમ કલ્યાણમય થશે.**

**ભાવાર્થ :–** મૃષાવાદ એટલે જૂઠું બોલવું, અસત્ય બોલવું તે. હું ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, ભય ઇત્યાદિકના કારણે જૂઠું બોલ્યો, કોઈની નિંદા કરતા જૂઠું બોલ્યો, વિકથા એટલે દેશકથા, રાજકથા,

સ્ત્રીકથા અને ભોજનકથા કરતાં જૂઠું બોલ્યો, કર્કશ એટલે ન ગમે એવા કડવા બોલ બોલ્યો, કઠોર એટલે મનમાં ઠેસ પહોંચે એવી વાણી બોલ્યો અને માર્મિક ભાષા એટલે કોઈના મર્મને એટલે ગુપ્ત રહસ્યને ઉઘાડું પાડનાર, એવી ભાષા બોલ્યો ઇત્યાદિ અનેક પ્રકારે હું જૂઠું બોલ્યો, બોલાવ્યું કે બોલતાં પ્રત્યે અનુમોદન કર્યું તે સર્વ પાપને મન-વચનકાયાથી ખમાવું છું. તે દિવસ મારો ખરેખર સાર્થક થશે કે જે દિવસે હું સંપૂર્ણપણે મૃષાવાદનો ત્યાગ કરીશ, તે દિવસ મારો પરમ કલ્યાણમય થશે.

**ત્રીજું પાપ અદત્તાદાન :–**

**અણદીધી વસ્તુ ચોરી કરીને લીધી, વિશ્વાસઘાત કરી થાપણ ઓળવી, પરસ્ત્રી, પરધન હરણ કર્યાં તે મોટી ચોરી લૌકિક વિરુદ્ધની, તથા અલ્પ ચોરી તે ઘર સંબંધી નાના પ્રકારના કર્તવ્યોમાં ઉપયોગ સહિતે ને ઉપયોગ રહિતે ચોરી કરી, કરાવી, કરતા પ્રત્યે અનુમોદી, મન-વચન-કાયાએ કરી; તથા ધર્મ સંબંધી જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ શ્રી ભગવંત ગુરુદેવોની આજ્ઞા વગર કર્યાં તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં. તે દિવસ મારો ધન્ય હશે કે જે દિવસે હું સર્વથા પ્રકારે અદત્તાદાનનો ત્યાગ કરીશ. તે મારો પરમ કલ્યાણમય દિન થશે.**

**ભાવાર્થ :–** અદત્તાદાન એટલે કોઈએ આપેલી નહીં એવી વસ્તુને લેવી તે ચોરી છે. કોઈએ આપણે ત્યાં થાપણ તરીકે કંઈ મૂક્યું હોય તે માગવા આવે ત્યારે ના પાડી દેવી, પરસ્ત્રી અથવા પારકાનું ધન હરી લેવું તે લૌકિક વિરુદ્ધની મોટી ચોરી છે. અને નાની ચોરી તે ઘર સંબંધી અનેક કાર્ય કરતાં, વગર પૂછ્યે વસ્તુ લઈ લેવી એવી વસ્તુ ઉપયોગપૂર્વક એટલે જાણીને કે ઉપયોગ રહિતપણે અર્થાત્ અજાણમાં મન વચન કાયાથી કરી, કરાવી, અનુમોદી હોય તે સર્વ મારા દુષ્કૃત્યો નિષ્ફળ થાઓ એવી મારી આપ પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે.

તેમજ ધર્મ સંબંધી સમ્યક્જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ શ્રી ભગવંત ગુરુદેવોની આજ્ઞા લીધા વગર કર્યાં તે મને ધિક્કાર હો ધિક્કાર હો, વારંવાર તે દુષ્કૃત્યોની આપ સમક્ષ ક્ષમા ચાહું છું. તે દિવસ મારો

ધન્ય હશે કે જે દિવસે હું સર્વથા પ્રકારે અદત્તાદાનનો ત્યાગ કરીશ. તે દિવસ મારો કલ્યાણમય થશે.

**ચોથું પાપ અબ્રહ્મ :–**

**મૈથુન સેવવામાં, મન, વચન અને કાયાના યોગ પ્રવર્તાવ્યા; નવ વાડ સહિત બ્રહ્મચર્ય પાળ્યું નહીં; નવ વાડમાં અશુદ્ધપણે પ્રવૃત્તિ કરી; પોતે સેવ્યું; બીજા પાસે સેવરાવ્યું, સેવનાર પ્રત્યે ભલું જાણ્યું, તે મન વચન કાયાએ કરી મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં. તે દિવસ મારો ધન્ય હશે કે જે દિવસે હું નવવાડ સહિત બ્રહ્મચર્ય-શીલરત્ન આરાધીશ, સર્વથા પ્રકારે કામવિકારોથી નિવર્તીશ. તે દિવસ મારો પરમ કલ્યાણમય થશે.**

**ભાવાર્થ :–** અબ્રહ્મ એટલે બ્રહ્મચર્યનું પાલન નહીં. મૈથુનનું સેવન એ અબ્રહ્મ છે. એવા મૈથુન સેવનમાં મનવચનકાયાના યોગ પ્રવર્તાવ્યા. નવવાડ સહિત બ્રહ્મચર્ય પાલનની પ્રભુની આજ્ઞા છે પણ તે પાળ્યું નહીં. અથવા નવવાડ સહિત પાલન કરવા પ્રયત્ન કર્યો પણ તેમાં અશુદ્ધપણે પ્રવૃત્તિ કરી. પોતે સેવ્યું, બીજા પાસે સેવરાવ્યું, સેવનારની પ્રવૃત્તિને સારી માની. એમ મનવચનકાયાના ત્રણે યોગથી પ્રવૃત્તિ કરી; તેથી મને વારંવાર ધિક્કાર હો. તે દિવસ મારો ધન્ય હશે કે જે દિવસે હું નવવાડપૂર્વક બ્રહ્મચર્ય શીલરત્નની આરાધના કરીશ અને સંપૂર્ણપણે મનવચનકાયાથી થતાં કામવિકારોથી નિવૃત્તિ પામીશ તે દિવસ મારો પરમ કલ્યાણમય થશે.

**"વિષયરૂપ અંકૂરથી, ટળે જ્ઞાનને ધ્યાન;**
**લેશ મદિરાપાનથી, છાકે જ્યમ અજ્ઞાન."** –શ્રીમદ્ રાજચંદ્ર

**"યોગ્યતા માટે બ્રહ્મચર્ય એ મોટું સાધન છે. અસત્સંગ એ મોટું વિઘ્ન છે."** –શ્રીમદ્ રાજચંદ્ર (પૃ.૨૯૨)

**પાંચમું પરિગ્રહ પાપસ્થાનક :–**

**સચિત પરિગ્રહ તે દાસ, દાસી, દ્વિપદ, ચૌપદ આદિ, મણિ, પથ્થર આદિ અનેક પ્રકારે છે અને અચિત પરિગ્રહ સોનું, રૂપું, વસ્ત્ર, આભરણ આદિ અનેક વસ્તુ છે, તેની મમતા, મૂર્છા, પોતાપણું કર્યું; ક્ષેત્ર ઘર આદિ**

**નવ પ્રકારના બાહ્ય પરિગ્રહ અને ચૌદ પ્રકારના અભ્યંતર પરિગ્રહને ધાર્યો, ધરાવ્યો, ધરતા પ્રત્યે અનુમોદ્યો તથા રાત્રિભોજન, અભક્ષ્ય આહારાદિ સંબંધી પાપ દોષ સેવ્યા તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં. તે દિવસ મારો ધન્ય હશે કે જે દિવસે હું સર્વથા પ્રકારે પરિગ્રહનો ત્યાગ કરી સંસારના પ્રપંચોથી નિવર્તીશ. તે દિવસ મારો પરમ કલ્યાણમય થશે.**

**ભાવાર્થ :–** પરિ એટલે ચારે બાજુથી ગ્રહ એટલે પકડે. ચારે બાજુથી મોહ-મૂર્છાના કારણે જીવને પકડી રાખે તે પરિગ્રહ. સચિત પરિગ્રહ એટલે જીવંત પરિગ્રહ તે દાસ, દાસી એ દ્વિપદ એટલે બે પગવાળા અને ચૌપદ એટલે ઢોર પશુ ચાર પગવાળા આદિ તથા મણિ, માણેક, પત્થર આદિ અનેક છે અને અચિત પરિગ્રહ તે સોનું, રૂપું, એટલે ચાંદી, વસ્ત્ર, આભરણ એટલે ઘરેણાં આદિ અનેક વસ્તુ છે. તે પદાર્થો પ્રત્યે મમતા એટલે મારાપણું કર્યું, મૂર્ચ્છા એટલે આસક્તિ રાખી પોતાપણું કર્યું, ક્ષેત્ર એટલે જમીન, ઘર આદિ નવ પ્રકારના બાહ્ય પરિગ્રહ અને ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ અને મિથ્યાત્વ એ ચૌદ પ્રકારના અંતરંગ પરિગ્રહ છે; તેને મેં મોહ-મૂર્છા સહિત ધારણ કરી તેમાં મમતા બુદ્ધિ કરી, કરાવી અને ધારણ કરનારની અનુમોદના કરી, તથા રાત્રિભોજન, અભક્ષ્ય, આહારાદિ કરવાથી જે પાપ દોષ સેવ્યા તે મને ધિક્કાર હો, ધિક્કાર હો, વારંવાર તે દુષ્કૃત્યો મિથ્યા થાઓ એવી ભાવના ભાવું છું. તે દિવસ મારો ધન્ય હશે કે જે દિવસે હું સર્વથા પ્રકારે પરિગ્રહનો ત્યાગ કરી સંસારના સર્વ પ્રપંચોથી નિવર્તીશ; તે દિવસ મારો પરમ કલ્યાણમય થશે.

**છઠ્ઠું ક્રોધ પાપસ્થાનક :–**

**ક્રોધ કરીને પોતાના આત્માને અને પરના આત્માને તસાયમાન કર્યા, દુઃખિત કર્યા, કષાયી કર્યા તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.**

**ભાવાર્થ :–** ક્રોધ એ કાળ જેવો છે. ક્રોધ આવતાં પોતે પ્રથમ

અંતરમાં બળે છે, સંતાપ પામે છે, આંખો લાલ થાય છે, બીજાને કડવા વચન કહે છે, ગાળો આપે, ડરાવે, ધમકાવે, મારે, શાપ આપે, હાથ પગ ઉછાળે કે ક્રોધના આવેશમાં માણસ કંઈનું કંઈ કરી બેસે છે. એવો ક્રોધ કરીને મેં મારા આત્માને તેમજ પરના આત્માને સંતાપિત કર્યા, દુઃખી કર્યા, કષાયી કર્યા, તે મને ધિક્કાર, ધિક્કાર. વારંવાર જણાવું છું કે મારા એવા અપરાધ નિષ્ફળ થાઓ.

**સાતમું માન પાપસ્થાનક :–**

**માન એટલે અહંભાવ સહિત ત્રણ ગારવ અને આઠ મદ આદિ કર્યા તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.**

**ભાવાર્થ :–** માન એટલે અહંકાર. અહંકારમાં પોતાને મોટો માને, હું જે કરું છું તે બધું સારું જ કરું છું એમ માને અને તેમજ વર્તે. તે અહંભાવ સહિત ત્રણ ગારવ કર્યા. ગારવ એટલે ગર્વ, ઘમંડ. ગારવના ત્રણ પ્રકાર છે. ઋદ્ધિ ગારવ, રસ ગારવ અને શાતા ગારવ. પૂર્વ પુણ્યે પ્રાપ્ત થયેલ ધનાદિ ઋદ્ધિનો ગર્વ કરવો તે ઋદ્ધિ ગારવ. અમે તો મિષ્ટાન્ન સિવાય જમીએ નહીં વગેરે રસ ગારવ. માથું દુઃખવું કેવું હોય તે પણ અમે જાણીએ નહીં વગેરે શાતા ગારવ છે. પછી આઠ પ્રકારના મદ છે. મદ એટલે પ્રાપ્ત થયેલ વસ્તુથી છકી જવું તે મદ. તેના આઠ પ્રકાર છે. જાતિમદ, કુળમદ, રૂપમદ, બળમદ, જ્ઞાનમદ, તપમદ, ધનમદ, ઐશ્વર્યમદ. અજ્ઞાનદશામાં મારા જીવે આવા મદ આદિ કર્યા તે મને વારંવાર ધિક્કાર, ધિક્કાર. મારા આવા અપરાધ નિષ્ફળ થાઓ.

**આઠમું માયા પાપસ્થાનક :–**

**સંસાર સંબંધી તથા ધર્મ સંબંધી અનેક કર્તવ્યોમાં કપટ કર્યું, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.**

**ભાવાર્થ :–** માયા એટલે કપટ. સરળતાનો અભાવ. મનમાં કંઈ, વચનમાં બીજું અને વર્તનમાં વળી ત્રીજું તે માયાકપટ છે. માયાના બે પ્રકાર છે. એક લૌકિક એટલે સંસાર સંબંધી માયા. તેમાં પોતા પાસે જે ઉપલબ્ધ સામગ્રી હોય તેનાથી અધિક બતાવી પોતાનો સ્વાર્થ સાધવો

અને બીજી લોકોત્તર માયા. તેમાં ધર્મમાં શ્રદ્ધા ન હોય તો પણ માયાથી શ્રદ્ધા છે એમ બતાવવું, કપટથી વંદન આદિ કરી બતાવવું. શાસ્ત્રજ્ઞાન કે બીજા વિષયોનું જ્ઞાન ન હોવા છતાં હું બધું જાણું છું એવો દેખાવ કરવો. ઉપરથી કપટવડે ક્રિયા કરી બતાવવી તથા બીજા ધર્મકાર્યોમાં કપટ કરવું તે બધુ માયા પાપસ્થાનક છે. એવા સંસાર સંબંધી કે ધર્મ સંબંધી અનેક કર્તવ્યોમાં મેં કપટ કર્યું, તે મને ધિક્કાર, ધિક્કાર. તે બધા મારા દુષ્કૃત્ય મિથ્યા થાઓ એમ વારંવાર હે પ્રભુ! હું આપને જણાવું છું.

**નવમું લોભ પાપસ્થાનક :–**

**મૂર્છાભાવ કર્યો, આશા તૃષ્ણા વાંચ્છાદિક કર્યા તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.**

**ભાવાર્થ :–** લોભ એટલે તૃષ્ણા.

પાંચ ઇન્દ્રિયોના વિષયો માટે પૌદ્ગલિક પદાર્થમાં મૂર્છાભાવ કર્યો. મૂર્છા એટલે મોહાસક્તિથી તેમાં તલ્લીન થઈ ગયો. તે મેળવવા આશા રાખી, તેની તૃષ્ણા કરી. તે મેળવવાની વાંચ્છા એટલે કામના રાખી તેના માટે હમેશાં પ્રયત્નશીલ રહી આર્તધ્યાન, રૌદ્રધ્યાન ધ્યાયા. તે મને ધિક્કાર, ધિક્કાર. વારંવાર તે સંબંધી મારા દુષ્કૃત્યો નાશ પામો એવી મારી અંતરની ભાવના છે.

**દશમું રાગ પાપસ્થાનક :–**

**મનગમતી વસ્તુઓમાં સ્નેહ કીધો, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.**

**ભાવાર્થ :–** રાગ એટલે સ્નેહ. રાગ એ આગ જેવો છે. રાગભાવ સંસારને વધારનાર છે. માયા અને લોભ એ રાગના પર્યાય છે. મનને જે ગમે એ વસ્તુઓમાં મેં રાગ કર્યો. તેથી મને ધિક્કાર હો, ધિક્કાર હો. તે સંબંધી કરેલા મારા પાપો સર્વ મિથ્યા થાઓ એમ વારંવાર હે પ્રભુ! આપને જણાવું છું.

**અગિયારમું દ્વેષ પાપસ્થાનક :–**

**અણગમતી વસ્તુ જોઈ દ્વેષ કર્યો તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.**

**ભાવાર્થ :–** દ્વેષ એટલે અણગમો, અરુચિ, ક્રોધ અને માન એ દ્વેષના પર્યાય છે. કોઈ ઉપર દ્વેષ થવાથી તે દેખતા કે તેની સ્મૃતિ થતાં મનમાં બળતરા થાય છે. એમ અણગમતી વસ્તુ જોઈ કે જાણી તે ઉપર મેં દ્વેષ કર્યો, તે મને ધિક્કાર હો, ધિક્કાર હો. મારું આવું દુષ્કૃત્ય સર્વથા નષ્ટ થાઓ એવી આપ પ્રભુ પ્રત્યે વારંવાર પ્રાર્થના છે.

**બારમું કલહ પાપસ્થાનક :–**

**અપ્રશસ્ત વચન બોલી ક્લેશ ઉપજાવ્યા, તે મને ધિક્કાર, ધિક્કાર વારંવાર મિચ્છા મિ દુક્કડં.**

**ભાવાર્થ :–** કલહ એટલે કજિયા કંકાસ. અપ્રશસ્ત એટલે અશુભ પાપયુક્ત વચન બોલવા, જેવા કે ગાળ આપવી કે કઠોર વચન બોલવું. એવા મોટેથી અસભ્ય વચનો બોલી ક્લેશ ઉપજાવ્યા તેથી હું આપની સમક્ષ મને વારંવાર ધિક્કાર આપું છું. તે મારા સર્વ કૃત્યો નિષ્ફળતાને પામો. એવી અભિલાષા ધરાવું છું.

**તેરમું અભ્યાખ્યાન પાપસ્થાનક :–**

**અછતાં આલ દીધાં, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.**

**ભાવાર્થ :–** અભ્યાખાન એટલે મિથ્યા દોષારોપણ. અછતાં એટલે જેણે કંઈ કર્યું નથી તેના ઉપર આલ એટલે કલંક ચઢાવ્યું તે મને વારંવાર ધિક્કાર હો ધિક્કાર હો. એવા મારા દુષ્ટ પાપકાર્યો સર્વથા મિથ્યા થાઓ એવી આપ પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે.

**ચૌદમું પૈશુન્ય પાપસ્થાનક :–**

**પરની ચુગલી ચાડી કરી, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.**

**ભાવાર્થ :–** પૈશુન્ય એટલે ચાડી ચુગલી કરવી તે. કોઈને હલકો દેખાડવા અથવા શિક્ષા અપાવવા માટે તેના દોષોની બીજા પાસે ચાડી ચુગલી કરી તે મને ધિક્કાર, ધિક્કાર. વારંવાર તે પાપોની ક્ષમા ચાહું છું.

**પંદરમું પરપરિવાદ પાપસ્થાનક :–**

**બીજાના અવગુણ, અવર્ણવાદ બોલ્યો, બોલાવ્યા, અનુમોદ્યા, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.**

**ભાવાર્થ :–** પરપરિવાદ એટલે પરની નિંદા કરવી તે. પરના ગુણો પ્રત્યે ઈર્ષા અરુચિભાવ થવાથી તે થાય છે. બીજાના અવગુણ અવર્ણવાદ બોલવામાં જીવને આનંદ આવે છે. જે સબળ પાપ બંધનું કારણ છે. **'પરનિંદા એ સબળ પાપ માનવું'** -શ્રીમદ્ રાજચંદ્ર. જ્યારે સ્વ આત્મનિંદા એ આત્મગુણવૃદ્ધિનું કારણ છે. એમ પરના અવગુણ અવર્ણવાદ બોલ્યો, બોલાવ્યા, અનુમોદ્યા, તે મને વારં-વાર ધિક્કાર હો, ધિક્કાર હો. વારંવાર તે સંબંધી મારું દુષ્કૃત્ય મિથ્યા થાઓ.

**સોળમું રતિઅરતિ પાપસ્થાનક :–**

**પાંચ ઇંદ્રિયના ૨૩ વિષયો, ૨૪૦ વિકારો છે તેમાં મનગમતામાં રાગ કર્યો, અણગમતામાં દ્વેષ કર્યો; સંયમ, તપ આદિમાં અરતિ કરી, કરાવી, અનુમોદી તથા આરંભાદિ અસંયમ પ્રમાદમાં રતિભાવ કર્યો, કરાવ્યો, અનુમોદ્યો, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.**

**ભાવાર્થ :–** રતિ એટલે પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં વિકારભાવથી રમણતા કરવી તે રતિ છે. અને વૈરાગ્યના અભાવમાં એ વિષયો પ્રત્યે ઘૃણા થવી તે અરતિ છે. એ પાંચ ઇન્દ્રિયોના ૨૩ વિષયો છે તે આ પ્રમાણે :–

સ્પર્શેન્દ્રિયના આઠ વિષય– શીત, ઉષ્ણ, લૂખો, ચીકણો, કોમળ, કઠોર, હલકો અને ભારે. રસના ઇન્દ્રિયના પાંચ વિષય - મીઠો, કડવો, તીખો, ખાટો અને તૂરો. ઘ્રાણેન્દ્રિયના બે–સુગંધ અને દુર્ગંધ. ચક્ષુ ઇન્દ્રિયના પાંચ–ધોળો, કાળો, લાલ, પીળો અને વાદળી. શ્રવણેન્દ્રિયના ત્રણ - જીવ શબ્દ, અજીવ શબ્દ અને મિશ્ર શબ્દ. એમ બધા ભેગા કરવાથી ૮+૫+૨+૫+૩ મળીને કુલ ૨૩ વિષયો થયા.

હવે પાંચ ઇન્દ્રિયોના ૨૪૦ વિકારો છે તે નીચે પ્રમાણે :–

**સ્પર્શેન્દ્રિયના** - શીત, ઉષ્ણ, લૂખો, ચીકણો, કોમળ, કઠોર, હલકો અને ભારે એ આઠ વિષયો છે. તેના સચિત, અચિત અને મિશ્ર એમ ૩

પ્રકાર છે. તેથી ૮ વિષયોને આ ૩ થી ગુણાકાર કરતાં ૨૪ વિકારો થયા. તેમાં ૨૪ શુભ અને ૨૪ અશુભ મળી ૪૮ વિકારો થયા. તે ૪૮ વિકારો ઉપર રાગ અથવા ૪૮ વિકારો ઉપર દ્વેષ થાય તેથી બધા મળીને કુલ ૯૬ વિકારો સ્પર્શેન્દ્રિયના થયા.

હવે **રસના ઇન્દ્રિય**ના મીઠો, કડવો, તીખો, ખાટો અને તૂરો એ ૫ વિષયો છે. તેના સચિત, અચિત અને મિશ્ર ૩ પ્રકાર છે. તેથી આ ૫ વિષયોને ૩ થી ગુણાકાર કરતા ૧૫ વિકારો થયા. તેમાં ૧૫ શુભ અને ૧૫ અશુભ મળીને ૩૦ વિકારો થયા. તે ૩૦ વિકારો ઉપર રાગ અથવા ૩૦ વિકારો ઉપર દ્વેષ થાય. તેથી બધા મળીને ૬૦ વિકારો રસના ઇન્દ્રિયના થયા.

હવે **ઘ્રાણેન્દ્રિય**ના સુગંધ અને દુર્ગંધ એ ૨ વિષયો છે. તેના સચિત અચિત અને મિશ્ર એ ત્રણ પ્રકાર છે. તેથી આ ૨ વિષયોને ૩થી ગુણાકાર કરતાં ૬ વિકારો થાય. તે ૬ વિકારો ઉપર રાગ અથવા ૬ વિકારો ઉપર દ્વેષ થાય તેથી બધા મળીને ૧૨ વિકારો ઘ્રાણેન્દ્રિયના થયા.

હવે **ચક્ષુ ઇન્દ્રિય**ના ધોળો, કાળો, લાલ, પીળો અને વાદળી એ ૫ વિષયો છે. તેના સચિત અને અચિત અને મિશ્ર એમ ૩ પ્રકાર છે. તેથી ૫ વિષયોને ૩થી ગુણાકાર કરતાં ૧૫ વિકારો થયા. તેમાં ૧૫ શુભ અને ૧૫ અશુભ મળીને ૩૦ વિકારો થયા. તે ૩૦ વિકારો ઉપર રાગ અથા ૩૦ વિકારો ઉપર દ્વેષ થાય તેથી બધા મળીને ૬૦ વિકારો ચક્ષુઇન્દ્રિયના થયા.

હવે **શ્રોતેન્દ્રિય**ના જીવ શબ્દ એટલે આપણે બોલીએ તે. અજીવ શબ્દ એટલે ગ્લાસ વગેરે અથડાય તે. અને મિશ્ર શબ્દ એટલે ઢોલ વાગે અને તેની સાથે જે ગાય તે. એ ૩ વિષયો છે. તેના ૩ શુભ અને ૩ અશુભ મળીને ૬ વિકારો થયા. તે ૬ વિકારો ઉપર રાગ અથવા ૬ ઉપર દ્વેષ થાય. તેથી બધા મળીને ૧૨ વિકારો શ્રોતેન્દ્રિયના થયા.

એમ **સ્પર્શેન્દ્રિયના** ૯૬, **રસના ઇન્દ્રિયના** ૬૦, **ઘ્રાણેન્દ્રિયના** ૧૨, **ચક્ષુઇન્દ્રિયના** ૬૦ તથા **શ્રોતેન્દ્રિયના** ૧૨ મળીને કુલ ૯૬+૬૦+૧૨

+૬૦ + ૧૨=૨૪૦ વિકારો પાંચઇન્દ્રિયના વિષયોના થયા.

-બૃહદ્ આલોયણા (હિન્દી) (પૃ.૧૦૩)

તેમાં મનગમતા વિષયોમાં રાગ કર્યો, અણગમતા વિષયોમાં દ્વેષ કર્યો. તથા ૧૨ પ્રકારના સંયમ છે - પાંચ ઇન્દ્રિય અને મનને વશ રાખવું તે ૬ ઇન્દ્રિય સંયમ અને ૬ કાય જીવોની રક્ષા કરવી તે પ્રાણી સંયમ છે. તેની મેં વિરાધના કરી. તથા ૧૨ પ્રકારના તપ છે - તેમાં અનશન, ઊણોદરી, વૃત્તિસંક્ષેપ, રસપરિત્યાગ, સંલીનતા એટલે વિવિક્ત શય્યાસન અને કાયક્લેશ એ ૬ બાહ્ય તપ છે. અને પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, કાયોત્સર્ગ અને ધ્યાન એ ૬ અંતરંગ તપ છે. તેમાં મેં અરતિ કરી, કરાવી, અનુમોદી તથા આરંભાદિ એટલે હિંસાના કાર્યો કરવામાં સંયમ રાખ્યો નહીં. તથા ૧૫ પ્રકારના પ્રમાદ છે- તેમાં ૫ વિષય, ૪ કષાય, ૪ વિકથા, સ્નેહ અને નિદ્રાનો સમાવેશ થાય છે. એ પ્રમાદના પ્રકારોમાં મેં રતિભાવ એટલે રાગભાવ કર્યો, કરાવ્યો, અનુમોદ્યો તેથી મને વારંવાર ધિક્કાર હો. એ મારા સર્વ દુષ્કૃત્યો એટલે પાપો મિથ્યા થાઓ, નિષ્ફળ થાઓ.

**સત્તરમું માયામૃષાવાદ પાપસ્થાનક :–**

**કપટ સહિત જૂઠું બોલ્યો, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.**

**ભાવાર્થ :–** માયાકપટ કરી જૂઠું બોલવું તે માયામૃષાવાદ. આ પાપ-સ્થાનકમાં વ્યક્તિને પહેલા વિશ્વાસમાં લઈ પછી જૂઠ બોલી તેને દગો આપવો તે માયામૃષાવાદ છે. આ વિશ્વાસઘાતમાં માયા કપટ અને જૂઠનું મિશ્રણ છે. એવું કપટ સહિત જૂઠું બોલ્યો તે મને ધિક્કાર, ધિક્કાર. વારંવાર મિથ્યા મે દુષ્કૃતમ્, અર્થાત્ મારા કરેલા સર્વ પાપો મિથ્યા થાઓ.

**અઢારમું મિથ્યાદર્શનશલ્ય પાપસ્થાનક :–**

**શ્રી જિનેશ્વર દેવના માર્ગમાં શંકા, કાંક્ષાદિક વિપરીત પ્રરૂપણા કરી, કરાવી અનુમોદી, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.**

**ભાવાર્થ :–** મિથ્યા એટલે વિપરીત. દર્શન એટલે શ્રદ્ધા. સાત તત્વોની વિપરીત શ્રદ્ધા તે મિથ્યાદર્શન. તે શલ્ય એટલે કાંટા સમાન જીવને દુઃખદાયક છે. જેમ પગમાં કાંટો વાગવાથી તે ચાલવામાં અવરોધ કરે તેમ મિથ્યાદર્શન અર્થાત્ વિપરીત માન્યતા તે જીવને સાચા મોક્ષમાર્ગમાં ચાલવામાં અવરોધ કરે છે. મિથ્યાદર્શન જેવું ભયંકર ભાવ-શલ્ય જગતમાં બીજું એક્કે નથી. મોટામાં મોટું પાપ એ જ છે. આ પાપ મેરુ પર્વત સમાન છે. જ્યારે બીજા સત્તર પાપો તે રાઈના દાણા સમાન છે. માટે જ્ઞાની પુરુષોએ સર્વ પ્રથમ આ મિથ્યાત્વને જ હણવાનો ઉપદેશ કર્યો છે; કે જેથી સાચા આત્મધર્મરૂપ મોક્ષમાર્ગની જીવને શરૂઆત થાય.

શ્રી જિનેશ્વર વીતરાગ દેવનો માર્ગ આ અનાદિના મિથ્યાત્વને અવશ્ય હણનાર છે. પણ તે શુદ્ધ માર્ગમાં મેં શંકા કરી કે ખરેખર એ શાશ્વતસુખનો માર્ગ હશે કે કેમ ? અથવા આવા વીતરાગો પ્રત્યે સાંસારિક સુખ આદિની કાંક્ષા એટલે ઇચ્છા કરી તથા એવા પવિત્ર મોક્ષમાર્ગની મેં વિપરીત રીતે પ્રરૂપણા કરી, કરાવી, અનુમોદી તે મને વારંવાર ધિક્કાર હો, ધિક્કાર હો. અજ્ઞાન અવસ્થામાં થયેલા એવા મારા આ ભયંકર દુષ્કૃત્યો હવે મિથ્યા થાઓ, મિથ્યા થાઓ, એવી આપ પ્રભુ પ્રત્યે મારી ભાવભીની પ્રાર્થના છે. તે સફળ થાઓ, સફળ થાઓ.

**એવં અઢાર પાપસ્થાનક તે દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, જાણતાં, અજાણતાં, મન, વચન, કાયાએ કરી સેવ્યાં, સેવરાવ્યાં, અનુમોદ્યાં; અર્થે, અનર્થે, ધર્મ અર્થે, કામવશે, મોહવશે, સ્વવશે, પરવશે કર્યાં; દિવસે, રાત્રે, એકલા કે સમૂહમાં, સૂતાં વા જાગતાં, આ ભવમાં, પહેલાં સંખ્યાતા, અસંખ્યાતા, અનંતા ભવોમાં, પરિભ્રમણ કરતાં આજ દિન અદ્યક્ષણ પર્યંત રાગ-દ્વેષ, વિષય-કષાય, આળસ, પ્રમાદાદિક પૌદ્ગલિક પ્રપંચ, પરગુણ પર્યાયને પોતાના માનવારૂપ વિકલ્પે કરી ભૂલ કરી; જ્ઞાનની વિરાધના કરી, દર્શનની વિરાધના કરી, ચારિત્રની વિરાધના કરી, દેશચારિત્રની વિરાધના કરી, તપની વિરાધના કરી; શુદ્ધ શ્રદ્ધા-શીલ, સંતોષ, ક્ષમાદિક નિજસ્વરૂપની વિરાધના કરી; ઉપશમ, વિવેક, સંવર, સામાયિક, પોસહ, પ્રતિક્રમણ, ધ્યાન, મૌનાદિ નિયમ, વ્રત, પચખાણ,**

**દાન, શીલ, તપાદિની વિરાધના કરી; પરમ કલ્યાણકારી આ બોલોની આરાધના, પાલના આદિક મન, વચન અને કાયાએ કરી નહીં, કરાવી નહીં, અનુમોદી નહીં, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.**

**ભાવાર્થ :–** જૈન ધર્મમાં કોઈપણ પદાર્થનું સ્વરૂપ સ્પષ્ટતાથી સમજવા માટે ચાર દૃષ્ટિકોણનો પ્રયોગ કરાય છે. તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ. જેમકે દ્રવ્યથી જીવ એક છે, ક્ષેત્રથી તે અસંખ્યાત પ્રદેશી છે, કાળથી જોઈએ તો સર્વકાળ રહેવાવાળો છે. ભાવથી જોઈએ તો તે જ્ઞાન દર્શનાદિ ગુણયુક્ત છે. તેવી જ રીતે આ અઢાર પાપસ્થાનકમાંનું પહેલું પાપસ્થાનક તે પ્રાણાતિપાત એટલે છ કાય જીવોની હિંસા છે. તે દ્રવ્યથી જોઈએ તો કયા પાપની વ્યાખ્યા છે, તેની કેટલી સંખ્યા છે, જેમકે દ્રવ્યથી મેં છકાય જીવોની હિંસા કરી છે. ક્ષેત્રથી એટલે વિશ્વના ચૌદેય રાજલોકમાં ભમતાં આ પાપો કરી રહ્યો છું. કાળથી જોતાં અનાદિકાળથી આજ સુધી આ પાપો કરી રહ્યો છું અને ભાવથી જોતાં મન, વચન, કાયાથી આ પાપોનું સેવન કર્યું, કરાવ્યું, અનુમોદ્યું છે. આ પ્રમાણે પ્રત્યેક પાપના વિષયમાં સમજી લેવું. તે પાપોને 'જાણતાં' એટલે જાણી જોઈને કર્યાં છે. 'અજાણતાં' એટલે અણસમજથી અજ્ઞાનવશ કર્યાં છે. ગૃહસ્થ જાણે છે કે આ કાર્યમાં હિંસા થઈ રહી છે, પણ તેને છોડી નથી શકતો માટે તે હિંસા થઈ રહી છે; ત્યાં તેનો ઉપયોગ જાગૃત છે તો તે હિંસાના કારણોને ઘટાડશે. પણ જેને હિંસામાં શું પાપ છે તેની જ ખબર નથી તે તેને કેમ છોડી શકશે.

હે નાથ! એ અઢાર પાપસ્થાનક મેં દ્રવ્ય,ક્ષેત્ર,કાળ,ભાવથી કારણ સહિત કે કારણ રહિતપણે મનવચનકાયાએ કરી સેવ્યાં, સેવરાવ્યાં, અનુમોદ્યાં. તથા તે સર્વ પાપોને જાણતા છતાં કે અજાણતાં ધર્મ અર્થે, કામવશે, મોહવશે, સ્વવશે કે પરવશે કર્યા. આ સર્વ પાપોને મેં દિવસે કે રાત્રે, એકલાએ કર્યા કે સમૂહમાં બધાએ મળીને કર્યા. નિદ્રામાં કે જાગૃત અવસ્થામાં કર્યા, આ ભવમાં કર્યા કે પહેલાના સંખ્યાત, અસંખ્યાત કે અનંતાભવોમાં વારંવાર ભ્રમણ કરતાં આજ- દિન અદ્યક્ષણ પર્યંત, રાગદ્વેષના ભાવો, વિષયકષાયના ભાવો, આળસ અને પ્રમાદાદિકથી પૌદ્

ગલિક પ્રપંચો કર્યા, અન્ય વસ્તુઓની પર્યાયોને અને તેના ગુણોને પોતાના માનીને અનેક વિકલ્પો કરવારૂપ ભૂલ કરી; સમ્યક્જ્ઞાન, સમ્યક્દર્શન, સમ્યક્ચારિત્ર, સમ્યક્દેશચારિત્ર તથા સમ્યક્તપની વિરાધના કરી; તથા શુદ્ધ શ્રદ્ધા, શીલ, સંતોષ, ક્ષમાદિક નિજ આત્મસ્વરૂપની વિરાધના કરી; ઉપશમ, વિવેક, સંવર, સામાયિક, પોસહ, પ્રતિક્રમણ, ધ્યાન, મૌનાદિ નિયમ, વ્રત, પચખાણ, દાન, શીલ, તપાદિની વિરાધના કરી; પરમ કલ્યાણકારી આ બોલોની આરાધના, પાલના આદિક મન, વચન, કાયાના યોગ વડે કરી નહીં, કરાવી નહીં, કરતાં પ્રત્યે અનુમોદના કરી નહીં, તે મને ધિક્કાર હો, ધિક્કાર હો; એમ વારંવાર જણાવું છું. આ મારા દુષ્કૃત્યો મિથ્યા થાઓ.

**છયે આવશ્યક સમ્યક્ પ્રકારે વિધિ-ઉપયોગ સહિત આરાધ્યા નહીં, પાળ્યા નહીં, સ્પર્શ્યા નહીં. વિધિ-ઉપયોગ રહિત-નિરાદરપણે કર્યાં; પરંતુ આદર-સત્કાર, ભાવ-ભક્તિ સહિત નહીં કર્યાં; જ્ઞાનના ચૌદ, સમકિતના પાંચ, બાર વ્રતના સાઠ, કર્માદાનના પંદર, સંલેખનાના પાંચ એવં નવ્વાણું અતિચારમાં તથા ૧૨૪ અતિચાર મધ્યે તથા સાધુના ૧૨૫ અતિચાર મધ્યે તથા બાવન અનાચરણના શ્રદ્ધાદિકમાં વિરાધનાદિ જે કોઈ અતિક્રમ, વ્યતિક્રમ, અતિચારાદિ સેવ્યા, સેવરાવ્યા, અનુમોદ્યા, જાણતાં અજાણતાં મન, વચન, કાયાએ કરી, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.**

**ભાવાર્થ :–** છ આવશ્યક તે પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, સામાયિક, સ્તવન, વંદના અને કાયોત્સર્ગ છે. તે સમ્યક્ પ્રકારે એટલે ભગવાનની આજ્ઞાપૂર્વક, વિધિ ઉપયોગ સહિત એટલે શાસ્ત્રોમાં તેનો જે વિધિ બતાવ્યો હોય તે વિધિપૂર્વક મેં આરાધ્યા નહીં, પાળ્યા નહીં, સ્પર્શ્યા નહીં એટલે મનથી સ્વીકાર્યા નહીં અને વિધિ ઉપયોગરહિત, નિરાદરપણે કર્યાં પરંતુ આદર-સત્કાર, ભાવ-ભક્તિ સહિત નહીં કર્યાં. **જ્ઞાનના ચૌદ, સમકિતના પાંચ, બારવ્રતના સાઠ, કર્માદાનના પંદર, સંલેખનાના પાંચ એવં શ્રાવકના નવ્વાણું અતિચારમાં** તથા **૧૨૪ અતિચાર મધ્યે** તથા **સાધુના ૧૨૫ અતિચાર મધ્યે** તથા **બાવન અનાચરણના**

શ્રદ્ધાદિકમાં વિરાધનાદિ કરવામાં જે કોઈ અતિક્રમ એટલે વ્રતભંગ કરવાનો વિચાર કર્યો, વ્યતિક્રમ એટલે વ્રતભંગ કરવાના સાધનો મેળવ્યા, અતિચાર એટલે વ્રતભંગ કરવામાં દોષો લગાડ્યાં, અને બાવન અનાચાર એટલે વ્રતભંગ કર્યું. એમ બધા દોષો મેં સેવ્યા, સેવરાવ્યા, અનુમોદ્યાં, જાણતા કે અજાણતાં, મન-વચન-કાયાના યોગથી કર્યાં. તે માટે હું વારંવાર ધિક્કારને પાત્ર છું. તે મારા બધા દુષ્કૃત્યો આપ સમક્ષ આલોચનાથી મિથ્યા થાઓ એવી આશા રાખું છું.

**શ્રાવકના ૯૯ અતિચાર તથા ૧૨૪ અતિચારનો વિસ્તાર નીચે પ્રમાણે–**

**શ્રાવકના નવ્વાણું અતિચાર:–**

જ્ઞાનના ૧૪, કર્માદાનના ૧૫, સમકિતના ૫, બાર વ્રતના ૬૦, સંલેખનાના ૫ મળી કુલ ૯૯ અતિચાર થાય છે.

**જ્ઞાનનાં ચૌદ અતિચાર:–**

(૧) **જંવાઈધ્ધં**–સૂત્ર આઘાં પાછા ભણાયાં હોય. (સૂત્રો ક્રમપૂર્વક ન બોલાયા હોય)

(૨) **વચ્ચામેલીયં**–ધ્યાન વિના શૂન્ય ઉપયોગે સૂત્ર ભણાયાં હોય.

(૩) **હીણખ્ખણં**–ઓછો અક્ષર ભણાયો હોય. (ઝડપથી બોલાયું હોય)

(૪) **અચ્ચખરં**–અધિક અક્ષર ભણાયો હોય.

(૫) **પચહીણં**–પદ ઓછું ભણાયું હોય.

(૬) **વિણયહીણં**–વિનયરહિત ભણાયું હોય. (ભક્તિથી ન બોલાયું હોય)

(૭) **જોગહીણં**–મન, વચન, કાયાના જોગ સ્થિર વિના ભણાયું હોય.

(૮) **ઘોસહીણં**–શુદ્ધ ઉચ્ચાર રહિત ભણાયું હોય.

(૯) **સુઠુદિન્નં**–રૂડી રીતે અવિનિતને જ્ઞાન ભણાયું હોય. (શ્રેષ્ઠ જ્ઞાન કોઈ અપાત્રને આપ્યું હોય)

(૧૦) **દુઠુપડિછિયં**–અવિનયપણે દુષ્ટ રીતે જ્ઞાન લીધું હોય.

(સ્વાર્થથી)

(૧૧) **અકાલે કઓસઝાઓ**—સંધ્યાકાળ આદિ વખતે સજ્ઝાય એટલે સ્વાધ્યાય કર્યો હોય.

(૧૨) **કાલેન કઓ સજ્ઝાઓ**—સજ્ઝાયનો ખરો વખત હોય તે વખતે સજ્ઝાય ન કરી હોય.

(૧૩) **અસજ્ઝાઈઓ સજ્ઝાયં**—લોહી, પરુ આદિ વીશ અસજ્ઝાયની જગ્યાએ સજ્ઝાય કરી હોય.

(૧૪) **સજ્ઝાઈએ ન સજ્ઝાયં**—સજ્ઝાય એટલે સ્વાધ્યાય કરવા યોગ્ય જગ્યા હોય ત્યાં સજ્ઝાય ન કરી હોય.

**તસ્સ મિચ્છા મિ દુક્કડં**—એ ચૌદ પ્રકારના જ્ઞાનના અતિચાર માહેલો જે કોઈ દોષ પાપ લાગ્યો હોય તે ખોટું કરેલું નિષ્ફળ થાઓ. - સામાયિક પ્રતિક્રમણસૂત્ર

### સમકિતના પાંચ અતિચાર :–

સમકિતમાં મલિનતા કરનાર આ પાંચ અતિચાર—

(૧) **શંકા**—શંકા, વીતરાગના વચનમાં શંકા કરવી.

(૨) **કાંક્ષા**—કાંક્ષા, અન્ય મતની ઇચ્છા કરવી.

(૩) **વિચિકત્સા**—ધર્મનું ફળ મળશે કે નહીં એવો સંદેહ કરવો તે અથવા નિઃસ્પૃહ ત્યાગી મહાત્માઓના મલિન વસ્ત્ર-પાત્ર આદિ દેખી તેમના ઉપર ઘૃણા કરવી તે.

(૪) **કુલિંગીપ્રશંસા**—મિથ્યાત્વની પુષ્ટી થાય તેવી રીતે મિથ્યાત્વીઓની પ્રશંસા કરવી.

(૫) **કુલિંગી સંસ્તવન**—જુદા જુદા વેશ પહેરી ધર્મના બહાને લોકોને ઠગનારા પાખંડીઓનો પરિચય.

### શ્રાવકના બાર વ્રતના સાઠ અતિચારો :–

### પહેલા અહિંસા અણુવ્રતના પાંચ અતિચાર :–

(૧) મનુષ્ય, પશુ, પક્ષી આદિ પ્રાણીઓને ચાબુક, લાકડી આદિ વડે મારવું. (૨) તેમને દોરડા વગેરેથી સખત બાંધવું. (૩) તેમના નાક, કાન

આદિ અંગોને છેદવાં. (૪) તેમના પર બહુ ભાર ભરવો. (૫) તેમને ખાવા-પીવામાં અંતરાય પાડવો. આ પહેલા અહિંસા વ્રતના પાંચ અતિચાર.

**બીજા મૃષાવાદના પાંચ અતિચાર :–**

(૧) **કન્નાલીએ**–ક્રોધ યા લાલચવશ સુશીલ કન્યાને દુઃશીલ અને દુઃશીલ કન્યાને સુશીલ કહેવી તે. (૨) **ગવાલીએ**–દુધાળા, સંપૂર્ણાંગયુક્ત પશુને ખોડખાંપણવાળા અને ખામીવાળા કહેવા તે, અથવા ખરાબ ઢોરોને સારા કહેવા તે. (૩) **ભોમાલીએ**–રસાળ જમીનને-ફળપ્રદ જમીનને ઉખર કહેવી અથવા ઉખર જમીનને ફળદાયી જમીન કહેવી તે. (૪) **નાસાવહારે**-કોઈની રાખેલી થાપણને ઓળવવી તે. (૫) **કૂડસક્ખિજ્જે**–જૂઠી સાક્ષી આપવી તે.

**ત્રીજા અચૌર્યવ્રતના પાંચ અતિચાર :–**

(૧) ચોરીનો માલ ખરીદવો. (૨) ચોરને ચોરી કરવા પ્રેરણા કરવી. (૩) ઉત્તમ નમૂનો દેખાડી તેને બદલે હલકો માલ આપવો અથવા મિશ્ર કરીને આપવો. (૪) જકાત આદિ મહેસૂલ આપ્યા વિના કોઈ ચીજને છાનીમાની લાવવી, યા લઈ જવી. ઓછું મહેસૂલ આપવું. (૫) ત્રાજવાં, તોલ, માપ આદિ સાચા નહીં રાખીને ઓછું આપવું અથવા વધારે લેવું.

**ચોથા સ્વદારાસંતોષવ્રતના પાંચ અતિચાર :–**

(૧) કુંવારી કન્યા, વિધવા, કુલાંગના યા વેશ્યા સાથે સંબંધ જોડવો. (૨) કોઈની થોડા વખત માટે રાખેલી હોય એવી વેશ્યા-રખાત સાથે રમણ કરવું. (૩) સૃષ્ટિ વિરુદ્ધ કામક્રીડા કરવી. (૪) પોતાના પુત્ર-પુત્રી સિવાય અન્યના વિવાહ કરવા-કરાવવા. (૫) કામભોગની પ્રબળ અભિલાષા કરવી.

**પાંચમાં પરિગ્રહ પરિમાણ વ્રતના પાંચ અતિચાર :–**

(૧) જેટલું ધન-ધાન્ય રાખવાનો નિયમ કર્યો હોય તે નિયમનું અતિક્રમણ કરવું અર્થાત્ અધિક રાખવું, (૨) જેટલાં ખેતર, વાડી, ઘર,

દુકાન રાખવાની પ્રતિજ્ઞા કરી હોય તેથી વધારે રાખવું, (૩) જેટલાં પ્રમાણમાં સોનું, ચાંદી રાખવાનો નિયમ કર્યો હોય તેથી અધિક રાખી નિયમનું ઉલ્લંઘન કરવું. (૪) તાંબુ આદિ ધાતુઓનો તથા શયન આસન આદિનો જેટલા પરિમાણમાં રાખવાનો નિયમ કર્યો હોય તેથી વધારે રાખવું અને (૫) દ્વિપદ-ચતુષ્પદને નિયમિત પરિમાણથી અધિક સંગ્રહી નિયમનું અતિક્રમણ કરવું તે.

**છઠ્ઠા દિગ્પરિમાણ ગુણવ્રતના પાંચ અતિચાર :–**

(૧) **ઊર્ધ્વ દિશામાં**–જેટલે દૂર જવાનો નિયમ કર્યો હોય તેથી આગળ જવું.

(૨) **અધો દિશામાં**–જેટલે દૂર જવાનો નિયમ કર્યો હોય તેથી આગળ જવું.

(૩) **તિર્યગ્ દિશાઓમાં**–જવા અર્થે જેટલું ક્ષેત્ર નિશ્ચિત કર્યું હોય તેથી દૂર જવું. (૪) એક તરફના નિયમિત ક્ષેત્ર-પ્રમાણને ઘટાડી બીજી તરફ તેટલું વધારી લઈને ત્યાં સુધી ચાલ્યા જવું. જેમકે-પૂર્વ અને પશ્ચિમ દિશામાં સો સો ગાઉથી અધિક નહિ જવાનો નિયમ કર્યા પછી આવશ્યક્તા ઊભી થયે પૂર્વમાં ૯૦ ગાઉની મર્યાદા રાખી પશ્ચિમમાં એક સો દશ ગાઉ સુધી ચાલ્યા જવું. (૫) પ્રત્યેક દિશામાં-જવાને માટે જેટલું પરિમાણ નિશ્ચિત કર્યું હોય તે ભૂલી જવું.

**સાતમા ભોગોપભોગ વ્રતે ભોજન આશ્રયી પાંચ અતિચાર :–**

(૧) સચિત્ત વસ્તુનો સર્વથા ત્યાગ કરી તેનું સેવન કરવું; અથવા તો જે પરિમાણ નિયત કરેલ હોય તેથી અધિક લેવું. (૨) સચિત્ત સાથે સંલગ્ન અચિત્ત વસ્તુનો જેમકે વૃક્ષ ઉપર ચોંટેલ ગુંદર તથા બીજ સહિત પાકેલા ફળનો અથવા સચિત્ત બીજવાળા ખજૂર, કેરી વગેરેનો આહાર કરવો. (૩) અપક્વ આહાર લેવો. (૪) દુષ્પક્વ-અર્ધપકવ (કાચો પાકો) આહાર લેવો. (૫) જેમાં ખાવાનો ભાગ થોડો અને ફેંકી દેવાનો અધિક એવી તુચ્છ વનસ્પતિઓનો આહાર કરવો.

**આઠમે અનર્થદંડવિરમણ વ્રતના પાંચ અતિચાર :–**

(૧) ઇન્દ્રિયવિકારજન્ય કથાઓ કહેવી, (૨) હાંસી, મશ્કરી અથવા કોઈની નકલ કરવી, (૩) વ્યર્થ વાચાળપણું, (૪) શસ્ત્ર આદિ સજ્જ કરી તૈયાર રાખવા અને (૫) આવશ્યક્તાથી અધિક ચીજોનો સંગ્રહ કરવો તે અનર્થદંડ.

પોતાની અને પોતાના કુટુંબીઓની જરૂરત સિવાય પર અર્થે કોઈ વ્યર્થ દોષજનક પ્રવૃત્તિ કરવી તેને અનર્થદંડ કહે છે, તેની નિવૃત્તિ તે અનર્થદંડ વિરમણરૂપ ત્રીજું ગુણવ્રત અર્થાત્ આઠમું વ્રત છે. અનર્થદંડ ચાર પ્રકારે લાગે છે. (૧) અપધ્યાનાચરણ-અશુભ વિચારો કરવાથી, (૨) પાપકર્મો-પાપજનક કર્મોના ઉપદેશથી, (૩) હિંસાપ્રદાન-જેથી જીવોની હિંસા થાય એવા સાધનો દેવાથી યા દેવરાવવાથી, (૪) પ્રમાદાચરણ-આળસ કરવાથી.

આ ગાથામાં-છરી, સૂડી વગેરે શસ્ત્રો આપવા-અપાવવા, આગ મૂકવી-મૂકાવવી, ચક્કી આદિ યંત્ર તથા ઘાસ લાકડી આદિ ઇન્ધન દેવું-દેવરાવવું, મન્ત્ર, જડીબુટ્ટી તથા ચૂર્ણ આદિ ઔષધના પ્રયોગ કરવા-કરાવવા ઇત્યાદિ પ્રકારે હિંસાના સાધનોની નિંદા કરવામાં આવી છે.

**નવમાં સામાયિક વ્રતના પાંચ અતિચાર :–**

(૧) મનને કાબૂમાં નહિ રાખવું, (૨) વચનનો સંયમ ન કરવો, (૩) કાયાની ચપલતાને નહિ રોકવી, (૪) અસ્થિર થવું અર્થાત્ કાલાવધિ પૂર્ણ થયા પહેલાં જ સામાયિક પારી લેવું અને (૫) ગ્રહણ કરેલા સામાયિક વ્રતને પ્રમાદવશ ભૂલી જવું.

**દસમાં દેશાવકાશિક વ્રતના પાંચ અતિચાર :–**

(૧) નિયમિત હદ બહારથી કાંઈ લાવવાનું હોય તે વ્રતભંગની ધાસ્તીથી સ્વયં ન જતાં કોઈ દ્વારા મંગાવી લેવું, (૨) નિયમિત હદની બહાર કોઈ ચીજ મોકલવાની હોય તે વ્રતભંગ થવાના ભયથી સ્વયં ન પહોંચડાવતાં અન્ય મારફ્ત મોકલવી, (૩) નિયમિત ક્ષેત્રની બહારથી કોઈને બોલાવવાની જરૂર ઊભી થઈ હોય તો સ્વયં ન જઈ શકવાના કારણે ખાંસી, ખોંખારા આદિ કરીને તે માણસને બોલાવી લેવો, (૪)

નિયમિત ક્ષેત્રની બહારથી કોઈને બોલાવવાની ઇચ્છા થઈ હોય તો વ્રત-ભંગના ભયથી સ્વયં ન જઈ શકવાને કારણે હાથ, મોં આદિ અંગ દેખાડી તે વ્યક્તિને આવવાની સૂચના આપી દેવી, અને (૫) નિયમિત ક્ષેત્રની બહાર કાંકરા, પત્થર આદિ ફેંકી ત્યાંથી ઇચ્છિત વ્યક્તિને બોલાવી લેવી.

**અગિયારમાં પૌષધોપવાસ વ્રતના પાંચ અતિચાર :–**

(૧) સંથારાની વિધિમાં પ્રમાદ કરવો અર્થાત્ તેનું પડિલેહણ-પ્રમાર્જન ન કરવું, (૨) સુંદર રીતે-વિધિપૂર્વક પડિલેહણ-પ્રમાર્જન ન કરવું, (૩) દસ્ત, પેશાબ આદિ કરવાની જગ્યાનું પડિલેહણ-પ્રમાર્જન ન કરવું, (૪) પડિલેહણ-પ્રમાર્જન વિધિપૂર્વક ન કરવું, (૫) ભોજન આદિની ચિંતા કરવી કે ક્યારે સવાર પડે અને ક્યારે હું મારે માટે અમુક ચીજ બનાવરાવીને ખાઉં વગેરે અર્થાત્ પૌષધોપવાસની આજ્ઞાનું રૂડી રીતે પાલન ન કરવું એ પાંચ અતિચારોને હું પ્રતિક્રમું છું, નિંદું છું.

**બારમાં અતિથિસંવિભાગ વ્રતના પાંચ અતિચાર :–**

(૧) સાધુને દેવાયોગ્ય ભોજન સચિત્ત વસ્તુ ઉપર મૂકવું. (૨) સાધુને દેવા યોગ્ય વસ્તુને સચિત્ત પદાર્થ વડે ઢાંકવી. (૩) નહીં દેવાની બુદ્ધિએ પોતાની વસ્તુને પારકી કહેવી અને દેવાની બુદ્ધિએ પારકી વસ્તુને પોતાની કહેવી. (૪) ઈર્ષા, અભિમાન કે ક્રોધપૂર્વક દાન આપવું. (૫) ગોચરીનો સમય વીતી ગયા પછી મુનિને આમંત્રણ કરવું.

**કર્માદાનના પંદર અતિચાર :–**

જે કર્મ કે વેપારથી ઘણું કર્મબંધન થાય તેને કર્માદાન કહેવાય છે.

પંદર કર્માદાન જે બહુ જ સાવદ્ય હોવાને કારણે શ્રાવકને ત્યાગવા યોગ્ય છે. તે કર્માદાનના પંદર અતિચાર આ પ્રમાણે છે :– (૧) **અંગારકર્મ**–ચૂનાની ભઠ્ઠી પાડનાર કુંભાર અને ભાડભૂંજા આદિના કામ જેમાં કોલસા વગેરે ઈંધણ સળગાવવાની ખૂબ જરૂર પડતી હોય, (૨) **વનકર્મ**–મોટા મોટા જંગલ ખરીદી કાપવા વગેરેનું કામ, (૩) **શકટકર્મ**-એક્કા, બગી, બળદગાડી, ઘોડાગાડી વગેરે જાતજાતના વાહનો ખરીદવા તથા વેચવાનો ધંધો કરવો, (૪) **ભાટક કર્મ**–ઘોડા, ઊંટ વગેરેને ભાડે

આપી, ભાડે ફેરવી રોજગાર ચલાવવો, (૫) **સ્ફોટક કર્મ**–કૂવા, તળાવ, રેલ્વે લાઈન વગેરે ખોદવા-ખોદાવવાનો વ્યવસાય કરવો, (૬) **દન્તવાણિજ્ય**–હાથીદાંત, છીપ, મોતી વગેરેનો વ્યાપાર કરવો, (૭) **લક્ખવાણિજ્ય**–લાખ, ગુંદર વગેરે વસ્તુઓનો વ્યાપાર કરવો, (૮) **રસવાણિજ્ય**–ઘી, દૂધ વગેરે વિગય અને મદિરા આદિ મહાવિગયનો વ્યાપાર કરવો, (૯) **કેશ-વાણિજ્ય**–મોર, પોપટ, બગલાં આદિ પક્ષીઓનાં પીંછાનો તથા ચમરી ગાય વગેરે ચતુષ્પદના વાળનો-ઉનનો વ્યાપાર ચલાવવો, (૧૦) **વિષ-વાણિજ્ય**–અફીણ, સોમલ વગેરે ઝેરી પદાર્થોનો વ્યાપાર કરવો, (૧૧) **યંત્રપીલન કર્મ**–ચક્કી, ઘાણી વગેરે ચલાવવાનો ધંધો કરવો, (૧૨) **નિર્લાંછન કર્મ**–ઊંટ, બળદ વગેરેના નાક છેદવા અથવા બકરી વગેરેના કાન વીંધવા, (૧૩) **દવદાનકર્મ**-જંગલ, ગામ, ઘર વગેરેમાં આગ લગાડવી, (૧૪) **શોષણકર્મ**–હોજ, કુંડ, તળાવ વગેરેને સૂકવવાનો વેપાર, (૧૫) **અસતીપોષણકર્મ**-બિલાડી, કૂતરાં, નોળિયા, સાપ વગેરે હિંસક પ્રાણીઓનું પાલન તથા દુરાચારી મનુષ્યોનું પોષણ કરી આજીવિકા ચલાવવી. આ સર્વ દૈનિક દોષોને હું પ્રતિક્રમું છું.

## સંલેખનાના પાંચ અતિચાર :–

(૧) ધર્મના પ્રભાવ વડે મનુષ્યલોકના સુખ મળે એવી ઇચ્છા કરવી, (૨) ધર્મના પ્રભાવ વડે સ્વર્ગલોકના સુખ મળે એવી ઇચ્છા કરવી, (૩) સંલેખના (અનશન) વ્રતનું બહુમાન દેખી જીવવાની ઇચ્છા કરવી, (૪) અનશન વ્રતના દુઃખથી ગભરાઈ મરણની ઇચ્છા કરવી અને (૫) કામભોગની વાંછા કરવી-આ પ્રમાણે સંલેખનાવ્રતના પાંચ અતિચાર છે. આ અતિચાર મરણપર્યન્ત પોતાના વ્રતમાં ન લાગે એવી ભાવના કરવામાં આવી છે. -પ્રતિક્રમણ સૂત્ર

**ઉપર પ્રમાણે જ્ઞાનના ૧૪, સમકિતના ૫, બારવ્રતના ૬૦, કર્માદાનના ૧૫ અને સંલેખનાના ૫ મળીને કુલ ૯૯ અતિચાર થયા.**

**તેમાં જ્ઞાનના ૧૪ અતિચાર જે પહેલા કહ્યાં તે બાદ કરતાં**

**૯૯–૧૪=૮૫ અતિચાર રહ્યા. તેમાં હવે જ્ઞાનાચારના ૮, દર્શનાચારના ૮, ચારિત્રાચારના ૮, તપાચારના ૧૨ તથા વીર્યાચારના ૩, એ બધા મળીને ૧૨૪ અતિચાર થયા. તેનો વિસ્તાર નીચે પ્રમાણે જાણવો :–**

**નાણમ્મિ દંસણમ્મિ અ, ચરણમ્મિ તવમ્મિ તહ ય વીરિયમ્મિ ।**
**આયરણં આયારો, ઈઅ એસો પંચહા ભણિઓ. ॥૧॥**

**ભાવાર્થ :–** જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્ય નિમિત્તે અર્થાત્ તેની પ્રાપ્તિના ઉદ્દેશથી જે આચરણ કરવામાં આવે તે આચાર છે. પ્રાપ્તિ યોગ્ય જ્ઞાન આદિ ગુણ મુખ્ય પાંચ છે. એ રીતે આચાર પણ પાંચ પ્રકારનો સ્વીકારવામાં આવે છે.

## જ્ઞાનાચારના આઠ પ્રકાર

જ્ઞાનના આચારમાં જે જે દોષ લાગે તેને અતિચાર કહેવામાં આવે છે. નીચે જ્ઞાનના આઠ આચાર જણાવવામાં આવે છે :–

**કાલે વિણએ બહુમાણે ઉવહાણે તહ અનિણ્હવણે ।**
**વંજણ-અત્થ-તદુભયે, અટ્ઠવિહો નાણમાયારો. ॥૨॥**

(૧) જે જે સમયે જે જે આગમનો અભ્યાસ કરવાની શાસ્ત્રમાં આજ્ઞા કહી છે તે તે સમયે તેનો અભ્યાસ કરવો તે **કાલાચાર** કહેવાય છે.

(૨) જ્ઞાનીઓનો તથા જ્ઞાનના સાધન-પુસ્તક આદિનો વિનય કરવો તે **વિનયાચાર** કહેવાય છે.

(૩) જ્ઞાનીઓનો અથવા તો જ્ઞાનના ઉપકરણોનો યથાર્થ આદર કરવો તેને **બહુમાન** કહે છે.

(૪) સૂત્રોનો અભ્યાસ કરવાની યોગ્યતા પ્રાપ્ત કરવા નિમિત્તે શાસ્ત્રાનુસાર જે તપ કરવામાં આવે છે તે **ઉપધાન** કહેવાય છે.

(૫) અભ્યાસ કરાવનાર ગુરુને ઓળવવા નહિ અર્થાત્ કોઈ પાસે અભ્યાસ કર્યા બાદ હું તેમની પાસે ભણ્યો નથી એ પ્રકારનું મિથ્યા ભાષણ નહિ કરવું તેને **અનિન્હવ** કહે છે.

(૬) સૂત્રના અક્ષરોનું વાસ્તવિક ઉચ્ચારણ કરવું તે **વ્યંજનાચાર** કહેવાય.

(૭) સૂત્રનો સત્ય અર્થ કરવો તે **અર્થાચાર** કહેવાય છે.

(૮) સૂત્ર અને અર્થ બન્ને શુદ્ધ બોલવું, સમજવું તે **તદુભયાચાર** કહેવાય.

## દર્શનાચારના આઠ અતિચાર :–

દર્શન આચારમાં જે જે દોષ લાગે તેને અતિચાર કહેવામાં આવે છે. નીચે દર્શનના આઠ અતિચાર જણાવવામાં આવે છે :–

**નિસ્સંકિઅ નિક્કંખિઅ, નિવ્વિતિગિચ્છા અમૂઢદિટ્ઠીઅ ।**
**ઉવવૂહ થિરીકરણે, વચ્છલ્લ પભાવણે અટ્ઠ ॥૩॥**

૧–શ્રી વીતરાગના વચનમાં શંકાશીલ ન થવું તે **નિઃશંકપણું**.

૨–જે માર્ગ વીતરાગ-કથિત નથી તેની ચાહના ન રાખવી તે **નિઃકાંક્ષા** (કાંક્ષા એટલે ઇચ્છા. તેથી રહિતપણું તે નિઃકાંક્ષા).

૩–ત્યાગી મહાત્માઓના વસ્ત્ર-પાત્ર આદિ ત્યાગ વૃત્તિના કારણે મલિન દેખીને ઘૃણા નહિ કરવી તે અથવા ધર્મના ફળમાં સંદેહ ન કરવો તે **નિર્વિચિકિત્સા**–નિઃસન્દેહપણું.

૪–મિથ્યાત્વીના બાહ્ય ઠાઠ દેખી સત્ય માર્ગમાં ડામાડોળ ન થવું તે **અમૂઢદૃષ્ટિ.**

૫–સમ્યક્ત્વી જીવોના થોડા ગુણોની પણ હૃદયપૂર્વક પ્રશંસા કરીને તે દ્વારા તેમને ધર્મ-માર્ગમાં પ્રોત્સાહિત કરવા તે **ઉપબૃહણ.**

૬–જેણે ધર્મને પ્રાપ્ત કર્યો નથી તેને ધર્મની પ્રાપ્તિ કરાવવી, અથવા તો ધર્મ-પ્રાપ્ત જીવોને ધર્મથી ચલિત દેખી તેઓને સ્થિર કરવા તે **સ્થિરીકરણ.**

૭–સાધર્મિક-ભાઈઓનું અનેક પ્રકારે હિત વિચારવું તે **વાત્સલ્ય.**

૮–એવા સુકૃત્યો કરવાં કે જેથી ધર્મ-હીન મનુષ્ય પણ વીતરાગકથિત ધર્મનું સત્ય મહત્ત્વ સમજવા લાગે તે **પ્રભાવના.**

આ દ્વારા દર્શન (સમ્યક્ત્વ)ની પ્રાપ્તિ થાય છે અથવા તો પ્રાપ્ત સમ્યક્ત્વની રક્ષા થાય છે. તેથી તેને દર્શનાચાર કહે છે. પ્રથમ ચાર આચાર આભ્યંતર છે, બાકીના ચાર બાહ્ય છે.

## ચારિત્રાચારના આઠ અતિચાર :–

ચારિત્રના આચારમાં જે જે દોષ લાગે તેને અતિચાર કહેવામાં આવે છે. નીચે ચારિત્રના આઠ આચાર જણાવવામાં આવે છે :–

**પણિહાણ-જોગજુત્તો, પંચહિં સમિઇહિં તીહિં ગુત્તીહિં ।**
**એસ ચરિત્તાયારો, અટ્ઠવિહો હોઈ નાયવ્વો. ॥૪॥**

પ્રણિધાન યોગપૂર્વક – મનોયોગ, વચનયોગ અને કાયયોગની એકાગ્રતાપૂર્વક સંયમનું પાલન તે ચારિત્રાચાર કહેવાય. પાંચ સમિતિઓ અને ત્રણ ગુપ્તિઓ એ ચારિત્રાચારના આઠ ભેદ છે, કેમકે તે ચારિત્ર-પાલનના મુખ્ય અંગ છે અને તેનું પાલન કરવામાં યોગની સ્થિરતા આવશ્યક છે. એ વિષે પત્રસુધામાં જણાવે છેઃ

"(૬) પ્રશ્ન–યત્ના એટલે શું ?

ઉત્તર–મોક્ષમાળામાં ૨૭મો પાઠ યત્ના વિષે છે, તેમાં વિસ્તારપૂર્વક જણાવેલું છે. ટૂંકામાં ધર્મ અને વ્યવહારની ક્રિયાઓ કરતાં પાપ ન થાય તેવી કાળજી રાખીને પ્રવર્તવું તે યત્ના કહેવાય છે. ચાલતી વખતે જોઈને પગ મૂકવો, જરૂર વિના નકામું ફરફર ન કરવું. જીવોની હિંસા ન થાય એવી ભગવાનની આજ્ઞા છે તે પ્રમાણે લક્ષ રાખી ચાલવું તે ઈર્યાસમિતિ કહેવાય છે. તે જે પ્રકારે ભગવાને કહ્યું છે તે લક્ષ રાખી પાપકારી વચનો ન બોલાય તેમ વર્તવું તે ભાષાસમિતિ છે. ભોજનમાં પણ પાપપ્રવૃત્તિ ટાળી ભગવાનની આજ્ઞામાં પ્રવર્તવું તેને એષણાસમિતિ કહે છે. વસ્તુ લેતાં-મૂકતાં પણ આજ્ઞા પ્રમાણે વર્તવું તેને આદાનનિક્ષેપસમિતિ કહે છે. અને મળમૂત્રનો ત્યાગ કરતાં પણ જીવહિંસા ન થાય તેવો લક્ષ રાખવા ભગવાને જણાવ્યું છે, તેમ પ્રવર્તવું તે પારિઠાવણિયાસમિતિ (પ્રતિષ્ઠાપના) કહેવાય છે. એ પાંચ પ્રકારની પ્રવૃત્તિમાં બધાં કામ લગભગ આવી જાય છે. એ બધી ક્રિયા કરતાં જીવહિંસા ન થાય તેવો ઉપદેશ ભગવાને આપેલો છે તે લક્ષમાં રાખીને વર્તવું તેને યત્ના કહે છે.

દૃષ્ટાંત તરીકે ચૂલામાં લાકડાં મૂકતાં પહેલાં ખંખેરીને મૂકીએ તો કીડી, ઉધેઈ આદિ જીવો બળી ન જાય; પાણી ગાળવાનું કપડું કાણું કે

બહુ પહોળાં છિદ્રોવાળું ન હોય તો તેની પાર થઈને પોરા વગેરે માટલામાં ન જાય. એકવડું ગરણું હોય તેને બદલે મોટું રાખ્યું હોય તો બેવડું કરી ગાળવાથી પાણીની શુદ્ધિ રહે અને જંતુઓ પાર ન જાય; તેથી વાળા વગેરે રોગો પણ ન થાય અને જીવહિંસાનું પાપ ન લાગે. અનાજમાં રહેલા સૂક્ષ્મ જીવજંતુઓની અપૂર્ણ તપાસ, એંઠા વાસણ રાત્રે રહેવા દીધાં હોય, ઓરડા વગેરે સ્વચ્છ ન રાખ્યા હોય, આંગણામાં પાણી ઢોળવું, પાટલા વગર ધગધગતી થાળી નીચે મૂકવી, ઇત્યાદિ ક્રિયાઓ અયત્નાથી થાય છે; અને કાળજી રાખી હોય તો સ્વચ્છતા, આરોગ્ય આદિ સુંદર ફળ પ્રાપ્ત થાય અને ધર્મનું આરાધન પણ થાય.'' -પત્રસુધા (પૃ.૬૪૮)

**તપાચારના બાર અતિચાર :–**

તપના બાર આચારમાં જે જે દોષ લાગે તેને અતિચાર કહેવામાં આવે છે.

**અણસણમુણો અરિઆ, વિત્તી-સંખેવણં રસ-ચ્ચાઓ ।**
**કાય-કિલેસો સંલીણયા ય બજઝો તવો હોઈ. ।।૬।।**

બાહ્ય તપનાં નામ તથા તેનું સ્વરૂપ આ પ્રમાણે છે :–

૧–થોડા અથવા તો ઘણા સમય માટે સર્વ પ્રકારના ભોજનનો ત્યાગ તે **અનશન.** ૨–નિયત ભોજન-પરિમાણથી બે ચાર કોળિયા ઓછા લેવા તે (ઊણોદરી) **ઉનોદરતા.** ૩–ખાવા-પીવાની તથા ભોગની ચીજોના પરિમાણમાં ઘટાડો કરવો તે **વૃત્તિ-સંક્ષેપ.** ૪–ઘી, દૂધ આદિ રસનો યા તેના ઉપરની આસક્તિનો ત્યાગ તે **રસ ત્યાગ.** ૫–કષ્ટ સહેવા અર્થે અર્થાત્ સહનશીલ બનવા અર્થે કેશલુંચન આદિ ક્રિયા તે **કાયક્લેશ.** ૬–વિષયવાસનાઓને જાગ્રત થવા ન દેવી અથવા અંગઉપાંગોની કુચેષ્ટાઓને રોકવી તે **સંલીનતા.** આ તપ બાહ્ય એટલા માટે કહેવાય છે કે તે કરનારા મનુષ્ય બાહ્ય દૃષ્ટિએ-સર્વ સાધારણની દૃષ્ટિમાં તપસ્વી કહેવાય છે.

**અભ્યંતર તપના છ અતિચાર :–**

અભ્યંતર તપના આચારમાં જે જે દોષ લાગે તેને અતિચાર કહેવામાં આવે છે. અભ્યંતર તપના છ આચાર જણાવવામાં આવે છે.

**પાયચ્છિત્તં વિણઓ, વેયાવચ્ચં તહેવ સજ્ઝાઓ ।**
**ઝાણં ઉસ્સગ્ગો વિ અ, અબ્ભિંતરઓ તવો હોઈ ॥૭॥**

અભ્યંતર તપનું નામ તથા સ્વરૂપ નીચે પ્રમાણે :–

(૧) કરેલ દોષોને ગુરુ સમીપે પ્રગટ કરીને તેના પાપનિવારણ અર્થે આલોચના લેવી અને કરવી તે **પ્રાયશ્ચિત્ત.** (૨) પૂજ્યો તરફ મન, વચન અને શરીરથી નમ્રભાવ પ્રગટ કરવો તે **વિનય.** (૩) ગુર, વૃદ્ધ, ગ્લાન વગેરેની ઉચિત સેવા ભક્તિ અર્થાત્ ખાનપાન આદિ દ્વારા તેમને સુખ પમાડવું તે **વૈયાવૃત્ય.** (૪) વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા દ્વારા શાસ્ત્રાભ્યાસ તે **સ્વાધ્યાય.** (૫) આર્ત-રૌદ્ર ધ્યાનને છોડી ધર્મ યા શુક્લધ્યાનમાં રહેવું તે **ધ્યાન.** (૬) કર્મ-ક્ષયાર્થે શરીરનો ત્યાગ અર્થાત્ તે ઉપરથી મમતાનું દૂર કરવાપણું તે ઉત્સર્ગ અથવા **કાયોત્સર્ગ** છે.

આ તપ આભ્યન્તર એટલા માટે કહેવાય છે કે તેનું આચરણ કરનારા મનુષ્ય સર્વ સાધારણની દૃષ્ટિએ તપસ્વી દેખવામાં કે સમજવામાં આવતા નથી પરંતુ શાસ્ત્રદૃષ્ટિએ તે અવશ્ય તપસ્વી છે.

**વીર્યાચારના ત્રણ અતિચાર :–**

વીર્યના આચારમાં જે જે દોષ લાગે તે અતિચાર કહેવામાં આવે છે. વીર્યના ત્રણ આચાર જણાવવામાં આવે છે :–

**અણિગૂહિઅ-બલ-વીરિઓ, પરક્કમઈ જો જહુત્તમાઉત્તો ।**
**જુંજઈ અ જહાથામં, નાયવ્વો વીરિઆયારો. ॥૮॥**

**અર્થ :–** ઉપર કહેલા જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપના છત્રીસ આચારોને વિષે જે બાહ્ય અને અભ્યંતર સામાર્થ્યને ન ગોપવતાં-ન છુપાવતાં પરાક્રમ કરે છે, અને તેના પાલનમાં પોતાના આત્માને યથાશક્તિ જોડે છે. તેવા આચારવાનનો આચાર વીર્યાચાર જાણવો.

૧—મનોબળ અને કાયબળને ગોપવ્યા વિના ઉદ્યમ કરે તે. ૨—શાસ્ત્રોક્ત રીતિ અનુસાર પરાક્રમ કરે તે. ૩—જે ધર્મક્રિયામાં યથાશક્તિ પ્રવૃત્તિ કરે તે. તેના આ આચરણને **વીર્યાચાર** કહે છે.

-પ્રતિક્રમણસૂત્ર

## સાધુના ૧૨૫ અતિચાર :–

**ઈર્યા સમિતિના ૪, ભાષા સમિતિના ૨, એષણા સમિતિના ૪૭, આદાન ભંડમત સમિતિના ૨, ઉત્સર્ગ સમિતિના ૧૦, મનગુપ્તિના ૩, વચનગુપ્તિના ૩, કાયગુપ્તિના ૩, રાત્રિભોજન વિરમણના ૨, જ્ઞાનના ૧૪, સમકિતના ૫, સંલેખનાના ૫, તથા પાંચ મહાવ્રતની પાંચ ભાવનાઓ છે; તે દરેકના ૫-૫ દોષ મળીને ૨૫ અતિચાર.** બધા મળીને સાધુના ૧૨૫ અતિચારનો વિસ્તાર નીચે પ્રમાણે જાણવો–

ભગવાને 'જેમ આજ્ઞા આપી છે તેમ આજ્ઞાના ઉપયોગપૂર્વક ચાલવું પડે તો ચાલવું' એ **ઇર્યા સમિતિ** કહેવાય છે.

**ઈર્યા સમિતિ**–ના ચાર ભેદ (૧) **આલંબન**–જ્ઞાન, દર્શન, ચારિત્રનું. (૨) **કાળ**–રાત્રે કે દિવસે પૂંજીને ચાલવું. (૩) **માર્ગ**– રાજમાર્ગમાં ચાલે, ઊજડમાર્ગમાં ન જવું. (૪) **યત્ના**–(જયણા-સાવધાની) ના ૪ ભેદ. **દ્રવ્યથી**–છકાય જીવોની યત્ના કરી ચાલે. **ક્ષેત્રથી**–સાડાત્રણ હાથ પ્રમાણ જમીન આગળ જોતા ચાલે. **કાળથી**–રસ્તે ચાલતી વખતે ન બોલે (રાત્રે પૂંજ્યા વિના હલનચલન ન કરે. **ભાવથી**–રસ્તે ચાલતાં વાંચન, પૂછવું, પરાવર્તના, ધર્મકથા આદિ ન કરે, શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શાદિ વિષયમાં ધ્યાન ન દે. (ઉપયોગપૂર્વક ચાલે) આજ્ઞાના ઉપયોગ-પૂર્વક ન ચાલવું તે અતિચાર કહેવાય છે.

ભગવાને 'જેમ આજ્ઞા આપી છે તેમ આજ્ઞાના ઉપયોગપૂર્વક બોલવું પડે તો બોલવું.' એ **ભાષાસમિતિ** કહેવાય છે.

**ભાષાસમિતિ**–ના બે ભેદ (૧) સાવદ્ય–પાપવાળી ભાષા બોલી હોય, (૨) અમર્યાદાથી ભાષા બોલી હોય તો દોષ લાગે.

ભગવાને 'જેમ આજ્ઞા આપી છે તેમ આજ્ઞાના ઉપયોગપૂર્વક આહા-રાદિ ગ્રહણ કરવું' તે **એષણા સમિતિ** કહેવાય છે. એષણા સમિતિના કુલ ૪૭ દોષ અથવા અતિચાર છે. તેમાં ઉદ્‌ગમના ૧૬ દોષ, ઉત્પાદનના ૧૬ દોષ, ગ્રાસૈષણાના ૫ દોષ અને એષણાના ૧૦ દોષ મળીને કુલ ૪૭ દોષ નીચે પ્રમાણે છે :

**એષણા સમિતિ–ઉદ્ગમના સોળ દોષ** છે તે ગૃહસ્થથી ઉત્પન્ન થાય છે. **ઉત્પાદનના** પણ **સોળ દોષ** છે તે સાધુથી જ ઉત્પન્ન થાય છે અને **ગ્રાસૈષણાના પાંચ દોષ** કોઈ પ્રસંગથી ઉત્પન્ન થાય છે અને **એષણાના દશ દોષ** સાધુ અને ગૃહસ્થ બન્નેથી થાય છે તે નીચે પ્રમાણે :

**ઉદ્ગમના સોળ દોષ :–**

**૧. આધાકર્મ**–કેવળ સાધુને માટે જ છકાય જીવની વિરાધના વડે અશનાદિક આહાર તૈયાર કરવાની ક્રિયા. આ પ્રમાણેની પાપક્રિયાથી તૈયાર થયેલ આહાર દોષ અને દોષવાનની અભેદ વિવક્ષાએ દૂષિત ગણાય. એ જ પ્રમાણે આગળના દરેક દોષોમાં પણ સમજી લેવું. **૨. ઔદ્દેશિક**–સર્વ સાધુઓને ઉદ્દેશીને કરવામાં આવેલ. **૩. પૂતિકર્મ**–શુદ્ધ આહારમાં અશુદ્ધ આહારનો સંયોગ, શુદ્ધ આહારમાં આધાકર્મિક આહારનો એક પણ કણ મિશ્ર થાય તો તે પૂતિકર્મ થઈ જાય. **૪. મિશ્રજાત**–શરૂઆતથી જ ગૃહસ્થ અને સાધુ બન્ને માટે ભેગો બનાવેલ. **૫. સ્થાપના**–કેટલોક સમય સાધુને અર્થે આહારાદિ રાખી મૂકવા. **૬. પ્રાભૃતિકા**–સાધુનો લાભ લેવા માટે વિવાહાદિ કાળ આગળ-પાછળ રાખવો. **૭. પ્રાદુષ્કરણ**-સાધુને વહોરવાના સ્થાનમાં વસ્તુને પ્રગટ કરવા દીપક કરે, બારી-બારણા હોય તો ઉઘાડે. **૮. ક્રીત**–સાધુને વહોરાવવા નિમિત્તે દ્રવ્યાદિથી વસ્તુઓ ખરીદવી. **૯. પ્રામિત્ય**–વહોરાવવા નિમિત્તે દ્રવ્યાદિથી વસ્તુઓ ઉધાર લાવે. **૧૦. પરિવર્તિતા**–સાધુને વહોરાવવા નિમિત્તે વસ્તુનો અદલો-બદલો કરે. **૧૧. અભ્યાહ્રત**–સાધુને વહોરાવવા નિમિત્તે જ્યાં સાધુ વસતા હોય ત્યાં સામો આહાર લઈ જાય અથવા બીજા ગામથી મંગાવે, એક સ્થાનથી બીજે સ્થાને લઈ જાય. **૧૨. ઉદ્ભિન્ન**–માટી વગેરેથી છાંદેલ ઘડાને ખોલીને આહાર આપે. **૧૩. માલાહ્રત**– ભોંયરામાંથી, કોઠારમાંથી અગર તો માળ ઉપરથી લાવીને આપે. **૧૪. આચ્છેદ્ય**–પોતાના પુત્રાદિકની સાધુને વહોરાવવાની અનિચ્છા છતાં તેના પાસેથી બળજબરીથી ગ્રહણ કરીને આપે. **૧૫. અનિસૃષ્ટ**–કોઈ એક પદાર્થની માલીકી ઘણાઓની હોય છતાં તેઓની અનુમતિ વિના આપે અને **૧૬.**

**અધ્યવપૂરક**—ગૃહસ્થે પોતાની રસોઈની શરૂઆત કર્યા પછી 'સાધુ આવશે' એમ વિચારી સાધુને નિમિત્તે વિશેષ રસોઈ રાંધે.

**ઉત્પાદનના સોળ દોષ :—**

**૧. ધાત્રી**—બાળકને રમાડીને આહાર લેવા. **૨. દૂતી**—એક બીજાના સંદેશો પરસ્પર કહીને આહાર લેવો. **૩. નિમિત્ત**—ભૂતકાળ તથા ભવિષ્ય-કાળ સંબંધી નિમિત્તક રહેવું. **૪. આજીવિકા**—દાતાર પુરુષની પાસે પોતાની જાત્યાદિકનો પ્રકાશ કરવો. **૫. વનીપક**—અન્ય ભિક્ષુકની માફક લોકને ગમતી પ્રશંસા કરે યા દાતાર વ્યક્તિને જે સાધુ પૂજ્ય હોય તેનો પોતે ભક્ત છે તેમ દર્શાવે. **૬. ચિકિત્સા**—કોઈ પણ પ્રકારની વ્યાધિ દૂર કરીને અશનાદિ સ્વીકારે. **૭. ક્રોધ**—ઘેબરીયા સાધુની માફક ક્રોધ કરીને આહાર ગ્રહણ કરે. **૮. માન**—સેવિયા ક્ષુલ્લક સાધુની માફક અભિમાન કરીને આહાર સ્વીકારે. **૯. માયા**— અષાઢા-ભૂતિમુનિની માફક કપટ કરીને આહાર લે. **૧૦. લોભ**—સિંહ કેસરીયા મુનિની માફક સારા આહારની ઇચ્છાથી ગૃહસ્થ શ્રીમંત લોકોના ઘરે ગોચરીએ જાય. **૧૧. પૂર્વપશ્ચાત્ સંસ્તવ**—આહાર ગ્રહણ કર્યા પૂર્વે અને આહાર ગ્રહણ કર્યા પછી દાતાર પુરુષની પ્રશંસા કરે કે—''તમને ધન્ય છે. તમે સાધુઓની રૂડી ભક્તિ કરનારા છો. ઇત્યાદિ.'' **૧૨. વિજ્જા**—વિદ્યા શીખવા માટે સાધના બતાવે. **૧૩. મંત્ર**—દેવાધિષ્ઠિત મંત્ર શીખવે. **૧૪. ચૂર્ણ**—નેત્રાંજનાદિક ચૂર્ણ દઈ આહાર સ્વીકારે. **૧૫. યોગ**—અભ્યુદય કરનાર, સુખ અર્પનાર એવો દ્રવ્યસમૂહ પ્રાપ્ત કરવા માટેનો યોગ દર્શાવે અને **૧૬. મૂળકર્મ**—દશ પ્રકારના પ્રાયશ્ચિત્તો પેકી આઠમું મૂળ નામનું પ્રાયશ્ચિત્ત જેથી પ્રાપ્ત થાય તે. જેમકે ગર્ભપાત કરાવવા માટે ઔષધ કરે અથવા વનસ્પતિનું છેદન કરી લોકોને આપે અને 'આ મૂળિયાના જળથી સ્નાન કરવાથી સંતાનપ્રાપ્તિ થાય' તેવો ઉપદેશ આપે તેને આ પ્રાયશ્ચિત્ત થાય છે.

**ગ્રાસૈષણાના પાંચ દોષ :—**

હવે પ્રસંગથી ગ્રાસૈષણાના પાંચ દોષો દર્શાવે છે :—

**૧. સંયોજના**—રસની લોલુપતાથી કોઈ દ્રવ્યમાં રસ વધારવા માટે

બીજાું દ્રવ્ય નાખે. દા.ત. દૂધનો રસ વધારવા તેમાં સાકર નાખે. **૨. પ્રમાણ**–બત્રીશ કવળથી વિશેષ ખાય. **૩. ઇંગાલ**–રાગપૂર્વક આહાર કરે. **૪. ધૂમ્ર**–આહાર દ્વેષપૂર્વક ખાય અને **૫. કારણિક**–કારણ વિના એટલે કે વૈયાવચ્ચ પ્રમુખ છ કારણ સિવાય ભોજન કરે.

પ્રથમ ભેદ સંયોજના બે પ્રકારે છે. **(૧) અંતરસંયોજના** અને (૨) **બહિર્સંયોજના**–ઉપાશ્રયે આવીને સંયોજના કરે તે અંતરસંયોજના અને વસતિ બહાર દૂધ મળ્યા પછી સાકરની ઇચ્છાથી પરિભ્રમણ કર્યા કરે તે બહિર્સંયોજના. આ પ્રમાણે સુડતાલીશ દોષોનું વિશેષ વિવરણ પિંડ-નિર્યુક્તિની ટીકા વગેરે દ્વારા જાણવું. (શ્રી ગચ્છાચાર પયન્ના પૃ.૧૩૮)

**એષણાના દશ દોષ :–**

**૧. શંકિત**–આધાકર્માદિક દોષની શંકાવાળા અશનાદિ સ્વીકારે. **૨. મ્રક્ષિત**–સચિતાદિકથી લીંપાયેલ. **૩. નિક્ષિપ્ત**–સચિત્ત પદાર્થ પર સ્થાપના કરેલ. **૪. પિહિત**–સચિત્તાદિકથી ઢાંકેલ. **૫. સંહૃત**–સચિત્તવસ્તુવાળા ભાજનમાંથી તે સચિત્ત પદાર્થો બીજા ભાજનમાંથી કાઢી નાખી પ્રથમના ભાજન દ્વારા આહાર વહોરાવે તે. **૬. દાયક**–શાસ્ત્રમાં દાન આપવા માટે નિષિદ્ધ કરાયેલ બાળક, ગર્ભવતી સ્ત્રી, સચિત્ત પદાર્થવાળી, ખાંડતી, દળતી, કાંતતી એવી સ્ત્રી ઊઠી દાન આપે તે અથવા તો આંધળી, કંપતી સ્ત્રી ઊઠી દાન આપે તે. **૭. ઉન્મિશ્ર**–સચિત્ત વસ્તુઓ યુક્ત. **૮. અપરણિત**– અચિત્ત નહીં બનેલ તે. ભાવથી તો સૂતકાદિ હોય અથવા તો દાતાર પોતાના ભાવ વિના આપે તે પણ અપરણિત જાણવું. **૯. લિપ્ત**–લેપદ્રવ્યથી ખરડાયેલ ભાજન અથવા હસ્તદ્વારા અપાય તે અને **૧૦. છર્દિત**–આહાર વહોરાવતી વખતે દાતારના હાથમાંથી છાંટો ભૂમિ ઉપર પડ્યો છતાં સ્વીકારે તો આ દોષ લાગે. -શ્રી ગચ્છાચાર પયન્ના (પૃ.૧૪૨)

ભગવાને **'જેમ આજ્ઞા આપી છે તેમ આજ્ઞાના ઉપયોગપૂર્વક વસ્ત્રાદિકનું લેવું મૂકવું'** તે આદાન ભંડમત સમિતિ કહેવાય છે. એના ૨ ભેદ છે. તે પ્રમાણે ન વર્તે તો અતિચાર લાગે છે. તે નીચે પ્રમાણે :–

**આદાન ભંડમત સમિતિ**–૨ પ્રકારે. (૧) સાધુ પુસ્તકાદિને સારી

રીતે જોઈને પ્રમાર્જીને સ્થિરપણે સાવધાનીથી લે, (૨) તેવી જ રીતે સારી રીતે જોયેલા પ્રમાર્જેલા સ્થાને સ્થિરપણે મૂકે અને તેમાં સંમૂર્છન જીવો ઉત્પન્ન ન થાય તે માટે અમુક કાળે ફરીથી તે મૂકેલા પદાર્થોને તપાસે પ્રમાર્જે વગેરે. (ધર્મામૃત પૃ.૨૦૧)

ભગવાને **'જેમ આજ્ઞા આપી છે તે આજ્ઞાના ઉપયોગપૂર્વક દીર્ઘ-શંકાદિ શરીરમળનો ત્યાગ કરવા યોગ્ય ત્યાગ કરવો'** તે ઉત્સર્ગ સમિતિ કહેવાય છે. તેના ૧૦ દોષ છે. તે નીચે પ્રમાણે :–

**ઉત્સર્ગ સમિતિ**–ના ૧૦ દોષ. ૧. જંતુરહિત. ૨. ખાડા, દર ઇત્યાદિથી રહિત. ૩. હરકત ન થાય તેવી સલામત. ૪. નિર્જન. ૫. વિશાળ. ૬. લોકવિરોધ રહિત. ૭. બળેલી. ૮. ખેડેલી કે ખારવાળી હોવાથી. ૯. અચિત થયેલી ભૂમિ પર. ૧૦. શિલા વગેરે પર નહીં. વિષ્ટા, મૂત્ર, કેશ, ઊલટી, મેલ વગેરે અશુચિ દિવસે વિસર્જન કરનાર અને રાત્રે, દિવસ છતાં કોઈ વૈયાવચ્ચાદિમાં પ્રવીણ એવા શ્રમણે ચારે તરફથી જોઈ રાખેલા ઉપર મળને વિસર્જન કરનાર મુનિ ઉત્સર્ગ સમિતિમાં તત્પર છે.

(ધર્મામૃત પૃ.૨૦૨)

## મનગુપ્તિના ત્રણ દોષ

**મનગુપ્તિ**–મન એક વિચારરૂપ મોટું જબરજસ્ત શસ્ત્ર છે. મહાપાપી પણ કામ ન કરે તેવા વિચાર તે કરે છે. **૧. સમરંભ**–બીજાને દુઃખ આપવાની ઇચ્છા. ૨. **સમારંભ**– બીજાને પરિતાપ ઉપજાવવાની ઇચ્છા. **૩. આરંભ**–જીવ કાયા જુદા કરવાની ઇચ્છા. આ ત્રણે કામોને નિવારીને ધર્મ અને શુક્લ ધ્યાનમાં મન લગાવે.

## વચનગુપ્તિના ત્રણ દોષ

**વચનગુપ્તિ**–વચનથી પણ અનંત પ્રાણીઓના સત્યાનાશ થઈ જાય છે. એટલા માટે ત્રણ પ્રકારના વચન બોલવા નહીં. ૧. સારંભ–દુઃખકારી, ૨. સમારંભ–પરિતાપકારી, ૩. આરંભ–મૃત્યુકારી. આ ત્રણ પ્રકારના વચન ન બોલવા.

## કાયગુપ્તિના ત્રણ દોષ

**કાયગુપ્તિ**–કાયાથી કરવું, કરાવવું અને અનુમોદવું.

## રાત્રિભોજન વિરમણના બે દોષ

**રાત્રિભોજન વિરમણ**–રાત્રિએ કોઈ વસ્તુ રાખે, રાત્રે વસ્તુનું સેવન કરે.

હવે જ્ઞાનના ૧૪ દોષ, સમકિતના ૫ દોષ, તથા સંલેખનાના ૫ દોષનું વર્ણન પહેલા શ્રાવકના ૯૯ અતિચારમાં આવી ગયું છે. તે ફરીથી જોઈ જઈ આમાં ઉમેરી લેવા.

## પાંચ મહાવ્રતોના ૫-૫ દોષ મળી કુલ ૨૫ અતિચાર

“**પાંચ મહાવ્રતની ૫-૫ ભાવનાઓ.** તેમાં દોષ લાગે તેથી ૨૫ દોષ થયા. તે ભાવનાઓ નીચે પ્રમાણે છે :–

એ પાંચ મહાવ્રતોની દૃઢતા માટે એક એક વ્રતની પાંચ પાંચ ભાવનાઓ છે જેના ઉપર વ્રતી ધ્યાન રાખે છે.

**(૧) અહિંસાવ્રતની પાંચ ભાવનાઓ**–(૧) વચનગુપ્તિ (૨) મનોગુપ્તિ (૩) ઈર્યા સમિતિ (૪) આદાન નિક્ષેપણ સમિતિ (૫) આલોકિત પાનભોજન-દેખી તપાસીને ભોજન કરવું.

**(૨) સત્યવ્રતની પાંચ ભાવનાઓ**–(૧) ક્રોધનો ત્યાગ, (૨) લોભનો ત્યાગ, (૩) ભયનો ત્યાગ, (૪) હાસ્યનો ત્યાગ, કેમકે આ ચારને વશ થઈ અસત્ય બોલી જવાય છે, (૫) અનુવીચી ભાષણ–શાસ્ત્રોક્ત વચન કહેવું.

**(૩) અચૌર્યવ્રતની પાંચ ભાવનાઓ**–(૧) શૂન્યાગાર-શૂન્ય એકાન્ત જગાએ રહેવું. (૨) વિમોચિતવાસ–છોડી દીધેલાં ઉજ્જડ થયેલાં સ્થાનમાં રહેવું, (૩) પરોપરોધાકરણ–પોતે જ્યાં હોય ત્યાં બીજા આવે તો મનાઈ ન કરવી, અથવા જ્યાં કોઈ મનાઈ કરે ત્યાં ન રહેવું. (૪) ભૈક્ષ્યશુદ્ધિ–શુદ્ધ ભિક્ષા અંતરાય કે દોષ ટાળીને લેવી. (૫) સાધર્મી અવિસંવાદ–સાધર્મી ધર્માત્માઓ સાથે વિસંવાદ અથવા તકરાર ન કરવી.

**(૪) બ્રહ્મચર્ય વ્રતની પાંચ ભાવનાઓ**–(૧) સ્ત્રી રાગકથા

શ્રવણત્યાગ– સ્ત્રીઓની રાગ વધારનાર કથાઓનો ત્યાગ, (૨) તન્મનોહરાંગ નિરીક્ષણ ત્યાગ–સ્ત્રીઓના મનોહર અંગોને દેખવાનો ત્યાગ, (૩) પૂર્વરતાનુસ્મરણ ત્યાગ–પહેલાં ભોગવેલા ભોગોના સ્મરણનો ત્યાગ. (૪) વૃષ્ટોષ્ટરસ ત્યાગ–કામોદ્દીપક પુષ્ટ રસનો ત્યાગ. (૫) સ્વશરીર સંસ્કાર ત્યાગ–પોતાના શરીરના શૃંગારનો ત્યાગ.

**(૫) પરિગ્રહત્યાગ વ્રતની પાંચ ભાવનાઓ**–મનોજ્ઞ અને અમનોજ્ઞ પાંચે ઇન્દ્રિયોના પદાર્થોને પામીને રાગદ્વેષ ન કરતાં સંતોષ રાખવો. આ પાંચ મહાવ્રતની ૨૫ ભાવનાઓ ઉપર મુનિઓ ધ્યાન રાખી વર્તે છે.'' ઉપર પ્રમાણે સાધુના ૧૨૫ અતિચાર પૂર્ણ થયા.

-સહજસુખસાધન (પૃ.૫૪૩)

## અનાચરણના બાવન દોષ

**૫૨ અનાચરણ દોષ**–૧. સાધુ નિમિત્તે બનાવેલ આહાર વગેરે લે નહીં. ૨. પૈસા આપીને વસ્તુ લે નહીં. ૩. સામે લાવીને કોઈ આપે તો લે નહીં. ૪. એક ઘરથી રોજ આહાર લે નહીં. ૫. રાત્રિમાં ચારે પ્રકારનો આહાર ભોગવે નહીં. ૬. સ્નાન કરે નહીં. ૭. સુગંધી દ્રવ્ય સૂંઘે નહીં. ૮. ફૂલની માળા પહેરે નહીં. ૯. પંખા વગેરેથી હવા કરે નહીં. ૧૦. ચારે પ્રકારના આહાર રાત્રિમાં પાસે રાખે નહીં. ૧૧. ધાતુના પાત્રમાં ભોજન કરે નહીં. ૧૨. રાજપિંડ (બહુ પરાક્રમી) આહાર ભોગવે નહીં. ૧૩. દાનશાળાનો આહાર લે નહીં. ૧૪. કારણ વિના શરીરને તેલ વગેરેથી મર્દન કરે નહીં. ૧૫. કોઈ પણ વાહનમાં બેસે નહીં. ૧૬. ગૃહસ્થને સુખશાતા પૂછે નહીં. ૧૭. કાચ વગેરેમાં પોતાનું મુખ જુએ નહીં. ૧૮. ચૌપટ-પત્તે-ગંજીફે ઇત્યાદિ ખેલે નહીં. ૧૯. જ્યોતિષ નિમિત્ત પ્રકાશે નહીં. ૨૦. છત્ર ધારણ કરે નહીં. ૨૧. ઔષધનું કામ કરે નહીં. ૨૨. પગરખું આદિ કોઈપણ પગમાં પહેરે નહીં. ૨૩. અગ્નિને અડકે નહીં. ૨૪. માલિકની આજ્ઞાથી તેના મકાનમાં ઉતારો કર્યો હોય તેના ઘરનો આહાર ભોગવે નહીં. ૨૫. પલંગ, ખુરશી, ખાટલા વગેરે ઉપર બેસે નહીં. ૨૬. વૃદ્ધાવસ્થા, તપસ્યા કે દર્દના કારણ સિવાય ગૃહસ્થના ઘરમાં બેસે નહીં.

૨૭. પીઠી, મેંદી લગાવે નહીં. ૨૮. ગૃહસ્થની વૈયાવચ્ચ-ચાકરી કરે નહીં. પોતે પણ ગૃહસ્થ પાસે કરાવે નહીં. ૨૯. જાતિવાળાને ભેગા કરી આહાર વગેરે લે નહીં. ૩૦. પૃથ્વી-પાણી-વનસ્પતિ અચેત થયા વગર ભોગવે નહીં. ૩૧. દુઃખ ઉત્પન્ન થાય ત્યારે ગૃહસ્થનું શરણ ઇચ્છે નહીં. ૩૨-૪૦ આદુ, શેરડીના સાંઠા, સચિત ફળ, સંચળ, મીઠું, સમુદ્રનું મીઠું, સિંધવ મીઠું આદિ, અચિત થયા વિના વાપરે નહીં. ૪૧. વસ્ત્ર વગેરેને તડકે નાખે નહીં. ૪૨. શિર, દાઢી અને મૂછના લોચ સિવાય બીજા સ્થાનનો લોચ કરે નહીં. ૪૩. ગુહ્યસ્થાનની સંભાળ લે નહીં. ૪૪. કારણ વિના રેચની ઔષધિ લે નહીં. ૪૫. કારણ વિના શોભા નિમિત્તે આંખમાં અંજન આંજે નહીં. ૪૬. દાતણ કરે નહીં. ૪૭. કસરત-મલકુસ્તી કરે નહીં. ૪૮. સૂરણ કંદ આદિનું ભક્ષણ કરે નહીં. ૪૯. સચિત બીજ-કાચા અનાજનું ભક્ષણ કરે નહીં. ૫૦. ઔષધ લઈને મુખમાં આંગળી વગેરે નાખીને વમન કરે નહીં. ૫૧. શરીરની શોભા-વિભૂષા કરે નહીં. ૫૨. દાંત રંગે નહીં. એ બધા અનાચરણનો ત્યાગ કરે, એવો શુદ્ધ સંયમ સાધુ મહારાજ પાળે છે. -જૈન તત્ત્વપ્રકાશ (પૃ.૨૭૫)

**મેં જીવને અજીવ સદહ્યા, પ્રરૂપ્યા; અજીવને જીવ સદહ્યા, પ્રરૂપ્યા; ધર્મને અધર્મ અને અધર્મને ધર્મ સદહ્યા, પ્રરૂપ્યા; સાધુને અસાધુ અને અસાધુને સાધુ સદહ્યા, પ્રરૂપ્યા; તથા ઉત્તમ પુરુષ, સાધુ, મુનિરાજ, સાધ્વીજીની સેવા ભક્તિ યથાવિધિ માનતાદિ નહીં કરી, નહીં કરાવી, નહીં અનુમોદી તથા અસાધુઓની સેવા ભક્તિ આદિ માનતા, પક્ષ કર્યો; મુક્તિના માર્ગમાં સંસારનો માર્ગ યાવત્ પચ્ચીસ મિથ્યાત્વમાંના મિથ્યાત્વ સેવ્યાં, સેવરાવ્યાં, અનુમોદ્યાં, મને કરી, વચને કરી, કાયાએ કરી; પચીસ કષાય સંબંધી, પચીસ ક્રિયા સંબંધી, તેત્રીશ આશાતના સંબંધી, ધ્યાનના ઓગણીસ દોષ, વંદનાના બત્રીસ દોષ, સામાયિકના બત્રીસ દોષ અને પોસહના અઢાર દોષ સંબંધી મને, વચને કાયાએ કરી જે કાંઈ પાપ દોષ લાગ્યા, લગાવ્યા, અનુમોદ્યા, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.**

**ભાવાર્થ :–** મેં જીવને અજીવરૂપે સદહ્યા એટલે શ્રદ્ધા કરી અર્થાત્

માન્યા અને પ્રરૂપ્યા એટલે તેની તે પ્રમાણે પ્રરૂપણા કરી અર્થાત્ તે પ્રમાણે બીજાને પણ વાત કરી. તેવી જ રીતે અજીવને જીવ, ધર્મને અધર્મ, સાધુને અસાધુ અને અસાધુને સાધુ રૂપે માન્યા અને તેનો તે પ્રમાણે ફેલાવો કર્યો, તથા ઉત્તમ પુરુષ, સાધુ, મુનિરાજ, સાધ્વીજીની સેવા ભક્તિ યથાવિધિસહિત તેમજ માન્યતાદિ નહીં કરી, નહીં કરાવી, નહીં અનુમોદી; તથા અસાધુઓની સેવા ભક્તિ આદિ માન્યતા કરીને તેમનો પક્ષ લીધો, મુક્તિ એટલે મોક્ષના માર્ગમાં ચાલતાં સંસારનો માર્ગ આરાધ્યો. તેમ કરતાં **પચીસ પ્રકારના મિથ્યાત્વમાંના મિથ્યાત્વ સેવ્યા**, સેવરાવ્યા, અનુમોદ્યા, તે મનવચનકાયાએ કરી સેવ્યા. વળી **પચીસ પ્રકારના કષાય સંબંધી દોષ, પચીસ પ્રકારના ક્રિયા સંબંધી દોષ, તેત્રીસ આશાતના સંબંધી દોષ, ધ્યાનના ઓગણીસ દોષ, વંદનાના બત્રીસ દોષ, સામાયિકના બત્રીસ દોષ** અને **પોસહના અઢાર દોષ** સંબંધી મનવચનકાયાથી કરીને જે કાંઈ પાપ લાગ્યા, લગાવ્યા, અનુમોદ્યા હોય તે સર્વ માટે મને ધિક્કાર, ધિક્કાર હો, વારંવાર જણાવું છું કે પ્રભુ! મારા તે સર્વે દુષ્કૃત્યો મિથ્યા થાઓ.

## પચીસ પ્રકારના મિથ્યાત્વ

**આઠ શંકા આદિ**—૧. શંકા, ૨. કંખા, ૩. વિચિકિત્સા, ૪. મૂઢદૃષ્ટિ, ૫. અનઉપગૂહન, ૬. અસ્થિરીકરણ, ૭. અવાત્સલ્ય અને ૮. અપ્રભાવના.

**ત્રણ મૂઢતા**—લોકમૂઢતા, દેવમૂઢતા, ગુરુમૂઢતા એ ત્રણ મૂઢતા છે.

**છ અનાયતન**—કુદેવ, કુધર્મ અને કુશાસ્ત્ર અને તે દરેકનું સેવન કરનાર એ ધર્મના આયતન એટલે સ્થાન નથી. તેથી, અનાયતન છે.

**આઠ મદ**—જાતિમદ, કુળમદ, ઐશ્વર્યમદ, રૂપમદ, શાસ્ત્રજ્ઞાનમદ, તપમદ, બળમદ અને વિજ્ઞાનમદ એ આઠ મદ. એમ ૮+૩+૬+૮ =૨૫. એ બધા મળીને મિથ્યાત્વના પચીસ પ્રકાર થયા.

## ૨૫ પ્રકારના કષાય

**પચીસકષાય** —અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ

—અપ્રત્યાખ્યાની ” ” ”
—પ્રત્યાખ્યાની ” ” ”
—સંજ્વલન ” ” ”

ઉપરના સોળ કષાય તથા હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસવેદ એ નવ નોકષાય. એ સર્વ મળી ૨૫ કષાય થાય.

### ૧૬ કષાયોની દૃષ્ટાંત દ્વારા સમજુતી

**અનંતાનુબંધી ક્રોધ**=પર્વતની ફાટ સમાન, ક્યારે પણ વિલય ન પામે
**અપ્રત્યાખ્યાની** ” = પૃથ્વીમાંની રેખા સમાન, મંદ વરસાદથી મટે.
**પ્રત્યાખ્યાની** ” = રેતીમાં દોરેલી રેખા સમાન, પવનથી દૂર થાય.
**સંજ્વલન** ” = જળમાં દોરેલી રેખા સમાન, તરત વિલય પામે.
**અનંતાનુબંધી માન**= પત્થરના સ્તંભ જેવો, કોઈ રીતે ન નમે.
**અપ્રત્યાખ્યાની** ” = અસ્થિ સરખો, મહાકષ્ટે નમે.
**પ્રત્યાખ્યાની** ” = કાષ્ટ સરખો, ઉપાયે નમે.
**સંજ્વલન** ” = નેતરની સોટી સરખો
**અનંતાનુબંધી માયા** = વાંસના મૂળ સરખી, તેની કુટિલતા ટળે જ નહિ.
**અપ્રત્યાખ્યાની** ” = ઘેટાના શીંગડા સરખી, વક્રતા અતિ કષ્ટે ટળે.
**પ્રત્યાખ્યાની** ” = બળદના મૂત્રની ધારા સરખી, પવનાદિથી વક્રતા ટળે.
**સંજ્વલન** ” = વાંસની છાલ સરખી, સહેલાઈથી વળે
**અનંતાનુબંધી લોભ** = કિરમજી રંગ સરખો - કદાપિ ન મટે.
**અપ્રત્યાખ્યાની** ” = ગાડાના પૈંડાની કીટ સરખો, અતિ કષ્ટે ટળે.
**પ્રત્યાખ્યાની** ” = વસ્ત્રે લાગેલા કાજળ સરખો, દુઃખે ઉતરે.
**સંજ્વલન** ” = હળદરના રંગ સરખો, સૂર્ય તાપે ટળે.

### હાસ્યમોહનીય આદિ છ નોકષાયની વ્યાખ્યા

૧. વિશિષ્ટ નિમિત્ત હોય કે ન હોય, છતાં પણ જેના ઉદયે જીવને

હસવું આવે, તે **હાસ્યમોહનીય** કહેવાય છે. એવી રીતે રતિ આદિ પાંચમાં પણ જાણવું. ૨ **રતિ**=પ્રમોદ. ૩. **અરતિ**=અપ્રીતિ. ૪. **શોક**=છાતી વગેરે કૂટવાં, રડવું, વિલાપ કરવો, લાંબા નિસાસા લેવા, જમીન ઉપર આળોટવું વગેરે. ૫. **ભય**=આ લોક ભય, પરલોક ભય, વગેરે સાત પ્રકારનો. ૬. **જુગુપ્સા**=ઘૃણા થવી.

## નોકષાયમાં આવેલ ત્રણ વેદનું સ્વરૂપ

૧. પિત્તના પ્રકોપથી, જેમ મધુર દ્રવ્ય ખાવાની ઇચ્છા થાય, તેમ જેના વશથી સ્ત્રીને પુરુષની કામના થાય, તે **સ્ત્રીવેદ**નો ઉદય જાણવો. છાણના અગ્નિના દાહ સરખો છે.

૨. પિત્ત અને શ્લેષ્મ બન્નેના પ્રકારથી, જેમ ખાટું (ખટાશ) ખાવાની ઇચ્છા થાય, તેમ જેના વશથી પુરુષને સ્ત્રીની કામના થાય, તે **પુરુષવેદ**નો ઉદય જાણવો. તે ઘાસના અગ્નિના દાહ સરખો છે.

૩. પિત્ત અને શ્લેષ્મ બન્નેના પ્રકોપથી, જેમ દહીં, સાકર અને સુગંધી વસ્તુથી મિશ્રિત ખાદ્ય વિશેષ ખાવાની ઇચ્છા થાય, તેમ જેના વશથી નપુંસકને, પુરુષ તથા સ્ત્રી બન્નેની કામના થાય, તે **નપુંસકવેદ**નો ઉદય જાણવો. તે નગરના દાહ સમાન છે. -પ્રથમ કર્મગ્રંથ

## પચીસ પ્રકારની ક્રિયા

આત્મામાં વીર્યની સ્ફુરણા થવી તેને ક્રિયા કહે છે. અથવા વીર્યાન્તરાય કર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત થયેલ શક્તિ દ્વારા જ્યારે આત્મા બહિર્મુખ થઈ વ્યાપાર કરે છે ત્યારે તેને ક્રિયા કહે છે. તે ક્રિયા મન વચન કાયાના યોગથી થાય છે, તેથી કર્મબંધ થાય છે. ક્રિયાના ૨૫ પ્રકાર નીચે મુજબ છે :–

**૧. કાઇયા**–પાપનો ત્યાગ ન કરે પણ પાપમાં પ્રવૃત્તિ કરે. **૨. આહિગરણિયા**–શસ્ત્ર-સોય, કતરણી, ચાકુ, છરી, તલવાર, ભાલા વગેરે તૈયાર રાખવા. નવા શસ્ત્ર બનાવવા. **૩. પાઉસિયા**–જીવ-અજીવ પર દ્વેષ કરવો. એટલે ધનવાનને સુખી દેખીને દ્વેષભાવ કરે, ઇર્ષા કરે. એવું ચિંતવે કે એ ક્યારે દુઃખી થશે. અજીવય દ્વેષ–વસ્ત્રાભૂષણ 'મકાન

વગેરે એનું ક્યારે નાશ થશે. એ બન્ને કર્મબંધનું જ કારણ છે. **૪. પરિતાવણિયા**—સ્વ-પરને પરિતાપ ઉપજાવવું. **૫.પાણાઈવાઈયા**—સ્વ-પરના પ્રાણનો નાશ કરવો. **૬. અપચ્ચખ્ખાણિયા**—ત્યાગ-પ્રત્યાખ્યાન કરે નહીં. **૭. આરંભિયા**—પ્રાણીઓની હિંસાનો ત્યાગ કરે નહીં. તેથી જગતમાં આરંભ થઈ રહ્યો છે તેનું બધાનું પાપ તેને લાગે છે. **૮. પરિગ્ગા-હિયા**—સંગ્રહ કરવું, અથવા જીવ-અજીવ પદાર્થોમાં આસક્તિ રાખવી. **૯. માયાવત્તિયા**— સ્વ-પરને ઠગવું. **૧૦. મિચ્છા દંસણ વત્તિયા**—મિથ્યા શ્રદ્ધા અથવા તત્ત્વાર્થમાં ન્યૂનાધિક અને વિપરીતરૂપથી માનવું-પ્રતિપાદન કરવું. **૧૧. દિઠિયા**—કુતૂહલથી જોવા જવું. **૧૨. પુઠ્ઠિયા**—પદાર્થોનો સ્પર્શ કરવો. **૧૩. પાડુચ્ચિયા**—કોઈ ઉપર દ્વેષ કરવાથી ક્રિયા લાગે છે. એના બે ભેદ :— (૧) જીવ— માતા, પિતા, સ્ત્રી, પુત્ર, મિત્ર, શિષ્ય, ગુરુ, શત્રુ વગેરે; ભેંસ, ઘોડા, સાપ, મચ્છર વગેરે સજીવ વસ્તુ પર દ્વેષ કરવાથી. (૨) અજીવ— વસ્ત્રાભૂષણ, મકાન વગેરે પર દ્વેષ રાખવાથી પણ ક્રિયા લાગે છે. આ જન્મમાં અનેક પ્રકારના પાપારંભ કરે છે અને બીજા ભવમાં પણ ગતિ બગડી જાય છે. ધર્મી હોય તો પણ દ્વેષભાવથી વ્યંતર યોનિમાં ઉત્પન્ન થાય છે. **૧૪. સામંતો વણીયા ક્રિયા**—એના બે ભેદ : (૧) સજીવ વસ્તુને ભેગી કરવી તે દાસ, દાસી, ઘોડા, હાથી, બળદ વગેરે તેને લોકો જોવા આવે અને પ્રશંસા કરે તે સાંભળી હર્ષાયમાન થાય. તથા તેનો વેપાર કરવો. (૨) નિર્જીવ ધાતુ, ઘર, મહેલ, વસ્ત્ર ઇત્યાદિ વસ્તુઓનો સંગ્રહ કરી રાખવો. અને તેની પ્રશંસા સાંભળી હર્ષાયમાન થવું. ઘી, તેલ વગેરેના વાસણ ઉઘાડા મૂકવા. તેમાં જીવ પડીને મરી જાય તેની પાપ ક્રિયા લાગે છે. **૧૫.''સાહત્થીયા''**—જીવોને મેંઢા મેંઢા સાથે લડાવે. મરઘા, સર્પ, સાંઢ વગેરેને લડાવે. એક બીજાની ચૂગલી ચાડી કરીને લડાવે. ગાય, ભેંસ વગેરેનો વધ, બંધન કરે. **૧૬.''નેસથીયા ક્રિયા''**—જૂ, લીખ, માંકડ વગેરે કે કોઈ મોટા જીવને ઉપરથી નાખે તો તેને દુઃખ થાય. શસ્ત્ર વસ્ત્ર વગેરે પણ અયત્નાથી નાખે તેથી જીવોની હિંસા થાય. **૧૭.''અણવણિયા ક્રિયા''**—સજીવ વસ્તુ કે નિર્જીવ વસ્તુ મંગાવવાથી, માલિકના હુકમથી કોઈ કામ કરાવે તો તે ક્રિયા માલિકને

લાગે છે. **૧૮.''વેયારણિયા''**– સજીવ વસ્તુ ભાજી, ફળ, ફૂલ, અનાજ વગેરેના ટુકડા કરવાથી. નિર્જીવ વસ્તુ, ધાતુ, મકાન, પત્થર, ઇંટ વગેરેના ટુકડા કરવા. કષાયને વશ થઈ તોડે તે વીદારણીય ક્રિયા છે. **૧૯.''અણા ભોગવત્તીયા''**–અયત્નાથી જોયા વિના વસ્ત્ર, પાત્ર ગ્રહણ કરે, જ્યાં ત્યાં મૂકે. અયત્નાથી સાધુ ક્રિયા કરે એમાં કોઈ જીવની હિંસા ન થાય તો પણ હિંસક કહ્યાં છે. યત્નાથી કરતાં અજાણમાં હિંસા થઈ જાય તો પણ અહિંસક છે. **૨૦.''અણવ કંખ વત્તિયા''**–આ લોક કે પરલોક વિરુદ્ધ કામ કરે. હિંસામાં ધર્મ પ્રરૂપે, ઇચ્છા નહીં છતાં પણ સ્વ-પરને પીડા થાય તે પ્રકારે પોતાના અને બીજાના શરીર પાસેથી કામ લેવું તે ક્રિયા. **૨૧.''અનપિઉગવત્તીયા''**– (૧) જીવના; સ્ત્રી પુરુષનો, ગાય બળદનો સંયોગ કરાવે. (૨) અજીવ; વેપાર, કરીયાણા ભૂષણ વસ્ત્ર વગેરેની દલાલી કરવાથી ક્રિયા લાગે. **૨૨.''સમુદાણીયા ક્રિયા''**–એક કામ ઘણા જણ મળીને કરે તે સમુદાણીયા ક્રિયા. જેમ કંપનીમાં વેપારથી, નાટક દેખવાથી, સોદા થતા હોય ત્યાં, તાસ-ગંજીફે ખેલતા હોય, ફાંસી દેખવાથી, વેશ્યાનું નૃત્ય, મેળા આદિ મહોત્સવમાં ઘણા લોકો ભેગા થાય ત્યાં આ ક્રિયા લાગે છે. આ કર્મોમાં સર્વ જીવોના એકદમ એક સરખા પરિણામ થાય છે. જેથી ઘણા લોકોને એક સરખા કર્મ બંધાય છે. જેથી આગ લાગવાથી, જહાજ ડૂબવાથી, પ્લેગાદિ રોગ થવાથી, એકદમ ઘણા જીવો મરી જાય છે. **૨૩.''પેજવતીયા''**–પ્રેમ ભાવના ઉદયથી ક્રિયા લાગે. તેના બે ભેદ છે : (૧) માયા કપટ કરવાથી (૨) લોભ કરવાથી આ માયા અને લોભ રાગની પ્રકૃતિ છે. એ બન્ને રાગ કષાયમાં લીધી છે. **૨૪.''દોષતીયા ક્રિયા''**–કોઈ વસ્તુ પર દ્વેષ ભાવ લાવવાથી જે ક્રિયા લાગે તેના બે ભેદ : (૧) ક્રોધ કરવાથી (૨) માન કરવાથી. આ બન્ને દ્વેષની પ્રકૃતિ છે. **૨૫. ''ઇરિયાવહી ક્રિયા''**–હલનચલન કરવાથી લાગે. તેના બે ભેદ : (૧) છદ્મસ્થની; કષાય સહિત સાધુને લાગે તે. (૨) કેવળીની; તે કેવળી ભગવાન હલનચલનાદિ કરે ત્યારે લાગે. પરંતુ તે પહેલા સમયે ક્રિયા લાગે, બીજા સમયે વેદે, ત્રીજા સમયે નિર્જરે, આ ક્રિયા કેવળીને ત્રણ સમય જ રહે છે.

આ પચીસ ક્રિયા કર્મબંધનું કારણ જાણી સમદૃષ્ટિવાળાએ છોડવી જોઈએ. - જૈન તત્ત્વપ્રકાશમાંથી (પૃ.૩૪૯)

## તેત્રીસ આશાતના

(૧) ગુરુની આગળ ચાલવું. (૨) ગુરુની બરાબર ચાલવું. (૩) પાછળ અડીને ચાલવું. (૪) ગુરુની પાસે ચાલવું. (૫) ગુરુની આગળ બેસવું. (૬) ગુરુની જોડાજોડ બેસવું. (૭) પાસે બેસવું. (૮) સામે ઊભા રહેવું. (૯) પાસે ઊભા રહેવું. (૧૦) મોટાની સાથે સ્થંડિલ જાય ત્યારે એક જ પાત્રમાં પાણી હોય તો પણ પહેલા પોતે વાપરે પછી ગુરુને પાણી આપે. અથવા સ્થંડિલથી આવ્યા પછી પહેલા પોતે પાણી પીએ. (૧૧) બહારથી આવ્યા પછી ગુરુથી પહેલા 'ઇરિયાવહિ' કરવી. (૧૨) જે મોટાઓને બોલવા યોગ્ય છે, એમ જાણવા છતાં જે દર્શન માટે આવ્યા હોય તેઓ સાથે મોટાઓ બોલે તેના પહેલા પોતે વાર્તાલાપ કરવા લાગી જાય. (૧૩) રાત્રે ગુરુ બોલાવે ત્યારે પોતે જાગતો હોય તો પણ બોલે નહીં. (૧૪) આહારાદિ લાવીને નાનાઓને પહેલા કહે પછી મોટાઓને કહે. (૧૫) આહારાદિ લાવી પહેલા શિષ્યાદિને દેખાડે, પછી મોટાઓને બતાવે. (૧૬) નાનાઓને પહેલા આમંત્રણ કરવું. ગુરુને પછી કરવું. (૧૭) મોટા કે બીજા સાધુની સાથે આહાર લાવ્યો હોય તે, મોટા કે વૃદ્ધ સાધુને પૂછ્યા વિના અન્ય સાધુને આપી દેવો. (૧૮) મોટાઓની સાથે આહાર કરવા બેસે ત્યારે રસવાળો અને મનને ગમતો આહાર જલ્દી જલ્દી ખાઈ જવો. (૧૯) મોટા બોલાવે ત્યારે સાંભળવા છતાં પણ અણસાંભળ્યા જેવું કરવું. (૨૦) મોટા બોલાવે પછી પણ પોતાના આસન પર બેઠા બેઠા હી-હાં કરવું. (૨૧) ગુરુજન બોલાવવાથી પાસે આવી અવિનયથી જોરથી બોલે, શું કહેવું છે? (૨૨) ગુરુજન સત્કર્મ માટે પ્રેરણા કરે ત્યારે કહે આપ જ કરો; આપને લાભ થશે. (૨૩) ગુરુજન પ્રતિ કઠોર-કર્કશ ભાષાનો પ્રયોગ કરવો. (૨૪) જેવા શબ્દ ગુરુજન કહે તેવા જ ફેરવીને એમને કહેવા. (૨૫) મોટાઓ ધર્મકથા કરતા હોય તેમને રોકીને કહે તમે કહો છો તેમ કહ્યું છે? - (શાસ્ત્રમાં) (૨૬) ધર્મ-વ્યાખ્યાન કર્તા હોય ત્યારે મોટાઓને કહે

**કે તમે ભૂલી ગયા છો. તમને બરાબર યાદ નથી આદિ કહે. (૨૭) ગુરુજનની ધર્મકથામાં  અરુચિ કરવી. (૨૮) મોટાઓની ધર્મસભાનો ભંગ થાય એવો વ્યવહાર કરવો. જેમકે ટાઈમ થઈ ગયો છે, આહારાદિ લેવા જવું છે, આદિ કહેવું. (૨૯) ગુરુજનની ધર્મસભામાં શ્રોતાઓમાં ઉપદેશ પ્રતિ અરુચિ ઉત્પન્ન કરવી. (૩૦) ગુરુજનનું વ્યાખ્યાન બંધ થતાં જ પોતે વ્યાખ્યાન શરૂ કરી દેવું. (૩૧) ગુરુજનની શય્યાને પગ લગાડવો આદિ. (૩૨) મોટાઓની શય્યા ઉપર ઊભા રહેવું, બેસવું, સૂવું અને (૩૩) મોટાઓથી ઊંચે યા બરાબર આસન ઉપર બેસવું.** -બૃહદ્ આલોયણા (હિંદી)

એ ગુરુની આશાતનાના તેત્રીસ દોષ ત્યાગવા.

## ધ્યાનના ૧૯ દોષ

(૧) ઘોડાની જેમ એક પગ કંઈક સંકોચીને કાઉસગ્ગ કરે તે **ઘોટક દોષ**. (૨) જોરદાર પવનથી જેમ વેલડી કંપે તેમ કાયોત્સર્ગમાં કંપે તે **લતા-દોષ**. (૩) થાંભલો અથવા ભીંતનો ટેકો લઈ કાયોત્સર્ગ કરવો તે **સ્તંભકુડ્ય દોષ**. (૪) માળ એટલે છતના ભાગે માથાનો ટેકો લઈ કાઉસ્સગ્ગ કરવો તે **માલદોષ**. (૫) શબરી એટલે ભીલડી, તે વસ્ત્ર વગરની હોવાથી પોતાના ગુપ્ત ભાગને જેમ બે હાથથી ઢાંકે છે તેમ બે હાથથી ગુહ્ય ભાગને ઢાંકીને કાઉસગ્ગ કરે તે **શબરીદોષ**. (૬) માથું નીચું રાખીને કુલવધુની જેમ જે ઊભો રહી કાઉસ્સગ્ગ કરે તે **વધુ દોષ**. (૭) બેડી પહેરાવેલ હોય તેમ પગ સંકોચીને કે પહોળા પગ રાખીને કાઉસ્સગ્ગ કરે તે **નિગડ દોષ**. (૮) નાભિથી ઉપર તથા જાનુથી નીચે સુધીનો અવિધિપૂર્વક ચોલપટ્ટો પહેરી કાઉસગ્ગ કરે તે **લંબોત્રદોષ**. (૯) મચ્છર આદિના ભયથી કપડાથી આખા શરીરને ઢાંકીને કાઉસ્સગ્ગ કરવો તે પણ **મચ્છરદોષ**. (૧૦) પગની પાછલી બે પાની ભેગી કરી પગનો આગળનો પંજાનો ભાગ પહોળો કરી ઊભો રહી કાઉસ્સગ્ગ કરે તે **શકટોધ્વિકાદોષ**. (૧૧) કપડા કે ચોલપટ્ટાને ખભા ઉપર સાધ્વીની જેમ ઢાંકી કાઉસ્સગ્ગ કરે તે **સંયતદોષ**. (૧૨) ખલિન એટલે લગામ. તેની જેમ રજોહરણ આગળ રાખી કાઉસ્સગ્ગ કરે તે **ખલિનદોષ**. (૧૩)

ચલચિત્ત કાગડાની જેમ આંખનો ડોળો ફેરવવાપૂર્વક આંખ ફેરવ્યા કરે તે **વાયસદોષ.** (૧૪) 'જૂ'ના ભયથી કોઠાની જેમ વસ્ત્રને ભેગું કરી જાંઘની વચ્ચે ભરાવીને ઊભો રહી કાઉસ્સગ્ગ કરે તે **કપિત્થદોષ.** (૧૫) ભૂત પેસેલાની જેમ માથું ધુણાવતો કાઉસ્સગ્ગ કરે તે **શીર્ષોત્કંપિતદોષ.** (૧૬) કાઉસ્સગ્ગમાં રહેલાની બાજુના પ્રદેશમાં કોઈ ગૃહસ્થ લીલોતરી વગેરે કાપતો હોય તો તેને અટકાવવા માટે મૂંગાની જેમ હું હું એમ અવ્યક્ત અવાજ કરતો કાઉસ્સગ્ગ કરે તે **મૂકદોષ.** (૧૬) ગૂંગાની સમાન નાકથી હૂં હૂં અવાજ કરવું તે **મૂકદોષ.** (૧૭) આલાવાને (પાઠોની ગણતરી) ગણવા માટે આંગળી ફેરવે અથવા બીજી ક્રિયા જણાવવા માટે આંખની ભ્રમરો હલાવીને સંજ્ઞા કરે અથવા ભ્રમર નચાવવાપૂર્વક કાઉસ્સગ્ગ કરે તે **અંગુલીભ્રૂદોષ.** (૧૮) દારૂ બનતી વખતે જેમ બુડબુડ એવો અવ્યક્ત અવાજ આવે, તે રીતે અવાજ કરતો કાઉસ્સગ્ગ કરે, તે વારુણીદોષ અથવા દારૂ પીધેલાની જેમ જે ધૂણતો હોય તેવી રીતે કાઉસ્સગ્ગ કરે તે **વારુણીદોષ.** (૧૯) નવકાર વગેરેનો કાઉસ્સગ્ગ કરતી વખતે વાનરની જેમ હોઠ ફફડાવતો કાઉસ્સગ્ગ કરે તો **પ્રેક્ષાદોષ.**

કાઉસ્સગ્ગ કરતી વખતે જિનેશ્વરોએ નિષેધ કરેલ એવા આ દોષોનો પંડિતોએ સારી રીતે ત્યાગ કરવો. -પ્રવચનસારોદ્ધાર ભા.૧ (પૃ.૯૮)

## વંદનાના ૩૨ દોષ :–

વંદનામાં આદર તત્પરતાનો અભાવ તે (૧) **અનાદૃતદોષ.** આઠ મદમાંથી કોઈ મદવડે પોતાને મોટો માનીને વંદના કરવી તે (૨) **સ્તબ્ધદોષ.** અર્હંત આદિ પરમેષ્ઠીને યોગ્ય મર્યાદાથી વધારે નજીક જઈને વંદના કરવી તે (૩) **પ્રવિષ્ટદોષ.** જંઘાઓને હાથવડે સ્પર્શીને નમસ્કાર કરે તે (૪) **પીરપીડિતદોષ.** ચંચળ, ડોલતી કાયાવડે નમસ્કાર કરવા અથવા આ વંદનાથી લાભ થશે કે નહીં એવો મનમાં સંશય રાખીને નમસ્કાર કરવા તે (૫) **દોલાયિતદોષ.** કપાળ પર અંકુશની સમાન બે અંગૂઠા અડાડીને નમવું તે (૬) **અંકુશિતદોષ.** કાચબાની સમાન બેસીને, સંકોચાઈને કે ખસતાં ખસતાં વંદના કરવી તે (૭) **કચ્છપરિંગિત-દોષ.**

મત્સ્યની સમાન એક બાજુએ કમ્મરમાંથી વળીને નમસ્કાર કરવો તે (૮) **મત્સ્યોદ્વર્તદોષ**. આચાર્ય ઉપર મનમાં ગુસ્સો થઈને કે આક્ષેપ કરીને પછી નમવું તે (૯) **મનોદુષ્ટદોષ**. બે હાથ વચ્ચે છાતીને દબાવીને અથવા બે જંઘાને બાંધીને નમે તે (૧૦) **વેદિબદ્ધદોષ**. સાત ભયમાંથી કોઈ ભય ચિંતવીને વંદના કરે તે (૧૧) **ભયદોષ**. ગુરુ આદિના ધાકથી વંદના કરે તે (૧૨) **બિભ્યતાદોષ**. આ ચતુર્વિધ સાધુઓનો સંઘ મારા પ્રત્યે ભક્તિવંત થશે એમ વિચારીને વંદના કરે તે (૧૩) **ઋદ્ધિગારવદોષ**. પોતાના મહિમાની અથવા આહારની ઇચ્છા રાખીને વંદના કરે તે (૧૪) **ગૌરવદોષ**. ગુરુ આદિથી છૂપી રીતે વંદના કરે તે (૧૫) **સ્તેનિતદોષ**. પ્રતિકૂળ હોવાથી ગુરુની આજ્ઞાવિરુદ્ધ વંદના કરે તે (૧૬) **પ્રતિનીતદોષ**. કોઈની સાથે દ્વેષ કલહ થયો હોય તેને મનવચનકાયાથી ખમાવ્યા વિના વંદના કરે તે (૧૭) **પ્રદુષ્ટદોષ**. બીજાને આંગળીથી ધમકાવીને અથવા પોતાને આચાર્ય આંગળીથી ભય બતાવે ત્યારે વંદના કરવી તે (૧૮) **તર્જિતદોષ**. વાત કરતાં કરતાં વંદના કરે તે (૧૯) **શબ્દદોષ**. અન્યનો ઉપહાસ કરતાં વંદના કરે તે (૨૦) **હેલિતદોષ**. કમ્મર, ડોક, હૃદય આદિને મરડતાં અથવા ભ્રૂકુટિ ચઢાવીને કે નચાવીને વંદના કરે તે (૨૧) **ત્રિવલિતદોષ**. બે હાથ વચ્ચે માથાને દબાવતાં અથવા બે પગ વચ્ચે માથું નાખીને વંદના કરે તે (૨૨) **કુંચિતદોષ**. ચારે દિશામાં જોતાં જોતાં વંદના કરે અથવા બીજા જુએ ત્યારે ઉત્સાહથી સરસ રીતે વંદના કરે તે (૨૩) **દૃષ્ટદોષ**. ગુરુના દૃષ્ટિમાર્ગને ત્યાગીને એટલે ગુરુ ન જુએ એ રીતે અથવા તો પછીથી પ્રતિલેખના કર્યા વિના વંદના કરે તે (૨૪) **અદૃષ્ટદોષ**. સંઘની વેઠ ગણીને વંદના કરે તે (૨૫) **સંઘકરમોચનદોષ**. ઉપકરણાદિની પ્રાપ્તિ થવાથી વંદના કરે અર્થાત્ ઉપકરણ મળે ત્યાં સુધી રાહ જુએ અને તે મળે પછી વંદના કરે તે (૨૬) **આલબ્ધદોષ**, ઉપકરણ મેળવવાની ઇચ્છાથી વંદના કરે તે (૨૭) **અનાલબ્ધદોષ**. વંદનાના પાઠમાં હીનાધિક શબ્દ બોલે તે (૨૮) **હીનદોષ**. વંદના ઉતાવળે કરીને તેની પછી કરવાની ચૂલિકા-આલોચના આદિમાં ઘણો વખત લગાડે તે (૨૯) ઉત્તર **ચૂલિકાદોષ**. અંતર્જલ્પ-ગણગણાટ કરતાં અથવા હૂંકારાપૂર્વક નમસ્કાર કરે

તે (૩૦) **મૂકદોષ.** વંદનાનો પાઠ બોલતી વખતે પોતાના અવાજથી બીજાના અવાજને દબાવે તે (૩૧) **દર્દુરદોષ.** પંચમસ્વર એટલે બહુ ઊંચે સ્વરે રાગ કાઢીને વંદનાનો પાઠ બોલે તે (૩૨) **સુલલિતદોષ.**

નિર્જરાર્થીએ આ ૩૨ દોષોથી રહિત વંદના કરવી જોઈએ અર્થાત્ શિરને નમાવવું, ઊંચુ કરવું, ઊભા થવું, પ્રદક્ષિણા કરવી, ગુરુ પાસે વંદનાનો પાઠ ઉચ્ચા- રવો વગેરે કરતાં વંદનાના આ ૩૨ દોષોને ત્યાગવા જોઈએ. -ધર્મામૃત (પૃ.૩૭૧)

## સામાયિકના ૩૨ દોષ

**"મનના દશ દોષ કહું છું :–**

**૧. અવિવેકદોષ**–સામાયિકનું સ્વરૂપ નહીં જાણવાથી મનમાં એવો વિચાર કરે કે આથી શું ફળ થવાનું હતું? આથી તે કોણ તર્યું હશે? એવા વિકલ્પનું નામ 'અવિવેકદોષ.'

**૨. યશોવાંછાદોષ**–પોતે સામાયિક કરે છે એમ અન્ય મનુષ્યો જાણે તો પ્રશંસા કરે તે ઇચ્છાએ સામાયિક કરે ઇ૦ તે 'યશોવાંછાદોષ.'

**૩. ધનવાંછાદોષ**–ધનની ઇચ્છાએ સામાયિક કરવું તે 'ધનવાંછા-દોષ.'

**૪. ગર્વદોષ**–મને લોકો ધર્મી કહે છે અને હું સામાયિક પણ તેવી જ કરું છું? એ 'ગર્વદોષ.'

**૫. ભયદોષ**–હું શ્રાવકકુળમાં જન્મ્યો છું; મને લોકો મોટા તરીકે માન દે છે, અને જો સામાયિક નહીં કરું તો કહેશે કે એટલું પણ નથી કરતો; એથી નિંદા થશે એ 'ભયદોષ.'

**૬. નિદાનદોષ**–સામાયિક કરીને તેનાં ફળથી ધન, સ્ત્રી, પુત્રાદિક મેળવવાનું ઇચ્છે તે 'નિદાનદોષ.'

**૭. સંશયદોષ**–સામાયિકનું પરિણામ હશે કે નહીં હોય? એ વિકલ્પ તે 'સંશયદોષ.'

**૮. કષાયદોષ**–સામાયિક ક્રોધાદિકથી કરવા બેસી જાય, કે કંઈ કારણથી પછી ક્રોધ, માન, માયા, લોભમાં વૃત્તિ ધરે તે 'કષાયદોષ.'

**૯. અવિનયદોષ**—વિનય વગર સામાયિક કરે તે 'અવિનયદોષ.'

**૧૦. અબહુમાનદોષ**—ભક્તિભાવ અને ઉમંગપૂર્વક સામાયિક ન કરે તે 'અબહુમાનદોષ.'

આ દશ દોષ મનના કહ્યાં; હવે **વચનના દશ દોષ** કહું છું :—

**૧. કુબોલદોષ**—સામાયિકમાં કુવચન બોલવું તે 'કુબોલદોષ.'

**૨. સહસાત્કારદોષ**—સામાયિકમાં સાહસથી અવિચારપૂર્વક વાક્ય બોલવું તે 'સહસાત્કારદોષ.'

**૩. અસદારોપણદોષ**—બીજાને ખોટો બોધ આપે તે 'અસદા-રોપણદોષ.'

**૪. નિરપેક્ષદોષ**—સામાયિકમાં શાસ્ત્રની દરકાર વિના વાક્ય બોલે તે 'નિરપેક્ષદોષ.'

**૫. સંક્ષેપદોષ**—સૂત્રના પાઠ ઇત્યાદિક ટૂંકામાં બોલી નાખે; અને યથાર્થ ઉચ્ચાર કરે નહીં તે 'સંક્ષેપદોષ.'

**૬. ક્લેશદોષ**—કોઈથી કંકાસ કરે તે 'ક્લેશદોષ.'

**૭. વિકથાદોષ**—ચાર પ્રકારની વિકથા માંડી બેસે તે 'વિકથાદોષ.'

**૮. હાસ્યદોષ**—સામાયિકમાં કોઈની હાંસી, મશ્કરી કરે તે 'હાસ્ય-દોષ.'

**૯. અશુદ્ધદોષ**—સામાયિકમાં સૂત્રપાઠ ન્યૂનાધિક અને અશુદ્ધ બોલે તે 'અશુદ્ધદોષ.'

**૧૦. મુણમુણદોષ**—ગડબડગોટાથી સામાયિકમાં સૂત્રપાઠ બોલે, જે પોતે પણ પૂરું માંડ સમજી શકે તે 'મુણમુણદોષ.'

એ વચનના દશ દોષ કહ્યાં; હવે **કાયાના બાર દોષ** કહું છું :—

**૧. અયોગ્યઆસનદોષ**—સામાયિકમાં પગ પર પગ ચઢાવી બેસે એ ગુર્વાદિકનું અવિનયરૂપ આસન, માટે એ પહેલો 'અયોગ્યઆસનદોષ.'

**૨. ચલાસનદોષ**—ડગડગતે આસને બેસી સામાયિક કરે, અથવા વારંવાર જ્યાંથી ઊઠવું પડે તેવે આસને બેસે તે 'ચલાસનદોષ.'

**૩. ચલદૃષ્ટિદોષ**—કાયોત્સર્ગમાં આંખો ચંચળ રાખે તે 'ચલદૃષ્ટિ-દોષ.'

**૪. સાવદ્યક્રિયાદોષ**—સામાયિકમાં કંઈ પાપક્રિયા કે તેની સંજ્ઞા કરે તે 'સાવદ્યક્રિયાદોષ.'

**૫. આલંબનદોષ**—ભીંતાદિ કે ઓઠીંગણ દઈ બેસે એથી ત્યાં બેઠેલા જંતુ આદિકનો નાશ થાય અને પોતાને પ્રમાદ થાય, તે 'આલંબનદોષ.'

**૬. આકુંચનપ્રસારણદોષ**—હાથ પગ સંકોચે, લાંબા કરે એ આદિ તે 'આકુંચનપ્રસારણદોષ.'

**૭. આલસદોષ**—અંગ મરડે, ટચાકા વગાડે એ આદિ તે 'આલસ-દોષ.'

**૮. મોટનદોષ**—આંગળી વગેરે વાંકી કરે, ટચાકા વગાડે તે 'મોટન-દોષ.'

**૯. મલદોષ**—ઘરડાઘરડ કરી સામાયિકમાં ચળ કરી મેલ ખંખેરે તે 'મલદોષ.'

**૧૦. વિમાસણદોષ**—ગળામાં હાથ નાખી બેસે ઇ૦તે 'વિમાસણ-દોષ.'

**૧૧. નિદ્રાદોષ**—સામાયિકમાં ઊંઘ આવવી તે 'નિદ્રાદોષ.'

**૧૨. વસ્ત્રસંકોચનદોષ**—સામાયિકમાં ટાઢ પ્રમુખની ભીતિથી વસ્ત્ર-થી શરીર સંકોચે તે 'વસ્ત્રસંકોચનદોષ.

એ બત્રીશ દૂષણરહિત સામાયિક કરવી; પાંચ અતિચાર ટાળવા.''

-શ્રીમદ્ રાજચંદ્ર (પૃ.૮૫)

## પોસહના ૧૮ દોષ

**પોસહના ૧૮ દોષ**—એ અઢાર દોષોથી નિવર્તે ત્યારે શુદ્ધ પોસો થાય છે.

### પોસો લે તેના પહેલાના ૬ દોષ

(૧) કોઈ એમ વિચાર કરે કે કાલે મારે પોસો છે તો સ્નાન હજામત થાય નહીં માટે આજે કરી લઉં એમ વિચારી સ્નાનાદિ કરે તો દોષ લાગે. (૨) પોષહના પહેલે દિવસે મૈથુન સેવે તો દોષ. (૩) કાલે ઉપવાસ છે માટે આજે સરસ આહાર નશો વગેરે ભોગવે તો દોષ. (૪) પોસાના

નિમિત્તે વસ્ત્ર ધોવરાવે તો દોષ. (૫) પોસાના પહેલે દિવસે દાગીના પહેરે તો દોષ. (૬) પોસા માટે વસ્ત્ર રંગાવે તો દોષ. આ છ કામ પોસાના પહેલે દિવસે કરવા નહીં. બીજા ગ્રંથોમાં પણ કહ્યું છે કે પોસાના પહેલે દિવસે એક વખત જ ભોજન કરવું. બ્રહ્મચર્ય અને શુભ ધ્યાનમાં પહેલી રાત્રિ કાઢવી.

## પોસહ ગ્રહણ કર્યા પછીના ૧૨ દોષ

પોસહ ગ્રહણ કર્યા પછી (૧) અવ્રતીને સત્કાર આપે, બેસવાને માટે આસન આપે, હાથ પગ દાબે તો દોષ. (૨) શરીરની વિભૂષા કરે, કેશ દાઢી મૂછ ઉપર હાથ ફેરવી સરખા કરે, ધોતીયાની પાટલી જમાવે. (૩) પોતાના તથા બીજાના શરીરનો મેલ ઉતારે. (૪) નિદ્રા ઘણી લે અર્થાત્ પોષામાં તો દિવસે સુવાનું હોય નહીં. રાતના પણ એક પ્રહર રાત્રિ ગયા પછી પ્રમાદને દૂર કરી ધર્મધ્યાન ન કરે તે દોષ. રાત્રિના પાછલા પ્રહરે જાગૃત થઈ ધર્મધ્યાન ન ધ્યાવે. (૫) ચરવળાવડે શરીરને પુંજ્યા વિના ખણવું તે દોષ. (૬) દેશદેશાંતરની, રાજ રજવાડાની, લડાઈ ઝઘડાની, સ્ત્રીઓના શૃંગારની, વિલાસની, ભોજન બનાવવાની, સ્વાદની ઇત્યાદિ પાપ કથા કરે તો દોષ. (૭) ચાડી-ચૂગલી-નિંદા કરે તો દોષ. (૮) સંસારી વેપાર વણજ લેવાદેવાની તથા ખાલી ગપ્પા સપ્પા મારે તો દોષ. (૯) પોતાના શરીર તથા સ્ત્રી આદિકના શરીરને અનુરાગ દૃષ્ટિથી જુએ તો દોષ. (૧૦) તમારું આ ગોત્ર છે મારું આ ગોત્ર છે માટે તમે મારા અમુકના સગાં થાઓ છો એમ કહે તે દોષ. (૧૧) ઉઘાડે મુખે બોલતો હોય તો દોષ. (૧૨) હાંસી, મશ્કરી તથા રુદન શોક સંતાપ વગેરે કરે તો દોષ. ઉપરના છ અને આ ૧૨ મળી અઢાર દોષ ટાળીને પોષો થાય તો શુદ્ધ છે. -જૈનતત્ત્વપ્રકાશ (પૃ.૬૩૦)

**મહામોહનીય કર્મબંધના ત્રીસ સ્થાનકને મન, વચન, કાયાએ કરી સેવ્યાં, સેવરાવ્યાં, અનુમોદ્યાં; શીલની નવ વાડ, આઠ પ્રવચન માતાની વિરાધનાદિક તથા શ્રાવકના એકવીસ ગુણ અને બાર વ્રતની વિરાધનાદિ મન, વચન, કાયાએ કરી, કરાવી, અનુમોદી તથા ત્રણ અશુભ લેશ્યાનાં**

**લક્ષણોની અને બોલોની સેવના કરી અને ત્રણ શુભ લેશ્યાના લક્ષણોની અને બોલોની વિરા-ધના કરી; ચર્ચા, વાર્તા, વ્યાખ્યાનમાં શ્રી જિનેશ્વર દેવનો માર્ગ લોપ્યો, ગોપવ્યો, નહીં માન્યો, અછતાની સ્થાપના કરી-પ્રવર્તાવ્યો, છતાની સ્થાપના કરી નહીં અને અછતાની નિષેધના કરી નહીં, છતાની સ્થાપના અને અછતાને નિષેધ કરવાનો નિયમ કર્યો નહીં, કલુષતા કરી તથા છ પ્રકારે જ્ઞાનાવરણીય બંધના બોલ તેમજ છ પ્રકારના દર્શનાવરણીય બંધના બોલ યાવત્ આઠ કર્મની અશુભ પ્રકૃતિ બંધના પંચાવન કારણે કરી, બ્યાસી પ્રકૃતિ પાપોની બાંધી, બંધાવી, અનુમોદી, મને કરી, વચને કરી, કાયાએ કરી, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.**

**ભાવાર્થ**—આઠેય કર્મોમાં મોહનીયકર્મ સર્વોપરી રાજા સમાન છે. તેના બે ભેદ છે દર્શનમોહ એટલે મિથ્યાત્વ અને ચારિત્રમોહ એટલે રાગદ્વેષના ભાવો. તીવ્ર દર્શનમોહનીયકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૭૦ કોડાકોડી સાગરોપમની છે. મોહનીય-કર્મની તીવ્રતાને મહામોહનીય કર્મ કહેવામાં આવે છે. એવા મહામોહનીય કર્મના ત્રીસ સ્થાનક છે. તે મહામોહનીય-કર્મના ત્રીસ સ્થાનકોને મેં મન, વચન, કાયાએ કરી સેવ્યા, સેવરાવ્યાં, અનુમોદ્યા; શીલ એટલે બ્રહ્મચર્યની નવ વાડ, આઠ પ્રવચન માતા એટલે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિના પાલનથી ચારિત્રનું સંરક્ષણ થાય છે, આત્મામાં નિર્મળતા આવે છે. તેથી જિનવાણીનો યથાર્થ જન્મ થાય છે અને જિનવાણી વિસ્તાર પામે છે. તેથી તેને પ્રવચનની માતા કહેવામાં આવે છે. સમિતિ એટલે પ્રમાદ તજી આત્મશુદ્ધિના લક્ષપૂર્વક યત્નાથી પ્રવર્તવું તે. તેના પાંચ પ્રકાર ઈર્યા, ભાષા, એષણા, આદાનનિક્ષેપણા અને પારિષ્ઠાપનિકા સમિતિ છે. તથા શુભાશુભ પ્રવૃતિઓનો નિરોધ કરવો તે ગુપ્તિ કહેવાય છે. તેના ત્રણ પ્રકાર છે. મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ. મનવચનકાયાની પ્રવૃતિનો નિરોધ કરી આત્મામાં લીનતા કરવી તે ગુપ્તિ છે. તેની મેં વિરાધના કરી તથા શ્રાવકના એકવીસ ગુણ અને બારવ્રતની વિરાધનાદિ મન, વચન, કાયાએ કરી, કરાવી, અનુમોદી તથા

ત્રણ અશુભ લેશ્યા-તે કૃષ્ણ, નીલ અને કાપોત છે, તેના લક્ષણોની અને બોલોની સેવના કરી અને ત્રણ શુભ લેશ્યા-તે પીત, પદ્મ અને શુક્લ છે તેના લક્ષણોની અને બોલોની વિરાધના કરી; ચર્ચા, વાર્તા, વ્યાખ્યાનમાં શ્રી જિનેશ્વર દેવ પ્રણીત મૂળમાર્ગને લોપ્યો, ગોપવ્યો, નહીં માન્યો અને તેથી અછતા એટલે અન્યથા પ્રકારે માર્ગની સ્થાપના કરી પ્રવર્તાવ્યો, છતાની એટલે ભગવાને જે સિદ્ધાંતો કહ્યા તેનું પ્રતિપાદન કર્યું નહીં અને અછતા અર્થાત્ જે ભગવાનના ઉપદેશથી વિરુદ્ધ છે તેનો નિષેધ કર્યો નહીં, છતાની સ્થાપના અને અછતાનો નિષેધ કરવાનો નિયમ કર્યો નહીં. જે પોતાથી થઈ શકે એમ નથી પણ કોઈ સાધક, સત્યનું નિરુપણ અને જિનમાર્ગથી વિરુદ્ધ અસત્યનો વિરોધ કરી તેનો નિષેધ કરે તેના પ્રત્યે કલુષતા એટલે કલેશિત ભાવ રાખવો તે દોષ છે. એવી મેં કલુષતા કરી, તથા છ પ્રકારે જ્ઞાનાવરણીય બંધના બોલ તેમજ છ પ્રકારના દર્શનાવરણીય બંધના બોલ અને આઠેય દ્રવ્યકર્મની અશુભ પ્રકૃતિ બંધના પંચાવને કારણે કરી બ્યાસી પ્રકૃતિ પાપોની બાંધી, બંધાવી, અનુમોદી, તે મન, વચન, કાયાએ કરી બાંધી તેથી મને વારંવાર ધિક્કાર હો, ધિક્કાર હો. આ બધા દુક્કડં એટલે દુષ્કૃત્યો મિ એટલે મારા મિચ્છા એટલે મિથ્યા થાઓ, એવી આપ પ્રભુ પ્રત્યે મારી પ્રાર્થના છે.

## ત્રીસ મહા મોહનીયના સ્થાનક

(૧) નદી તળાવ અને સમુદ્રાદિકના જળ મધ્યે પેસીને રૌદ્ર ધ્યાન-અધ્યવસાય વડે કરીને એટલે મહાક્રૂર પરિણામે કરીને ત્રસ પ્રાણીને મારવા એટલે અનેક પ્રકારના જીવોનો ઘાત કરવો તેથી મહામોહકર્મ બંધાય.

(૨) પોતાના હાથે કરીને બોકડાદિકનું મોંઢુ ઢાંકીને હૃદયને વિષે દુઃખ સહિત પોકાર કરતા એવા બોકડાદિક પ્રાણીને મારવો તેથી મહામોહકર્મ બંધાય.

(૩) લીલાં ચામડાં આદિ વડે કરીને મસ્તક વીંટીને જીવોને મારવા તેથી મહામોહકર્મ બંધાય.

(૪) મુદ્ગરાદિકે કરી એટલે મોગરી-ઘણ વડે કરીને મસ્તકને વિષે મારીને દુઃખ થાય એવા મારે કરીને પ્રાણીનો ઘાત કરવો તેથી મહામોહકર્મ બંધાય.

(૫) ઘણા જીવોનો સ્વામી અને તેમની રક્ષાનો કરનારો એવો જે પુરુષ તેને મારવો અથવા તેનો ઘાત ચિંતવવો તેથી મહામોહકર્મ બંધાય.

(૬) ઘણા જીવોને માનવા જોગ્ય અને સર્વને ભક્તિ કરવા જોગ્ય એવો કોઈ પુરુષ માંદો પડેલો અથવા કોઈ રોગાદિકને વિષે પડેલો હોય તેનું કામ પોતાની શક્તિ સતે પણ ન કરે તેથી મહામોહકર્મ બંધાય.

(૭) ભિક્ષાદિકને અર્થે ઊઠેલા એવા જે મુનિ તેનો ધર્મરહિતપણે કરીને ઘાત કરવો એટલે આ સાધુપણું લેવામાં શું ધર્મ છે એવું બોલીને તે મુનિનો ઘાત કરવો તેથી મહામોહકર્મ બંધાય.

(૮) મુક્તિનો સાધક એવો જે માર્ગ તે થકી પોતાને અથવા પરને કુજુક્તિ વડે કરીને વ્યામોહ ઉત્પન્ન કરવે કરીને એટલે અતિશય મૂંઝવણે અથવા મૂંઝાવવે કરીને ભ્રષ્ટ થવું અથવા ભ્રષ્ટ કરવો તેથી મહામોહકર્મ બંધાય.

(૯) જિનરાજના અવર્ણવાદ બોલવે કરીને એટલે વ્યવહારમાં જિનરાજને ગાળો દેવે કરીને અથવા તેમની નિંદા કરવે કરીને અને કોઈક જીવ વ્યવહારમાં ગાળો દેતો નથી અને નિંદા પણ કરતો નથી પણ જિનરાજના કહેલા માર્ગથી ઊલટા માર્ગની પ્રરૂપણા કરે છે તે પણ પરમાર્થે કરીને જિનરાજનો અવર્ણવાદ બોલનાર કહીએ; એ બે પ્રકારે અવર્ણવાદ બોલવે કરીને મહામોહકર્મ બંધાય.

(૧૦) આચાર્યાદિકની જાતિની નિંદા કરવી એટલે આચાર્ય-ઉપાધ્યાય-સાધુ-શ્રાવકની જાતિની નિંદા કરવી એટલે એવું બોલવું કે આની જાતિ હું જાણું છું. એ તો નીચ જાતિનો છે. એવું બોલવે કરીને મહામોહકર્મ બંધાય.

(૧૧) આચાર્યાદિકની એટલે આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, પ્રવર્તક, રત્નાધિક તથા સામાન્ય મુનિ તથા શ્રાવક તથા ધર્માચાર્ય (જેનાથી પ્રથમ

ધર્મ પામ્યો) તેમનો વિનય વૈયાવૃત્યાદિક ન કરવે કરીને મહામોહકર્મ બંધાય.

(૧૨) વારંવાર કષાય કરવે કરીને તીર્થનો ભેદ કરે એટલે નાના પ્રકારના મત ચલાવે તેણે કરીને મહામોહકર્મ બંધાય.

(૧૩) વશીકરણના દોષને જાણતો સતો પણ વશીકરણાદિકના પ્રયોગ કરે તેણે કરીને મહામોહકર્મ બંધાય.

(૧૪) આ લોક પરલોક સંબંધી વિષયોને ત્યાગ કરવાની ઇચ્છાવાળો જે પુરુષ તેને કામ ભોગની પ્રાર્થના કરવી એટલે આટલું ભોગવીને પછી ત્યાગ કરજ્યો. પ્રત્યક્ષ સુખને ત્યાગ કરવામાં શું સુખ છે? એવું પાડવાની બુદ્ધિએ કરીને કહેવું તેથી મહામોહકર્મ બંધાય.

(૧૫) અ-બહુશ્રુત સતો પોતે કહે કે હું બહુશ્રુત છું એવી રીતે મૂર્ખ થઈને બહુશ્રુતનું બિરૂદ ધરાવે તેથી મહામોહકર્મ બંધાય.

(૧૬) અ-તપસ્વી છતાં હું તપસ્વી છું. એટલે કષાયનો ભરેલો છતાં ઉપરથી કષ્ટ કલાપ કરીને લોકોની મધ્યે પોતાનું તપસ્વીપણું મનાવતો તથા સાધુના લક્ષણે કરીને રહિત સતો હું સાધુ છું એવી રીતે બોલતો એટલે મૂળ ગુણ ઉત્તર ગુણે કરીને તથા સમિતિ ગુપ્તિએ કરીને રહિત છતાં અને પાંચ આશ્રવે કરીને સહિત સતો ભોળા લોકોને પોતાને વિષે સાધુપણું મનાવતા તથા શ્રાવકના ગુણે કરીને રહિત સતો પોતાને વિષે શ્રાવકપણું મનાવતો એટલે ભોળા લોકોને એવું સમજાવે કે આ કાળમાં એવા શ્રાવક તથા સાધુ ક્યાંથી લાવીએ અને ભગવંતે 'ભગવતી સૂત્ર'માં શાસન જયવંતુ કહ્યું છે, એમ બોલીને પોતાને વિષે સાધુ તથા શ્રાવકપણાની સ્થાપના કરતાં પણ એમ નથી સમજતો કે તે જ ભગવતીમાં સાધુના તથા શ્રાવકનાં જે લક્ષણ કહ્યાં છે તે લક્ષણોએ કરીને સહિત હોય તે પુરુષો વડે કરીને શાસન જયવંતુ છે એમ સમકિતના ગુણે કરીને રહિત સતો પોતાને વિષે સમકિતની સ્થાપના કરતો એમ ગુણ વિના ગુણની સ્થાપના કરવે કરીને મહામોહકર્મ બાંધે. કેમકે અવગુણીને વિષે ગુણીની સ્થાપના કરવા થકી ગૌતમાદિક મહા મુનિઓની તથા આનંદાદિક મોટા શ્રાવકોની નિંદા થાય છે.

(૧૭) લોકને ઘરની મધ્યે તથા વાડામાં અથવા કોટની મધ્યે અથવા હરેક કોઈ બાંધેલી જગોમાં નાખીને પૂરીને ધૂમાડા સહિત અગ્નિનું લગાડવું તેણે કરીને મહામોહકર્મ બંધાય.

(૧૮) પોતે અકારજ કરીને બીજાને માથે નાખે એટલે પોતે અકારજ કર્યું હોય એટલે પોતે કોઈ રાજાદિનો અપરાધ કર્યો હોય અથવા કોઈ શેઠનો અપરાધ કર્યો હોય અથવા ગુરુ મહારાજનો અપરાધ કર્યો હોય અથવા ધર્માચાર્યનો અપરાધ કર્યો હોય ત્યારે તે પુરુષો પૂછે કે આવું અકારજ કરવું તમને યુક્ત નથી. ત્યારે એવું બોલે, કે એ કામ કરવામાં હું કાંઈ જાણતો નથી, એ તો ફલાણે કર્યું છે એવી રીતે પોતાને માથેથી કાઢીને બીજાને માથે નાખવું તેણે કરીને મહામોહકર્મ બંધાય.

(૧૯) અશુભ મનોજોગ સહિતપણે કરીને પ્રચુર માયાના પ્રયોગ થકી સમસ્ત લોકને ઠગવું એટલે પ્રથમ થકી જ મનમાં એવો વિચાર થયો છે કે આ પુરુષ મારા હાથમાં ક્યારે આવે અને હું ઠગી લઉં એવો પ્રથમથી મનમાં વિચાર કરીને પછી ઉભયથી માયા કરે એટલે આવોજી, પધારીયેજી, આ તો તમારું ઘર છે, તમારે અમારે કાંઈ જુદાઈ નથી. એવી રીતે ઉપરથી કપટ રચના કરીને સમસ્ત લોકને ઠગી લેવું તેથી મહામોહકર્મ બંધાય.

(૨૦) સત્ય બોલનારો એવો જે કોઈ પુરુષ તેને એવું કહે કે તું તો જૂઠું બોલે છે એમ હરેક કોઈ પુરુષને વિષે અસતા દોષનું આરોપણ કરવું એટલે પોતે તેના દોષ દેખ્યા નથી. કેવળ નીચ લોકોના કહેવા ઉપર ધ્યાન રાખીને તેની હીલના નિંદા કરવી તેથી મહામોહકર્મ બંધાય; કેમકે સિદ્ધાંતમાં તો એવું કહ્યું છે કે કોઈના દોષ નજરે દેખવામાં આવે તો પણ મધ્યસ્થપણે રહેવું; પણ તેની નિંદા કરવી નહીં.

(૨૧) ક્લેશનું ઓછું ન કરવું એટલે લોકોના મર્મ ઉઘાડી ઉઘાડીને ક્લેશ વધારવો તેથી મહામોહકર્મ બંધાય.

(૨૨) લોકો પ્રત્યે માર્ગને વિષે પ્રવેશ કરાવીને તેનું વિત્ત ચોરી લેવું એટલે દ્રવ્ય થકી તો લોક ને છેતરીને એટલે ચાલો હું તમને ગામનો રસ્તો

દેખાડું. એમ કરીને માર્ગમાં લઈ જઈને તેની પાસે જે કાંઈ ધન તે પડાવી લેવું અને ભાવ થકી પોતે ગુરુ બનીને તત્ત્વજ્ઞાનનો અજાણ સતો લોકોને એહવો ઉપદેશ કરે હું તમને મોક્ષમાર્ગને વિષે લઈ જાઉં એટલે હું તમને મોક્ષનો મારગ દેખાડું, એમ કહીને લોકોને કેવળ પોતાને ખાવાપીવાની ઇચ્છાએ કરીને, મનાવા પૂજાવાના અભિલાષે કરીને ધર્મને બહાને ઊલટો માર્ગ દેખાડીને તેને વિષે ધર્મ મનાવીને તેમનું મનુષ્યરૂપ પુણ્ય પ્રકૃતિરૂપ ધન ચોરી લે છે એટલે નરક તિર્યંચની ગતિ પમાડે છે તે થકી મહામોહકર્મ બંધાય.

(૨૩) લોકો પ્રત્યે વિશ્વાસ પમાડીને તેમના કલત્ર એટલે સ્ત્રીનો ઉપભોગ કરવો એટલે પોતે સાધુ શ્રાવક બનીને લોકોને પોતાને વિષે વિશ્વાસ પમાડીને પોતાની પાસે ભણવા-ગણવા આવતાં એવા જે તે લોકોના છોકરાં તેમને છાનાં-છાનાં સંજમમાં સુખ દેખાડીને એટલે જો ચારિત્ર લેશો તો ખાવાપીવાનું સારું સારું મળશે. અને કમાવું નહીં પડે- અને લોકમાં પૂજનીકપણું થશે. એવું એક પુદ્ગલિક સુખ દેખાડીને તેમનાં માબાપથી છાનાં નસાડી મૂકીને તે છોકરાઓના માથાં મૂંડીને પોતાના ચેલાચેલી કરે છે અથવા તેમની સ્ત્રીઓની સાથે ભોગવિલાસ કરે છે. તેથી મહામોહકર્મ બંધાય.

(૨૪) અકુંવારો હોઈને એમ બોલે કે હું કુંવારો છું એટલે ઘણા લોકોની જ્યારે સભા ભરાઈ હોય ત્યારે પોતાના મહત્વપણાને અર્થે પોતાની બડાઈની વાતો કરે તેમાં એવું બોલે કે અમે તો પ્રથમથી પરણ્યા જ નથી; કુંવારા છીએ! એવી રીતે જૂઠું બોલીને પોતાને વિષે રાગ ઉપજાવે તેથી મહામોહકર્મ બંધાય.

(૨૫) અબ્રહ્મચારી સતો પણ કહે જે હું—બ્રહ્મચારી છું એટલે દ્રવ્ય થકી કદાપિ કોઈ સુખની વાંછાએ કરીને ઉપરથી ત્યાગ કર્યો હોય પણ મનમાં તો તેનો અભિલાષ બન્યો રહે અને લોકોની આગળ પોતાનું બ્રહ્મચારીપણું જણાવે તેણે કરીને મહામોહકર્મ બંધાય. તો દ્રવ્યભાવ બે પ્રકારે અબ્રહ્મચારી સતો પોતાનું બ્રહ્મચારીપણું કહે તો તેનું શું કહેવું?

(૨૬) જેણે પોતાને ઐશ્વર્યપણા પ્રત્યે પમાડ્યો હોય (અધિકાર પ્રાપ્ત કરાવ્યો હોય) તેનું વિત્ત હરી લેવું. એટલે જે પુરુષથી પોતાની ઇજ્જત આબરુ, ધનદોલતની વૃદ્ધિ થઈ હોય તે પુરુષનું ધનમાલ ચોરી લેવું તેથી મહામોહકર્મ બંધાય.

(૨૭) જે પુરુષના પ્રભાવથી પોતાનો મોટો ઉદય થયો હોય તે જ પુરુષને ભોગાદિકનો અંતરાય કરવો તેથી મહામોહકર્મ બંધાય.

(૨૮) સેનાપતિ-પાઠક-રાજા શ્રેષ્ઠી એટલાઓને મારી નાખવા અથવા તેમનું હીણું ચિંતવવું એટલે આ સેનાનો સ્વામી આપણને બહુ હરકત કરે છે તથા આ આપણો ભણાવનાર આપણને વારે વારે મારે છે અથવા ખીજે છે-આ રાજા સારો નથી-નવા નવા કર નાખે છે અને લોકોને પીડે છે. તથા આ ગામનો શેઠીઓ ઘણો ખરાબ માણસ છે એ કારણ માટે તેમનું અધિકારીપણું જાય તો ઘણું સારું-અથવા તે મરી જાય તો સારું. આવું વિચારવું તેણે કરીને મહામોહનીય કર્મ બંધાય.

(૨૯) દેવને ન દેખતો હોય છતાં પણ એવું બોલે કે હું દેવ દેખું છું એટલે ભોળા લોકોને એવું સમજાવે કે મારી પાસે નિરંતર ફલાણો દેવ આવે છે અને મારી સાથે રૂબરૂ વાતો કરે છે અને તે દેવ મારે વશ છે-એવી રીતે જૂઠું બોલીને પોતાનો ચમત્કાર દેખાડે તેથી મહામોહકર્મ બાંધે.

(૩૦) કામ ભોગને ગૃદ્ધિલ એવા દેવતાઓએ કરીને શું? ઇત્યાદિક દેવતાના નિંદા વચન બોલીને તેમનો અવર્ણવાદ કરવો એટલે તીર્થંકરની ભક્તિના કરનાર તથા તેમની સહાયના કરનાર એવા સમકિત દૃષ્ટિ જે દેવતા તેમનો અવર્ણવાદ બોલવો એટલે એવું બોલે કે એ દેવતા બિચારા શું કરશે? એ તો કામ ભોગમાં આસક્ત થઈ રહ્યા છે, એવું એવું બોલીને તેમની નિંદા કરવી તેથી મહામોહકર્મ ઉપાર્જન કરે કેમકે સિદ્ધાંતમાં તો એવું કહ્યું છે કે સાધુ, શ્રાવક તથા સમકિત દૃષ્ટિ પ્રત્યે દ્વેષ બુદ્ધિ લાવી કોઈ દેવતાની નિંદા ન કરવી. તો સમકિતી દેવતાની તો નિંદા કેમ કરાય? એવું કહ્યું છે એ માટે. આ ઉપર લખેલ ૩૦ કારણ સેવ્યાથી જીવ મિથ્યાત્વ-ભાવ પામે છે અને તેથી અનંતાનુબંધી ચોકડીનો ઉદય થાય છે તેથી

ઉત્કૃષ્ટપણે ૭૦ કોડાકોડી સાગરોપમ સ્થિતિનું મોહનીય કર્મ બાંધે છે. તેથી ધર્માભિલાષી પુરુષોએ ૩૦ સ્થાનક ઉપરોક્ત વર્જવા ઉદ્યમ કરવો.

-વિવિધ બોધ રત્નાકર (પૃ.૧૧૭) (પૂ.શ્રી બ્રહ્મચારીજીની ડાયરી નં.૩૩માંથી ઉદ્ધૃત)

## શીલની (બ્રહ્મચર્યની) નવવાડ

"જ્ઞાનીઓએ થોડા શબ્દોમાં કેવા ભેદ અને કેવું સ્વરૂપ બતાવ્યું છે? એ વડે કેટલી બધી આત્મોન્નતિ થાય છે? બ્રહ્મચર્ય જેવા ગંભીર વિષયનું સ્વરૂપ સંક્ષેપમાં અતિ ચમત્કારિક રીતે આપ્યું છે. બ્રહ્મચર્યરૂપી એક સુંદર ઝાડ અને તેને રક્ષા કરનારી જે નવ વિધિઓ તેને વાડનું રૂપ આપી આચાર પાળવામાં વિશેષ સ્મૃતિ રહી શકે એવી સરળતા કરી છે. એ નવ વાડ જેમ છે તેમ અહીં કહીં જઉં છું.

**૧. વસતિ**–જે બ્રહ્મચારી સાધુ છે તેમણે જ્યાં સ્ત્રી, પશુ કે પડંગ એથી કરીને જે સંયુક્ત વસતિ હોય ત્યાં રહેવું નહીં. સ્ત્રી બે પ્રકારની છે : મનુષ્યિણી અને દેવાંગના. એ પ્રત્યેકના પાછા બે બે ભેદ છે. એક તો મૂળ અને બીજી સ્ત્રીની મૂર્તિ કે ચિત્ર. એ પ્રકારનો જ્યાં વાસ હોય ત્યાં બ્રહ્મચારી સાધુએ ન રહેવું; પશુ એટલે તિર્યંચિણી ગાય, ભેંસ ઇત્યાદિક જે સ્થળે હોય તે સ્થળે ન રહેવું; અને પડંગ એટલે નપુંસક એનો વાસ હોય ત્યાં પણ ન રહેવું. એવા પ્રકારનો વાસ બ્રહ્મચર્યની હાનિ કરે છે. તેઓની કામચેષ્ટા, હાવભાવ ઇત્યાદિક વિકારો મનને ભ્રષ્ટ કરે છે.

**૨. કથા**–કેવળ એકલી સ્ત્રીઓને જ કે એક જ સ્ત્રીને ધર્મોપદેશ બ્રહ્મચારીએ ન કરવો. કથા એ મોહની ઉત્પત્તિરૂપ છે. સ્ત્રીના રૂપ સંબંધી ગ્રંથો, કામવિલાસ સંબંધી ગ્રંથો, કે જેથી ચિત્ત ચળે એવા પ્રકારની ગમે તે શૃંગાર સંબંધી કથા બ્રહ્મચારીએ ન કરવી.

**૩. આસન**–સ્ત્રીઓની સાથે એક આસને ન બેસવું. જ્યાં સ્ત્રી બેઠી હોય ત્યાં બે ઘડી સુધીમાં બ્રહ્મચારીએ ન બેસવું. એ સ્ત્રીઓની સ્મૃતિનું કારણ છે; એથી વિકારની ઉત્પત્તિ થાય છે; એમ ભગવાને કહ્યું છે.

**૪. ઇંદ્રિયનિરીક્ષણ**–સ્ત્રીઓનાં અંગોપાંગ બ્રહ્મચારી સાધુએ ન જોવા; એનાં અમુક અંગ પર દૃષ્ટિ એકાગ્ર થવાથી વિકારની ઉત્પત્તિ થાય છે.

**૫. કુડ્યાંતર**–ભીંત, કનાત કે ત્રાટાનું અંતર વચમાં હોય ને સ્ત્રીપુરુષ જ્યાં મૈથુન સેવે ત્યાં બ્રહ્મચારીએ રહેવું નહીં. કારણ શબ્દ, ચેષ્ટાદિક વિકારનાં કારણ છે.

**૬. પૂર્વક્રીડા**–પોતે ગૃહસ્થાવાસમાં ગમે તેવી જાતના શૃંગારથી વિષયક્રીડા કરી હોય તેની સ્મૃતિ કરવી નહીં; તેમ કરવાથી બ્રહ્મચર્ય ભંગ થાય છે.

**૭. પ્રણીત**–દૂધ, દહીં, ઘૃતાદિ મધુરા અને ચીકાશવાળા પદાર્થોનો બહુધા આહાર ન કરવો. એથી વીર્યની વૃદ્ધિ અને ઉન્માદ થાય છે અને તેથી કામની ઉત્પત્તિ થાય છે; માટે બ્રહ્મચારીએ તેમ કરવું નહીં.

**૮. અતિમાત્રાહાર**–પેટ ભરીને આહાર કરવો નહીં; તેમ અતિ માત્રાની ઉત્પત્તિ થાય તેમ કરવું નહીં. એથી પણ વિકાર વધે છે.

**૯. વિભૂષણ**–સ્નાન, વિલેપન, પુષ્પાદિક બ્રહ્મચારીએ ગ્રહણ કરવું નહીં, એથી બ્રહ્મચર્યને હાનિ ઉત્પન્ન થાય છે.

એમ ભગવંતે નવ વાડ વિશુદ્ધ બ્રહ્મચર્યને માટે કહી છે. બહુધા એ તમારા સાંભળવામાં આવી હશે. પરંતુ ગૃહસ્થાવાસમાં અમુક અમુક દિવસ બ્રહ્મચર્ય ધારણ કરવામાં અભ્યાસીઓને લક્ષમાં રહેવા અહીં આગળ કંઈક સમજણપૂર્વક કહી છે.'' -શ્રીમદ્ રાજચંદ્ર (પૃ.૧૦૮)

'બ્રહ્મચર્ય' આત્મજ્ઞાન મેળવવા માટે ઘણી ઉપયોગી વસ્તુ છે.

**''પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન;**
**પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન.''**

પાત્ર થવા માટે બ્રહ્મચર્યની ખાસ જરૂર છે. બ્રહ્મચર્ય એટલે આત્મામાં રમણતા થવી તે.

બ્રહ્મચર્ય દશ પ્રકારે તથા પાંચ ભાવનાએ કરી સુરક્ષિત રહી શકે છે. તેનું યથાર્થ રીતે પાલન કરવા ઇચ્છનારે સ્ત્રીઓનો સહવાસ ન રાખવો. તે બેઠી હોય ત્યાર બાદ બે ઘડી સુધીમાં તે જગ્યાએ બેસવું નહીં. તેમના રૂપનું નિરીક્ષણ કરવું નહીં તથા સ્પર્શ કરવો નહીં. મોટી ઉંમરની, સમાન વયની તથા નાની વયની સ્ત્રીઓ પ્રત્યે માતૃભાવ, ભગિનીભાવ તથા પુત્રીભાવની દૃષ્ટિથી જોવું. તિર્યંચ, નપુંસક તથા ચિત્રો જોવાથી વિકાર

થાય છે, માટે તેનો ત્યાગ કરવો. વીર્યસ્ખલન થવા દેવું નહીં. યુવાનવયના માણસો કે જે કામ-વિકારની વાર્તા કરતા હોય તેથી દૂર રહેવું; અને વૃદ્ધ કે જેના સહવાસથી જ્ઞાનવાર્તા થાય તથા વૃદ્ધાવસ્થાનાં દુઃખ જોવા મળે તેથી વૈરાગ્યનું કારણ થાય છે, માટે તેમનો સહવાસ રાખવો. સ્ત્રી હોય તે રૂમમાં સૂવું નહીં. ગરિષ્ઠ ભોજન કરવું નહીં.

કામ છે તે કલ્પનારૂપી ઇંડામાંથી ઉત્પન્ન થતા સર્પ સમાન, રતિરૂપ મુખવાળો, હર્ષશોકરૂપ બે જીભવાળો, અજ્ઞાનરૂપ દરમાં રહેનારો, કામ-જ્વરરૂપ ઝેરી દાહથી દેહ-કાંચળીના ત્યાગરૂપ મરણ નીપજાવનારો છે. વિકારો ઉત્પન્ન થતા પહેલાં જ દાબી દેવા, તેમજ તેવાં નિમિત્તોથી દૂર રહેવું. તે ઉત્પન્ન થયા બાદ ઠંડા ઉપચારથી કે સ્નાનવિલેપનથી કામદાહ શાંત થતો નથી. તેને શાંત કરવામાં બાહ્ય ઉપચારો કામ લાગતા નથી. તે તો મન ઉપર આધાર રાખે છે. માટે મન ઉપર કાબૂ રાખતાં શીખવું.

કામીપુરુષ લજ્જાહીન હોય છે. તેવા પુરુષ વિકારવશ થઈ પોતાની કીર્તિ, યશ, જ્ઞાનને ધ્યાનનો નાશ કરે છે. તેમને કોઈ પ્રકારનું ભાન રહેતું નથી અને તેનું ફળ મળે ત્યારે પસ્તાવો કરે છે. કામ વ્યાપેલા પુરુષનું શરીર ધ્રુજે છે, શ્વાસોચ્છ્વાસ જોરથી ચાલે છે, જ્વર આવે છે અને મરણ પણ પામે છે.

## શરીરનું વર્ણન

‘‘સ્ત્રીઓ ઉપર કોઈ રીતે વિશ્વાસ મૂકવા યોગ્ય નથી, સ્ત્રીનું શરીર મહા અશુચિમય છે. તેમાં મોહ પામવા જેવું કંઈ પણ નથી. મનુષ્યને તેનું મુખ, વાળ અને શરીર જોઈને મોહ થાય છે; પરંતુ તેમાં રમણીયતા નહીં માની લેતાં, ચામડીની અંદર છુપાયેલા અશુચિમય પદાર્થોનો વિચાર કરવો. વાળમાં શું સુંદરતા છે? તેનું મૂળ તપાસતાં ગ્લાનિ થાય તેવું છે. મુખ ઉપરથી સુંદર દેખાય પણ સુગંધીદાર પદાર્થો ખાઈ મુખને સુગંધમય રાખવા પ્રયત્ન કરે તો પણ તે દુર્ગંધમય જ છે. શરીર છે તે ચમારનાં ઘરની મશક જેવું છે, અંદર દુર્ગંધવાળા પદાર્થો ભરેલા છે. યોનિસ્થાન છે તે દુર્ગંધમય રસ, લોહી ઝરવાનું સ્થાન છે. શરીરમાંથી પણ પરસેવો ઝર્યા કરે છે.’’ —કોઈ શાસ્ત્ર વંચાતાં સાંભળેલ સાર. —બોધામૃત ભાગ-૧ (પૃ.૧૩)

## અષ્ટ પ્રવચનમાતા

**પાંચ સમિતિ** અને **ત્રણ ગુપ્તિને અષ્ટ પ્રવચનમાતા** કહેવામાં આવે છે. મુનિના આ મુખ્ય આચાર છે. તે સંબંધી વિસ્તાર નીચે પ્રમાણે છે :–

**પાંચ સમિતિ**–''સતત અંતર્મુખ ઉપયોગે સ્થિતિ એ જ નિર્ગ્રંથનો પરમ ધર્મ છે. એક સમય પણ ઉપયોગ બહિર્મુખ કરવો નહીં એ નિર્ગ્રંથનો મુખ્ય માર્ગ છે; પણ તે સંયમાર્થે દેહાદિ સાધન છે તેના નિર્વાહને અર્થે સહજ પણ પ્રવૃત્તિ થવા યોગ્ય છે. કંઈ પણ તેવી પ્રવૃત્તિ કરતાં ઉપયોગ બહિર્મુખ થવાનું નિમિત્ત છે, તેથી તે પ્રવૃત્તિ અંતર્મુખ ઉપયોગ પ્રત્યે રહ્યા કરે એવા પ્રકારમાં ગ્રહણ કરાવી છે; કેવળ અને સહજ અંતર્મુખ ઉપયોગ તો મુખ્યતાએ કેવળ ભૂમિકા નામે તેરમે ગુણસ્થાનકે હોય છે. અને નિર્મળ વિચારધારાના બળવાનપણા સહિત અંતર્મુખ ઉપયોગ સાતમે ગુણસ્થાનકે હોય છે. પ્રમાદથી તે ઉપયોગ સ્ખલિત થાય છે, અને કંઈક વિશેષ અંશમાં સ્ખલિત થાય તો વિશેષ બહિર્મુખ ઉપયોગ થઈ ભાવઅસંયમપણે ઉપયોગની પ્રવૃત્તિ થાય છે. તે ન થવા દેવાને અને દેહાદિ સાધનના નિર્વાહની પ્રવૃત્તિ પણ ન છોડી શકાય એવી હોવાથી તે પ્રવૃત્તિ અંતર્મુખ ઉપયોગે થઈ શકે એવી અદ્ભુત સંકળનાથી ઉપદેશી છે, જેને પાંચ સમિતિ કહેવાય છે.

જેમ આજ્ઞા આપી છે તેમ આજ્ઞાના ઉપયોગપૂર્વક ચાલવું પડે તો ચાલવું; જેમ આજ્ઞા આપી છે તેમ આજ્ઞાના ઉપયોગપૂર્વક બોલવું પડે તો બોલવું; જેમ આજ્ઞા આપી છે તેમ આજ્ઞાના ઉપયોગપૂર્વક આહારાદિ ગ્રહણ કરવું; જેમ આજ્ઞા આપી છે તેમ આજ્ઞાના ઉપયોગપૂર્વક વસ્ત્રાદિનું લેવું મૂકવું; જેમ આજ્ઞા આપી છે તેમ આજ્ઞાના ઉપયોગપૂર્વક દીર્ઘશંકાદિ શરીરમળનો ત્યાગ કરવા યોગ્ય ત્યાગ કરવો. એ પ્રકારે પ્રવૃત્તિરૂપ પાંચ સમિતિ કહી છે. જે જે સંયમમાં પ્રવર્તવાના બીજા પ્રકારો ઉપદેશ્યા છે, તે તે સર્વ આ પાંચ સમિતિમાં સમાય છે; અર્થાત્ જે કંઈ નિર્ગ્રંથને પ્રવૃત્તિ કરવાની આજ્ઞા આપી છે, તે પ્રવૃત્તિમાંથી જે પ્રવૃત્તિ ત્યાગ કરવી અશક્ય છે, તેની જ આજ્ઞા આપી છે; અને તે એવા પ્રકારમાં આપી છે કે મુખ્ય

હેતુ જે અંતર્મુખ ઉપયોગ તેને જેમ અસ્ખલિતતા રહે તેમ આપી છે. તે જ પ્રમાણે વર્તવામાં આવે તો ઉપયોગ સતત જાગ્રત રહ્યા કરે, અને જે જે સમયે જીવની જેટલી જેટલી જ્ઞાનશક્તિ તથા વીર્યશક્તિ છે તે તે અપ્રમત્ત રહ્યા કરે.'' -શ્રીમદ્ રાજચંદ્ર (પૃ.૫૯૬)

પ્રવચન એટલે રત્નત્રયરૂપ ધર્મ, તેને માટે ત્રણગુપ્તિ અને પાંચ સમિતિ માતા સમાન હોવાથી પણ ''પ્રવચનમાતા'' કહેવાય છે.

(ધર્મામૃત પૃ.૧૯૫)

**ત્રણ ગુપ્તિ**–મનને વશ રાખી ધર્મધ્યાનમાં જોડવું તે મનોગુપ્તિ છે. મૌન રહેવું અથવા શાસ્ત્રોક્ત વચન કહેવું તે વચનગુપ્તિ છે. એક આસને બેસવું, અથવા ધ્યાન અને સ્વાધ્યાયમાં કાયાને જોડવી તે કાયગુપ્તિ છે.

-સહજસુખસાધન (પૃ.૫૪૨)

મનવચનકાયાના વ્યાપારરૂપ યોગ જેણે રોક્યા છે તે આત્મા પરમાર્થથી ત્રણ ગુપ્તિવાળો થયો છે. તેને જ એક પરમાણુમાત્ર પણ નવીન કર્મનો આશ્રવ થતો નથી. પૂર્વે ઉપાર્જન કરેલાં કર્મ નિષ્ફળ એટલે ફળ આપ્યા વિના આપોઆપ ગળી જાય છે. -ધર્મામૃત (પૃ.૧૯૭)

## શ્રાવકના ૨૧ ગુણ

(૧) ઉદાર હૃદયી હોય. (૨) યશવંત હોય. (૩) સૌમ્ય પ્રકૃતિવાળા હોય. (૪) લોકપ્રિય હોય. (૫) અક્રુર પ્રકૃતિવાળા હોય. (૬) પાપભીરૂ હોય. (૭) ધર્મ શ્રદ્ધાવાન હોય. (૮) દાક્ષિણ્ય (ચતુરાઈ)યુક્ત હોય. (૯) લજ્જાવાન હોય. (૧૦) દયાવંત હોય. (૧૧) માધ્યસ્થ દૃષ્ટિ હોય. (૧૨) ગંભીર-સહિષ્ણુ-વિવેકી હોય. (૧૩) ગુણાનુરાગી હોય. (૧૪) ધર્મોપદેશ કરનાર હોય. (૧૫) ન્યાયપક્ષી હોય. (૧૬) શુદ્ધ વિચાર હોય. (૧૭) મર્યાદાયુક્ત વ્યવહાર કરનાર. (૧૮) વિનયશીલ હોય. (૧૯) કૃતજ્ઞ ઉપકારનો જાણ હોય. (૨૦) પરોપકારી હોય. (૨૧) સત્કાર્યમાં સદા સાવધાન હોય.

-શ્રી બૃહત્ જૈન થોક સંગ્રહ (પૃ.૩૭૯)

**શ્રાવકના બાર વ્રતનું વર્ણન,** શ્રાવકના ૧૨૪ અતિચારમાં આવી ગયું છે; માટે અહીં ફરીથી લીધું નથી.

## છ લેશ્યાઓ

**ત્રણ અશુભ અને ત્રણ શુભ લેશ્યાના** લક્ષણો :–

**લેશ્યાનાં લક્ષણો** :–તેમાં પ્રથમ **કૃષ્ણ-લેશ્યાનાં લક્ષણ** કહે છે–પાંચ આસ્રવનો સેવનાર, ત્રણ અગુપ્તિવંત, છકાય જીવનો હિંસક, આરંભનો તીવ્ર પરિણામી તથા દ્વેષી, પાપ કરવામાં સાહસિક, નિષ્ઠુર પરિણામી, જીવહિંસા સુગ રહિત કરનાર, અજીતેંદ્રિય એવા જોગે કરી સહિત હોય તેને કૃષ્ણ લેશ્યાનું લક્ષણ જાણવું. **નીલ લેશ્યાના લક્ષણ** કહે છે–ઇર્ષ્યાવંત, તપ રહિત, માયાવી, પાપ કરતાં લાજે નહીં, આસક્ત, ધૂતારો, પ્રમાદી, રસનો લોલુપી, માયાનો ગવેષ, આરંભનો અત્યાગી, પાપને વિષે સાહસિક એ નીલ લેશ્યાનાં લક્ષણ જાણવાં. **કાપોત લેશ્યાનાં લક્ષણ** કહે છે–વાંકા બોલો, વાંકા કામ કરનાર, માયા કરીને હરખાય, સરળપણારહિત, મોઢે જુદો અને પુઠે જુદો, મિથ્યા ખોટા વચનનો બોલનાર, ચોરી મત્સરનો કરનાર, એ કાપોત લેશ્યાનાં લક્ષણ જાણવાં. **તેજો લેશ્યાના લક્ષણ** કહે છે–મર્યાદાવંત, માયા રહિત, ચપળપણા રહિત, કૂતુહલ રહિત, વિનયવંત, દમીતેંદ્રી, શુભ જોગવંત, ઉપધ્યાન તપ સહિત, દૃઢ ધર્મી, પ્રિય ધર્મી, પાપ થકી બીહે, એ તેજો લેશ્યાનાં લક્ષણ જાણવાં. **પદ્મ લેશ્યાનાં લક્ષણ** કહે છે–ક્રોધ, માન, માયા, લોભ, પાતળા કર્યા છે, પ્રશાંત ચિત્ત, આત્માનો દમણહાર, યોગ, ઉપધ્યાન સહિત હોય, થોડાબોલો, ઉપશાંત, જીતેંદ્રિય; એ પદ્મ લેશ્યાનાં લક્ષણ જાણવાં. **શુકલ લેશ્યાનાં લક્ષણ** કહે છે–આર્તધ્યાન, રૌદ્રધ્યાનથી સર્વથા રહિત, ધર્મધ્યાન, શુકલધ્યાન સહિત, દશ પ્રકારની ચિત્ત સમાધિએ કરી સહિત, આત્માનો દમણહાર, ઇત્યાદિક શુકલ લેશ્યાનાં લક્ષણ જાણવાં.

– શ્રી બૃહત્ જૈન થોક સંગ્રહ (પૃ.૩૩૮)

### કર્મબંધના ૫૫ કારણો નીચે પ્રમાણે :–

### જ્ઞાનાવરણીય કર્મ છ પ્રકારે બાંધે–

(૧) જ્ઞાનના તથા જ્ઞાનીના અવર્ણવાદ બોલે તો જ્ઞાનાવરણીય કર્મ બાંધે.

(૨) જ્ઞાન પમાડનારને ઓળવે તો જ્ઞાનાવરણીય કર્મ બાંધે.

(૩) જ્ઞાનની અંતરાય પાડે તો ” ”

(૪) જ્ઞાન કે જ્ઞાની ઉપર દ્વેષ કરે તો ” ”

(૫) જ્ઞાનની તથા જ્ઞાનીની આશાતના કરે તો ” ”

(૬) જ્ઞાની સાથે ખોટો વિવાદ કરે તો ” ”

જ્ઞાનાવરણીય કર્મની સ્થિતિ—જઘન્ય, અંતર્મુહૂર્તની; ઉત્કૃષ્ટ, ત્રીશ કોડાકોડી સાગરોપમની. અબાધાકાળ ત્રણ હજાર વર્ષનો.

**દર્શનાવરણીય કર્મ છ પ્રકારે બાંધે :–**

(૧) સમકિત કે સમ્યક્ત્વીના અવર્ણવાદ (વાકું) બોલે તો દર્શનાવરણીય કર્મ બાંધે.

(૨) સમકિત (બોધ) પમાડનારને ઓળવે તો દર્શનાવરણીય કર્મ બાંધે.

(૩) સમકિત પામતો હોય તેને અંતરાય પાડે તો ” ”

(૪) સમકિત કે સમકિતી ઉપર દ્વેષ કરે તો ” ”

(૫) સમકિત કે સમકિતીની આશાતના કરે તો ” ”

(૬) સમકિતી સાથે ખોટો ઝઘડો, વિખવાદ કરે તો ” ”

**દર્શનાવરણીય કર્મની સ્થિતિ**—જઘન્ય, અંતર્મુહૂર્તની, ઉત્કૃષ્ટ, ત્રીશ કોડાકોડી સાગરોપમની, અબાધાકાળ ત્રણ હજાર વર્ષનો.

**અશાતાવેદનીયના બાર પ્રકાર :–**

(૧) પરને દુઃખ આપવું. (૨) પરને શોક કરાવવો. (૩) પરને ઝુરણા કરાવવી. (૪) પરને આંસુ પડાવવાં. (૫) પરને પીટાવવું. (૬) પરને પરિતાપના આપવી. (૭) બહુ પ્રાણી ભૂત જીવ સત્ત્વોને દુઃખ આપવું. (૮) શોક કરવો. (૯) ઝુરણા કરવી. (૧૦) ટપક ટપક આંસુ પાડવા. (૧૧) પીટવું. (૧૨) પરિતાપના કરવી.

**અશાતાવેદનીયની સ્થિતિ**—જઘન્ય, એક સાગરના સાત ભાગ કરીએ તે માંહેના ત્રણ ભાગ ને એક પલ્યને અસંખ્યાતમે ઊણી, ઉત્કૃષ્ટ, ત્રીશ કોડાકોડી સાગરોપમની, અબાધાકાળ ત્રણ હજાર વર્ષનો.

### મોહનીય કર્મ છ પ્રકારે બાંધે :–

(૧) તીવ્ર ક્રોધ, (૨) તીવ્ર માન, (૩) તીવ્ર માયા, (૪) તીવ્ર લોભ, (૫) તીવ્ર દર્શનમોહનીય, (૬) તીવ્ર ચારિત્રમોહનીય.

**મોહનીયકર્મની સ્થિતિ**–જઘન્ય અંતર્મુહૂર્તની; ઉત્કૃષ્ટ સીત્તેર કોડા-કોડી સાગરોપમની, અબાધાકાળ જઘન્ય અંતર્મુહૂર્તનો; ઉત્કૃષ્ટ, સાત હજાર વર્ષનો.

### નારકીનું આયુષ્ય ચાર પ્રકારે બાંધે :–

(૧) મહા આરંભ. (૨) મહા પરિગ્રહ (૩) કુણિમ એટલે માંસ મદિરા વગેરેનો આહાર (૪) પંચેંદ્રિય વધ. એ ચાર પ્રકાર છે.

**આયુષ્ય કર્મની સ્થિતિ**–નારકીની સ્થિતિ જઘન્ય–દશ હજાર વર્ષને અંતર્મુહૂર્ત, અધિક–ઉત્કૃષ્ટ તેત્રીશ સાગર ને પૂર્વક્રોડીનો ત્રીજો ભાગ અધિક.

### તિર્યંચનું આયુષ્ય ચાર પ્રકારે બાંધે :–

(૧) માયા સહિત અલિક એટલે જૂઠું (૨) નિવડ માયા અલિક (૩) અલિક વચન, (૪) ખોટાં તોલ માપ, એ ચાર.

**તિર્યંચની આયુષ્ય સ્થિતિ**–જઘન્ય–અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ–ત્રણ પલ્ય ને પૂર્વ ક્રોડીનો ત્રીજો ભાગ અધિક.

### અશુભ નામ કર્મ ચાર પ્રકારે બાંધે :–

(૧) કાયાની વક્રતા, (૨) ભાષાની વક્રતા, (૩) ભાવની વક્રતા, (૪) ક્લેશકારી પ્રવર્તન.

**નામકર્મની સ્થિતિ**–જઘન્ય આઠ મુહૂર્તની; ઉત્કૃષ્ટ, વીશ કોડાકોડી સાગરોપમની, અબાધાકાળ બે હજાર વર્ષનો.

### નીચ ગોત્ર આઠ પ્રકારે બાંધે :–

(૧) જાતિ મદ, (૨) કુળ મદ, (૩) બળ મદ, (૪) રૂપ મદ, (૫) તપ મદ, (૬) સૂત્ર મદ, (૭) લાભ મદ, (૮) ઐશ્વર્ય મદ. આની પણ સ્થિતિ, નામ કર્મ પ્રમાણે છે.

## અંતરાય કર્મ પાંચ પ્રકારે બાંધે :–

(૧) દાનાંતરાય, (૨) લાભાંતરાય, (૩) ભોગાંતરાય, (૪) ઉપભોગાંતરાય, (૫) વીર્યાંતરાય એ પાંચ. **અંતરાય કર્મની સ્થિતિ**–જઘન્ય– અંતર્મુહૂર્તની; ઉત્કૃષ્ટ- ત્રીશ કોડાકોડી સાગરોપમની. અબાધાકાળ ત્રણ હજાર વર્ષનો. -થોકસંગ્રહ (પૃ.૯૧)

જિનપૂજાદિમાં, દાનાદિમાં અંતરાય કરવાથી તથા હિંસાદિની પ્રવૃત્તિ કરવાથી અંતરાયકર્મ બંધાય. -તત્ત્વજ્ઞાન પ્રવેશિકા. ઉપરોક્ત કર્મબંધના ૫૫ કારણો થયા.

## પાપરૂપ ગણાતી ૮૨ પ્રકૃતિઓ :–

જ્ઞાનાવરણ પાંચ, દર્શનાવરણ નવ, અસાતવેદનીય, મિથ્યાત્વ, સોળ કષાય, નવ નોકષાય, નારકાયુષ, નરકગતિ, તિર્યંચગતિ, એકેન્દ્રિય; દ્વિંદ્રિય, ત્રિંદ્રિય, ચતુરિંદ્રિય, પહેલું સંહનન છોડી બાકીનાં પાંચ સંહનન—અર્ધ વજ્ર ઋષભનારાચ, નારાચ, અર્ધનારાચ, કીલિકા અને સેવાર્ત; પહેલું સંસ્થાન છોડી બાકીનાં પાંચ સંસ્થાન-ન્યગ્રોધપરિમંડલ, સાદિ, કુબ્જ, વામન, અને હુંડ; અપ્રશસ્ત વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, નરકાનુપૂર્વી, તિર્યંચાનુપૂર્વી, ઉપઘાતનામ, અપ્રશાસ્તવિહાયો-ગતિ, સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, અસ્થિર, અશુભ, દુર્ભગ, દુઃસ્વર; અનાદેય, અયશઃકીર્તિ, નીચગોત્ર અને પાંચ અંતરાય. -તત્વાર્થસૂત્ર (પૃ.૩૪૪)

ઉપરના કર્મબંધનના ૫૫ કારણો વડે ૮૨ કર્મની પ્રકૃતિઓ બાંધી, બંધાવી અને અનુમોદી મને કરી, વચને કરી, કાયાએ કરી તે મને ધિક્કાર ધિક્કાર, વારંવાર મિચ્છામિ દુક્કડં.

**એક એક બોલથી માંડી કોડાકોડી યાવત્ સંખ્યાત, અસંખ્યાત, અનંતાનંત બોલ પર્યંત મેં જાણવા યોગ્ય બોલને સમ્યક્પ્રકારે જાણ્યા નહીં, સદ્દહ્યા-પ્રરૂપ્યા નહીં તથા વિપરીતપણે શ્રદ્ધાન આદિ કરી, કરાવી, અનુમોદી, મન, વચન, કાયાએ કરી, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.**

**ભાવાર્થ :–** એક એક બોલ એટલે પદાર્થના સ્વરૂપથી માંડી

કોડાકોડી કે સંખ્યાત, અસંખ્યાત, અનંતાનંત પદાર્થોમાં જે જાણવા યોગ્ય એવા સાત તત્ત્વો કે નવ પદાર્થો કે છ પદ કે છ દ્રવ્ય વગેરેને મેં સમ્યક્ પ્રકારે જાણ્યા નહીં, તેની શ્રદ્ધા કરી નહીં કે તેની પ્રરૂપણા કરી નહીં, તથા વિપરીતપણે શ્રદ્ધાન આદિ કરી, કરાવી, અનુમોદી, તે મનવચનકાયાએ કરી, તેથી મને વારંવાર ધિક્કાર હો. તે મારા સર્વ દુષ્કૃત્યો મિથ્યા થાઓ.

હેય તત્ત્વો કે ઉપાદેય તત્ત્વો સર્વને જાણવાની જરૂર છે. જાણ્યા વિના કયો પદાર્થ ત્યાગવા યોગ્ય કે કયો ગ્રહણ કરવા યોગ્ય છે તેની ખબર પડે નહીં.

**એક એક બોલથી માંડી યાવત્ અનંતા બોલમાં છાંડવા યોગ્ય બોલને છાંડ્યા નહીં અને તે મન, વચન, કાયાએ કરી સેવ્યા, સેવરાવ્યા, અનુમોદ્યા, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.**

**ભાવાર્થ :–** એક એક બોલથી માંડીને ઠેઠ અનંતા બોલમાં છોડવા યોગ્ય બોલ જેવા કે રાગદ્વેષ, વિષય, કષાય અથવા મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ આદિના બોલોને બંધકારક જાણીને છાંડ્યા નહીં અને તે મન, વચન, કાયાએ કરી સેવ્યા, સેવરાવ્યા, અનુમોદ્યા, તે મને વારંવાર ધિક્કાર હો ધિક્કાર હો, તે મારા સર્વ પાપો હે નાથ! મિથ્યા થાઓ.

**એક એક બોલથી માંડી યાવત્ અનંતાનંત બોલમાં આદરવા યોગ્ય બોલ આદર્યા નહીં, આરાધ્યા-પાળ્યા-સ્પર્શ્યા નહીં, વિરાધના ખંડનાદિક કરી, કરાવી, અનુમોદી, મન, વચન, કાયાએ કરી, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.**

**ભાવાર્થ :–** એક એક બોલથી માંડી યાવત્ અનંતાનંત બોલમાં આદરવા યોગ્ય બોલ જેવા કે વૈરાગ્ય, ઉપશમ, ત્યાગ, ભક્તિ, સમ્યક્ દર્શન, સત્-પુરુષાર્થ વગેરેને આદર્યા નહીં, આરાધ્યા, પાળ્યા, સ્પર્શ્યા નહીં, પણ તેની વિરાધના ખંડના આદિ કરી, કરાવી, અનુમોદી, મન, વચન, કાયાએ કરી તે મને વારંવાર ધિક્કાર હો, ધિક્કાર હો, તે મારા અજ્ઞાનવશ કરેલા સર્વ દુષ્કૃત્યો આપની કૃપાએ મિથ્યા થાઓ. એવી આપ પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે.

**હે જિનેશ્વર વીતરાગ! આપની આજ્ઞા આરાધવામાં જે જે પ્રમાદ કર્યો, સમ્યક્પ્રકારે ઉદ્યમ નહીં કર્યો, નહીં કરાવ્યો, નહીં અનુમોદ્યો; મન, વચન, કાયાએ કરી અથવા અનાજ્ઞા વિષે ઉદ્યમ કર્યો, કરાવ્યો, અનુમોદ્યો; એક અક્ષરના અનંતમાં ભાગ માત્ર-કોઈ સ્વપ્નમાત્રમાં પણ આપની આજ્ઞાથી ન્યૂન-અધિક, વિપરીતપણે પ્રવર્ત્યો, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.**

**ભાવાર્થ :–** હે જિનેશ્વર વીતરાગ પ્રભુ! આપની આજ્ઞા પ્રમાણે આરાધન કરવામાં જે જે પ્રમાદ કર્યો, સમ્યક્પ્રકારે પુરુષાર્થ નહીં કર્યો, બીજા પાસે નહીં કરાવ્યો, જે કરે છે તેની પણ અનુમોદના કરી નહીં. તે સર્વ મન, વચન, કાયાએ કરી નહીં અથવા ભગવાનની આજ્ઞાથી વિરુદ્ધ એવી અનાજ્ઞા વિષે ઉદ્યમ કર્યો, કરાવ્યો, અનુમોદ્યો, એક અક્ષરના અનંતમાં ભાગ માત્ર અથવા કોઈ સ્વપ્નમાત્રમાં અર્થાત્ સ્વપ્નમાં પણ આપની આજ્ઞાથી ન્યૂન કે અધિક, વિપરીતપણે પ્રવર્ત્યો, તે મને વારંવાર ધિક્કાર હો ધિક્કાર હો. તે સર્વ મારા દુષ્કૃત્યો મિથ્યા થાઓ, નિષ્ફળ થાઓ.

આજ્ઞાનું આરાધન એ જ ધર્મ અને આજ્ઞાનું આરાધન એ જ તપ છે. ‘आणाऎ धम्मो, आणाऎ तवो’ ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્તન કર્યા વગર આત્મધર્મની પ્રાપ્તિ નથી. વીતરાગ પુરુષોની આજ્ઞા વીતરાગતા જ બોધે છે. ભગવાનની આજ્ઞા બહારની પ્રવૃત્તિ તે સ્વચ્છંદ પ્રવૃત્તિ છે. સ્વચ્છંદી માણસ વિષય કષાયથી લિપ્ત હોય છે. તે પોતાનો અહંકાર છોડી શકતો નથી. અને અહંકારી વ્યક્તિની આરાધના દુષિત હોય છે. ભગવાનની આજ્ઞા વગરના તપ જપ સંયમ પણ માત્ર સંસાર વધારનાર છે. વીતરાગ પુરુષોની આજ્ઞાથી વિરુદ્ધ અંશ માત્ર પણ પ્રવૃત્તિ થાય તો તેનો પશ્ચાતાપ થવો જોઈએ. સ્વપ્નમાં પણ આજ્ઞાથી વિરુદ્ધ પ્રવૃત્તિ થાય તો તેની પણ ભગવાન સમક્ષ આલોચના કરી મુમુક્ષુએ વિશુદ્ધ થવું જોઈએ. કેમકે આજ્ઞા વગર ધર્મ નથી, અને ધર્મ વિના મુક્તિ નથી.

**તે મારો દિવસ ધન્ય હશે કે જે દિવસે હું આપની આજ્ઞામાં સર્વથા પ્રકારે સમ્યક્પણે પ્રવર્તીશ.**

**ભાવાર્થ :–** તે દિવસ મારો ધન્ય હશે કે જે દિવસે હું આપ પરમ-કૃપાળુ પ્રભુની આજ્ઞામા સર્વથા પ્રકારે એટલે સંપૂર્ણપણે સમ્યક્પ્રકારે પ્રવર્તીશ.

---

## મારી અશુદ્ધ શ્રદ્ધા મિથ્યા થાઓ

(દોહા)

**શ્રદ્ધા અશુદ્ધ પ્રરૂપણા, કરી ફરસના સોય;**
**અનજાને પક્ષપાતમેં, મિચ્છા દુક્કડ મોય.**

**અર્થ :–** અનાદિકાળથી અજ્ઞાનવશ કુદેવ, કુગુરુ અને કુધર્મમાં શ્રદ્ધા કરી હોય, અથવા તેમના બોધેલા કુધર્મની અશુદ્ધ પ્રરૂપણા કરી હોય અથવા તે પ્રમાણે ફરસના એટલે સ્પર્શના અર્થાત્ હું વર્ત્યો હોઉં તો તે મારા સર્વ દુષ્કૃત્યો મિથ્યા થાઓ. ઉપરની બધી વિપરીતતા કાં તો મેં અનજાન એટલે અજ્ઞાનવશ કરી હોય અથવા કોઈ મત પક્ષનો આગ્રહ પકડી રાખીને કરી હોય, તે સર્વ હવે મિથ્યા થઈ મને સમ્યક્ શ્રદ્ધાનની પ્રાપ્તિ થાઓ એવી મારી અભિલાષા છે. ।।૧।।

## જિનભાષિત સર્વ શાસ્ત્ર મને માન્ય

**સૂત્ર અર્થ જાનું નહીં, અલ્પબુદ્ધિ અનજાન;**
**જિનભાષિત સબ શાસ્ત્રકા, અર્થ પાઠ પરમાન.**

**અર્થ :–** હે પ્રભુ! હું જિનભાષિત સૂત્ર અને તેના અર્થ જાણતો નથી. હું તો અલ્પ બુદ્ધિવાળો અજ્ઞાની પામર છું. શાસ્ત્રોના રહસ્યથી અજાણ છું. વીતરાગની વાણીના 'એક એક શબ્દમાં અનંત આગમ રહ્યા છે' એવા જિનભાષિત સર્વ શાસ્ત્રોને, અર્થને કે તેના પાઠને હું પરમાન એટલે પ્રમાણભૂત માનું છું. ભક્તિવડે તે શાસ્ત્રોનું રહસ્ય મારા હૃદયમાં વસી જઈ હું આત્માના અનુભવને પામું એવી મારી આપ પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે. ।।૨।।

## ત્રણ તત્વમાં થયેલ ભૂલની માફી ચાહું છું

**દેવ ગુરુ ધર્મ સૂત્રકું, નવ તત્ત્વાદિક જોય;**
**અધિકા ઓછા જે કહ્યા, મિચ્છા દુક્કડ મોય.**

**અર્થ :–** સત્‌દેવ, ગુરુ અને ધર્મ કે શાસ્ત્રોમાં લિખિત સૂત્રો, કે જીવ, અજીવ, આસ્રવ, સંવર, બંધ, મોક્ષ, નિર્જરા તથા પાપ, પુણ્ય એ નવતત્વોમાં અજ્ઞાનવશ કે મોહવશ મારાથી કંઈ પણ અધિકું ઓછુ કહેવાયું હોય તો તેની હું ખરા અંતઃકરણે માફી માગું છું. અને ભગવાને કહ્યું તે જ સત્ય છે એમ માની વર્તવા ઇચ્છા રાખું છું. માટે મારા પૂર્વે કરેલા સર્વ દુષ્કૃત્યો મિથ્યા થાઓ. ।।૩।।

### ગુરુ સેવા વિના આત્મપ્રાપ્તિ અસંભવ

**હું મગસેલીઓ હો રહ્યો, નહીં જ્ઞાન રસભીજ;**
**ગુરુસેવા ન કરી શકું, કિમ મુજ કારજ સીઝ.**

**અર્થ :–** હે પ્રભુ! હું મગસેલીયા પત્થર જેવો થઈ રહ્યો છું. મગસેલીયો એક તૈલીયો પત્થર છે. જેના ઉપર ગમે તેટલો વરસાદ વરસે તો પણ તે ભીંજાય નહીં, પણ કોરોને કોરો જ રહે. તેમ આપના દ્વારા આપેલ અગાધ જ્ઞાનરસથી હું ભીંજાતો નથી પણ કોરોને કોરો જ રહું છું. જ્ઞાનરસ મારામાં ઊતરતો નથી તેથી મને વાસ્તવિક તત્ત્વ સમજાતું નથી. અને યથાર્થ તત્ત્વ સમજાયા વિના સદ્‌ગુરુ ભગવંતનો અનંત ઉપકાર સાંભરતો નથી. તેથી તેમના પ્રત્યે મને ભક્તિ ઊગતી નથી. ભક્તિ ઊગ્યા વિના ગુરુસેવા એટલે તેમની આજ્ઞાનું પાલન હું કરી શકતો નથી. તો હે નાથ! મારા આત્મકલ્યાણનું કાર્ય કેવી રીતે સિદ્ધ થશે? ।।૪।।

### મોહસહિત ક્રિયાથી જીવ અપરાધી

**જાને દેખે જે સુને, દેવે સેવે મોય;**
**અપરાધી ઉન સબનકો, બદલા દેશું સોય.**

**અર્થ :–** જે જાણે છે અને દેખે છે તે આત્મા છે. જાણવું, દેખવું એટલે જ્ઞાન દર્શન એ આત્માનો મુખ્ય સ્વભાવ છે. આત્મા છે તો તે સાંભળે છે, કે બીજાને કંઈ આપે છે, કે કોઈની સેવા ચાકરી કરે છે; પણ તે સર્વ ક્રિયા મોય એટલે મોહ ગર્ભિત જે કરે છે તે સર્વ અપરાધી છે. તે સર્વને કર્મ આપોઆપ બદલો આપશે; જ્યારે જ્ઞાનીપુરુષની સર્વ ક્રિયા જ્ઞાન વૈરાગ્યના કારણે મોહરહિત હોય છે. માટે તે પ્રતિ સમયે સંસારથી છૂટે છે. ।।૫।।

### જૈન ધર્મ પામ્યા પછી વિષય કષાય ઘટવા જોઈએ

**જૈન ધર્મ શુદ્ધ પાયકે, વરતું વિષય કષાય;**
**એહ અચંબા હો રહ્યા, જલમેં લાગી લાય.**

**અર્થ :–** જૈન ધર્મ એ વીતરાગ ધર્મ છે. જે પાપના અંશને પણ ઉપાદેય માનતો નથી. સંવર અને નિર્જરાને જ મહત્વ આપે છે. શુદ્ધ આત્મદશા પ્રગટાવવાનો જ જેનો લક્ષ છે. એવો શુદ્ધ જૈન ધર્મ મારા પ્રબળ પુણ્યના ઉદયે મને પ્રાપ્ત થયો. તો મારી વિષય કષાયની પ્રવૃત્તિ હવે ઘટવી જોઈએ. છતાં તેથી વિપરીત થઈ રહ્યું છે. કષાય મારા ઘટ્યા નહીં અને વિષયોની વાસના છૂટી નહીં. અને તેમાં જ વિશેષ રાગદ્વેષ કર્યા કરું છું. અને એમાં જ રચ્યો પચ્યો રહું છું. જેમ જે પાણી આગ બુઝાવવામાં કામ લાગે પણ તેમાં જ જો આગ લાગે તો તે આશ્ચર્યકારક ઘટના ગણાય; તેમ જૈન ધર્મ પામ્યા પછી પણ મારા જેવાનું આવું હલકું વર્તન તે ખૂબ અચંબો પમાડનારી બીના ગણાય. માટે હે નાથ! મને સદ્બુદ્ધિ આપી વિષય કષાયથી છોડાવી મારો આ દેવદુર્લભ માનવદેહ સફળ કરો. ।।૬।।

### કનક કામિની આરાધનામાં અંતરાયરૂપ

**એક કનક અરુ કામિની, દો મોટી તરવાર;**
**ઊઠ્યો થો જિન ભજનકું, બિચમેં લિયો માર.**

**અર્થ :–** કનક એટલે સોનુ અર્થાત્ પરિગ્રહ, અને કામિની એટલે સ્ત્રી અર્થાત્ તે નિમિત્તે ભોગવાતાં પાંચ ઇન્દ્રિયના વિષયો. એ બેય વસ્તુ-ઓ ધર્માત્માનું ધર્મ જીવન નષ્ટ કરવા માટે મોટી તલવાર સમાન છે. મોટા મુનિઓ કે ગૃહસ્થો પણ ઉપયોગ ન રાખે તો તેથી પતિત થઈ જાય છે. હું વીતરાગ ભગવાનની આજ્ઞાનુસાર ભજન ભક્તિ કરવામાં લાગ્યો હતો, પણ આરાધનાના વચગાળે જ તેણે મારી આરાધનાનો અંત આણી દીધો.

ધનાદિ પરિગ્રહમાં મૂર્છા અને ભોગોની વાસના અનાદિકાળથી જીવમાં ચાલી આવે છે. આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ એ ચારે સંજ્ઞાઓ સંસારી જીવને સદૈવ હોય છે. તેથી આરાધનામાં તે વિક્ષેપ કરે છે. મૈથુન સંજ્ઞા નવમા ગુણસ્થાનમાં અને પરિગ્રહ સંજ્ઞા દશમા

ગુણસ્થાનનાં અંતે સર્વથા નાશ પામે છે. ત્યારે જીવ સંપૂર્ણ વીતરાગ થાય છે. હે પ્રભુ! હવે મારી પરિગ્રહની મૂર્ચ્છા અને ભોગોની લાલસાઓ સંપૂર્ણપણે નાશ પામે એવી કૃપા કરો. ।।૭।।

**વિષયની વાસનાથી ત્યાગનો પણ ત્યાગ**

(સવૈયા)

**સંસાર છાર તજી ફરી, છારનો વેપાર કરું,**
**પહેલાંનો લાગેલો કીચ, ધોઈ કીચ બીચ ફરું;**
**તેમ મહાપાપી હું તો, માનું સુખ વિષયથી,**
**કરી છે ફકીરી એવી, અમીરીના આશયથી.**

**અર્થ :–** હે પ્રભુ! મેં સંસારને છાર એટલે રાખ સમાન અસાર જાણી તેનો ત્યાગ કર્યો. પણ ફરીથી કોઈને કોઈ બહાને તે સાંસારિક વાસનાઓને જ પોષણ આપું છું. જેથી પહેલાંનો લાગેલો કર્મરૂપી કીચડનો ઘટાડો થવાને બદલે તે પાછો વૃદ્ધિ પામે છે. પહેલાંની કર્મરૂપી કીચડની ગંદકીને સાફ કરીને ફરી પાછા તેવા કર્મ બંધાય એવા કર્મરૂપી કીચડની વચ્ચે જ ફરું છું. તેથી હું મહાપાપી છું. આ પાંચ ઇન્દ્રિયોના ભોગોમાં જ સુખ માનું છું. આત્માર્થના લક્ષ વગરની મારી બધી ધાર્મિક ક્રિયાઓ છે. ધર્મક્રિયા પણ સાંસારિક સુખની લાલસાએ કરું છું. એમ ઉપરથી ધર્મ ક્રિયાઓ કરી, ફકીરીનો એટલે ત્યાગનો સ્વાંગ રચી, અંતરમાં અમીર થવાનો આશય રાખું છું. એવા મને વારંવાર ધિક્કાર હો, ધિક્કાર હો. અનંત સંસારને વધારનાર એવા માયાચારનો ત્યાગ કરી હું મારા આત્મ-સ્વરૂપમાં સર્વકાળને માટે સમાઈને રહું એવી મારી અંતરની અભિલાષાને પૂર્ણ કરો એવી આપ પ્રભુ પ્રત્યે મારી પ્રબળ પ્રાર્થના છે. ।।૧।।

**ત્યાગ કરવાની વસ્તુનો સંગ્રહ માટે ધિક્કાર**

(દોહા)

**ત્યાગ ન કર સંગ્રહ કરું, વિષય વચન જિમ આહાર;**
**તુલસી એ મુજ પતિતકું, વારંવાર ધિક્કાર.**

**અર્થ :–** હે પ્રભુ! હું પાંચ ઇન્દ્રિયના વિષયોનો ત્યાગ નહીં કરીને તે

ભોગવવા અર્થે ધનાદિ પદાર્થોનો સંગ્રહ કર્યા કરું છું. આહારના વમનની જેમ વિષયોનો મનથી ત્યાગ કરું છું. છતાં ભોગાદિના નિમિત્તો મળે કે પાછી ભોગેચ્છા જાગૃત થઈ જાય છે. અને તે ભોગવવા અર્થે પરિગ્રહમાં મૂર્છાભાવ કરી ફરી ભૌતિક સામગ્રીનો સંગ્રહ કરવા લાગી જાઉં છું. માટે સંત તુલસીદાસજી કહે છે કે મારા જેવા આરાધકની એવી પતિત અવસ્થા હોવાથી મને વારંવાર ધિક્કાર છે. મહાત્માઓ, દોષો નિવારવા અર્થે પોતાના અલ્પદોષને પણ પહાડ જેવો કરી વિચારે છે, જેથી તે દોષો દૂર થાય છે. ।।૧।।

**હું લોઢા જેવો આપ પારસમણિ જેવા**

**કામી કપટી લાલચી, કઠણ લોહકો દામ;**
**તુમ પારસ પરસંગથી, સુવરન થાશું સ્વામ.**

**અર્થ :–** હે પ્રભુ! હું વાસનાથી ગ્રસિત હોવાથી કામી છું, કપટી એટલે માયાચારી હોવાથી કોઈને ઠગું છું. લાલચી એટલે સંતોષહીન એવો હું લોભી છું. મને જેટલું મળે તેટલું ઓછું જણાય છે અને ફરી મેળવવાની ઇચ્છા રહ્યા કરે છે. મારું હૃદય લોખંડ જેવું કઠણ છે. જેમ લોખંડના દામ અલ્પ આવે તેમ ઉપરોક્ત દુર્ગુણો મારામાં હોવાથી મારી ખાસ કંઈ કિંમત નથી. છતાં હે સ્વામી! આપ પારસમણિ જેવા હોવાથી અને આપનો સંગ મને મળવાથી આપના પ્રત્યે ભક્તિ પ્રગટશે. તેથી આપની આજ્ઞા ઉઠાવીને હું સોના રૂપ થઈશ અર્થાત્ મિથ્યાત્વરૂપ મેલને કાઢી સમ્યક્દૃષ્ટિ પામીશ. અને આપની કૃપાએ આગળ વધી ઠેઠ કેવળજ્ઞાન પામી મોક્ષે જઈશ. ।।૨।।

**હે કૃપાળુ! મને આપનાં શરણમાં રાખો**

**જપ તપ સંવર હીન હું, વળી હું સમતા હીન;**
**કરુણાનિધિ કૃપાળ હે! શરણ રાખ, હું દીન.**

**અર્થ :–** જપ એટલે સદ્ગુરુએ આપેલ મંત્રમાં ચિત્તને રોકી તેનું બને તો પ્રતિ સમયે સ્મરણ કર્યા કરવું અથવા જાપ કરવો. તપ એટલે 'इच्छा निरोधस्तपः' ઇચ્છાઓને રોકવી એ તપ છે. 'હે ઇચ્છા દુઃખમૂળ'

અનેક પ્રકારની ઇચ્છાઓ એ જ દુઃખનું મૂળ છે. બાર પ્રકારના તપે કરી એ ઇચ્છાઓને રોકી સંવરમાં આવવાનો પ્રભુનો ઉપદેશ છે. સંવર એટલે આવતા કર્મોને રોકવા. નવીન કર્મોને આવતાં રોકી પૂર્વે બંધાયેલા કર્મોની ત્યાગ, વૈરાગ્ય, ઉપશમ, ભક્તિના બળે સમભાવમાં આવી નિર્જરા કરવી તે મુક્તિનો માર્ગ છે. પણ હે નાથ! હું તો જપ, તપ અને સંવરે કરી સમતા ભાવને આરાધતો નથી. વળી મુક્તિમાર્ગનો સર્વશ્રેષ્ઠ અને ટૂંકો ઉપાય તે સમતાભાવ છે. શુભાશુભ કર્માધીન આવેલ ફળમાં સુખદુખાદિનો ભાવ ન કરતાં સમભાવ રાખી સત્તામાં પડેલા કર્મની નિર્જરા કરવી એ મુક્તિ મેળવવાનો સર્વ શ્રેષ્ઠ ઉપાય છે. છતાં હે નાથ! આ અમૂલ્ય માનવદેહ અને બધા પ્રકારની ઉત્તમ જોગવાઈ મળવા છતાં હું તે સમતાથી હીન છું, અર્થાત્ સમભાવ રાખવામાં ઉપયોગને જાગૃત રાખતો નથી. માટે હે કરુણાસાગર એવા કૃપાળુ પ્રભુ! મને આપના શરણમાં રાખો. કેમકે સર્વ પ્રકારની આત્મસંપત્તિને ખોઈ બેઠેલો એવો હું દીન છું અર્થાત્ ગરીબ છું. માટે હવે હું આપનું સાચા અંતઃકરણે શરણ સ્વીકારું છું. ।।૩।।

**હે પ્રભુ! મારા જેવા પતિતની લાજ રાખો**

**નહિ વિદ્યા, નહિ વચનબળ, નહિ ધીરજ ગુણ જ્ઞાન;**
**તુલસીદાસ ગરીબકી, પત રાખો ભગવાન.**

**અર્થ :–** હે પ્રભુ! હું લૌકિક અનેક પ્રકારની વિદ્યા ભણ્યો પણ આત્મવિદ્યા એટલે આત્મા સંબંધી જ્ઞાન કે સમજણથી હું વંચિત છું. જેથી મારામાં આ તત્ત્વ સંબંધીનું વચનબળ પણ નથી અર્થાત્ આત્મા સંબંધીનું તત્ત્વજ્ઞાન મેળવ્યું હોય તો તે સંબંધીની વચનબળે ચર્ચા કરી અનેક પ્રકારની શંકાઓનું નિવારણ કરી શકું. આત્મા સંબંધીની શંકાઓનું નિવારણ કરવાથી આત્મશ્રદ્ધા પ્રગટે. તેથી મરણનો ભય ટળી જઈ આત્મામાં અજબ ધીરજ ગુણનો સંચાર થાય છે. ધીરજથી સદ્ગુરુ આજ્ઞાએ ધર્મ આરાધન કરતાં આત્મજ્ઞાન થાય છે. પણ સંત તુલસીદાસ કહે છે કે હે પ્રભુ! ઉપરોક્ત આ સર્વ આત્મગુણો યથાર્થપણે મારામાં નહીં હોવાથી હું ગરીબ છું અર્થાત્ એવા આત્મગુણોથી હું હીન છું. માટે હે ભગવાન!

આ પામરની આપ પત એટલે લાજ રાખજો. મુક્તિના માર્ગે ચઢાવી મારું કલ્યાણ કરજો. કેમકે આપના વિના મને બીજો કોઈ આધાર નથી. ।।૪।।

## આઠેય કર્મ છેદવાથી મુક્તિ

**આઠ કર્મ પ્રબળ કરી, ભમીઓ જીવ અનાદિ;**
**આઠ કર્મ છેદન કરી, પાવે મુક્તિ સમાધિ.**

**અર્થ :–** જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાયકર્મ એ ચાર ઘાતીયા કર્મો છે; જે આત્માના ગુણોને ઘાતે છે. બીજા ચાર તે નામ, ગોત્ર, વેદનીય અને આયુષ્યકર્મ છે. જે શરીર આશ્રિત છે. જે આત્માના ગુણોને ઘાતતા નથી, તેથી અઘાતી કર્મ છે. એ આઠેય કર્મોને અનાદિ કાળના અજ્ઞાનને કારણે જીવ પ્રબળ કરતો રહે છે. જેમકે આત્માના અજ્ઞાનને કારણે જીવ, આત્માથી પર એવા ધન કુટુંબાદિને પોતાના માની તેમાં રાગદ્વેષ કરે છે. તેથી મોહનીય આદિ દ્રવ્યકર્મનો બંધ થાય છે. દ્રવ્યકર્મનો ઉદય આવવાથી તે કર્મના ફળસ્વરૂપ ધનકુટુંબાદિની પ્રાપ્તિ થાય છે. ફરી તેમાં રાગદ્વેષના ભાવો કરી દ્રવ્યકર્મ ઉપાર્જન કરે છે. એમ દ્રવ્યકર્મથી ભાવકર્મ અને ભાવકર્મથી દ્રવ્યકર્મ એમ અનાદિકાળથી થયા કરે છે. તે કર્મના ફળસ્વરૂપે ચારે ગતિની ચોરાશી લાખ જીવયોનિમાં જીવ અનાદિકાળથી ભટક્યા કરે છે.

હવે સદ્ગુરુએ આપેલ છ પદની દૃઢ શ્રદ્ધા કરી તેમના કહ્યા પ્રમાણે વર્તી જો પુરુષાર્થ આદરે તો તે દેહથી ભિન્ન એવા પોતાના આત્માની દૃઢ શ્રદ્ધાને પામે છે. તેથી પોતાને ''સહજાત્મસ્વરૂપમય'' દેહથી ભિન્ન માની પર પદાર્થોમાં અહં મમત્વનો ત્યાગ કરતો જાય છે. જેથી આઠેય કર્મોનું બળ ઘટતું જાય છે અને આત્મબળ વધતું જાય છે. કાળાંતરે જ્ઞાન વૈરાગ્ય શક્તિથી આત્મા અત્યંત બળવાન બની આઠેય કર્મોનો છેદ કરી આત્મ-પરિણામની સ્વસ્થતારૂપ પરમ સમાધિભાવને પામી મુક્તિને મેળવી લે છે. માટે આ દેહ પામી એક માત્ર શું કરવા યોગ્ય છે તે પરમકૃપાળુદેવ જણાવે છે : **''આ દેહે કરવા યોગ્ય કાર્ય તો એક જ છે કે કોઈ પ્રત્યે રાગ અથવા કોઈ પ્રત્યે કિંચિત્માત્ર દ્વેષ ન રહે, સર્વત્ર સમદશા વર્તે; એ જ કલ્યાણનો મુખ્ય નિશ્ચય છે.''** –શ્રીમદ્ રાજચંદ્ર (પત્રાંક ૭૮૦)

## કરોળિયા સમાન જાળ પાથરવાથી સ્વયં દુઃખી

**સુસા જૈસે અવિવેક હું, આંખ મીચ અંધિયાર;**
**મકડી જાલ બિછાયકે, ફસું આપ ધિક્કાર.**

**અર્થ :–** સુસા નામનું પ્રાણી શિકારીને જોઈ પોતાના આંખ આડા કાન કરી એમ માને છે કે હું કોઈને જોતું નથી; તેથી મને પણ કોઈ જોતું નથી એમ અજ્ઞાનથી કે અવિવેકથી તે માની લે છે. તેથી શિકારી તેને પકડી લે છે. અને મરણને શરણ થાય છે. તેવી રીતે હું પણ મોહનીય કર્મના ઉદયમાં અંધ બની એમ માનું છું કે આ રાગદ્વેષના ભાવોથી મને દુઃખ નહી થાય પણ ઊલટું સુખ થાય. તેથી આ ત્રિવિધ તાપાગ્નિરૂપ સંસાર-માં મકડી એટલે કરોળિયાની જેમ હું પણ સંસાર વધારી દુઃખ પામું છું.

કરોળિયો પોતાની જ લાળથી લાંબી પહોળી જાળ બનાવી તેમાં ફસાઈ જાય છે. પછી બહાર નીકળવાનો પ્રયત્ન કરે પણ નીકળી શકતો નથી. તેમાં જ મરણ પામે છે. તેવી જ રીતે હું પણ કરોળિયાની જેમ આ સંસારમાં કુટુંબ, તેના કારણે ધનાદિ મેળવવા ધંધા આદિની જાળ પાથરી તેમાં ફસાઈ જાઉં છું. પછી મરણ પર્યંત મોહવશ તે વ્યવહાર, વ્યાપારમાંથી નીકળી શકતો નથી અને દુર્ગતિને પામું છું. એવી મારી ગાઢ અજ્ઞાનતાને હે પ્રભુ! વારંવાર ધિક્કાર હો, ધિક્કાર હો. ।।૬।।

## વિષય કષાયની અગ્નિ જેવી બળતરા

**સબ ભક્ષી જિમ અગ્નિ હું, તપીઓ વિષય કષાય;**
**અવછંદા અવિનીત મેં, ધર્મી ઠગ દુઃખદાય.**

**અર્થ :–** અગ્નિ સર્વ ભક્ષી કહેવાય છે. અગ્નિમાં જે નાખીએ તે બધું ભસ્મ થઈ જાય અથવા રૂપાંતર પામે છે. તેમ હું પણ વિષય કષાયના ભાવોથી સદા તપ્તાયમાન રહું છું. પાંચ ઇન્દ્રિયોના વિષયો ભોગવવાની ઇચ્છાથી હું સદા બળ્યા કરું છું. એવી ભયંકર ભોગવૃત્તિના કારણે હું ક્રોધ,માન,માયા, લોભાદિ કષાય ભાવો કે રતિ, અરતિ આદિ નોકષાયના ભાવોમાં તણાયા કરું છું. તેથી મારા આત્મામાં રહેલા દયા, શાંતિ, સમતા, ક્ષમા આદિ ગુણો વિપરીત રૂપે પરિણમે છે. અને હું હિંસા,

અશાંતિ, સુખદુઃખમાં હર્ષશોક કરી ક્રોધાદિભાવો વડે દુઃખી થયા કરું છું.

હું અપછંદી એટલે સ્વચ્છંદે દુર્વ્યવહાર કરવાવાળો છું. અવિનીત એટલે વિનય વગરનો છું. હું પોતાને ધર્મી કહેવડાવું છું. પણ મારા અંતરને તો જાણું છું કે હું કેવો ઠગ છું. હું અંતરમાં નથી એવા ગુણો બીજાને બતાવી ખાનપાન કે માન મોટાઈ મેળવવા કે પોતાની વાસનાને પોષવા બીજાને ઠગું છું. પણ ખરી રીતે તો પોતે જ ઠગાઉં છું. ધર્મના નામે આવો વ્યવહાર અનંત સંસાર વૃદ્ધિનું કારણ છે, દુઃખદાયી છે. છતાં દર્શનમોહના બળવાનપણાને લીધે તે પ્રમાણે જ કર્યા કરું છું. તો હે નાથ! મારો ઉદ્ધાર કંઈ રીતે થશે? કોઈ રીતે નહીં થાય. માટે મારા જેવા પામર પર દયા કરી મારા આવા દોષોને દૂર કરો, એવી આપ પ્રભુ પ્રત્યે મારી પ્રાર્થના છે. ।।૭।।

**વિષયોની વાસના વિષ જેવી**

**કહા ભયો ઘર છાંડકે, તજ્યો ન માયા સંગ;**
**નાગ ત્યજી જિમ કાંચલી, વિષ નહિ તજિયો અંગ.**

**અર્થ :—** ઘર છોડી જીવે પૂર્વભવમાં અનંતવાર દીક્ષા લીધી છતાં અંતરમાં રહેલી મોહમાયાનો સંગ છોડ્યો નહીં; અર્થાત્ ધનકુટુંબાદિ પ્રત્યે અંતરમાં રહેલી ઊંડી વાસના ગઈ નથી અને વાસના ગયા વગર આત્માની શુદ્ધિ થતી નથી. તેથી મારો ત્યાગ પણ અત્યાગ જેવો જ થઈ રહ્યો.

જેમ નાગના શરીર ઉપર આવેલી પાતળી પરતરૂપ કાંચળીનો ત્યાગ એ ઘણીવાર કરે છે પણ પોતાના અંદર રહેલ વિષ એટલે ઝેરને તે ત્યાગતો નથી. તેમ મેં પણ અનંતવાર બાહ્ય પરિગ્રહનો ત્યાગ કરી પૂર્વ-ભવોમાં દીક્ષા ગ્રહણ કરી પણ અંદરમાં રહેલી ઝેર સમાન વિષય કષાયની વાસના કે આસક્તિનો ત્યાગ કર્યો નથી. તેથી હજુ સુધી ચાર ગતિમાં જ રઝળું છું. માટે હે પ્રભુ! હવે હું અંતરમાં રહેલી વાસના કે આસક્તિના ત્યાગ તરફ મુખ્યત્વે લક્ષ આપી યથાશક્તિ બાહ્ય ત્યાગ કર્યા કરું એવી બુદ્ધિ આપ; જેથી મારા જન્મમરણ છૂટી જઈ મારું અવશ્ય કલ્યાણ થાય. ।।૮।।

## અનંત અવગુણનો ભંડાર તે હું

**પુત્ર કુપાત્ર જ મૈં હુઓ, અવગુણ ભર્યો અનંત;**
**યાહિત વૃદ્ધ વિચારકે, માફ કરો ભગવંત.**

**અર્થ :–** જેમ વ્યવહારમાં પુત્ર હોય પણ કુપુત્ર હોય, સપ્ત વ્યસનભોગી હોય તો તેનો આ ભવ પરભવ બન્ને બગડે છે. તેમ હું પણ આપના વીતરાગ શાસનને પામી કુપાત્ર જ રહ્યો. અનંત અવગુણોથી ભરેલો જ રહ્યો.

**'હે પ્રભુ! હે પ્રભુ! શું કહું, દીનાનાથ દયાળ;**
**હું તો દોષ અનંતનું, ભાજન છું કરુણાળ.'** –શ્રીમદ્ રાજચંદ્ર

આત્મગુણોથી હું સર્વથા હીન છું, તેથી પરમાર્થમાર્ગ આરાધવા હું કુપાત્ર છું. યાહિત એટલે મારું શામાં હિત છે, તે જેમ બાળકનું હિત તેના મોટા વડીલો વિચારી શકે તેમ આપ જેવા જ્ઞાન વૃદ્ધ જ મારા આત્માનું પરમહિત શામાં છે તે વિચારી શકે. માટે આપને સવિનય જણાવું છું કે મારા આજ સુધીના સર્વ અપરાધોને માફ કરી મને સમ્યક્જ્ઞાન આપી મારું કલ્યાણ કરો. સમ્યક્જ્ઞાનને પામી હું સમ્યક્શ્રદ્ધાન કરી મારા ચારિત્ર એટલે વર્તનને સમ્યક્ બનાવું એવી આપ પ્રભુ મારા ઉપર કૃપા કરો. ।।૯।।

## વીતરાગ ધર્મ વિના મુક્તિ નથી

**શાસનપતિ વર્દ્ધમાનજી, તુમ લગ મેરી દોડ;**
**જૈસે સમુદ્ર જહાજ વિણ, સૂઝત ઔર ન ઠોર.**

**અર્થ :–** વર્તમાન વીતરાગ શાસનના પતિ એટલે સ્વામી તે શ્રી મહાવીર ભગવાન છે. આપના શાસન સિવાય આ જગતમાં સર્વથા જન્મમરણથી છૂટવાનો બીજો કોઈ સાચો ઉપાય નથી.

**"વીતરાગનો કહેલો પરમશાંત રસમય ધર્મ પૂર્ણ સત્ય છે, એવો નિશ્ચય રાખવો. જીવના અનધિકારીપણાને લીધે તથા સત્પુરુષના યોગ વિના સમજાતું નથી; તો પણ તેના જેવું જીવને સંસાર રોગ મટાડવાને બીજું કોઈ પૂર્ણ હિતકારી ઔષધ નથી, એવું વારંવાર ચિંતવન કરવું."**

–શ્રીમદ્ રાજચંદ્ર (પત્રાંક ૫૦૫)

ભગવાન મહાવીરના બોધને યથાર્થ રીતે બતાવનારા એવા આત્મજ્ઞાની પરમકૃપાળુ સદ્ગુરુદેવ કે અહિંસા અર્થાત્ દયામૂળધર્મ સિવાય બીજો કોઈ ધર્મ મને આધારભૂત નથી. તેથી તમારા સુધીની મારી દોડ એટલે પહોંચ અથવા આશ્રય તે યથાર્થ છે.

જેમ દરિયાની વચમાં જહાજ ઉપર કોઈ પક્ષી બેઠું હોય તે બીજે ઊડીને ક્યાં જઈ શકે? તેને જહાજ વિના બીજું કોઈ ઠોર એટલે સ્થાન સૂઝતું નથી. અર્થાત્ જડતું નથી. તેમ હે પ્રભુ! મારા કલ્યાણ માટે મને પણ આપના સિવાય આ જગતમાં કોઈ સંપૂર્ણ મોક્ષનો ઉપાય બતાવી શકે એવું સ્થાન મળતું નથી. માટે હું પણ બધે ફરી ફરીને અંતે આપનું જ શરણ સ્વીકારું છું. અને તે મને સંપૂર્ણ યથાર્થ લાગે છે. ।।૧૦।।

## નિર્લોભી સદ્ગુરુ વિના સંસારના દુઃખોથી છુટાય નહીં

**ભવભ્રમણ સંસાર દુઃખ, તાકા વાર ન પાર;**
**નિર્લોભી સદ્ગુરુ બિના, કવણ ઉતારે પાર.**

**અર્થ :–** આજ સુધી જીવે અનંતાભવોમાં ભ્રમણ કર્યું છે. કાંઈ બાકી રાખ્યું નથી. તે સંસારમાં ભ્રમણનું દુઃખ મેં વાર એટલે અનંતવાર ભોગવ્યું છતાં તેનો હજુ સુધી પાર એટલે નીવેડો આવ્યો નથી. કેમ ન આવ્યો? તો કે કોઈ સાચા આત્મજ્ઞાની ગુરુનો યોગ થયો નહીં. કદાચ થયો હોય તો તેની આજ્ઞા ઉઠાવી નહીં. માટે આજ સુધી જન્મ જરા મરણ કે આધિ વ્યાધિ ઉપાધિના દુઃખોને જ ભોગવ્યા કરું છું. એ વિષે પરમકૃપાળુદેવ જણાવે છે :–

**“અનાદિકાળના પરિભ્રમણમાં અનંતવાર શાસ્ત્રશ્રવણ, અનંતવાર વિદ્યા-ભ્યાસ, અનંતવાર જિન દીક્ષા, અનંતવાર આચાર્યપણું પ્રાપ્ત થયું છે, માત્ર ‘સત્’ મળ્યા નથી. ‘સત્’ સુણ્યું નથી, અને ‘સત્’ શ્રદ્ધ્યું નથી, અને એ મળ્યે, એ સુણ્યે અને એ શ્રદ્ધ્યે જ છૂટવાની વાર્ત્તાનો આત્માથી ભણકાર થશે.**

**મોક્ષનો માર્ગ બહાર નથી, પણ આત્મામાં છે. માર્ગને પામેલો માર્ગ પમાડશે.”** -શ્રીમદ્ રાજચંદ્ર (પત્રાંક ૧૬૬)

નિર્લોભી એટલે ખાનપાનમાનની વાસનાથી રહિત, નિર્વાસિત બોધ આપનારા એવા નિસ્પૃહી સદ્ગુરુ બિના કવણ એટલે કોણ આ ભવસમુદ્રથી પાર ઉતારી શકે? અથવા સ્વયંભૂરમણ સમુદ્ર જેવા મહામોહથી કોણ બચાવી શકે? જે આવા મહામોહથી પરમકૃપાળુદેવ જેવા રહિત થયા છે, જે પરમ નિસ્પૃહ છે, નિર્લોભી છે, તે જ પાર ઉતારી શકે.

**"અમે દેહધારી છીએ કે કેમ તે સંભારીએ ત્યારે માંડ જાણીએ છીએ."** -શ્રીમદ્ રાજચંદ્ર (પત્રાંક ૨૫૫)

**"(આખું જગત) તે સાવ સોનાનું થાય તો પણ અમને તૃણવત્ છે."**

-શ્રીમદ્ રાજચંદ્ર (પૃ.૨૭૦)

માર્ગને પામેલા પુરુષો જ જન્મમરણથી મુક્ત કરાવી શકે. બીજા નહીં.

**"મુખથી જ્ઞાન કથે અને, અંતર્ છૂટ્યો ન મોહ;**
**તે પામર પ્રાણી કરે, માત્ર જ્ઞાનીનો દ્રોહ."**

અથવા

**"અસદ્ગુરુ એ વિનયનો, લાભ લહે જો કાંઈ;**
**મહા મોહનીય કર્મથી, બૂડે ભવજળ માંહી."** -શ્રીમદ્ રાજચંદ્ર

શ્રી આનંદઘનજી મહારાજ પણ કહે છે કે....

**"તરતમ જોગેરે તરતમ વાસનારે, વાસિત બોધ આધાર;**
**પંથડો નિહાળું રે બીજા જિનતણો રે, અજિત અજિત ગુણધામ."**

જેના મનવચનકાયાના યોગ જેટલા બળવાન છે તેટલી જ અંતરમાં માનમોટાઈની વાસના પડેલી છે. તેથી તેનો આપેલો બોધપણ વાસનાથી યુક્ત થયો. તેવા બોધનો આ જગતમાં અમને આધાર છે. પણ હે ગુણના ધામરૂપ અજિતનાથ પ્રભુ! મારે તો આપનો નિર્વાસિત બોધ જોઈએ છે. માટે આપના યથાર્થ મોક્ષના માર્ગને હું નિહાળી રહ્યો છું, તે કોઈ આત્મજ્ઞાની સદ્ગુરુ સિવાય મળી શકે નહીં. માટે હે પરમકૃપાળુદેવ! આ જગતમાં એક આપનું જ શરણ ગ્રહણ કરું છું. બીજા કોઈ આત્મજ્ઞાની સદ્ ગુરુ હશે તો આમાં આવી જશે. પણ મારું ગજુ નથી કે કોઈ સાચા

આત્મજ્ઞાની પુરુષને ઓળખી શકું. માટે મારે તો હે નાથ! એક આપનો જ આધાર છે. ।।૧૧।।

## આજ્ઞાનું આરાધન એ જ ધર્મ એ જ તપ

**શ્રી પંચપરમેષ્ઠી ભગવંત ગુરુદેવ મહારાજ, આપની સમ્યક્‌જ્ઞાન, સમ્યક્‌દર્શન, સમ્યક્‌ચારિત્ર, તપ, સંયમ, સંવર, નિર્જરા આદિ મુક્તિમાર્ગ યથાશક્તિએ શુદ્ધ ઉપયોગ સહિત આરાધન પાલન સ્પર્શન કરવાની આજ્ઞા છે. વારંવાર શુભ ઉપયોગ સંબંધી સજ્ઝાય ધ્યાનાદિક અભિગ્રહ-નિયમ પચખાણાદિ કરવા, કરાવવાની, સમિતિ-ગુપ્તિ આદિ સર્વ પ્રકારે આજ્ઞા છે.**

**અર્થ :–** અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ભગવંત આ પાંચ પરમેષ્ઠી કહેવાય છે. આ બધા સહજાત્મસ્વરૂપને પામેલા આત્માઓ છે. આવા આત્મજ્ઞાની મહાત્માઓની જ ગણતરી નવકારમાં થાય છે. તથા વિશેષરૂપથી પ્રત્યક્ષ આત્મજ્ઞાની સદ્‌ગુરુદેવની અલગ સ્મૃતિ અત્રે કરી છે. કેમકે મુમુક્ષુની શક્તિ જોઈને તે આરાધના ક્રમ આપી શકે છે. તેથી વિશેષ હિતકારી છે. એવા પંચ પરમેષ્ઠીઓની સમ્યક્‌જ્ઞાન, સમ્યક્‌દર્શન, સમ્યક્‌ચારિત્ર, તપ, સંયમ, સંવર, નિર્જરા આદિ મુક્તિ-માર્ગની યથાશક્તિએ એટલે મુનિ કે ગૃહસ્થની જેવી જેવી ભૂમિકા હોય અથવા શક્તિ હોય તે અનુસાર મોક્ષમાર્ગને શુદ્ધ ઉપયોગ સહિત એટલે આત્માના શુદ્ધ ઉપયોગમાં રમણતાપૂર્વક અથવા શુદ્ધ ઉપયોગ પ્રાપ્ત કરવાના લક્ષે, માત્ર આત્માર્થે ભગવંતની આજ્ઞાનું આરાધન, પાલન, સ્પર્શન કરવાની આજ્ઞા છે, વારંવાર શુભ ઉપયોગમાં મન રાખવા માટે સજ્ઝાય એટલે સ્વાધ્યાય, ધ્યાન આદિ અભિગ્રહ એટલે નિયમ પચખાણાદિ કરવા કરાવવાની મુનિ અપેક્ષાએ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ અને ગૃહસ્થ અપેક્ષાએ યત્નાપૂર્વક પ્રત્યેક ક્રિયા કરવાની સર્વ પ્રકારે આજ્ઞા છે. ઉપરોક્ત આજ્ઞા પ્રમાણે જ મારું સર્વ વર્તન હો એવી મારી હાર્દિક અભિલાષા છે. તે આપ કૃપાળુની કૃપાથી સિદ્ધ થાઓ એવી આપ પ્રભુ પ્રત્યે મારી ભાવભીની વિનયપૂર્વક પ્રાર્થના છે.

## આલોચના કરવાની સાચી ભાવના તે હળુકર્મી

**નિશ્ચે ચિત શુધ મુખ પઢત, તીન યોગ થિર થાય;**
**દુર્લભ દીસે કાયરા, હલુ કર્મી ચિત ભાય.**

**અર્થ :–** નિશ્ચયે એટલે નક્કી, જે મુમુક્ષુ પોતાના ચિત્તની શુદ્ધિ કરીને અર્થાત્ મનમાં થતાં સંકલ્પ વિકલ્પને રોકી આ આલોચનાનો પાઠ ભાવપૂર્વક મુખથી પઢત એટલે ભણશે તેના મનવચનકાયાના ત્રણેય યોગ સ્થિરતાને પામશે પણ જેને આત્મધર્મ પ્રત્યે રુચિ નથી એવા ભારે કર્મી જીવો તે પરમાર્થ માર્ગમાં કાયર કહેવાય છે. તેને આ આલોચનાનો પાઠ જે આત્મશુદ્ધિનો શ્રેષ્ઠ અને સરળ ઉપાય હોવા છતાં તેને મન ભારે લાગશે. અરુચિવંતને આલોચનાનો પાઠ કરવાથી પણ કર્મોની નિર્જરા થવી દુર્લભ છે. પણ જે હળુકર્મી એટલે જેનું મિથ્યાત્વ મંદ થયું છે એવા જીવોના મનમાં આ આલોચનાની વાત બહુ ગમશે અને શુદ્ધ ભાવથી આલોચના કરવાથી તેને બળવાન કર્મોની નિર્જરાનું તે કારણ બનશે. અને મોક્ષમાર્ગમાં આગળ વધવામાં તે નિમિત્તરૂપ બની પરમ શાંતિસ્વરૂપ એવા મોક્ષપદને આપશે. ।।૧।।

## અક્ષર માત્ર હીન અધિકની પણ ઇચ્છેલ માફી

**અક્ષર પદ હીણો અધિક, ભૂલચૂક કહી હોય;**
**અરિહા સિદ્ધ નિજ સાખસેં, મિચ્છા દુક્કડ મોય.**

**અર્થ :–** આ આલોચનાનો પાઠ કરતા ભગવાનની આજ્ઞાથી વિરુદ્ધ એક અક્ષર કે પદ પણ હીણો અધિક એટલે હીન કે અધિક કહેવાયું હોય અથવા અક્ષર માત્રની પણ મેં આપના વચનોમાં ભૂલચૂક કરી હોય તો તે સર્વ દોષોની હું અરિહંત ભગવાન અને સિદ્ધ ભગવંત તેમજ પોતાના આત્માની સાક્ષીપૂર્વક ક્ષમા ચાહું છું. તે મારા સર્વે દોષો મિથ્યા થાઓ એવી સાચા અંતઃકરણપૂર્વક ભાવના ભાવું છું, તે આપની કૃપાએ સફળ થાઓ, સફળ થાઓ. ।।૨।।

**ભૂલચૂક મિચ્છા મિ દુક્કડં.**

આજ દિન અદ્યક્ષણ પર્યંત ભૂલચૂકથી થયેલાં મારા સર્વે દુષ્કૃત્યો મિથ્યા થાઓ.

**શ્રી બૃહદ્ આલોચના અર્થ સમાપ્ત**

## આલોચનાના પદો

**૧**

**વીતરાગ શાસન વિષે, વીતરાગતા હોય;**
**જહાં કષાયકી પોષણા, કષાય શાસન હોય. ૧**

**અર્થ :–** ભગવાન મહાવીર વીતરાગ છે. તેમનું શાસન અર્થાત્ ધર્મરાજ્ય જે પ્રવર્તે છે તેમાં વીતરાગતા એટલે રાગદ્વેષને દૂર કરવાનો જ ઉપદેશ છે. કેમકે વીતરાગભાવમાં શાંતિ છે અને રાગભાવમાં અશાંતિ છે, અંતરંગ બળતરા છે.

જે ધર્મમતમાં કષાય એટલે રાગદ્વેષનું પોષણ હોય ત્યાં કષાયનું રાજ્ય છે. અને જ્યાં વિષય કષાયનું રાજ્ય વર્તે છે ત્યાં આત્માની ખરી શાંતિ નથી પણ માત્ર ઇચ્છાઓની બળતરા છે અને નવીન કર્મબંધનો જ હેતુ છે.

**"અનેક ધર્મમતો આ જગતમાં ચાલે છે, તે સંબંધી અપક્ષપાતે વિચાર કરતાં આગળથી આટલું વિચારવું અવશ્યનું છે કે, જ્યાં સ્ત્રીઓ ભોગવવાનો ઉપદેશ કર્યો હોય, લક્ષ્મીલીલાની શિક્ષા આપી હોય, રંગ, રાગ, ગુલતાન અને એશઆરામ કરવાનું તત્ત્વ બતાવ્યું હોય ત્યાંથી આપણા આત્માની સત્શાંતિ નથી. કારણ એ ધર્મમત ગણીએ તો આખો સંસાર ધર્મમતયુક્ત જ છે. પ્રત્યેક ગૃહસ્થનું ઘર એ જ યોજનાથી ભરપૂર હોય છે. છોકરાછૈયાં, સ્ત્રી, રંગ, રાગ, તાન ત્યાં જામ્યું પડ્યું હોય છે. અને તે ઘર ધર્મમંદિર કહેવું, તો પછી અધર્મસ્થાનક કયું?"** –શ્રીમદ્ રાજચંદ્ર (પૃ.૯૯)

હવે વીતરાગ પુરુષોએ કહેલ ધર્મ આરાધવો હોય તો અજ્ઞાન અવસ્થામાં થયેલ દોષોની પશ્ચાત્તાપપૂર્વક ક્ષમાપના કરવી અને નવા દોષો ફરીથી ન થાય તેની કાળજી રાખવી જોઈએ. તે માટે સર્વ પ્રાણીભૂત પ્રત્યે દોષોની ક્ષમાપના કેમ કરવી તે વિષે હવે વિસ્તારથી નીચે જણાવે છે :–

(પ્રિયતમ પ્રભુ કરીએ વંદના–એ દેશી)

**આત્માર્થે કરીએ ખામના, સબ દોષ પાપ હો જાય ફના;**
**સબ દોષ પાપ હો જાયે ફના, આત્માર્થે કરીએ ખામના. -એ ટેક૦**

**અર્થ :–** આત્માના કલ્યાણને અર્થે પરસ્પર દોષોની ક્ષમાપના કરીએ કે જેથી બધા દોષો એટલે પાપો ફના થઈ જાય અર્થાત્ મૂળથી નષ્ટ થઈ જાય. ઉત્તમ પશ્ચાત્તાપના ભાવોવડે તે તે કર્મોને બાળીને ભસ્મ કરી શકાય છે. જેમ દૃઢપ્રહરીએ કર્યું હતું તેમ.

**દશવિધ સુધર્મ - કલ્પતરુમેં, ક્ષમા ધર્મ આદિ ગના-(૨) આ૦ ૧**

**અર્થ :–** ભગવંતે દશ લક્ષણરૂપ સમ્યક્ધર્મ પ્રરૂપ્યો છે, જે કલ્પવૃક્ષ સમાન છે. જેમ કલ્પવૃક્ષ ઇચ્છિત ભૌતિક પદાર્થ આપે, તેમ આ સુધર્મરૂપ કલ્પવૃક્ષ મુમુક્ષુને મોક્ષરૂપ ફળ આપનાર છે. તે દશ લક્ષણરૂપ સુધર્મમાં આદિ એટલે પ્રથમ ધર્મ તે ઉત્તમ ક્ષમા ધર્મ છે. અને બાકીના બીજા ધર્મો પણ તેટલા જ આત્માના કલ્યાણમાં સહાયકારી છે. તે નીચે પ્રમાણે છે :–

(૧) **ઉત્તમ ક્ષમા**–''ક્ષમા એ જ મોક્ષનો ભવ્ય દરવાજો છે.''

-શ્રીમદ્ રાજચંદ્ર

(૨) **ઉત્તમ માર્દવ**–એટલે મૃદુતા, નમ્રતા, વિનયભાવ, લઘુતા. એ વડે માન કષાયનો અભાવ થાય છે. ''જગતમાં માન ન હોત તો અહીં જ મોક્ષ હોત!'' ''વિનય એ ધર્મનું મૂળ છે.'' -શ્રીમદ્ રાજચંદ્ર

(૩) **ઉત્તમ આર્જવ**–એટલે સરળતા.'સરળતા એ ધર્મનું બીજ સ્વરૂપ છે'.

(૪) **ઉત્તમ સત્ય**–''સત્ય એ આ સૃષ્ટિનું ધારણ છે.'' -શ્રીમદ્ રાજચંદ્ર

''ધર્મ, નીતિ, રાજ અને વ્યવહાર એ સત્ય વડે પ્રવર્તન કરી રહ્યાં છે.''

(૫) **ઉત્તમ શૌચ**–એટલે આત્માની પવિત્રતા. શુદ્ધ સ્વરૂપનું ધ્યાન કરવાથી આત્મા પવિત્ર થાય છે. લોભથી તથા હિંસાથી આત્મા મલિન થાય છે. તેથી લોભનો અભાવ કરવો એ આત્માની પવિત્રતાનું કારણ છે.

(૬) **ઉત્તમ સંયમ**–''સર્વ ભાવથી વિરામ પામવારૂપ સંયમ છે.''

પંચ મહાવ્રત કે પંચ અણુવ્રત પાળવા, વિષયકષાયની વૃત્તિને રોકવી તે સંયમ છે.

(૭) **ઉત્તમ તપ**–''ઇચ્છા નિરોધસ્તપ:'' -મોક્ષશાસ્ત્ર

ઇચ્છાઓને રોકવી એ અંતરંગ તપ છે.

(૮) **ઉત્તમ ત્યાગ**–''આત્મ પરિણામથી જેટલો અન્ય પદાર્થનો

તાદાત્મ્ય અધ્યાસ નિવર્તવો તેને શ્રી જિન ત્યાગ કહે છે.''

-શ્રીમદ્ રાજચંદ્ર (પત્રાંક ૫૬૯)

(૯) **ઉત્તમ આકિંચન્ય**—પોતાના જ્ઞાન-દર્શનમય સ્વરૂપ વિના અન્ય કંઈ પણ મારું નથી, હું કોઈ અન્ય દ્રવ્યનો નથી અને મારું કોઈ અન્ય દ્રવ્ય નથી; આવા અનુભવને આકિંચન્ય કહે છે. -સમાધિસોપાન (પૃ.૩૦૫)

(૧૦) **ઉત્તમ બ્રહ્મચર્ય**—સર્વ વિષયોમાંથી આસક્તિ તજી, બ્રહ્મ એટલે જ્ઞાયકસ્વભાવ આત્મા, તેમાં ચર્યા એટલે પ્રવૃત્તિ તે બ્રહ્મચર્ય છે.

-સમાધિસોપાન

તેમાં બાહ્ય બ્રહ્મચર્ય સહાયકારી છે. માટે અવશ્ય આચરવાયોગ્ય છે.

'યોગ્યતા માટે બ્રહ્મચર્ય એ મોટું સાધન છે. અસત્સંગ એ મોટું વિઘ્ન છે.'

ઉપરોક્ત સર્વ ઉત્તમ ધર્મોની આરાધના માત્ર આત્માર્થે કર્તવ્ય છે, અન્ય કોઈ પ્રયોજન અર્થે કર્તવ્ય નથી. ।।૨।।

**મુનિકો પક્ષ, શ્રાદ્ધ ચૌમાસી, સંવત્સર સમકિતીતના-(૨) આ૦ ૨**

**અર્થ :—** મુનિઓએ થયેલા દોષોની ક્ષમા વધારેમાં વધારે એક પક્ષ એટલે પખવાડિયામાં પંદર દિવસમાં અવશ્ય માગી લેવી જોઈએ.

શ્રાદ્ધ એટલે શ્રાવકે પોતાના થયેલા દોષોની ક્ષમા વધારેમાં વધારે ચૌમાસી એટલે ચાર માસ પૂરા થયે માગી લેવી જોઈએ, તેમજ વ્યવહાર સમકિત કે નિશ્ચય સમકિત ધરાવનારે પણ થયેલા દોષોની ક્ષમા વધારેમાં વધારે એક સંવત્સર અર્થાત્ એક વર્ષમાં તો અવશ્ય માગી લેવી જોઈએ, એવો ભગવંતનો ઉપદેશ છે. ।।૨।।

**ઇન હદ તક અવિરાધના આખી, અતઃ પરં વિરાધના-(૨) આ૦ ૩**

**અર્થ :—** ઉપરોક્ત પ્રમાણે કહેલ હદ એટલે સમયમાં જીવ ક્ષમાપના કરી લે તો તે અવિરાધક છે; પણ તેથી પરં એટલે ઉપરાંત સમય વ્યતીત થાય અને ક્ષમાપના ન માંગે તો તે જીવ ભગવંતની આજ્ઞાનો વિરાધક છે પણ આરાધક નથી. એમ ભગવંતનો ઉપદેશ હોવાથી ભવ્ય જીવોએ સમયસર જરૂર ક્ષમાપના કરી લેવી જોઈએ. ।।૩।।

**પ્રત્યક્ષ અરુ પરોક્ષ ઉભયવિધિ, ક્ષમાપનાકી આગના-(૨) આ૦ ૪**

**અર્થ :–** હવે તે ક્ષમાપના કરવાની ઉભય એટલે બે પ્રકારની વિધિ છે. એક તો વ્યક્તિના પ્રત્યક્ષપણામાં રૂબરૂ માફી માગવી તે અને પ્રત્યક્ષ ન હોય તો પરોક્ષમાં પણ સાચાભાવવડે કરીને માફી માગી શકાય છે. એવી ભગવંતની આજ્ઞા છે. ।।૪।।

**અવલ હી નિજ ઉપકારી પ્રત્યે, કીજે ક્ષમા કી પ્રયાચના-(૨) આ૦ ૫**

**અર્થ :–** અવલ હી એટલે સૌથી પ્રથમ પોતાના ઉપકારી પ્રત્યે થયેલ દોષોની પ્રકૃષ્ટભાવવડે ક્ષમાપનાની યાચના કરવી. જે કરું તે મારા આત્માના હિતને અર્થે કરું છું એ લક્ષ સદા રહેવો જોઈએ. ।।૫।।

**અસિઆઉસા-પરમેષ્ઠી પણ, સાધર્મી અરુ સજ્જના-(૨) આ૦ ૬**

**અર્થ :–** પછી અસિઆઉસા એવા પરમેષ્ઠી ભગવંત પ્રત્યે થયેલ દોષો અથવા આશાતનાઓની માફી માગવી. અસિઆઉસા એ પંચ પરમેષ્ઠિઓના નામના જ પ્રથમ અક્ષર લેતા બનેલ શબ્દ છે. તે આ પ્રમાણે-અરિહંતનો 'અ', સિદ્ધ ભગવંતનો 'સિ' આચાર્યનો 'આ' ઉપાધ્યાયનો 'ઉ' અને સાધુનો 'સા' મળીને ' અસિઆઉસા' એવું સંક્ષેપ સ્વરૂપ બનેલ છે. ત્યારબાદ સહધર્મી એવા મુમુક્ષુઓ પ્રત્યે અથવા સજ્જન પુરુષો પ્રત્યે દોષોની ક્ષમાપના કરવી એવી યોજના ભગવંતે આપણા આત્માના કલ્યાણ અર્થે કરેલ છે. ।।૬।।

**તત્પશ્ચાત્ ચૌરાસીવાસી, સાથે કીજે ક્ષમાપના-(૨) આ૦ ૭**

**અર્થ :–** તે પશ્ચાત્ ચોરાશી લાખ જીવયોનીમાં રહેલા સર્વ જીવો પ્રત્યે જાણે અજાણે થયેલા દોષોની માફી માગવી; જેથી જીવ પાપના ભારથી હલકો થઈ ઉપર ઊઠી મોક્ષ તરફ ગમન કરી શકે. ।।૭।।

**ભૂતકાલકી ક્ષમા સફલ જબ, હોય ભવિષ્યકી પ્રતિગના-(૨) આ૦ ૮**

**અર્થ :–** ભૂતકાળમાં થયેલ દોષોની માગેલી ક્ષમા ત્યારે સફળ ગણાય કે જ્યારે ભવિષ્યકાળમાં ફરી તેવા દોષો ન કરવાની જીવ પ્રતિજ્ઞા લે-અથવા દૃઢ નિશ્ચયથી વર્તી ફરી તેવા દોષો ન થવાનો પૂરો અભ્યાસ

કરે. કાળજી રાખવા છતાં પણ ઉદયના બળવાનપણાથી કોઈ દોષ થઈ જાય તો તેનો વારંવાર પશ્ચાત્તાપ કરી ફરી જાગૃતિ મેળવે તે જ જીવ કાળાંતરે દોષો પર વિજય મેળવી શકે છે. ।।૮।।

**અસમર્થકો રક્ષણ ક્ષાંતિ, સમર્થકું ભૂષણ ભના-(૨) આ૦ ૯**

**અર્થ :–** જે બદલો લેવામાં અસમર્થ છે તેને માટે પણ આ ક્ષાંતિ એટલે ક્ષમાધર્મ રક્ષણ કરનાર છે, અર્થાત્ તેને આપત્તિમાંથી બચાવનાર છે. અને જે બદલો લેવા સમર્થ છે એવા બળધારી પુરુષોને માટે એ ક્ષમાધર્મ આભૂષણરૂપ છે, અર્થાત્ તેના ઉત્તમ ચારિત્રને શોભાવનાર છે.

મહાપુરુષો અત્યંત બળવાન હોવા છતાં પણ આવેલ ઉપસર્ગોને સહન કરે છે પણ ક્ષમાધર્મ છોડતા નથી તેમના માટે આ ક્ષમાધર્મ આભૂષણરૂપ છે. ।।૯।।

**શ્રીમદ્ વીતરાગ શાસનમેં, ઉત્તમ ક્ષમા કી સ્થાપના-(૨) આ૦ ૧૦**

**અર્થ :–** શ્રીમદ્ વીતરાગ ભગવંતોના શાસન એટલે રાજ્યમાં તો ઉત્તમ ક્ષમાની જ સ્થાપના છે, અર્થાત્ આવેલ દુઃખોને ખમી ખૂંદવાનો જ ઉપદેશ છે, પણ સામો વાર કરવાનો ઉપદેશ નથી. આવેલ વિપરીત પ્રસંગોને પોતાના જ કરેલા કર્મોના ફળ જાણી તે પ્રત્યે ક્રોધ ન કરતાં ક્ષમાભાવ આરાધવાથી જ તે તે કર્મોથી મુક્ત થવાય છે અને નવીન કર્મબંન થતો નથી એવો ભગવંતનો આપણને મુખ્ય ઉપદેશ છે. ।।૧૦।।

**તાતેં ક્ષમી ક્ષમાવી, ભાવો-રત્નત્રયકી ભાવના-(૨) આ૦ ૧૧**

**અર્થ :–** તેથી જે જે પ્રાણીઓએ આપણા પ્રત્યે દોષો કર્યા હોય તેને પણ ક્ષમી અર્થાત્ તેમને ક્ષમા આપી અને આપણે પણ જગતમાં રહેલા સર્વ પ્રાણીઓ પ્રત્યે જે જે દોષો કર્યા હોય તેને ક્ષમાવી અર્થાત્ સાચા મનથી તેમના પ્રત્યે ક્ષમા માગી, સર્વ પાપથી નિવર્તવું. અને હમેશાં રત્નત્રય એટલે સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્રની જ ભાવના ભાવી આત્માની શુદ્ધિ કરવી એ જ જ્ઞાનીપુરુષોનો આપણા પ્રત્યે મહાન બોધ છે. કેમકે "મોક્ષ કહ્યો નિજશુદ્ધતા." -શ્રીમદ્ રાજચંદ્ર

પોતાના આત્માની શુદ્ધિ કરવી એ જ મોક્ષ છે. તે પૂર્વે કરેલા દોષોના નિવારણથી થાય છે. માટે આલોચનાના પદમાં દોષો નિવારણનો ઉપાય ક્ષમાપના બતાવી મહાપુરુષોએ આપણા ઉપર મહાન ઉપકાર કર્યો છે. ॥૧૧॥

---

૨

ૐ

**જગદ્ ભૂષણ જિનવરા, જગદ્ વંદ્ય જગમાંય;**
**યજ્ઞ કર્મના દૂષણને, પાવન કરો પળમાંય.**

**અર્થ :–** હે ત્રણ લોકમાં શોભારૂપ જિનેશ્વર! તમે જગતમાં રહેલા છતાં, પરમાત્મા હોવાથી ત્રણેય લોકના જીવોને વંદ્ય એટલે વંદન કરવા યોગ્ય છો.

વળી કર્મના દૂષણ એટલે દોષોને બાળવામાં યજ્ઞ સમાન એવા હે પ્રભુ! અમારા કર્મોને ભસ્મીભૂત કરી અમને પળમાં પાવન કરો.

હવે પાવન એટલે પવિત્ર થવા માટે મન, વચન, કાયાના ત્રણેય યોગથી સર્વ જીવો પ્રત્યે થયેલા દોષોની ક્ષમા માગે છે.

**સ્વધર્મ-બંધુ** = હે સાધર્મિક ભાઈઓ,

**કીધાં હશે કુકર્મ દેહે, તમ પ્રતિ આ વરસમાં,**
**છોડ્યાં હશે વળી વાક્શસ્ત્રો, તમ પ્રતિ આ વરસમાં;**
**ચિંતવ્યું હશે બૂરું તમારું, મન મહીં આ વરસમાં,**
**દોષ અગણિત મમ થકી, એવા થયા આ વરસમાં.**
**કીધાં હશે કુકર્મ દેહે, તમ પ્રતિ આ વરસમાં,**

**અર્થ :–** તમારા પ્રત્યે મારા દેહે અર્થાત્ મારી કાયાવડે આ વરસમાં મેં અનેક કુકર્મ કર્યાં હશે. જેમ કે–

**દૃષ્ટાંત :** કલાવતીએ પૂર્વભવમાં પોતાના હાથે પ્રિય એવા પોપટની બેય પાંખો તોડી નાખી હતી. તે કથા એવી રીતે છે કે–કલાવતી પૂર્વભવમાં પણ રાજકુમારી હતી. એકવાર ભગવાનનાં દર્શન કરવા જતાં પોપટને

સાથે લઈને ગઈ. દર્શન કરી પોપટને એવા ભાવ થયા કે હું પણ રોજે દર્શન કરવા આવીશ. બીજે દિવસે પોપટ એકલો ઊડીને દર્શન કરવા આવ્યો. રાજકુમારી તેના વિરહથી વ્યાકુલ થઈ ગઈ. પોપટ આવ્યો ત્યારે તેની બેય પાંખો તોડી નાખી કે જેથી તે ફરી ક્યાંય જઈ ના શકે. હાથથી કરેલા એ પાપનું ફળ કલાવતીના ભવમાં ઉદયમાં આવ્યું. તે કેવી રીતે? તો કે કલાવતીના ભાઈએ દૂત મારફત સોનાના કડા મોકલાવ્યા હતા. તે દૂત કલાવતીને આપી ચાલ્યો ગયો. તે કડા હાથે પહેરી જોતી કલાવતી બોલી ઊઠી કે મારા વહાલાએ કેવા કડા બનાવ્યા છે. તેટલામાં પાછળથી જોતો તેનો પતિ શંખરાજા કે જેને કલાવતી ઉપર અત્યંત પ્રીતિ હોવા છતાં તે રાગ, દ્વેષમાં પલટાઈ ગયો. અને તેને વિચાર આવ્યો કે કલાવતીનો પ્રેમ બીજા કોઈ પ્રત્યે છે, માટે તે કુલટા છે એમ ધારી મારાને બોલાવી કલાવતીને જંગલમાં લઈ જઈ તેના બેય કાંડા કાપીને લાવવાનો હુકમ કરી દીધો. તેણે તેમ કર્યું. કારણ પૂર્વભવમાં જે પોપટ હતો તે જ શંખરાજા થયો અને રાજકુમારી હતી તે જ આ ભવમાં કલાવતી થઈ. એમ કાયાવડે કરેલા કુકર્મો જીવને દુઃખ આપે છે. તેવા કોઈ પણ પ્રકારના દુઃખ આપવા મારી કાયાવડે કોઈ અપરાધ થયો હોય તો તેની હું તમારા પ્રત્યે માફી માગુ છું.

**છોડ્યા હશે વળી વાક્શસ્ત્રો, તમ પ્રતિ આ વરસમાં;**

**અર્થ :–** વળી તમારા પ્રત્યે આ વરસમાં કોઈ વાક્શસ્ત્રો અર્થાત્ વચનરૂપી કટુબાણ છોડ્યા હશે અને તેથી તમારું મન ઘાયલ થયું હશે તો તેની પણ હું માફી માગું છું.

**દૃષ્ટાંત :** જેમ કે એક માતા અને પુત્ર હતા. માતા રસોઈ કરી ખાવાનું શીકે મૂકી કામે ગઈ. પુત્ર ઘરે આવ્યો, ભૂખ બહુ લાગી હતી. ખાવાનું જડ્યું નહીં તેથી માતાને ઘરમાં આવતાં જ તે બોલી ઊઠ્યો કે અરે ક્યાં ગઈ હતી, તને કોઈએ ફાંસીએ ચઢાવી હતી. તે સાંભળી માતા બોલી ઊઠી કે અરે! તારા હાથ કપાઈ ગયા હતા, આ શીકા ઉપર જ પડ્યું હતું તે લઈ લેવું હતું. આવા કષાય- ભાવોથી બોલેલા વચનોનું ફળ તેમને પરભવમાં ભોગવવું પડ્યું. તે માતા તથા પુત્રે આ જ ભવમાં દીક્ષા

લઈ આરાધના કરેલ પણ વચનથી કરેલ આ પાપને પશ્ચાત્તાપ વડે ખપાવેલ નહીં તેથી તે પાપ બીજા ભવમાં ઉદયમાં આવ્યું.

બીજા ભવમાં માતા તથા પુત્ર બીજા બીજા શેઠને ઘેર જનમ્યા. બેય વચ્ચે સગપણ થયું. પુત્રનો જીવ વહાણમાં બેસી લગ્ન કરવા આવતાં વહાણ ભાંગી ગયું. તરીને બેટ પર આવતાં સસરાનું જ ગામ છે એમ જણાયું. છતાં આવી હાલતે સાસરે કોણ જાય એમ વિચારી એક દેવળમાં રાત્રે મિત્ર સાથે તે સૂઈ રહ્યો. સવારે મિત્ર ખાવાનું લેવા શહેરમાં ગયો.

તે જ નગરમાં માતાનો જીવ જે શેઠ પુત્રી થયેલો છે જેના લગ્ન આ પૂર્વભવના પુત્ર સાથે થવાના છે. તે શેઠપુત્રી દાગીના પહેરી બગીચામાં ફરતી હતી. તેટલામાં ચોરો આવ્યા. તેના હાથમાંથી દાગીના ન નીકળતા ઉતાવળે તેના બેય હાથ કાપીને દાગીના લઈ તે ચાલ્યા ગયા. પૂર્વભવમાં માતા થયેલ આ જીવ ત્યારે એમ બોલેલ કે 'તારા હાથ કપાઈ ગયા હતા કે શીકામાં પડેલ ખાવાનું પણ લેવાતું નથી.' તેવા વચનરૂપ બાણનું આ ભવમાં તેને ફળ મળ્યું. અને એના બેય હાથ કપાઈ ગયા. હવે તે ચોરો જે દાગીના લઈ ગયા હતા તેની પાછળ શેઠના માણસો પડ્યા. તેથી ચોરોએ ગભરાઈને દેવળમાં પ્રવેશ કર્યો. જ્યાં પૂર્વભવના પુત્રનો જીવ આ ભવમાં લગ્ન કરવા આવતાં વહાણ ભાંગી જવાથી સૂતો હતો. તેના આગળ જ ચોરેલ તે દાગીના મૂકી ચોરો બહાર નીકળી ગયા. સવારમાં જાગતાં જ દાગીનાઓ જોઈ પુત્રનો જીવ વિચારવા લાગ્યો કે ભગવાને કૃપા કરી મને ધન આપ્યું. તેટલામાં શેઠના માણસો ખોળતા આવી પહોંચ્યા અને ફરીયાદ કરતાં ફાંસીનો હુકમ થવાથી તેને ફાંસીએ ચઢાવી દીધો.

એમ પૂર્વભવમાં તું ક્યાં ગઈ હતી, તને ફાંસીએ ચઢાવી હતી એવા કટુ વચનરૂપ શસ્ત્રો ચલાવવાનું આ ભવમાં તેને આવું ફળ મળ્યું.

આમ વિચાર્યા વગર બોલેલ વાણીના પણ ભયંકર ફળ ભોગવવા પડે છે. એવી રીતે કોઈને ગધેડો કહેવારૂપ કે કૂતરો કહેવારૂપ વચન પણ ઉચ્ચારવા નહીં.

**દૃષ્ટાંત :** પ.પૂ.પ્રભુશ્રીજીના બોધમાં આવે છે કે—એક બ્રાહ્મણ

વાઘને રોજ બોધ સંભળાવતો. વાઘ તેને રોજ એક સોનામહોર આપતો. તે જાણી ઇર્ષ્યાથી લોકોએ તેને કહ્યું કે તું વાઘને ગમે તે કહે તો પણ તે સાંભળે? તો કે હા. ત્યારે લોકોએ વાઘને કૂતરો કહેવાનું કહ્યું. તેણે જઈ વાઘને ઊઠ કુતરા એમ કહ્યું. તેથી તેને ઘણો ક્રોધ આવ્યો પણ ગુરુને મારવો નહીં એમ જાણી બોડમાં ચાલ્યો ગયો.

પછી બીજી વાર વાઘે કુહાડો મંગાવી માથે ઘા કરાવ્યો. તે પણ પંદર દિવસે રુઝાઈ ગયો. પણ જે કુતરો શબ્દ કહ્યો હતો તેનો ઘા હજુ રુઝાયો નહીં. તેથી બ્રાહ્મણને વાઘે કહ્યું કે જા હવે ફરીથી કદી આવતો નહીં. નહીં તો તારું મોત આવ્યું જાણજે. માટે જાણ્યે અજાણ્યે પણ તમારા પ્રત્યે મારાથી કંઈ બોલાઈ ગયું હોય તો પશ્ચાત્તાપપૂર્વક ખરા અંતઃકરણથી હું માફી માગું છું.

**ચિંતવ્યું હશે બૂરું તમારું, મન મહીં આ વરસમાં,**

**અર્થ :–** વળી તમારા પ્રત્યે આ વર્ષમાં મારા મનમાં બૂરું ચિતવ્યું હોય તેની પણ હું આપના પ્રત્યે માફી માગું છું.

**દૃષ્ટાંત :** જેમકે ધવળશેઠે શ્રીપાળ કુંવરનું બધું ધન તથા સ્ત્રીઓ લઈ લેવાનું ચિંતવ્યું. તેમાં ફાવ્યો નહીં. એટલે અંતે તેને હું મારી નાખું એમ ચિંતવી રાત્રે સાતમા માળે સૂતા શ્રીપાળ કુંવરને, દિવાલ ઉપર ચંદન ઘો ચોંટાડી તેના આધારે ઉપર ચઢી છરાવડે મારવા જતાં તે પડી ગયો અને તેજ છરો પેટમાં ભોંકાવાથી રૌદ્ર પરિણામે મરીને તે ધવળશેઠ સાતમી નરકે ગયો. આમ કોઈ પ્રત્યે પણ ખોટા ભાવ કરવાના પરિણામ ભયંકર આવે છે.

**દોષ અગણિત મમ થકી, એવા થયા આ વરસમાં.**

**અર્થ :–** જાણ્યે અજાણ્યે પણ મનવચનકાયાથી એવા અગણિત દોષો આ વર્ષમાં મારાથી થયા છે.

**દોષનો દેણદાર હું, દેવું પતાવા મરું મથી,**
**માફી મૂડી વિણ લાજ પ્રભુજી, હાથ મુજ રહેવી નથી;**
**બાંધવ બની બંધ વાળજો, હિસાબ એ મૂડી થકી,**

**જંજીર જડેલાં હાલ તોડો, કાલ મૃત્યુ છે નકી.**
**દોષનો દેણદાર હું, દેવું પતાવા મરું મથી,**

**અર્થ :–** સર્વ જીવો પ્રત્યે દોષો કરીને હું તેમનો ભારે દેણદાર થયો છું. તે દેવું પતાવવા મથી મથીને મરી જાઉં તો પણ તે પતે એવું નથી.

**માફી મૂડી વિણ લાજ પ્રભુજી, હાથ મુજ રહેવી નથી;**

**અર્થ :–** કેમકે માફીરૂપી મૂડી વિના મારી પાસે બીજું કંઈ બદલામાં આપવાનું સાધન નથી. માટે માન મૂકીને વિનયભાવે હું તે તે અપરાધોની માફી માગવા તૈયાર છું. તે સિવાય હે પ્રભુજી! મારી લાજ રાખવી તે મારા હાથમાં નથી. આપ તે મારા અપરાધોની ક્ષમા કરો તો જ મારી લાજ રહે એવું છે; બીજો કોઈ ઉપાય નથી.

**બાંધવ બની બંધ વાળજો, હિસાબ એ મૂડી થકી,**

**અર્થ :–** માટે હે સાધર્મિક ભાઈઓ! તમે મારા બાંધવ એટલે ભાઈ બનીને કર્મના બાંધેલા બંધને વાળી દેજો અર્થાત્ ક્ષમા કરી દેજો. તે બંધ ખાતાનો લેવડદેવડનો હિસાબ માફીરૂપી મૂડી વડે ચૂકતે કરી દેજો. નહીં તો આપણને પરસ્પર વેરભાવના દુઃખો ભવોભવ ભોગવવા પડશે.

**જંજીર જડેલા હાલ તોડો, કાલ મૃત્યુ છે નકી.**

**અર્થ :–** કર્મરૂપી જંજીર એટલે સાંકળથી જકડાયેલી આપણી સ્થિતિને હમણા જ તોડી નાખીએ, કેમકે કાલે મૃત્યુ નક્કી આવવાનું છે. પણ તે ક્યારે આવવાનું છે તે નિશ્ચિત નથી. માટે શીઘ્રાતિશીઘ્ર વેરભાવને ભૂલી જઈ પર-સ્પર એકબીજાને ખરા અંતઃકરણથી ખમાવી દોષો નિવારીને શુદ્ધ થઈએ કે જેથી આપણા આત્માનો ઉદ્ધાર થાય.

**સ્મૃતિનું સરોવર જોઈએ તેવું નિર્મળ નહીં હોવાથી જન્મ પામેલી 'હશે' એવી ઉડાઉ કબૂલાત માફીની પરમ જિજ્ઞાસાને લેશ પણ ક્ષીણ કરતી નથી, એમ વિચારશો.**

**અર્થ :–** સ્મૃતિરૂપી સરોવર એટલે તળાવ નિર્મળ નહીં હોવાથી જે જે દોષો મેં કર્યાં છે તેનું પ્રતિબિંબ સ્મૃતિરૂપી તળાવમાં પડતું નથી, અર્થાત્

મારા જ કરેલા દોષો મને યાદ રહ્યા નથી. તેથી મારા મનમાં જન્મ પામેલી ‘હશે’ એટલે કે મારાથી દોષો થયા છે કે નહીં તેની ક્યાં ખાત્રી છે, એવી મનની ઉડાઉ કબૂલાતને હું સ્વીકારતો નથી; પણ મેં દોષો કર્યા જ છે એમ માનીને હું માફી માગું છું. તેથી મારી માફી માગવાની પરમ જિજ્ઞાસાને, ‘હશે’ એવી ઉડાઉ કબુલાત લેશ પણ ક્ષીણ કરતી નથી એમ વિચારશો.

**દોષના દાવાનલને બુઝાવનાર પરમ શીતલમય પર્વનો અદ્ભુત અનુભવ માત્ર દોષ રહિત વિરલાને જ થાય. મમ જેવા રાંકને શું?**

**અર્થ :–** દોષરૂપી દાવાનલની જ્વાલાને બુઝાવી પરમશાંતિને આપનાર એવા શીતલમય અદ્ભુત પર્વનો અનુભવ, તે તો માત્ર દોષરહિત વિરલાને જ થાય. મમ એટલે મારા જેવા અનંત દોષથી ભરેલા રંક પામરને તે આવેલ પર્વનો પરમશાંતિમય અદ્ભુત અનુભવ ક્યાંથી થાય?

**એ જ નામું માંડી વાળવા વિનંતિ.**

**અર્થ :–** જે દોષરૂપી દેણદારી સર્વ જીવો પ્રત્યે કરી હતી, તે સર્વ જીવોને માન મૂકી, વિનયભાવે નમ્રતાસહિત, માફીરૂપી મૂડી વડે પરસ્પર ખમાવવાથી, તે તે દોષોની નિવૃત્તિ થઈ છે. માટે કર્મરૂપી લેવડદેવડનું નામું અર્થાત્ ખાતું હવે માંડી વાળવા વિનંતિ છે.

---

(૩)

## મિચ્છા મિ દુક્કડં

**અર્થ :–** મિથ્યા મે દુષ્કૃતં, અર્થાત્ મારા કરેલા સર્વ પાપના કાર્યો મિથ્યા થાઓ એ જ મારી અભિલાષા છે.

**આ ભવ ને ભવો-ભવ મહીં, થયું વેર વિરોધ;**
**અંધ બની અજ્ઞાનથી, કર્યો અતિશય ક્રોધ,**
**તે સવિ મિચ્છા મિ દુક્કડં.**

**અર્થ :–** આ ભવમાં કે પૂર્વે કરેલા અનંત ભવોમાં કોઈપણ જીવ પ્રત્યે મારો વેર વિરોધ થયો હોય, અથવા અજ્ઞાનથી આંધળા બનીને કોઈ

પણ જીવો પ્રત્યે મેં અતિશય ક્રોધ કર્યો હોય; તે પાપના કામોની હું ખરા મનથી માફી માગુ છું. માટે તે સર્વ પાપ મારા મિથ્યા થાઓ એવી મારી અભિલાષા છે.

**જીવ ખમાવું છું સવિ, ક્ષમા કરજો સદાય;**
**વેર વિરોધ ટળી જજો, અક્ષય પદ સુખ સોય.**
**સમભાવી આતમ થશે.**

**અર્થ :–** હું સર્વ જીવો પાસે થયેલા દોષોની વિનયભાવે ક્ષમા માગું છું. તમે પણ સર્વે મને હમેશાં ક્ષમા કરજો. તથા પરસ્પર કોઈપણ પ્રકારના વૈરભાવ કે વિરોધભાવ થયા હોય તે પણ ટળી જજો. જેથી આપણો આત્મા અક્ષય એટલે શાશ્વત એવા મોક્ષસુખને પામે અને સમભાવ એ આત્માનો મૂળ સ્વભાવ છે, તેમાં તે આવી જાય.

**ભારે કર્મી જીવડા, પીવે વેરનું ઝેર;**
**ભવ અટવીમાં તે ભમે, પામે નહીં શિવ લહેર,**
**ધર્મનું મર્મ વિચારજો.**

**અર્થ :–** હે ભારે કર્મથી ઘેરાયેલા જીવ! તું વેરનું ઝેર પીએ છે, પણ તેનું ફળ ભવ અટવી એટલે સંસારરૂપી ભયંકર જંગલમાં ભટકવાનું જ આવશે. જેથી શિવ એટલે મોક્ષસુખની લહેર તું નહીં પામી શકે. આવું જે ધર્મનું રહસ્ય છે તેને તું અવશ્ય વિચારજે; જેથી તારો આત્મા શાશ્વત સુખશાંતિ પામી સર્વ દુઃખથી મુક્ત થાય.